श्री

प्रश्नोत्तररत्नचिंतामणि.

रची तैयार करनार

श्री भरुचबंदर निवासी

शेठ अनुपचंद मलुकचंद.

आत्मार्थी भाईओना हितने अर्थे

छपावी प्रसिद्धकर्त्ता

श्री जैनज्ञानप्रसारक मंडळ.

मुंबाई.

(आवृत्ति ३ जी.)

(सर्व हक्क स्वाधीन.)

अमदावाद.

"प्रजाबंधु प्रिन्टिंग वर्कस."

वीरसंवत २४३२. सने १९०६.

किम्मत आठ आना.

Scanned by CamScanner

श्री जैनज्ञानप्रसारक मंडळ.

जैनधर्मनां सस्तां पुस्तको छपावी जैनधर्मनुं ज्ञान वधारवामां मददगार थवा आ खातुं आज बे वर्ष थयां उघाडवामां आव्युं छे, अने ते खाताए थोडा वखतमां कोइ पण म्होटुं खातुं काम करवा शक्तिमान थयुं नथी तेवुं कार्य करवा पुस्तक प्रसिद्धिना संबंधमां भाग्यवंत नीवडयुं छे. वळी ते खातामांथी उपयोगी पुस्तको छपाय छे एटलुंज नहीं पण केटलांक उपयोगी अप्रसिद्ध पुस्तको पण हालमां छपावामां आव्यां छे.

जेओ ज्ञानखाताने मदद करवा मागता होय तेमणे आ खाताने बने तो मदद करवी एटलुंज नहीं पण पोताने कोइपण पुस्तक जोइए तो आ खातानी मुंबाइ अने अमदावादनी जग्याएथी मंगाववुं.

तैयार पुस्तको.

पुस्तक.	किम्मत.	पुस्तक.	किम्मत.
श्री पंचप्रतिक्रमण सूत्र.	०-१२-०	तत्त्वविचार	०-४-०
श्री देवसी राइ प्रतिक्रमण.	०—२-०	पृथ्विस्थिरप्रकाश.	१-८-०
जैनस्तोत्रसंग्रह.	०—३-०	शीलवतीनो रास.	१-४-०
श्रावकप्रज्ञप्ती.	०-१०-०	पंचप्रतिक्रमणअर्थसाथे 'मोटुं'	०-८-०
समरादित्यसंक्षिप्त.	२—८-०	जैनलग्नविधि.	०-०-६

बीजा छपाता ग्रंथो.

जैन तत्वादर्श ग्रंथ--हिंदी.	२—०-०	पंचप्रतिक्रमण, मूळ-गूजराती.	०-८-०
सझाय संग्रह ७०० पानां.	०-१२—०	नव पदनी ओळी.	०-४-०
पूजासंग्रह तमाम.पृ.८००	१—०—०		

उपलां तमाम पुस्तको माटे निचेना स्थळे पत्रव्यहवार करवोः—

जैनज्ञानप्रसारक मंडळ.
नं. ४२६ शराफ बजार.
मुंबाइ.

जैनपत्रनी ओफीस.
अमदावाद.

प्रस्तावना.

(त्रीजी आवृत्ती.)

आ पुस्तक जैनभाइओ जेओ जैनमार्गमां प्रवेश करवा इच्छे छे तेना माटे पारसमणिरुप छे. आ पुस्तक वांच्याथी आपणा धर्मनुं सुलभ ज्ञान मळे छे अने कांइक जाणवा पछी आपणा मार्गमां वधु दोरावा मन लोभाय छे अने तेटला माटे ते दर्पण समान छे. आ पुस्तक एटलुं बधुं जाणीतुं छे के तेनी हजारो प्रतो अत्यार लगीमां खपी गइ छे. वळी तेनी वखतो वखत मागणी थती होवाथी ते फरी छपाववा माटे आ मंडळ तर्फथी तेना एक आगला सेक्रटरी मी. भगुभाइ फतेचंद कारभारीए तेना लखनार शेठ अनुपचंद मलुकचंदनी रजा मेळवी हती अने आजे मोडुं मोडुं पण पुस्तक बहार पडे छे. आ मंडळ तर्फथी जलदी बहार पाडवामां कांइ अडचण नहोती; पण छापखानावाळाना प्रमादथी ते मोडुं थयुं छे. हवे मंडळ तर्फथी अमुक छापखाना साथे पोतानांज पुस्तको छपाय तेवो बंदोबस्त थयो छे अने तेथी मंडळनां पुस्तको वगर विलंबे बहार पाडवामां कांइ अडचण आववानी नथी.

आ पुस्तकनी त्रण हजार नकलो छापवामां आवी छे अने तेनी अगाउथी पुष्कल मागणी होवाथी ते पुस्तक जल्दी खपवा संभव होवाथी तेनी चोथी आवृत्ती जल्दी थवा संभव छे.

अगाउ आ पुस्तक उघराणुं करी रकम मेळवी छपाववा छतां ते छ आने वेचातुं अने आजे वगर उघराणे ते मात्र आठ आनानी किंमते वेचवानुं ठराव्युं छे जे पडतर कींमतज छे.

भूलचूक प्रुफ सुधारवामां रही होय ते माटे क्षमा चाहीए छीए.

सुरत.	मास्तर जीवणचंद उत्तमचंद.
श्रावण सुद १०,	अमरचंद कल्याणचंद झवेरी.
वीरसंवत २४३२.	ओनररी सेक्रटरी जैनज्ञानप्रसारक मंडळ.

Scanned by CamScanner

अनुक्रमणिका.

प्रश्न.		पृष्ठ.
૧	જૈની કહેવાય છે તે શાથી?	૧
૨	જિન તે કોણ?	૧
૩	પૂર્વોક્ત રાગ દ્વેષાદિ કોણે જીત્યા છે?	૧
૪	તીર્થંકર તે કોણ?	૧
૫	તીર્થંકર તથા સામાન્યકેવળજ્ઞાનીમાં શો ફેર છે?	૧
૬	સિદ્ધ થયેલા સામાન્યકેવળી તથા તીર્થંકરમાં શો ફેર છે?	૧
૭	વર્તમાનકાળમાં કોઇ તીર્થંકર છે?	૧
૮	તીર્થરક્ષક દેવતાની સહાયતાથી ત્યાં જઇ શકાય કે કેમ? કોઇ પૂર્વે જઈ આવ્યું હોય તો તેનું નામ આપો	૨
૯	તીર્થંકરને દેવ શા શારૂ માનવા?	૨
૧૦	અન્યમતાવલંબીઓ જેને દેવ માને છે તેને આપણે પણ દેવ માનવા કે નહીં?	૩
૧૧	અન્ય દેવો દૂષણ યુક્ત છે એમ કેમ કહેવાય?	૩
૧૨	તીર્થંકર દેવે આગમો લખ્યાં કે કોણે લખ્યાં?	૩
૧૩	આગલા આચાર્ય મહારાજે કેમ નહીં લખાવ્યાં?	૩
૧૪	દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ આરંભથી કેમ બીન્યા નહીં?	૩
૧૫	એ આગમો કોની પાસે સાંભળવાં?	૩
૧૬	ગુરૂ મહારાજ કોને માનવા?	૩
૧૭	પૂર્વોક્ત સર્વ ગુણ ન હોય પણ શાસ્ત્રોપદેશ કરી જાણતા હોય તો તેમની પાસે ધર્મ સાંભળવામાં શું હરકત છે?	૪
૧૮	યત્ કિંચિત્ સારભૂત ધર્મતત્ત્વ શું છે તે કહો?	૪
૧૯	ધર્મની યોગ્યતા શી રીતે થાય?	૪
૨૦	માર્ગાનુસારીના ગુણનું વિવેચન કરો.	૪
૨૧	સમકિત એ શું છે?	૧૪
૨૨	નિશ્ચય સમકિતદૃષ્ટિને વ્યવહારસમકિત હોય કે નહીં?	૧૫
૨૩	વ્યવહાર સમકિતવાળાને નિશ્ચયસમકિત હોય કે નહીં?	૧૫
૨૪	એકલા વ્યવહારસમકિતથી શું લાભ થાય?	૧૫
૨૫	દેવની ભક્તિ શી રીતે કરે?	૧૫
૨૬	પ્રતિમાને પૂજવાથી શું લાભ થાય? પ્રતિમા કાંઇ ભગવાન નથી તો તેને કેવા ભાવથી પૂજવી?	૧૫
૨૭	સામાન્ય પ્રકારે જિનભક્તિની રીત તથા લાભ તમે બતાવ્યો; પરંતુ અનુક્રમે દરરોજ કેવી રીતે ભક્તિ કરવી? તે કહો.	૧૯
૨૮	પુષ્પપૂજા કરતાં પુષ્પના જીવને બાધા થાય તેનું કેમ?	૨૨
૨૯	નૈવેદ્ય રાંધેલું ધરવું કયા શાસ્ત્રમાં કહ્યું છે?	૨૩
૩૦	દીપકપૂજા કયા શાસ્ત્રમાં કહી છે?	૨૩
૩૧	ગુરૂભક્તિ શી રીતે કરવી?	૨૩

Scanned by CamScanner

પ્રશ્ન.		પૃષ્ઠ.
૩૨	ગુરૂ લોભી હોય તો કેમ કરવું?	૨૪
૩૩	કોઇક એમ કહે છે કે જ્ઞાને કરીનેજ ધર્મ થાય છે. ક્રિયા એ તો કર્મ છે તેથી ક્રિયા કરતાં ધર્મ ન હોય માટે કદી ક્રિયારૂચિ ન હોય તો પણ જ્ઞાન ભણેલ હોય તો તેને ગુરૂ માનવામાં શું અડચણ છે?	૨૪
૩૪	ગુરૂ મહારાજ ન હોય તો ધર્મકરણી કોની પાસે કરવી?	૨૬
૩૫	ધર્મ તે શું?	૨૭
૩૬	આત્મીક ધર્મ તે શું?	૨૭
૩૭	અનંત જ્ઞાન તે શું?	૨૭
૩૮	આત્માની એવી શક્તિ છે તો તે જણાતી કેમ નથી?	૨૭
૩૯	આત્મા કર્મે કરીને ક્યારથી અવરાયો છે?	૨૭
૪૦	કર્મ તે શું? અને તે જીવની સાથે કેવી રીતે એકમેક થયેલાં છે? વળી આદિનાં કર્મ છે તેજ ચાલ્યાં આવે છે કે ફેરફાર થાય છે?	૨૭
૪૧	જીવ તથા પુદ્ગળનો કર્ત્તા કોઇ છે?...	૨૮
૪૨	આત્માના ચેતન ગુણને કર્મ જડ હોવાથી શી રીતે આવી શકે?... ...	૨૯
૪૩	આત્મા નિરંતર કર્મે કરીને અવરાયલોજ રહે છે કે તેમાં ફેરફાર થાય છે અને તે કોઇ વખત પણ શુદ્ધ થશે કે નહીં?	૩૦
૪૪	કર્મથી રહિત થાય છે તેમને પાછાં કર્મ કેમ લાગતાં નથી?	૩૧
૪૫	કર્મ આવે છે તે દેખાતાં નથી માટે આવે છે તે શા અનુમાનથી સિદ્ધ થાય?	૩૨
૪૬	કર્મના સંયોગથી પરિણામ બગડે છે અને નવાં કર્મ બંધાય છે. એવી રીતે પરંપરા ચાલી જાય છે ત્યારે કર્મથી મુક્ત શી રીતે થવાય?	૩૩
૪૭	શુભ કર્મ પુષ્ટ થવાથી તે પણ મુક્તિને અટકાવે છે માટે પુણ્ય તથા પાપ બંને છોડવા યોગ્ય કહ્યાં છે તેનું કેમ?	૩૪
૪૮	આત્મા નિત્ય છે કે અનિત્ય છે?	૩૬
૪૯	જીવ મરે છે એમ બધું જગત કહે છે તે કેમ?	૩૬
૫૦	કેટલાક ધર્મવાળા ચાર ગતિ માનતા નથી ફક્ત એટલુંજ માને છે કે જીવ, ઇશ્વર અથવા ખુદા અથવા દેવને ત્યાંથી આવે છે અને પાછો ત્યાંજ જાય છે તેનું કેમ?	૩૮
૫૧	જૈનશાસ્ત્રમાં શું શું વિશેષ છે?	૩૯
૫૨	જૈનશાસ્ત્રમાં કેટલા પ્રકારનાં કર્મ કહ્યાં છે? અને તે કર્મ ખપી જવાથી શું શું શુદ્ધતા થાય છે?	૪૧
	જ્ઞાનાવરણી કર્મનું સ્વરૂપ....	૪૧
	દર્શનાવરણી કર્મનું સ્વરૂપ.	૪૬
	મોહની કર્મનું સ્વરૂપ.	૪૮
	વેદની કર્મનું સ્વરૂપ.	૬૪
	નામ કર્મનું સ્વરૂપ.	૬૭
	ગોત્ર કર્મનું સ્વરૂપ.	૭૨
	અંતરાય કર્મનું સ્વરૂપ.	૭૨
	આયુ કર્મનું સ્વરૂપ.	૭૨
૫૩	એ આઠે કર્મ જીવ શું કરવાથી બાંધે છે?	૭૩
૫૪	જૈનદર્શનમાં કર્મ બાંધતાં રોકવાનો તથા જુનાં પૂર્વનાં બાંધેલાં કર્મ નાશ કરવાનો	

Scanned by CamScanner

પ્રશ્ન. પૃષ્ઠ.

શું ઉપાયો બતાવ્યા છે ? ૭૪
૧ મિથ્યાત ગુણસ્થાનનું સ્વરૂપ. ૭૫
૨ સાસ્વાદન ગુણસ્થાનનું સ્વરૂપ.... ... ... ૭૫
૩ મિશ્ર ગુણસ્થાનનું સ્વરૂપ. ૭૫
૪ અવિરતિસમકિત ગુણસ્થાનનું સ્વરૂપ. ૭૬
૫ દેશવિરતિ ગુણસ્થાનનું સ્વરૂપ. ૮૫
૬ સર્વવિરતી ગુણસ્થાનનું સ્વરૂપ. ૧૦૨
૭ અપ્રમાદ ગુણસ્થાનનું સ્વરૂપ.... ... ... ૧૦૪
૮ અપૂર્વ ગુણસ્થાનનું સ્વરૂપ. ૧૦૮
૯ અનિવૃત્તિબાદર ગુણસ્થાનનું સ્વરૂપ. ૧૦૯
૧૦ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનનું સ્વરૂપ. ૧૦૯
૧૧ ઉપશાંતમોહ ગુણસ્થાનનું સ્વરૂપ. ૧૦૯
૧૨ ક્ષીણમોહ ગુણસ્થાનનું સ્વરૂપ. ૧૦૯
૧૩ સંયોગી ગુણસ્થાનનું સ્વરૂપ. ૧૧૦
૧૪ અયોગી ગુણસ્થાનનું સ્વરૂપ.... ... ... ૧૧૧
૫૫ આ મુજબનો ધર્મ જૈનવાળાજ કરી શકે કે બીજા કોઇ કરી શકે ? ... ૧૧૧
૫૬ આવું જાણીને જૈનધર્મ ઉપર રાગ રાખે ને અન્ય ધર્મ ઉપર દ્વેષ રાખે તે યુક્ત છે કે કેમ ? ૧૧૨
૫૭ અધર્મી જીવ ઉપર દ્વેષ કરે કે નહીં ? ૧૧૨
૫૮ અન્ય ધર્મવાળા ધર્મ કરણી કરે છે તે ફોગટ જાય છે કે કેમ ? ૧૧૩
૫૯ જૈનમાં ઘણા ગચ્છ છે, તે સર્વ શુદ્ધ છે કે કેમ ? ૧૧૩
૬૦ આ કાળમાં દેવતા આવે કે નહીં ? નહીં આવવાનાં કારણ પરદેશી રાજાના વિવાદમાં આગળ કહ્યાં છે વાસ્તે નહીં જ આવે કે કેમ ? ૧૧૫
૬૧ પાંચ અંગ જે સૂત્ર નિર્યુક્તિ ભાષ્ય ચૂર્ણી ટીકા એ સર્વે તુલ્ય માનવામાં આવે છે ને કેટલાએક નથી માનતા માટે વ્યાજબી શું ?... ... ... ૧૧૭
૬૨ ઓગણસાઠમા પ્રશ્નમાં કહ્યું જે દશપૂર્વધરનાં વચન પ્રમાણ કરવાં શાસ્ત્રમાં કહ્યું છે ને દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજને તો દશ પૂર્વ નથી. ત્યારે તે શી રીતે પ્રમાણ કરવું ? ૧૧૯
૬૩ બાહ્ય અથવા અભ્યંતર તપશ્ચર્યા કરવાથી નિર્જરા થાય કે પુણ્ય બંધાય ? ... ૧૧૯
૬૪ આત્મતત્વનું જ્ઞાન ન હોય તેને તપશ્ચર્યા કરતાં શું લાભ થાય તથા ચારિત્રથી શું લાભ ? ૧૨૦
૬૫ ગીતાર્થની નિશ્રા નથી ને સ્વચ્છંદપણે કરે તેને કંઇ લાભ થાય કે નહિ ? ... ૧૨૧
૬૬ આલોક પરલોકની વાંછા રહી છે ને તપ પ્રમુખ કરે તેને લાભ શી રીતે થાય, વળી ઉપદેશમાળામાં ગાથા ૩૨૫ મીમાં કહ્યું છે જે અજ્ઞાની તપ કરે તે નિષ્ફળ થાય વાસ્તે કેમ ? ૧૨૧
૬૭ યાત્રા કરવા તીર્થોએ જવું, તેમાં શું લાભ છે ? પ્રભુ તો રહેતા હોય ત્યાંએ હોય અને જ્યાં જઇએ ત્યાં હોય તો શું વિશેષ ? ૧૨૪
૬૮ સામાયિક પૌષધ પડિક્કમણામાં આભૂષણ રાખે કે નહિ ?... ... ... ૧૨૫
૬૯ કોઇક મુનિ સંયમથી ચૂક્યા છે તે પ્રવૃત્ત કરી શકતા નથી; પણ શુદ્ધ પ્રરૂપણા કરી શકે છે તો તેમની પાસે ધર્મ સાંભળવો કે નહીં ? ૧૨૬
૭૦ સાધુજી મહારાજ પાસે દિક્ષા લેવા આવે તો તેના માતા પિતાની આજ્ઞા લઇ દિક્ષા આપે કે કેમ ? ૧૨૭

Scanned by CamScanner

પ્રશ્ન.		પૃષ્ઠ.
૭૧	શ્રાવક પ્રતિક્રમણુ કરે છે તે દરેક વસ્તુના હેતુ શું છે?	૧૨૮
૭૨	પ્રતિક્રમણુ કઈ વખતે કરવું?	૧૩૫
૭૩	પડિક્કમણુમાં છ આવસ્યકમાં કયા કયા આચારની શુદ્ધિ થાય છે? ...	૧૩૫
૭૪	જ્ઞાન ભણુવાથી વા સાંભળ્યાથી વા વાંચવાથી શું લાભ થાય?	૧૩૬
૭૫	કોઇ ગચ્છવાળા કહે છે જે છએ પર્વ તથા કલ્યાણુક દિવસ શિવાય પૌષધ કરવો નહિ તે કેમ?	૧૪૨
૭૬	પર્યૂષણુમાં કલ્પસૂત્રજ વાંચવું એવી પરંપરા ચાલી છે તેનું શું કારણુ? ...	૧૪૪
૭૭	અંજનશલાકા કોણુ કરે?	૧૪૪
૭૮	આ કાળમાં ધર્મસાધન કરનારમાં કેટલાએક દુઃખી દેખાય છે ને અધર્મી સુખી દેખાય છે તેનું શું કારણુ?...	૧૪૫
૭૯	શ્રાવક આરાધક થાય તો કેટલે ભવે સિદ્ધિ વરે?	૧૪૬
૮૦	ભગવંત વિચરે ત્યારે રસ્તામાં સાથે શું શું વસ્તુ હોય?	૧૪૬
૮૧	ગર્ભમાં જીવ ઉપજે છે તે શી રીતે ઉપજે? ને વધે છે તે અનુક્રમે શી રીતે વધે છે?	૧૪૬
૮૨	વાસુદેવ નરકે જાય તેનું શું કારણુ?...	૧૪૮
૮૩	પિંડસ્થ ધ્યાન શી રીતે કરવું?	૧૪૮
૮૪	પદસ્થ ધ્યાન શી રીતે કરવું?	૧૫૧
૮૫	રૂપસ્થ ધ્યાન શી રીતે કરવું?	૧૫૩
૮૬	રૂપાતીત ધ્યાન શી રીતે કહ્યું છે?...	૧૫૪
૮૭	જૈનમાં સમાધી ચડાવવાનો મારગ છે કે નહિ?	૧૫૪
૮૮	કંઇક જૈનધર્મ નામધારી તેરાપંથી શ્વેતાંબરી કહે છે જે ભગવતીજીમાં પાને ૬૧૩ મે અસંયમીને દાન આપવાથી કેવળ પાપ કહ્યું છે માટે દાન દેવું નહીં, તે વ્યાજબી છે કે કેમ!	૧૫૫
૮૯	આવા જૈનમાં બહુ મત છે તે લોકને શું આત્માની બીક નહીં હોય? ...	૧૬૦
૯૦	આત્મપ્રદેશ હાલી રહ્યાનો અધિકાર આચારાંગજીની છાપેલી ટીકામાં પાને ૧૦૩ મે છે તેનો શો હેતુ?	૧૬૦
૯૧	મુનિ કંખામોહની કર્મ બાંધે એ અધિકાર કયાં છે?	૧૬૦
૯૨	ભુવનપતિ પ્રમુખ નીચેના દેવતા ઉપરના દેવલોકમાં જાય કે નહિ? ...	૧૬૧
૯૩	તામલી તાપસે સાઠ હજાર વરસ સુધી તપસ્યા કરી ફોગટ ગઇ કહે છે તે કેમ?	૧૬૧
૯૪	તુંગીઆ નગરીના શ્રાવકનો અધિકાર ક્યાં છે?...	૧૬૧
૯૫	અભવી ક્યાં સુધી ભણે?	૧૬૧
૯૬	શ્રાવકનાં વ્રત લીધા શિવાય બીજા પરચૂરણુ નિયમ કરવાની મરજાદ છે કે નહીં?	૧૬૧
૯૭	છઠ્ઠા આરામાં જે જીવો થશે તેનું કેટલું આઉખું તથા સમકિતી કે મિથ્યાતી?	૧૬૨
૯૮	પાંચ ઇંદ્રીયમાં કામિ ઇંદ્રિ કઇ ને ભોગી કઈ?	૧૬૨
૯૯	શ્રાવક સંથારો કરે ત્યારે સર્વથા પાંચે વ્રત આદરે?	૧૬૨
૧૦૦	શ્રાવક રાતપોસો કરે તો દીવો રાખે કે નહીં?	૧૬૨
૧૦૧	શ્રાવક દેરાસરનું દ્રવ્ય વ્યાજે રાખે તો કેમ? તથા પૂજાના કામમાં વાપરે તો કેમ?	૧૬૩
૧૦૨	ઘરદેરાસરમાં નૈવેદ્ય ફળ અક્ષત વગેરે મૂકે તેનું શી રીતે કરવું?... ...	૧૭૫
૧૦૩	સચિત્ત, અચિત્ત, મિશ્ર શું શું સમજવું?	૧૭૫

Scanned by CamScanner

પ્રશ્ન.		પૃષ્ઠ.
૧૦૪	બકુશ કુશીળ એ નિયંઠા આ કાળમાં કહ્યા છે તેમાં કુશીળ તો ભગવતીના પચીશમા શતકમાં મૂળ ગુણ પ્રતિસેવી કહ્યા છે જ્યારે મૂળ ગુણમાં દૂષણ લાગે ત્યારે સંયમ ગુણઠાણું કેમ રહે ?...	૧૭૭
૧૦૫	અઢાર ભાવદિશા કેવી રીતે ?	૧૭૭
૧૦૬	નવ પ્રકારે પુણ્ય બાંધે તે શેમાં છે ?...	૧૭૭
૧૦૭	વ્યાખ્યાન કરવાને યોગ્ય કોણ ?	૧૭૮
૧૦૮	સિદ્ધ ભગવાન કયે અનંતે છે ?	૧૭૯
૧૦૯	પૌષધ ક્યારે લેવો અને તેનો કાળ શી રીતે ?...	૧૭૯
૧૧૦	પૌષધમાં ચોમાસામાં શ્રાવક ભૂમી ઉપર સંથારો કરે કે પાટ ઉપર ? ...	૧૮૦
૧૧૧	સાધુજી પુસ્તક રાખે કે નહીં ?	૧૮૦
૧૧૨	દેવતાને દેવી સાથે કામભોગ કેવી રીતે હોય ?...	૧૮૧
૧૧૩	દેવતા મનુષ્ય સાથે ભોગ કરે તથા મૂળ શરીરે આવે ?...	૧૮૧
૧૧૪	ચંદ્રમા પુનમ પછી થોડો ઢંકાતો જાય છે ને શુદથી ઉઘાડો થતો જણાય છે તેનું શું કારણ ?	૧૮૧
૧૧૫	આચાર્ય પંચ મહાવ્રત રહિત હોય તો તે આચાર્ય ગણાય કે નહિ ? ...	૧૮૨
૧૧૬	એવા ગુણવંત આચાર્ય ન હોય તો કેમ કરે ?	૧૮૩
૧૧૭	એક પરમાણુમાં કેટલા વર્ણ હોય ?...	૧૮૩
૧૧૮	ગૌતમપડઘો તપ કરે છે તથા ચંદનબાળાના અઠ્ઠમ કરે છે ને ગોરજીને આપે છે તે કેમ ?	૧૮૪
૧૧૯	એક સ્થિતિ સ્થાનકમાં અધ્યવસાય સ્થાનક કેટલાં હોય ?	૧૮૪
૧૨૦	જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય તે કાયમ રહે કે ફેરફાર થાય ?	૧૮૪
૧૨૧	વર્ત્તમાનકાળે આયુષ્ય કેટલું હોય ?	૧૮૪
૧૨૨	શુદ્ધ અશુદ્ધ ક્ષાયકસમકિતના ભેદ કોઇ ઠેકાણે છે ?	૧૮૫
૧૨૩	ચાર અનુયોગ છે તેમાં નિશ્ચય કયા ને વ્યવહાર કયા ?...	૧૮૫
૧૨૪	નવકારશીનો કાળ સૂર્ય ઉદયથી બે ઘડી કે હથેળીની રેખા સૂઝવાથી બે ઘડી ?	૧૮૬
૧૨૫	પ્રભુને વસ્ત્ર પહેરાવવાનો અધિકાર શાસ્ત્રમાં આવે છે ને પહેરાવતા નથી તેનું શું કારણ ?	૧૮૭
૧૨૬	દેવતાને અવધિજ્ઞાન ક્યાં સુધીનું હોય ?	૧૮૭
૧૨૭	તીર્થંકર કયા આરામાં થાય ને કયા આરામાં સિદ્ધિ વરે ?	૧૮૮
૧૨૮	મનુષ્ય ગર્ભજની સંખ્યા કેટલી કહી છે ને સામાન્ય મનુષ્યની કેટલી ?	૧૮૮
૧૨૯	અઢીદ્વીપ શી રીતે કહ્યા છે ?	૧૮૯
૧૩૦	દેરાસરમાં દીવા ઉઘાડા મૂકાય છે તે યોગ્ય છે કે કેમ ?...	૧૮૯
૧૩૧	દેરાસરના ખાત મુહૂર્ત કરવાની જગ્યા જોવાની રીત જૈનની ને અન્યદર્શનની સરખી છે કે કેમ ?	૧૯૦
૧૩૨	સામાયકમાં ઘડી રાખે છે તે આજ્ઞા છે ?	૧૯૦
૧૩૩	શ્રાવકને ચરવળો મુહપત્તી રાખવાની મર્યાદા શાસ્ત્રમાં છે ?	૧૯૦
૧૩૪	શ્રાવકને સૂત્ર વાંચવાની આજ્ઞા છે કે નહિ ?	૧૯૦
૧૩૫	જૈનમાં લાખો રૂપીઆ બીજા શુભ માર્ગે વપરાય છે તેવા જ્ઞાનમાં નથી વપરાતા	

Scanned by CamScanner

પ્રશ્ન.		પૃષ્ઠ.
	તેનું શું કારણુ ?...	૧૯૨
૧૩૬	નાત્રાં કરવાનો રિવાજ હિંદુમાં નથી ને સ્ત્રીઓ બાળહત્યા કરે છે તો નાત્રાનો ધારો હોય તો સારો કે નહિ ?	૧૯૬
૧૩૭	આત્મા નિર્વિકલ્પ છે કે સવિકલ્પ છે ?	૧૯૮
૧૩૮	બાર ભાવના તથા ચાર ભાવના ભાવવી એમાં પણુ વિકલ્પ કરવામાં આવે છે ?	૧૯૮
૧૩૯	કેવળજ્ઞાન તો નિર્વિકલ્પ દશાથી પ્રગટે છે ત્યારે વિકલ્પ રૂપ ભાવના તથા પૂજા પ્રતિક્રમણુ કરવું એ તો વધારે વિકલ્પ સહિત રહ્યું તે કરવાથી શું લાભ ?	૧૯૮
૧૪૦	આત્મા પરભાવનો અકર્ત્તા કહ્યો છે ને આ પ્રવૃત્તિ તો કર્ત્તાપણે થાય છે તે કેમ ?	૨૦૦
૧૪૧	આત્મા નિર્વિકલ્પ તથા અકર્ત્તા છતાં કર્ત્તાપણે વ્રત પચ્ચખાણુ પ્રતિક્રમણુ કરે શાસ્ત્ર વાંચે ને તેથી અકર્ત્તા નિર્વિકલ્પતા થાય એ કેમ ઘટે ?	૨૦૨
૧૪૨	જ્ઞાનીએ તો પુણ્ય પાપ બન્ને ત્યાગ કરવા યોગ્ય કહ્યાં છે ને તમે તો એકને છોડી એકને આદરવાનું કહો છો તે કેમ ?	૨૦૩
૧૪૩	તમે જે જે ભાવના કરવાની કહો છો તે આત્મઘરની છે કે પરઘરની ?	૨૦૪
૧૪૪	આત્માની શુદ્ધ પ્રવૃત્તિ શી રીતે થાય ?	૨૦૭
૧૪૫	નિર્જરા તત્વના ભેદ અરૂપીમાં ગણ્યા છે અને કર્મ છે તે તો રૂપી છે તેની નિર્જરા થાય તે અરૂપી કેમ થાય ?	૨૨૯
૧૪૬	જીવ અરૂપી છે ને નવ તત્વમાં જીવના ભેદ રૂપીમાં ગણ્યા છે તેનો હેતુ શું ?	૨૨૯
૧૪૭	સંવરના સત્તાવન ભેદ અરૂપી કહ્યા છે ને સંવરની પ્રવૃત્તિ બાહ્યથીજ દેખાય છે તે તો શરીરથી છે તો અરૂપી કેમ ?	૨૩૦
૧૪૮	સંવર નિર્જરા મિથ્યાત્વી કરે કે નહી ?	૨૩૦
૧૪૯	દેરાસરમાં પ્રભુજીનાં અંગલુહણાં મેલાં વા ફાટેલાં વાપરે તેનો દોષ કારભારીને કે બધા શ્રાવકોને ?	૨૩૦
૧૫૦	દેરાસરમાં વાસણુ અજવાળ્યા વિના વાપરે તો કેમ ?	૨૩૧
૧૫૧	દેરાસરમાં જાળાં વિગેરેની આશાતના હોય તે ન ટાળે ને પૂજા કરે તો કેમ ?	૨૩૨
૧૫૨	પ્રભુને પૂજા કરવાની જગોએ ચાંદીનાં વા સોનાનાં ચકતાં ચોડે છે તે વ્યાજબી છે કે કેમ ?	૨૩૨
૧૫૩	ફૂલની જગાએ કેસરવાળા ચોખા કરી ચડાવીએ તો કેમ ?	૨૩૩
૧૫૪	જે જીવે મરણુ વખતે શરીર વોસિરાવ્યું નથી તે શરીરવડે શુભાશુભ જે ક્રીયા થાય તેનું શુભાશુભ બંને ફળ થાય કે કેમ ?	૨૩૩
૧૫૫	જે જે વસ્તુ વોસિરાવવામાં આવે છે તે આ ભવના અંત સુધી વોસિરાવવામાં આવે છે તો આ ભવે તેનું પાપ આવે કે કેમ ?	૨૩૩
૧૫૬	વિવેક તે શું ?	૨૩૪
૧૫૭	શાંતપણું તે શું ?	૨૩૫
૧૫૮	દાંત તે શું ?	૨૩૫
૧૫૯	કામનો જય તે શું ?	૨૩૬
૧૬૦	મુક્તિમાં શું સુખ છે કે મુક્તિનો પ્રયાસ કરવો ?	૨૩૬

Scanned by CamScanner

પ્રશ્ન. પૃષ્ઠ.

૧૬૧ મનુષ્ય મરણુ અવસરે સંથારો કરે તે શી રીતે અને તેમાં શું ભાવે અને શું લાભ થાય ? ૨૩૯
૧૬૨ આત્મારામજી મહારાજ—વિજયાનંદસૂરિ મહારાજ હતા તેમને પ્રશ્ન લખાવ્યાં હતાં તેનો જવાબ શું છે ? ૨૪૬
૧૬૩ મરણુ અવસરે સમાધિમાં ચિત્ત રહે તે સારૂ કંઇ જપ કરવાના કહ્યા છે ?... ૨૪૮
૧૬૪ સાધારણુ દ્રવ્યથી ધર્મશાળા વિગેરે બાંધી છે, તે તથા સંઘ વિગેરે જમાડે તે શ્રાવક વાપરે તો કેમ ?... ... ... ૨૪૮
૧૬૫ પુદ્ગળ કેટલા પ્રકારનાં કહ્યાં છે. ૨૪૯
૧૬૬ પરિહારવિશુદ્ધિ ચારિત્ર કેટલા પૂર્વ ભણેલા અંગીકાર કરે ? ૨૪૯
૧૬૭ સિદ્ધ મહારાજને ચારિત્ર કહિયે કે નહીં ? ૨૫૦
૧૬૮ વિભંગ જ્ઞાનવાળાને દર્શન હોય કે નહીં ? ૨૫૦
૧૬૯ મુનિને અશુદ્ધમાન આહાર પાણી આપવાથી શું ફળ થાય ? ૨૫૦
૧૭૦ પ્રાયશ્ચિત લેવાના ભાવ છે ને એટલામાં કાળ કરે તો આરાધક કે કેમ ? ... ૨૫૦
૧૭૧ મોટામાં મોટો દિવસ કેટલો હોય ? ને રાત્રી કેટલી હોય ? ૨૫૧
૧૭૨ શ્રાવકો પૌષધ લઇ ધર્મકથા કરે તે અધિકાર શી રીતે છે ? ૨૫૧
૧૭૩ ભવ્યજીવ છે તે સર્વે સિદ્ધિ વરે ત્યારે બધા અભવી રહે કે કેમ ? ... ૨૫૧
૧૭૪ સમકિત સહિત કઇ નરક સુધી જાય ? ૨૫૧
૧૭૫ પુસ્તક તથા પ્રતિમાજી હોય ત્યાં હાસ્યવિનોદ કરતાં આશાતના લાગે કે નહિ ? ૨૫૧
૧૭૬ ક્ષયોપશમ ભાવના સમકિત ને ઉપશમ ભાવના સમકિતમાં શું ફેર છે ? ... ૨૫૨
૧૭૭ શ્રાવક ઉઘાડે મુખે બોલે તો ઉચિત છે કે નહી ? ૨૫૨
૧૭૮ પૂર્વનું જ્ઞાન ક્યાં સુધી રહેશે ? ૨૫૨
૧૭૯ પ્રભુનું શાસન ક્યાં સુધી રહેશે ? ૨૫૨
૧૮૦ વિદ્યાચારણુ જંઘાચારણુ મુનિ નંદીશ્વર દ્વીપે જિનપ્રતિમાને વાંદવા જાય એ અધિકાર શેમાં છે ?... ... ... ૨૫૩
૧૮૧ શ્રાવક શ્રાવકને તથા શ્રાવિકાને વ્રત ઉચ્ચરાવે કે કેમ ?... ... ... ૨૫૩
૧૮૨ શ્રાવકને ફાસુક પાણી પીવાથી શું ફાયદો છે ? કારણુ જે આરંભ તો કરવો કરાવવો રહ્યો છે તો સચિત્તનું અચિત્ત કરીને પીવું તેથી શું ફળ ? ૨૫૩
૧૮૩ શ્રાવક દેરાસરમાં જાય ત્યાં સારી આંગી રચેલી હોય તથા ગાયન થતું હોય તો ત્યાં તેણે શું ભાવવું ? ૨૫૪
૧૮૪ પાછલે ભવે આયુષ્ય બાંધ્યું હોય તેજ પ્રમાણે પુરૂં થાય કે કોઇ રીતે તુટે ? ૨૫૫
૧૮૫ સાધુજી ગામમાં પ્રવેશ કરે તો તેને વાજતે ગાજતે સામૈયું કરી તેડી લાવવાનું શાસ્ત્રમાં કહ્યું છે ?... ... ... ૨૫૬
૧૮૬ ચોમાસામાં ખાંડ વિગેરેનો ત્યાગ કરવાનું કયા શાસ્ત્રમાં છે ? ૨૫૬
૧૮૭ ગુરૂદ્રવ્ય કોને કહિએ ? ૨૫૭
૧૮૮ જિનબિંબની પ્રતિષ્ટામાં તથા દિક્ષામાં મુહૂર્ત શી રીતે જોવાનાં છે ? ... ૨૫૭
૧૮૯ શ્રાવક રાત્રે સુએ ત્યારે શું કરણી કરે ? ૨૮૪

Scanned by CamScanner

सूचना.

पृष्ठ २५९ गुरु तथा शुक्र बाळ तथा वृद्धना दिवस लग्नशुद्धि प्रमाणे लख्या छे, पण आरंभसिद्धिमां गुरु आश्री बाळ तथा वृद्ध बन्नेना पंदर दिवस त्याग करवा लख्या छे, तथा अन्यदर्शनमां गुरु तथा शुक्रना सरखा दिवस कह्या छे १०-७-३ दिवस ए रीते मुहूर्त्तसिंधुमां कह्युं छे.

पृष्ठ १५१ नी नवमी ओळमां कर्णिकामां "म" थापवो एटले "म" वधारीने वांचवुं.

Scanned by CamScanner

श्रीजैनधर्मोजयति.

श्री

प्रश्नोत्तररत्नचिंतामणि.

१ प्रश्नः—जैनी कहेवाय छे ते शाथी ?

उत्तरः—जिनना सेवक अर्थात् जिन महाराजना वचन रूपी अमृतनुं पान करनार छे तेथी.

२ प्रश्नः—जिन ते कोण ?

उत्तरः—राग, द्वेष, क्रोध, मान, माया, लोभ, काम, अज्ञान, रति, अरति, शोक, हास्य, जुगुप्सा इत्यादि भावशत्रुओने जीतनार ते जिन.

३ प्रश्नः—पूर्वोक्त राग द्वेषादि कोणे जीत्या छे ?

उत्तर—तीर्थंकर तथा सामान्यकेवलीओए.

४ प्रश्नः—तीर्थंकर ते कोण ?

उत्तरः—साधु, साध्वी, श्रावक, श्राविका रूप चतुर्विध संघनी स्थापना करी, धर्मतीर्थ प्रवर्त्तावी अनेक भव्य जीवोने संसार समुद्रथी तारे ते तीर्थंकर.

५ प्रश्नः—तीर्थंकर तथा सामान्यकेवलज्ञानीमां शो फेर ?

उत्तरः—स्वयमेव बोध पामी सर्व जीवोने धर्मोपदेश दइने तारे ते तीर्थंकर अने पूर्वोक्त तीर्थंकरनो धर्मोपदेश अंगीकार करी केवलज्ञान पामे ते सामान्यकेवली.

६ प्रश्नः—सिद्ध थयेला सामान्यकेवली तथा तीर्थंकरमां शो फेर ?

उत्तरः—सिद्धमां तो बन्ने सरखा छे, कंइ फेरफार नथी. तेमने कोइ दिवस फरी संसारमां आववानुं नथी. वली ते शरीरथी रहित छे.

७ प्रश्नः—वर्त्तमानकालमां कोइ तीर्थंकर छे ?

Scanned by CamScanner

उत्तरः—वर्त्तमानकाले आ क्षेत्रमां कोइ तीर्थंकर नथी. महाविदेह क्षेत्रमां छे; पण त्यां जवानी आपणी शक्ति नथी.

८ प्रश्न—तीर्थरक्षक देवतानी सहाय्यताथी त्यां जइ शकाय के केम ? कोइ पूर्वे जइ आव्युं होय तो तेनुं नाम आपो.

उत्तरः—स्थूलिभद्रनी बहेन यक्षाए पोताना भाई श्रीयकने पर्यूषण पर्वमां शक्ति रहित छतां पोरषी, साढ्ढपोरषी आदि पच्चख्खाण करावी आखो दिवस उपवास कराव्यो, श्रीयक क्षुधानी पीडा भोगवी तेज दिवसे मृत्यु पाम्यो. यक्षा खेद पामी. ऋषिघात कर्यानुं प्रायश्चित लेवा संघ पासे गइ. शुद्ध भावथी प्रेरणा करेली होवाथी संघे प्रायश्चितनी ना कही. यक्षा संतुष्ट न थइ अने श्री सीमंधरस्वामी पासे पूछी आववा आग्रह कर्यो, शासन देवीनी सहाय्यताथी यक्षा सीमंधरस्वामी पासे गई. भगवान् सीमंधरस्वामीए प्रायश्चित न आप्युं, पण चार चूलिकाओ संभलावी. यक्षाए ए चार चूलिकाओ संघ पासे कही बतावी. संघे आचारांग अने दशवैकालिक सूत्रमां तेनी योजना करी. जे चार चूलिकाओ सांप्रत काले पण भावना, विमुक्ति, रतिकल्प अने विचित्रचर्या नामथी पूर्वोक्त बन्ने सूत्रोमां विद्यमान छे.

वली कलिकालसर्वज्ञ श्री हेमचंद्र आचार्ये, पोते केटला भव पछी मोक्षे जशे ? ते जाणवा सारु शासनदेवीने भगवान् सीमंधरस्वामी पासे मोकली हती. आ विगेरे अनेक दृष्टांतो विद्यमान छे.

९ प्रश्नः—तीर्थंकरने देव शा सारु मानवा ?

उत्तरः—दानांतराय, लाभांतराय, भोगांतराय, उपभोगांतराय, वीर्यांतराय, हास्य, रति, अरति, भय, शोक, दुगंछा, काम, मिथ्यात्व, अज्ञान, निद्रा, अव्रत, राग अने द्वेष; आ अढार प्रकारनां दूषणो मनुष्य, तिर्यंच, नारकी अने देवताओने रह्यां छे. तीर्थंकर देवमां एमांनुं एक पण दूषण नथी. जन्म मरण फरी करवानुं नथी. सर्वज्ञ छे, धर्मनो उपदेश करे छे. अनेक भव्य जीवोने तारे छे. वली तेमनां कहेलां आगम श्रवण करीए

Scanned by CamScanner

तो आपणा आत्मानुं कल्याण थवा रूप उपकार पण तेमनोज छे. माटे तेमने देव मानवा.

१० प्रश्नः—अन्यमतावलंबीओ जेने देव माने छे, तेने आपणे पण देव मानवा के नहीं ?

उत्तरः—पूर्वोक्त अढार दूषणोथी रहित होय तो, तेमने देव मानवामां किंचत् दूषण नथी.

११ प्रश्नः—अन्य देवो दूषणो युक्त छे, एम केम कहेवाय ?

उत्तरः—तेमनां चरित्र, मूर्तिओ तथा तेमनां ज शास्त्रथी दूषणो सिद्ध थाय छे एटले देव केम मनाय ?

१२ प्रश्नः—तीर्थंकर देवे आगमो लख्यां, के कोणे लख्यां ?

उत्तरः—तीर्थंकर देवे शिष्योने संभलाव्यां, शिष्यो संपूर्ण ज्ञानवान् थया. यादशक्ति तीव्र होवाथी महावीरस्वामीना निर्वाण पछी ९८० वर्ष सूधी तेओए मोढे राख्यां अने भणाव्यां. दिन प्रतिदिन स्मरणशक्ति घटती होवाथी देवर्द्धिगणि क्षमाश्रमणे लखवानो आरंभ कर्यो.

१३ प्रश्नः—आगला आचार्य महाराजे केम नहीं लखाव्यां ?

उत्तरः—मुनि महाराज आरंभना त्यागी छे. लखवानो आरंभ थाय ते दोषथी व्हीने लखाव्यां नहीं.

१४ प्रश्नः—देवर्द्धिगणि क्षमाश्रमण आरंभथी केम व्हीना नहीं ?

उत्तरः—पोते ज्ञानचक्षुथी जोयुं के, हवे पुस्तक नहि लखावीए तो भवेनी स्मरणशक्ति हीन थइ गयेली होवाथी सर्व शास्त्रनो लोप थइ जशे अने म्होटुं दूषण प्राप्त थशे. माटे अपवाद सेवीने पुस्तक लखाववानो प्रारंभ कर्यो. आ अधिकार वृहत्कल्पनी भाष्यमां स्फुटपणे छे.

१५ प्रश्नः—ए आगमो कोनी पासे सांभलवां ?

उत्तरः—गुरु महाराज पासे.

१६ प्रश्नः—गुरु महाराज कोने मानवा ?

उत्तरः—जे गुरु पापथी बीहे, सत्योपदेश आपे; हिंसा, असत्य, चोरी,

Scanned by CamScanner

स्त्रीगमन अने धन विगेरे परिग्रहना त्यागी होय, निरंतर शास्त्राध्ययन करता होय तेमने गुरु मानवा. तेमनी पासे धर्मोपदेश सांभलवो.

१७ प्रश्नः—पूर्वोक्त सर्व गुण न होय, पण शास्त्रोपदेश करी जाणता होय तो तेमनी पासे धर्म सांभलवामां शुं हरकत छे ?

उत्तरः—उपदेश करनार मनुष्य उत्तम गुणवालो होय, तोज श्रोताओना मन उपर सारी असर करी शके छे अने पोताना उत्तम गुणोनी छाप सामा धणीना हृदय उपर पाडी शके छे; परंतु जो उपदेशक गुण विहीन होय तो "परोपदेशे पांडित्यम्" जेवुं थाय छे, पोते मिथ्याडोल धारण करी भवभ्रमण वधारता जाय छे अने श्रोताओ पोतानो आत्मा सुधारी शकता नथी; कारण के, गुरु कहे छे पण तेमनाथी पाली शकातुं नथी, तो आपणे धर्म शी रीते पालीए ? एम मनमां आववाथी लाभ थाय नहीं.

१८ प्रश्नः—यत् किंचित् सारभूत धर्मतत्व शुं छे ? ते कहो.

उत्तरः—प्रथम तो धर्मनी योग्यता करवी.

१९ प्रश्नः—धर्मनी योग्यता शी रीते थाय ?

उत्तरः—मार्गानुसारीना गुण उत्पन्न करवाथी धर्मनी योग्यता थाय.

२० प्रश्नः—मार्गानुसारीना गुणनुं विवेचन करो.

उत्तरः—प्रथम न्यायविभव—सर्व प्रकारना व्यापारमां न्याय पूर्वक वर्त्तवुं, अन्यायथी चालवुं नहीं, नोकरी करतां धणीना सोंपेला कार्यमांथी पैसा खाइ जवा नहीं, लांच खावी नहीं, ओछी समजवाला मनुष्यने छेतरवा प्रयत्न करवो नहीं, व्याज वटंतर करनारे सामा धणीने छेतरी व्याजना पैसा वधारे लेवा नहीं, माल भेलसेल करीने वेचवो नहीं, सरकारी नोकरी करनार मनुष्ये धणीने व्हाला थवा सारू लोको उपर कायदा विरुद्ध जुलम गुजारवो नहीं, मजूरी वा कारीगिरीनो धंधो करता रोज लइ काम बराबर करवुं, खोटुं दिल करवुं नहीं, नात अथवा माझनमां शेठाइ करतो होय तो, पोताथी विरुद्ध मतवालाने द्वेष बुद्धिथी

Scanned by CamScanner

गेरव्याजबी गुनेगार ठराववो नहीं, कोइ माणसे आपणुं बगाडयुं होय ते द्वेषथी तेना उपर खोटो आरोप मूकवो नहीं; अथवा तेने नुकशान करवुं नहीं. कोइने खोटुं कलंक देवुं नहीं. धर्मगुरुने ब्हाने पैसा लेवा सारू धर्ममां न होय, ते वात समजाववी नहिं; अथवा सेवकनी स्त्री साथे अयोग्य कर्ममां प्रवर्त्तवुं नहि. धर्म निमित्ते पैसा कढावी पोताना कार्यमां वापरवा नहीं. धर्म संबंधी कार्यमां वापरवा माटे पण खोटी साक्षी पूरी पैसा लेवा नहीं. धर्मकार्यमां कांइ फायदो थतो होय ते बदल मनमां विचारवुं जे, आपणे धर्मने वास्ते जूठुं बोलीए छीए, आपणा काम सारु बोलता नथी माटे तेमां दोष नथी एम समजी उंधुं चतुं करवुं ते पण अन्याय छे. देरासर अथवा उपाश्रयमां प्रभावना थती होय, ते एकथी वधारे वार लेवी ते पण अन्याय छे. देरासर अथवा उपाश्रयना कार्यभार करनाराओए ते खातानां मकानो पोताना खानगी कार्यमां वापरवां नहीं. अथवा ते खाताना माणसो पासे खानगी कार्य कराववुं नहीं. कोइ माणस नात जमाडतो होय अने तेनी साथे कंइ बिगाड होय, तेथी तेनो वरो बगाडवा कंइ लडाइ उभी करवी, पकवान विगेरे जोइए तेथी विशेष लइ बगाड करवो, संप करी वधारे खाइ जवुं अने तेने तूट पडे तेवी युक्तिओ करवी; ते पण अन्याय ज छे. परस्त्रीगमन करवुं नहीं. स्त्री अथवा पुरुष कांइ सलाह पूछे तो जाण्या छतां खोटी सलाह आपवी नहीं. पोताना धणीना हुकम शिवाय तेना पैसा लेवा नहीं. एक बीजाने लडाइ थाय एवी समज आपवी नहीं. पोतानुं मान प्रतिष्ठा वधारवा सारुं असत्य धर्मोपदेश देवो नहीं. अन्यमतावलंबी, धर्म संबंधी खरी वार्त्ता कहेतो होय एम छतां 'ए धर्म वधी जशे' एम जाणी ते वार्त्ता जूठी पाडवानी कुयुक्ति करवी ते पण अन्याय छे. पोते अविधिए प्रवर्त्ततो होय अने अन्य पुरुषने विधिथी वर्त्ततो जोइ तेना उपर द्वेष धारण करवो ते अन्याय छे. जे पुरुष विधिथी वर्त्ते छे तेने धन्यवाद आपवो अने पोताथी ते प्रमाणे वर्त्तातुं नथी तेने माटे पस्तावो करवो ते अन्याय नथी.

Scanned by CamScanner

सरकारनी अथवा म्युनिसिपालीटीनी दाणचोरी करवी, स्टांपनी चोरी करवी, तेम ज खरी पेदाश छुपावी थोडी पेदाश उपर सरकारने कर आपवो ते पण अन्याय छे. खातर पाडवुं, कुंची लागु करवी, अथवा लूंट पाडवी ते पण अन्याय कहेवाय छे. गुणवंत साधु मुनिराज, भगवंत अने गुरु महाराजना अवर्णवाद बोलवा नहीं. तेम ज शुद्ध धर्मना अवर्णवाद बोलवा नहीं. अने कन्याना पैसा लइ पोते विवाह करवो नहीं. आ शिवाय बहु प्रकारे अन्याय थइ शके छे. ते सर्व त्याग करीने व्यापार करवो, ते मार्गानुसारीनुं प्रथम लक्षण छे.

२ शिष्टाचार—ज्ञान अने क्रियाए करी उत्तम आचरणवाला मनुष्योना आचार शिष्टाचार कहेवाय छे. तेमां लोक निंदा करे तेवुं कार्य करवुं नहीं. राजा दंड करे तेवुं काम करवुं नहीं. वेश्या तथा परस्त्रीगमन त्यजवुं. जूगटे रमवुं नहीं. शिकार करवा जवुं नहीं. चोरी करवी नहीं. घणी जीवहिंसा थाय तेवो व्यापार करवो नहीं. जेथी कोइ माणसने नुकशान थाय, कोइनो जीव जाय, एवुं जूठुं बोलवुं नहीं; बनी शके तो सर्व प्रकारे जूठुं बोलवुं नहीं अने मांस, मदिरा, ताडी, मध, माखण, कंदमूल विगेरे अभक्ष्य पदार्थो खावा नहीं.

३ सरखा धर्म आचारवाला साथे विवाह करवो, पण एक गोत्री साथे करवो नहीं, हेमचंद्राचार्ये योगशास्त्रमां एक गोत्रवाला साथे विवाह करवानो निषेध कर्यो छे. स्त्री भर्तारनो धर्म एक ज होय तो धर्म संबंधी तकरार उठवानो संभव रहे नहीं अने धर्मकार्य करवामां परस्पर साधनभूत थइ पडे.

४ सर्व प्रकारना पापथी डरवुं. कारण के, पाप करवाथी आ लोकमां निंदा थाय अने बीजा भवमां नरकादि दुःख भोगववां पडे.

५ देशाचार प्रमाणे वर्तवुं. जे देशमां वसता होइए, ते देशमां जे जे काम करवाथी निंदापात्र न थवाय, तेवी रीते वर्तवुं. वस्त्र, आभूषण, अशन पानादि देशनी रीति प्रमाणे करवुं. जे देशमां जे वस्त्र पहेरातां हो-

Scanned by CamScanner

य ते छोडी अन्यदेशनी रीतनां पहेरवां नहीं.

६ साधु, साध्वी, श्रावक, श्राविका तेम ज राजा, प्रधान, भंडारी, कोटवाल विगेरे कोइ पण मनुष्यना अवर्णवाद बोलवा नहीं.

७ जे घरमां बारी बारणां विगेरे पेसवा नीकलवाना अनेक रस्ता होय, तेवा घरमां रहेवुं नहीं. रहेवाथी चोर प्रमुखने आववानुं तथा स्त्रीने गेरवर्तणुक चलाववानुं सुगम पडे.

८ अशुद्ध स्थानकवाला घरमां वसवुं नहीं. जे घरनी जमीनमां उधेइ लागेली होय, जे घरनी नीचे हाडकां तथा मुडदां दाटेलां होय, अथवा मुडदां बालेलां होय, अथवा आसपास वेश्या, जुगारी, चोर, कसाइ विगेरे रहेता होय, तेवां घर वरजीने सारा पाडोशमां रहेवुं. पाडोशी धर्मबंधु होय तो सर्वोत्तम समजवुं. अन्यमतावलंबीना पाडोशथी तेमना आचार विचार आपणामां प्रवेश करी जाय छे ते, जे घणो श्रम वेठतां पण पाछलथी दूर थइ शकता नथी अने प्राये अनेक पापबंधनमां पडवुं पडे छे.

९ अति गुप्त स्थानमां रहेवुं नहीं. रहेवाथी गुणी पुरुषने दान देवानो अवकाश मलतो नथी. वळी आग प्रमुखना भय वखते जानमाल बचाववा मुश्केल थइ पडे छे.

१० अति प्रगट स्थानमां रहेवुं नहीं. रहेवाथी स्त्री वर्ग संपूर्ण लज्जा साचवी शक्ती नथी, वली द्वार आगल घोंघाट चालतो होय तेथी स्थिर चिते कांइ कार्य थतुं नथी.

११ सत्संग–गुणी पुरुषनो संग करवो. मुनि महाराज, देव गुरु भक्तिकारक श्रावक अने प्रमाणिक गृहस्थोनी साथे ज विशेष परिचय राखवो. मिथ्यात्वीनो संग करवो नहीं; करवाथी आपणी धर्मबुद्धि नष्ट थइ जाय छे. सुसंगथी सारी बुद्धि थाय छे. तेनां सदाचरण जोइ आपणने पण सदाचरण ग्रहण करवा अवकाश मले छे. जुगारी, लुच्चा, चोर, विश्वासघाति, ठग विगेरेनी सोबत करवाथी तेवां नीच कृत्यो करवानुं

Scanned by CamScanner

बलण सहज थइ जाय छे. माटे तेवा अधर्मीओनो त्याग करवो.

१२ माता पितानी आज्ञामां रहेवुं, तेमने पूजनारा थवुं, नित्य प्रातः-काले तेमने वंदन करवुं. परदेश जती वखते अने आवीने पण विनय पूर्वक पादपूजन करवुं. जो वृद्ध थया होय तो तेमने खावा पीवानी तेम ज पहेरवा ओढवानी शक्ति मुजब तजवीज राखवी. कोइ वखत क्रोध करवो नहीं. कटु वचन वापरवां नहीं. तेमना आदेशनुं उल्लंघन करवुं नहीं. कदापि गेरव्याजबी, नहीं करवा योग्य काम बतावे तो मौनवृति धरवी. अयोग्य कर्म करवाथी थता गेरफायदा विनय पूर्वक समजाववा प्रयत्न करवो. तेमनो आपणा उपर अवर्णनीय उपकार छे. माताए नव मास सूधी उदरमां राखी, भार वहन करी अनेक वेदनाओ आपणे माटे सहन करी छे, विष्टा मूत्रादि मलीन तत्वोथी आपणुं वारंवार प्रक्षालन कर्युं छे. वली आपणे व्याधि भोगवता होइए ते वखते क्षुधा, तृषा वेठी अनेक उपचारो करी आपणुं शुद्ध बुद्धिथी पालन करे छे. आ शिवाय परोक्ष रीते तेमना उपकारनो झरो निरंतर वह्या ज करे छे. माता पिता तो जगत्‌मां कल्पवृक्ष समान छे. अंतिम तीर्थंकर महावीरस्वामी त्रिश-लादेवीना उदरमां आव्या पछी माता दुःखी थशे, एम धारी किंचित् वखत अचलायमान रह्या; तेटलामां तो माताए अनेक कल्पांत करवा मांड्या, मूर्च्छा खाइ धरती उपर ढली पड्यां! ते ज वखते भगवंते अभिग्रह कर्यो के "माता पिता स्वर्गे गया पछी ज दीक्षा ग्रहण करी-श." अहो! पुत्रनी पूजनीक बुद्धि तरफ दृष्टि करो. राम अने लक्ष्मण तेम ज पांडवोए माता पितानी जे सेवा करी छे, तेनुं वर्णन सहस्र जि-व्हाथी पण करवुं मुश्केल छे. तेमना करेला उपकारनो बदलो आपणे वाली शकवाना नथी, तो पण निरंतर तेमने धर्म रस्ते योजवा प्रयत्न करी भक्ति करवी.

१३ ज्यां स्वराजानो अथवा परराजानो भय होय, तेवा स्थानमां रहेवुं नहीं. रहेवाथी धर्मनी, धननी तेम ज शरीरनी हानि थाय छे.

Scanned by CamScanner

१४ पेदाशना प्रमाणमां खरच करवुं. पेदाशना चार विभाग करवा. एक भाग घरमां राखवो, बीजो भाग व्यापारमां रोकवो, त्रीजो भाग पोताना तथा कुटुंबना खावा पीवामां अने वस्त्रादिकमां वापरवो, चोथो भाग धर्मकार्यमां वापरवो. ए प्रमाणे पेदाशनो व्यय करवो. जो पेदाश ओछी होय तो दशमो भाग अथवा शक्ति मुजब द्रव्य धर्म निमित्ते अवश्य वापरवुं. महा महेनते उदरपोषण थतुं होय तो मन कोमल राखी धर्मकार्यमां द्रव्य वापरनारनी अनुमोदना करवी.

१५ धनने अनुसारे वस्त्राभूषण पहेरवां. थोडुं द्रव्य होय अने धनवान् जेवां वस्त्र पहेरवाथी तेम ज वधारे द्रव्य होय अने गरीबना जेवां पहेरवाथी लघुता थाय छे.

१६ शास्त्र श्रवण करवामां चित्त परोववुं. बुद्धिना आठ प्रकारना गुण उपार्जन करवा. १ शास्त्र सांभलवानी इच्छा करवी. २ शास्त्र सांभलवुं. ३ तेनो अर्थ समजवो. ४ ते याद राखवो. ५ उह—तेमां तर्क करवो ते सामान्य ज्ञान. ६ अपोह—विशेष ज्ञान मेलववुं. ७ उहापोहथी संदेह न राखवो. ८ तत्वज्ञान एटले अमुक वस्तु आमज छे, एवो निश्चय करवो. पूर्वोक्त रीते शास्त्र श्रवण करी पोताना अवगुण त्यजवा उद्यमवंत थवुं.

१७ अजीर्ण छतां आहार करवो नहीं. खाधेली वस्तु पची न होय त्यां सुधी बीजो आहार करवो नहीं. रोग उत्पन्न थाय तेवी वस्तु खावी नहीं. स्वादिष्ट वस्तु देखी गजा उपरांत खावुं नहीं.

१८ अकाले भोजन करवुं नहीं. भोजन करवानो जे वखत निमार्ण करेलो होय ते वखत चूकवो नहीं.

१९ धर्म, अर्थ अने काम ए त्रण वर्ग साधवा. गृहस्थावस्थामां जे समय धर्म साधननो होय, ते वखते धर्म साधवो. पैसा उपार्जन करवाना समये ते काम करवुं. भोग—उपभोग भोगववाने समये तेमां तत्पर रहेवुं. धर्म—साधन करवाने समये द्रव्य उपार्जन करवानुं सूझे तो ध-

Scanned by CamScanner

र्मथी चूकाय छे. सर्व वस्तुनी प्राप्ति धर्मथी ज थाय छे. धर्म चूक्या तो त्रणे वर्ग हाथमांथी गया समजवा. माटे दिवसमां त्रणे वर्ग साधवानो वखत बांधी राखवो; जेथी द्रव्य पेदा करवामां तेम ज संसारोचित कार्य करवामां विघ्न न आवे, जगत्मां निंदा न थाय अने धर्मसाधन रूडी रीते थाय एम वर्त्तवुं.

२० मुनिराज महाराजनुं दान देवा रूप आतिथ्य विनय पूर्वक करवुं; दुःखी जनने अनुकंपादान देवुं; मुनिनी सेवा भक्ति करवामां कुशल रहेवुं अने अहंकार रहितपणे दान देवुं.

२१ जिनमतने विषे सन्मान पूर्वक राग धरवो. खोटो हठ—कदाग्रह करवो नहीं.

२२ गुणीजननो पक्ष करवो. तेमनी साथे सौजन्यता अने दाक्षिण्यता वापरवी. जे जे सुकार्य करवानां होय, ते ते वानरनी पेठे चपलताथी नहीं पण स्थिरताथी करवां. निरंतर प्रियभाषित थवुं. कोइने दुःख लागे तेवुं बोलवुं नहीं. पोताना तेम ज पारकाना आत्माने उपकार करवानी बुद्धि राखवी; गुणी पुरुषनी अनुयाइए वर्त्तवुं.

२३ जे देशमां जवानी शास्त्रकार आज्ञा न आपता होय, अथवा राजानी मना होय, ते देशमां उद्धताइ करी जवुं नहीं; तेम ज जे काले जे कार्य करवानी आज्ञा न होय, ते काले ते कार्य करवुं नहीं. जेम के उष्णकालमां खेती करे तो थाय नहीं. चोमासामां शीत पदार्थ खावाथी पचे नहीं अने समुद्र पर्यटन करवाथी नुकशान थाय. यवनना मुलकमां जवाथी अभक्ष्य वस्तु जबराइथी खवरावे अने जबराइथी धर्मभ्रष्ट करे, तेवा देशमां जवुं नहीं. वली पोतानुं बल तपासी काम करवुं; कारण के शक्ति उपरांत कार्य करवाथी धननी तेम ज तननी हानी थवानो संभव छे.

२४ व्रतने विषे स्थिर चित्तवाला अने ज्ञाने करी सावधान एवा पुरुषनी पूजा करवी. आत्महितार्थे तेमनी पासेथी ज्ञान संपादन करवुं अने

तेमनी प्रवृत्ति प्रमाणे वर्तवुं.

२५ पोषण करवा योग्य स्वकुटुंबनुं आहार वस्त्रादिकथी पोषण करवुं.

२६ दरेक कार्यारंभ कर्या पहेलां शुभ अशुभ परिणाम दीर्घदृष्टिथी विचारवुं अने पछी कार्यारंभ करवो.

२७ विशेषज्ञ एटले सामान्य अने विशेषने ओलखतां शीखवुं अथवा तेना जाणकार थवुं.

२८ लोकवल्लभ एटले सर्व लोकने वल्लभ लागे तेवुं काम करवुं. कोइने दूभववुं नहीं. अनीतिथी तेम ज धर्मविरुद्ध आचरणथी लोकमां व्हाला थवानी इच्छा राखवी नहीं.

२९ लज्जावान् थवुं. निर्लज कार्य करवुं नहीं.

३० विनयवंत थवुं. देव, गुरु, सुश्रावक, कुटुंबी, महेताजी, कला शीखवनार तथा राजा प्रधानादिक शेठ, शाहुकार जे कोइ गुणे करी, धने करी, पदवीए करी अने वये करी अधिक होय ते सर्वेनो यथोचित विनय करवो.

३१ दुःखी मनुष्य उपर दया करवामां कुशल रहेवुं. जेम बने तेम हिंसानुं काम करवुं नहीं.

३२ सौम्यदृष्टि राखवी. कोइ वखत कषाययाली प्रकृति धारण करवी नहीं के, जेथी अन्यने आपणा उपर द्वेष जागे.

३३ छ वैरीने जीतवा. १ काम एटले स्त्री सेवा. परस्त्रीनो सर्वथा त्याग करवो. पोतानी स्त्रीनुं पण जेम रोगार्त पुरुष औषध खावानी जरूर पडे, ने खाय तेम ऋतुस्नानने अवसरे केवळ चित्तनी उपाधि टाळवा निमित्ते सेवन करे; भावना तो छोडवानी ज राखवी. श्वाननी पेठे निरंतर अथवा एक रात्रिमां घणी वखत स्त्रीसंग करवो ए उत्तम पुरुषोनुं लक्षण नथी. नित्य सेववाथी पोतानुं तथा स्त्रीनुं शरीर निर्बल थतुं जाय छे. वळी एवी कुटेवने लीधे स्त्रीना विरह समये परस्त्री सेववानी बुद्धि थइ आवे छे; प्राये दुनियामां लघुता प्राप्त थाय छे, कोइ विश्वास

करतुं नथी, राजा जाणे तो दंड करे छे अने आवता भवमां नरकनां दुःख भोगववां पडे छे; माटे जेम बने तेम कामने वश करवो. २ क्रोध—कोइना उपर क्रोध करवो नहि; सर्व प्राणी उपर समभाव धारण करवो; एक क्रोडपूर्व सुधी संयम पाली उपार्जन करेलुं फल क्रोध करवाथी क्षण वारमां नष्ट थइ जाय छे अने कुगतिना भाजन थवुं पडे छे; हालाहल विष खाधुं होय तेथी एक वखत ज मरण थाय छे, पण क्रोध रूपी हलाहलने वश थएला प्राणीनुं अनंतीवार मृत्यु थाय छे; माटे निरंतर क्षमागुण धारण करतां शीखवुं. ३ लोभ-लोभी मनुष्यनुं चित्त सदाकाल फिकरमां भम्या करे छे. तेने कोइ पण प्रकारे संतोष उत्पन्न थतो नथी. वली लोभने वश थवाथी प्राणी नहि करवा योग्य कर्म करवा तत्पर थाय छे तेथी आ दुनियामां हीलना थाय छे अने परभवमां पण दुःख भोगववां पडे छे. माटे जे अवसरे जे मले तेथी संतोषवृत्ति राखवी अने नीतिथी उद्यम करवो. पूर्वे जेवुं पुन्य उपार्जन कर्युं होय तेवुं आ भवमां मले छे, लोभ करवाथी विशेष मलतुं नथी. एवो विचार करी संतोष पकडवो. संतोषथी ज लोभ जीताय छे. ४ मान—मानदशा धरवाथी जगत्मां लघुता प्राप्त थाय छे, लोको अहंकारीनुं उपनाम आपे छे, गुरुनो अने वडीलनो विनय थतो नथी; विद्या कला आवडती नथी अने मनुष्य भव पाम्या छतां पण धर्म साधी शकातो नथी; माटे मान तजी दइ गंभीरता धारण करवी. ५ हर्ष—कोइ पण कार्यमां अत्यंत हर्ष धारण करवो नहीं. हर्ष करवाथी गर्वने पगथीए चढतां वार लागती नथी. आ संसारमां सर्व वस्तुओ क्षणिक छे. शरीर आजे सुखी देखाय छे अने काल अनेक व्याधिथी वींटाइ जाय छे. लक्ष्मी चपल छे; आजे जे घरमां लक्ष्मी शोभी रही छे ते घरमां बीजे दिवसे भूत वासो करी रहे छ! माटे आवा अस्थिर पदार्थो पूर्वकृत पुन्यनें लीधे प्राप्त थयो होय तो तेनो सदुपयोग करवो; पण अत्यंत हर्षित थइ गर्व करवो नहीं. ६ मद—मद आठ प्रकारना छे. जातिमद, कुलमद, बलमद,

रूपमद, ऋद्धिमद, लोभमद, तपश्चर्यानो मद अने विद्यानो मद. जातिनो मद करवाथी नीच जातिमां उत्पन्न थाय छे, कुलमद करवाथी नीचगोत्र बंधाय छे. बलनो मद करवाथी आवते भवे निर्बलपणुं प्राप्त थाय छे. रूपनो मद करवाथी कुरूपपणुं प्राप्त थाय छे. धननो तथा ठकुराइनो मद करवाथी परभवे दरिद्रि थाय छे. जेम जेम मलतुं जाय, तेम तेम वधारे लोभ करे अने मनमां धारे के हुं तो खोवानो ज नहीं, जे जे व्यापार करीश तेमां पेदा ज करीश ! एवा आजीविका मद धरनार मनुष्यने कोइ वखत एवो धक्को लागे छे के, सर्व दिवसनुं पेदा करेलुं एक दिवसमां चाल्युं जाय छे ! अने निर्धनावस्था प्राप्त थाय छे. माटे लोभनो मद करवो नहीं. तपश्चर्यानो मद करवाथी तप निष्फल थाय छे. विद्यानो मद करवो नहीं. विद्यानो मद करनार मनुष्य पोताथी अधिक विद्वानने मान आपी शकतो नथी, पण तेनी अवगणना करे छे अने पोते वधारे ज्ञान संपादन करी शकतो नथी. गर्विष्ट होवाथी शंका पडे ते पण बीजाने पूछी शकतो नथी. एम धीरे धीरे पोतानी विद्या खुए छे अने आवता भवमां अज्ञानी थाय छे. माटे विवेकी माणसे आ आठ प्रकारना मद त्यजवा.

३४ कृतज्ञता—पोताने कोइए करेला उपकारने भूलवो नहीं. समय आव्ये करेला उपकारनो बदलो वालवो.

३५ पांच इंद्रिने वश करवामां तत्पर रहेवुं. इंद्रिओ मोकली मूकवाथी आ लोकमां पण बहु नुकशान थाय छे. जेम के स्पर्शेंद्रिनुं सुख भोगववा सारू हस्ति बंधनमां पडे छे. रसेंद्रिना विषयथी माछलांओ प्राण विमुक्त थाय छे. घ्राणेंद्रिना विषयथी भ्रमर कमल उपर बेसे छे. अने सूर्य अस्त थए कमल मींचाइ जवाथी अंदर गोंधाइ रहे छे. चक्षु इंद्रिने वश थवाथी पतंगीआ दीवामां पडी जीव खुए छे. श्रोतइंद्रिना विषयथी हरण पारधीने वश थइ जाय छे. एवी रीते एक एक इंद्रिने छूटी मूकवाथी प्राण जाय छे, त्यारे पांच इंद्रिओना विषयमां लुब्ध थ-

Scanned by CamScanner

वाथी परभवमां केवां दुःख भोगववां पडे ? तेनुं वर्णन तो ज्ञानीमहाराज ज करी शके. माटे यथाशक्ति विषयनो संकोच करवो. आ प्रमाणे मार्गानुसारीना पांत्रीश गुण जे पुरुषमां होय, ते पुरुष धर्मने योग्य जाणवो. आवा गुणथी मनुष्य समकितवंत थाय छे, श्राद्धधर्म अने मुनिधर्मने पामे छे अने अंते मुक्तिसुखने मेळवे छे.

२१ प्रश्नः–समकित ए शुं छे ?

उत्तरः—समकितना घणा प्रकार छे, पण अल्पमात्र कहुं छुं. समकितना मुख्य बे प्रकार छे. १ व्यवहार समकित ने २ निश्चय समकित. तेमां व्यवहार समकित ते आगल कहेला अढार दूषण रहित ऋषभादि चोवीश तीर्थंकरने शुद्ध देव तथा तरण तारण जहाज रूप मानवा. जे देव संसार थकी तर्या नथी, तेवाने देवबुद्धिए मानवा नहीं; प्रभुए मुनिनो जे मार्ग बताव्यो छे, ते मार्गे चालनारने गुरुबुद्धिए गुरु मानवा; साधु अने श्रावकनो धर्म प्रभुए जे प्रमाणे बताव्यो छे, ते धर्मने ज खरो मानवो. आ त्रण तत्त्व उपर श्रद्धा राखवी ते व्यवहार समकित. २ निश्चय समकित, ते प्रथम पोताना आत्मानुं स्वरूप अने पुद्गलनुं स्वरूप जाणवुं. आत्मामां चेतन गुण छे अने पुद्गलमां जड गुण छे. तेथी आत्मामां सर्व पदार्थ जाणवानी शक्ति छे, पण कर्मे करीने आत्मा अवरायो छे तथा हाल संपूर्ण भाव जाणी शकतो नथी. एवो निर्धार थवाथी जे जे बाह्य पदार्थो छे, तेना उपरथी मोहनो नाश करे छे. फक्त आतमगुणमां आनंद माने छे. जे संसारी आनंद छे, ते सर्वे अस्थिर आनंद छे, अने तेने खरो आनंद माननाथी कर्मबंध थाय छे ने दुर्गतिमां तेनां दुःख भोगववां पडे छे. आत्मानुं ज्ञान जेम जेम निर्मल थतुं जाय छे तेम तेम सांसारिक कार्यमां मग्नता घटती जाय छे. कर्मना योगे जे सुख दुःख प्राप्त थाय छे, तेने कर्मनां फल जाणीने राग द्वेष करता नथी. पुद्गलने संयोगे कर्म बांध्यां छे ते भोगवाय छे; एम विचारे छे. आ प्रमाणे चित्तनी सुंदरता थाय छे, परंतु विशेष विशुद्धि नथी थइ तेथी

संसारने छोडी शकतो नथी. श्रावकनां व्रत पण लइ शकतो नथी, पण लेवानी भावना रात दिवस बनी रहेली छे, अनंतानुबंधी कषायनी चोकडी तथा समकितमोहनी, मिश्रमोहनी अने मिथ्यात्वमोहनी ए सात प्रकृति क्षय थइ छे. एवा जीवोने समकितनी प्राप्ति थाय, ते निश्चय समकित कहीए.

२२ प्रश्नः—निश्चय समकितदृष्टिने व्यवहार समकित होय के नहीं ?

उत्तरः—घणुं करीने होय.

२३ प्रश्नः—व्यवहार समकितवालाने निश्चय समकित होय के नहीं ?

उत्तरः—होय पण खरूं अने न पण होय.

२४ प्रश्नः—एकला व्यवहार समकितथी शुं लाभ थाय ?

उत्तरः—व्यवहार समकित निश्चय समकितनुं कारण छे. देव गुरुनी श्रद्धा थइ एटले गुरु महाराजनी सेवा करे. गुरु महाराज धर्म संभलावे एटले पोताना आत्मानुं तथा पुद्गलनुं स्वरूप जाणे. एम करतां करतां अनुक्रमे निश्चय समकित थाय.

२५ प्रश्नः—देवनी भक्ति शी रीते करे ?

उत्तरः—देव हाल विचरता नथी, परंतु तेमनी मूर्त्ति छे ते आपणने आधारभूत छे. तेथी पाषाणनी, धातुनी, रत्ननी, काष्टनी अने दांतनी; जेवी पोतानी शक्ति होय तेवी भगवंतना आकारवाली मूर्त्ति करावे. यथाशक्ति सुंदर चैत्य बंधावे अने आचार्य महाराज पासे ते प्रतिमानी प्रतिष्ठा करावीने तेनी भक्ति करे. अथवा पूर्व पुरुषोए एवां जिनबिंब पधरावेलां होय छे, तेमनी अष्ट द्रव्ये करीने पूजा करे तथा तेमनी समीपे भले प्रकारे गुणग्राम करे.

२६ प्रश्नः—प्रतिमाने पूजवाथी शुं लाभ थाय ? प्रतिमा कांइ भगवान् नथी तो तेने केवा भावथी पूजवी ?

उत्तरः—भगवंत धर्म प्रकाशी गया छे. तेने आधारे धर्मनुं स्वरूप-आत्मानुं स्वरूप जाण्युं छे तेथी तेओ उपगारी पुरुष छे. ते उपगारी पु-

Scanned by CamScanner

रुष तो निर्वाण पाम्या छे, त्यारे प्रतिमाजीमां तेमना नामनो आरोप करीने भक्ति करवी. जेम आपणा वडीलनी अथवा मान्य पुरुषनी छबी होय छे अन तेना कोइ गुणग्राम करे छे, तो आपणे खुशी थइए छीए अने तेनी कोइ लघुता करे छे तो आपणे दिलगीर थइए छीए. वली हालमां राज्यकर्त्ता एडवर्ड तथा बीजा गवर्नर जनरल, गवर्नर अने प्रतिष्ठित अधिकारीओनी छबी तथा बावलांओ स्थानके स्थानके बेसारेलां दृष्टिए पडे छे अने तेम करेलुं जोइने ते अधिकारी तथा तेमना उपर प्रीतिभाव धरावनारा लोको राजी थाय छे अने ते अधिकारी पोताने मान मल्युं समजे छे. तेम आपणे पण भगवंतनी मूर्त्ति बेसारवाथी तेमने मान आपीए छीए. तेमने मान आपवानुं मन थयुं ते शुभ अध्यवसायनुं लक्षण छे अने तेथी जीव म्होटुं पुन्य उपार्जन करे छे. जेओ जैन नाम धरावीने ढुंढीआ कहेवाय छे, तेओ प्रतिमाने पुजता नथी. ते तेमनी अज्ञानता छे. तेओ जैनशास्त्रने मानवानुं कहे छे. पण तेओ शास्त्रमां कह्युं छे तेम करता नथी. आ बाबतना दाखला श्री प्रतिमाशतक ग्रंथमां उपाध्याय श्री यशो विजययजीए घणा आपेला छे. तथा समकितशल्योद्धार नामे ग्रंथ छपायेल छे, तेमां पण घणा दाखलाओ छे. तेथी अहिं विस्तारथी लखतो नथी. भगवंत विचरता हता ते वखतनी प्रतिष्ठित करेली प्रतिमाजी हालमां विद्यमान् छे अने ढुंढक मत तो आधुनिक नीकलेलो छे त्यारे जो प्रतिमा पूजवानुं अयोग्य होय तो भगवंत थतां केम बने ? त्यार पछी पण घणा आचार्यो थया छे. जेमना उपदेशथी घणा श्रावकोए प्रतिमाजी कराव्यां तथा अनेक प्रकारे पूजा करी. गृहस्थावासमां रहेला श्रावकभाइओने भगवंतना गुणग्राम करवा सारू अनुकूलता भरेली जग्या जोइए ते देरासरजी छे अने तेनी अंदर भगवतना गुणनुं स्मरण थवा सारू जिनबिंबनी स्थापना करेली छे. तेमनी आकृति एवी सौम्य छे के, तेने जोवाथी भगवंतना गुण सांभरे छे. पोताना

Scanned by CamScanner

वडीलनी अथवा माननीय पुरुषनी छबी अथवा तेनी कोई वस्तु पडी होय छे तो तेने जोइने ते पुरुष अने तेना गुणो जेम स्मरणमां आवे छे; तेम भगवंतनी मूर्त्ति जोइने पण थाय छे. प्रतिमाजीनुं मुख जोइने विचारे छे के, आ मुख केवुं छे ? जे मुखे कोइना अवर्णवाद, मृषावाद के, हिंसाकारी वचन बोलाएलां नथी. तेमां रहेली जिव्हावडे रसेंद्रिना विषयोनुं सेवन करेलुं नथी, पण आ मुखवडे धर्मोपदेश देइने अनेक भव्य प्राणीओने संसारसमुद्रमांथी तार्या छे; माटे आ मुखने धन्य छे. आ नासिकावडे सुरभिगंध दुरभिगंध रूप घ्राणेंद्रिना विषयोनुं सेवन कर्युं नथी. आ चक्षुइंद्रिवडे पांच वर्ण रूप विषयोने सेव्या नथी, कोई स्त्रीना उपर कामविकारनी नजरे जोयुं नथी तेम कोइनी सामे द्वेषनी नजरे पण जोयुं नथी. मात्र वस्तुस्वभाव अने कर्मनी विचित्रता विचारीने समभावे रहेला छे. तेथी एवा नेत्रने धन्य छे. आ कर्णे करीने विचित्र प्रकारना राग रागणी सांभलवा रूप तेना विषयनुं सेवन करेलुं नथी, परंतु प्रिय अप्रिय जेवा शब्दो काने पड्या तेवा समभावे सांभल्या छे. आ शरीरवडे कोइ जीवनी हिंसा के अदत्तग्रहण विगेरे कर्युं नथी. मात्र जीवरक्षा करी छे अने कोइ जीव दुःख पामे नहीं तेम वर्त्या छे. ग्रामानुग्राम विहार करी भव्यजीवोने संसारना दुःखमांथी उद्धर्या छे अने पोते कर्मोनो क्षय करी केवलज्ञान केवलदर्शन प्रगट कर्युं छे. माटे आ प्रभुने धन्य छे. एओ परम उपगारी छे. तेथी तेमनी जेटली भक्ति करी शकुं तेटली करवी योग्य छे. आवी सुंदर भावना भगवंतनी मुद्रा देखवाथी उत्पन्न थाय छे. उत्तम प्राणीओ एवा प्रभुनी जल, चंदन, केसर, बरास, पुष्प, धूप, दीप, फल, नैवेद्यवडे पूजा करे छे. तथा आभूषणो चडावे छे. ए प्रमाणे पूजा करवामां यथाशक्ति द्रव्यनो व्यय करतां चिंतवे छे के, हुं जे द्रव्य पेदा करूं छुं, ते पेदा करतां अनेक प्रकारनां पाप लागे छे. वली ते धन संसारी कार्यमां वापरूं छुं तेथी पण उलटी पापनी वृद्धि करूं छुं. म्हारे ए धनमांथी म्हारा प्रणाम पहोचे तेटलुं धन जो हुं प्रभुभक्तिमां

वापरूं तो तेनाथी पाप बंधातुं अटके अने पुन्यबंधन थाय. वली ए धन प्राते म्हारूं नथी. म्हारी साथे आववानुं नथी. म्हारो ने एनो स्वभाव भिन्न छे. हुं चेतन छुं. ए जड छे. माटे म्हारे एना उपरथी मूर्च्छा उतारवी ते योग्य छे. वली विचारे के, हुं प्रभुनी भक्ति करीश तो, ते जोइने बीजा जीवो तेनी अनुमोदना करशे. वली केटलाएक भाग्यशाली जीवो भक्ति करवाने तत्पर थशे तो तेनो कारणीक हुं थइश. एटले प्रभुभक्ति करतां अनेक प्रकारना लाभ थशे. उत्तम जीवो प्रथम द्रव्यपूजा करीने पछी भावपूजा करे छे एटले ते अवसरें भगवंतना गुण विचारे छे अने प्रभुना गुणने विचारीने तेनुं पोताना आत्मानी साथे मिलान करे छे के, अहो ! प्रभु अरागी ने हुं रागी, प्रभु अद्वेषी ने हुं द्वेषी, प्रभु अक्रोधी ने हुं क्रोधी, प्रभु अमानी ने हुं मानी, प्रभु अमायी ने हुं मायी, प्रभु अलोभी ने हुं लोभी, प्रभु अकामी ने हुं कामी, प्रभु निर्विषयी ने हुं विषयी, प्रभु आत्मानंदी ने हुं संसारानंदी, प्रभु अतिंद्रिय सुखना भोगी ने हुं पुद्‌गलनो भोगी, प्रभु स्वस्वभावी नें हुं विभावी, प्रभु अजर नें हुं सजर, प्रभु अक्षय ने हुं क्षय स्वभाववालो, प्रभु अशरीरी ने हुं शरीरवालो, प्रभु अनिंदक ने हुं निंदक, प्रभु अचल ने हुं सचल, प्रभु अमर ने हुं मरणे सहित, प्रभु निद्रा रहित ने हुं निद्रा सहित, प्रभु निर्मोही ने हुं समोही, प्रभु हास्य रहित ने हुं हास्ययुक्त, प्रभु रतिए रहित ने हुं रतिए सहित, प्रभु अरति रहित ने हुं अरति सहित, प्रभु शोक रहित ने हुं शोक सहित, प्रभु भय रहित ने हुं भय सहित, प्रभु दुगंछा रहित ने हुं दुगंछा युक्त, प्रभु निर्वेदी ने हुं सवेदी, प्रभु अक्लेशी ने हुं सक्लेशी, प्रभु हिंसाए रहित ने हुं हिंसानो करवावालो, प्रभु वचने रहित ने हुं मृषावादी, प्रभु इच्छारहित ने हुं अनेक प्रकारनी इच्छावालो, प्रभु अप्रमादी ने हुं सप्रमादी, प्रभु आशा रहित ने हुं आशानो भरेलो, प्रभु सर्व जीवने सुखना दाता ने हुं अनेक जीवोने दुःखनो देनार, प्रभु अवंचक ने हुं सवंचक–बीजाओने ठगनारो, प्रभु सर्वना विश्वास-

Scanned by CamScanner

पात्र ने हुं अविश्वासनुं पात्र, प्रभु आश्रव रहित ने हुं आश्रवनो भरेलो, प्रभु निःपाप ने हुं सपाप, प्रभु परमात्मपदने पामेला ने हुं बहिरात्मापणे वर्त्ततो, प्रभु कर्म रहित ने हुं कर्म सहित. आ प्रमाणे भगवंत अनेक प्रकारना गुणे करीने संयुक्त छे अने हुं सर्व प्रकारना दुर्गुणोए भरेलो छुं. तेथी आ संसारमां परिभ्रमण करुं छुं. आजे भाग्यना उदयथी आ प्रभुनी मूर्ति में जोइ अने तेना आलंबनवडे मने प्रभुना गुणनुं स्मरण थयुं तथा म्हारा अवगुण समजवामां आव्या, तो हवे हुं म्हारा अवगुण टालवानो उद्यम करुं, प्रभु जे रस्ते चाल्या ते रस्ते हुं चालुं अने प्रभु जेम वर्त्या तेम हुं वर्तुं. आ प्रमाणेनी भावना भावतां—भावपूजा करतां प्राणी पोताना कर्मनो क्षय करे छे, शुद्ध समकितने प्राप्त करे छे अने यावत् मोक्षसुखने पण पामे छे. माटे जिनप्रतिमानी पूजा करवाथी उपर प्रमाणे लाभ जाणीने सर्व भव्य जीवोए यथाशक्ति जिनेश्वरनी भक्ति करवी.

२७ प्रश्नः—सामान्य प्रकारे जिनभक्तिनी रीत तथा लाभ तमे बताव्या, परंतु अनुक्रमे दररोज केवी रीते भक्ति करवी ते कहो ?

उत्तरः—दिवसमां त्रण वार जिनमंदिरे जवुं. तेमां प्रातःकाले वासक्षेपवडे पूजा करवी, मध्यान्हे जल चंदनादिक अष्टद्रव्यथी, सत्तर प्रकारथी अथवा जेवी शक्ति होय ते प्रमाणे विशेष द्रव्यथी पूजा करवी अने संध्याये धूपपूजा तथा दीपपूजा करवी. आ प्रमाणे त्रणकाल जिनपूजा करवी. तेमां मध्यान्हनी पूजा प्रभुने अंगे फरसीने करवानी छे तथा न्हावुं जोइए, न्हाइने शुद्ध थया शिवाय प्रभुनो स्पर्श करवो घटित नथी. आपणुं शरीर मलीन होय छे ते न्हावाथी शुद्ध थाय छे. माटे निर्जीव जग्या जोइने शरीरनी शुद्धि थइ शके तेटला जलवडे न्हावुं. वधारे पाणी ढोलवुं नहीं. वधारे पाणी ढोलवाथी असंख्य अपकाय जीवोनी विना कारणे विराधना थाय छे. न्हाया पछी शुद्ध वस्त्रवडे शरीर साफ करवुं. पछी सुंदर, शोभीतां, सांसारिक कार्यमां नहीं वापरे-

Scanned by CamScanner

लां अने धोयेलां वस्त्र धारण करवां. वगर धोयेलां वस्त्र पहेरीने पूजा करवाथी नीवीनुं प्रायश्चित्त कहेलुं छे. पछी पोतानी शक्तिना प्रमाणमां योग्य आभरणो धारण करवां अने जिनपूजाने माटे जल, चंदन, पुष्पादिक शुद्ध शुद्ध द्रव्यो लइने जिनमंदिरे जवुं. जिनमंदिरना प्रथम द्वारमां पेसतां 'निसिहि' कहेवी. त्यारथी संसारी व्यापारनो निषेध कर्यानुं समजवुं. एटले देरासरनी अंदर व्यापार रोजगार संबंधी वातचीत पण करवी नहीं. फक्त जिनमंदिर संबंधी कार्यमां ज चित्त परोववुं. देरासरमां कांइ काम चालतुं होय तो तेनो तपास करवो, कांइ आशातना थएली होय तो ते टालवी अने देरासरना नोकर चाकरना कामकाज तरफ नजर करवी. पछी ज्यारे भगवंतनी मूर्त्ति दृष्टिए पडे, त्यारे बे हाथ जोडी नमस्कार करवो अने रंगमंडपमां पेसतां बीजीवार 'निसिहि' कहेवी. अहिंथी जिनमंदिर संबंधी व्यापारनो पण त्याग कर्यानुं समजवुं अने जिनपूजा संबंधी कार्यमां प्रवर्त्तवुं. प्रथम पोताना हाथ धोइने सुवर्णना, रूपाना, अन्य धातुना अथवा मृतिकाना पोतानी शक्ति अनुसारे जेवा कलश होय तेवा कलशमां निर्मल जल भरवुं. प्रभुना शरीर उपरथी आभरणादि उतारवां. ते अवसरे चिंतववुं के, भगवंत आ प्रमाणे आभूषणो उतारीने संयम ग्रहण कर्युं हतुं. पछी मोरपींछी वडे प्रभुना शरीरनी प्रमार्जना दृष्टिपूर्वक करवी. कीडी विगेरे जंतुओनो प्रचार थयो होय तो ते दूर करीने कलशवडे अभिषेक करवो. पछी वस्त्रना पोतावडे केसर उतारवुं. तेनाथी न नीकली शके तेवुं केसर वालाकुंचीवडे दूर करवुं. पछी पंचामृतनो अभिषेक करीने सुकुमाल, सुंदर अने धोएला उज्वल वस्त्र वडे प्रभुनुं शरीर जल रहित करवुं. पछी उत्तम चंदन, केसर, बरासादिवडे नव अंगे पूजा करवी अने जीवजंतु रहित, सज्या विनानां, भूमिने नहीं फरशेलां, अशुचिना संसर्ग विनानां अने सुगंधीवालां मोगरा विगेरेनां पुष्पो चडाववां. पछी मुगट कुंडलादि आभरणो पहेराववां. त्यार पछी अगर, सेला-

रस विगेरे सुगंधी वस्तुओथी बनावेलो दशांगधूप करवो. फानसनां दीपक राखीने दीपपूजा करवी. भगवंतना शरीर उपर सोना रूपाना वरक यथाशक्ति चडाववा अने आंगी रचवी अथवा रचाववी. पछी भगवंतना समीप भागे सुंदर उज्वल अक्षतवडे नंदावर्त्त अथवा स्वास्तिक करवो. तेमां प्रथम त्रण ढगली करतां पहेली ढगलीए ज्ञान प्राप्ति, बीजी ढगलीए दर्शन एटले समकितनी प्राप्ति तथा त्रीजी ढगलीए चारित्रनी प्राप्ति थाय तेवी रीते भावना भाववी. त्यार पछी स्वस्तिक रचवो. ते वखते चार गतिनो नाश थाय तेवी भावना भाववी. वली त्रण ढगलीनी उपर अक्षतवडे सिद्धशिलानो अर्धचंद्र जेवो आकार करवो अने विचारवुं जे आ सिद्धशिला उपर म्हारो वास थाओ. एवी रीते अक्षतपूजा करीने पछी सुंदर फल मेवा प्रमुख धरवा. अपक्व, सडेलां, खराब वासवालां अथवा अभक्ष फल धरवानो पूजाप्रकरणमां निषेध कर्यो छे माटे तेवां फल चडाववां नहीं. पछी नैवेद्य धरवुं. तेमां भक्ष पदार्थ जे जे खाता होइए ते ते जेवा के लाडु, दूधपाक, शाक, दाल, भात, चूरमा प्रमुख अनेक जातनी रसवती प्रभु आगल धरवी. पूर्वोक्त फल, नैवेद्य प्रभु आगल धरी भावना भाववी, जे आ आहार अनेक पाप आरंभ करी निपज्यो छे अने आ आहार हुं खाइश तेथी पण एना आस्वादनथी मने राग द्वेषनी परिणती जागशे, माटे जेटलो आहार प्रभुने चडावीश ते आहार संबंधी राग द्वेषनी परिणती थवी बंध रहेशे अने वली उपकारीनी भक्ति थशे तेथी परंपराए मुक्तिफलनी प्राप्ति थशे. आवी सुंदर भावना भाववी. ए प्रमाणे द्रव्यपूजा करवी. एथी वधारे द्रव्य होय तो वधारे चडाववा. त्यार पछी त्रीजी 'निसिहि' कहेवी अने विचारवुं जे द्रव्यपूजानुं काम निषेधी हवे भावपूजा करीश. प्रथम त्रण प्रदक्षिणा देवी. त्यार बाद त्रण खमासमणां देवां. त्रण दिशा तरफ जोवुं वर्जवुं. पछी वीर आसने बेसी बे हाथ जोडी चैत्यवंदन, नमुथ्थुणं, जावंति बे, स्तवन, जयवीयराय विगेरे कहेवुं. पछी काउस्सग्ग करवो.

काउस्सग्ग पारी एक थुइए अथवा चार थुइए अथवा आठ थुइए जेवी शक्ति—अवकाश होय ते प्रमाणे चैत्यवंदन करवुं. आ सामान्य विधिए प्रभु भक्ति कही. पछी प्रभु सन्मुख उभा रही आगल कही छे तेवी रीते भावना भाववी. घणा गुणी आचार्य महाराज श्लोकबद्ध—काव्यबद्ध रचना भगवंतना गुण रूप करी गया छे ते वडे स्तुति करवी. एवी सुंदर भावना भाववाथी नागकेतु विगेरे केवलज्ञान पाम्या छे. तेनी कथा कल्पसूत्रमां विद्यमान छे.

२८ प्रश्नः—पुष्पपूजा करतां पुष्पना जीवने बाधा थाय तेनुं केम ?

उत्तरः—पुष्पना जीवने बाधा थती नथी, पण उलटी रक्षा थाय छे. केम के पुष्प कोई गृहस्थ लइ जाय तो मनुष्यना स्पर्शथी तेना जीवने किलामना थाय. केटलाएक गृहस्थो सय्यामां बिछावी सुवे छे तेथी पण किलामना थाय छे, परंतु जे पुष्प प्रभुने चडे छे तेने तो पोताना आयुष्य सुधी अबाधा रहे छे. वली तमे कहेशो के पुष्पने सोय भोंकी गूंथवाथी किलामना थया वगर रहे नहीं, तो ते विषे जाणवुं जे, जे पुष्पनी दांडी पोली होय तेमां दोरो परोववो शास्त्रमां कह्यो छे माटे तेवी रीते विधि युक्त काम करवाथी बाधा थशे नही. पुष्प शीवीने चडाववानी तथा काची कलीओ चडाववानी रीत प्राचीन जणाती नथी, पण आधुनिक छे. एवी रीत पडवाथी केटलीक वखत गूंथेलां पुष्प मलतां नथी त्यारे विधिपूर्वक पूजा करवाना रसिक पुरुषने पण शीवेलां चडाववां पडे छे, ते अपवाद समजीने चडावे छे. कारण के जो ते न चडावे तो समूलगो फूलनो हार चडी शके नहीं माटे जोग बने त्यां सुधी गूंथेलां पुष्प चडाववां ए ज श्रेय छे. प्रभु भक्ति विधिपूर्वक करतां कदापि अल्पहिंसा थाय ते उपर आवश्यकमां कूवानुं दृष्टांत आप्युं छे. कूवो खोदतां कष्ट पडे पण प्रांते मुक्तिसुखनी प्राप्ति थाय. माटे श्रावकने अष्टप्रकारी पूजा करवानुं महानिशिथ्थ सूत्रमां पण कह्युं छे.

Scanned by CamScanner

२९ प्रश्नः—नैवेद्य-रांधेलुं धरवुं कया शास्त्रमां कह्युं छे ?

उत्तरः—श्राद्धविधिमां कह्युं छे. वली श्राद्धविधिमां निशिथचूर्णी प्रमुखना दाखला आप्या छे. आचारोपदेश, अष्टप्रकारी पूजाने रास तथा सकलचंद उपाध्याय प्रमुख विरचित पूजाओमां पण कह्युं छे. ते शास्त्रो जोवाथी विस्तार सहित मालम पडशे. सामान्य प्रकारे नैवेद्य चडाववानुं तो महानिशिथ, पंचाशकजी, प्रवचनसारोद्धार, योगशास्त्र विगेरे घणा शास्त्रोमां कह्युं छे.

३० प्रश्नः—दीपकपूजा कया शास्त्रमां कही छे ?

उत्तरः—महानिशिथ सूत्रमां अष्टप्रकारी पूजानो अधिकार चाल्यो छे त्यां कही छे. प्रभुना जन्म वखत दिग्कुमारीकाओए दीपक कर्या छे, विगेरे वर्णन जंबूद्वीपपन्नत्तिमां छे. आवश्यकसूत्रमां पण कह्युं छे.

३१ प्रश्नः—गुरुभक्ति शी रीते करवी ?

उत्तरः—गुरुने देखतां बे हाथ जोडी नमस्कार करवो. गुरु कंइ काममां न होय तो खमासमण देइ वांदवा. इच्छकार पूछी अभुट्ठियो अभ्यंतरथी खमाववा. गुरु उभा होय तो उभा रहेवुं. गुरुना वचननी अवगणना करवी नहीं. वस्त्र, पात्र, औषध, पाट, पाटला, रहेवाने मकान विगेरे जे कांइ जोइए ते हाजर करवुं. आपणी पासे न होय तो जेनी पासे होय तेनी पासे गुरुने तेडी जइ अपाववुं. कोइ प्रकारे तेमनुं वचन लोपवुं नहीं. गुरु महा उपकारी छे. ए उपकारीना उपकारनो बदलो कोइ दिवस वलवानो नथी माटे यथाशक्ति गुरुभक्ति करवी. तन, मन अने धन अर्पण करवुं. कदापि गुरु महाराजना काममां सर्व दोलत वपराइ जाय तो पण वापरवामां जराए अंदेसो लाववो नहीं. आवा भाव जेने थइ जाय छे तेने अवश्य—निश्चय समकित होय छे. तेमां जेटली कसर होय तेटली समकितमां पण कसर जाणवी. माटे देव गुरुनी भक्तिमां कोइ पण रीते कसर राखवी नहीं. गुरु महाराज एक कोडि पण पोते लेता नथी. कोइक वखत अकस्मात् धर्मसंबंधी

Scanned by CamScanner

हरकत आवी पडी होय अने ते काममां पैसा खरचवा पडे तेम होय, औषधमां वापरवा होय, पुस्तक लखाववां होय विगेरे धर्मना कार्यमां पैसानी आवश्यकता होय त्यारे गुरु महाराज वापरवानो उपदेश करे छे; ते वखत मन जरा पण पाछुं फेरववुं नहीं, पण प्रसन्न थइ द्रव्यनो सदुपयोग करवो.

३२ प्रश्नः—गुरु लोभी होय तो केम करवुं ?

उत्तरः—गुरु महाराज लोभी होय नहीं. जे पोताना शरीरनी, शिष्यनी अथवा श्रावकनी आशा राखता नथी ते धननी आशा केम राखे ? माटे तेओनी लोभी होवापणानी शंका करवी ज नहीं, तेओ फक्त शरीरना रक्षणने माटे प्रमाणोपेत वस्त्रनुं ग्रहण करे छे अने आ शरीरवडे ज्ञान दर्शन चारित्रनुं आराधन करी शकाय छे तेथी तेने शुद्धमान आहार आपे छे. इंद्रिओनी पुष्टिने अर्थे तो आहार पण लेता नथी. तेमां पण जे आहार गृहस्थे पोताने अर्थे करेलो होय छे ते ज ले छे, तेमांथी पण तेने फरीने करवो न पडे तेटलो ज ग्रहण करे छे, फरीने करवो पडशे एम लागे तो बिलकूल लेता नथी. आहारना संबंधमां एवा निरिच्छावान् होय छे तो पछी बीजो लोभ तो करे ज केम ? तेओने एक कोडि सरखी पण पासे राखवी नथी अने जेओ राखे छे तेओने शास्त्रमां गुरुबुद्धिए मानवा कह्या नथी. जिनाज्ञा विरुद्ध एवा वेषधारी, द्रव्यलिंगी, पासथ्थादिक द्रव्यना राखनारने जे गुरुबुद्धिए माने छे तेने मिथ्यात्व लागे छे.

३३ प्रश्नः—कोइक एम कहे छे के ज्ञाने करीने ज धर्म थाय छे, क्रियाए तो कर्म छे, तेथी क्रिया करतां धर्म न होय. माटे कदी क्रियारुचि न होय तो पण ज्ञान भणेल होय तो तेने गुरु मानवामां शुं अडचण छे ?

उत्तरः—शास्त्रमां समकित करीने सहित होय तेने ज ज्ञान कहे छे अने जेने समकित होय तेनो भगवंतनी आज्ञाना आराधक होय,

Scanned by CamScanner

जेओ आज्ञाना आराधक होय तेओ क्रियाथी विमुख होय नहीं; कारण के ज्ञाने करीने पोताना आत्मानुं स्वरूप तथा पुद्गलनुं स्वरूप जाण्युं छे तेथी ते जाणे छे के "अहो! आ पुद्गल तो जड पदार्थ छे. पुद्गलने वशे करीने विपरीत बुद्धि थइ तेथी परवस्तु जे धन धान्यादिक तथा स्त्री कुटुंबादिक तेने आ जीवे पोतानां करीने मान्यां अने तेथी कर्मबंध करीने चारे गतिमां रोलायो, अनेक प्रकारनां दुःख भोगव्यां. आ भवमां भाग्यना उदयथी श्री जिनराजनो मार्ग प्राप्त थयो अने कर्मे विवर आप्युं तेथी मने संयमनी प्राप्ति थइ छे; तो हवे म्हारे आत्मतत्वमां रमण करवुं ज घटे छे. अनादिकालनो जीवने परभावमां रमवानो अभ्यास छे तेथी म्हारी दशा वारंवार पुद्गलभावनी थाय छे ते पलटावा माटे अशुभ क्रिया छोडीने शुभ क्रियामां प्रवर्त्तवुं योग्य छे." आ प्रमाणेनी भावनाथी संयमनी क्रिया करे छे अने ते क्रिया, कर्म निर्जरानी हेतुभूत थाय छे. वली योगादिकनी जे शुभ प्रवृत्ति थाय छे तेथी जो के शुभकर्म बंधाय छे परंतु ते कर्म मुक्ति प्राप्त करवामां सहाय्यकारी थाय छे, विघ्नकारी थतां नथी. एवा शुभ कर्मना योगथी आर्यक्षेत्रमां जन्म, पांच इंद्रिओ संपूर्ण, धर्मिष्ट कुल, स्वजनादिक धर्मकार्यमां अनुकूल, निरोगी शरीर, देव गुरुनी जोगवाइ विगेरे साधनोनी प्राप्ति थाय छे. ए साधनो मल्या विना जीवथी मुक्तिमार्गनुं आराधन थइ शकतुं नथी. जेओ ज्ञानवंत छे तेओ सहजे क्रियामां प्रवर्त्ते छे. ज्ञानगुण वडे वस्तुस्वरूपने जाणवाथी संसारनी अनित्यता समजीने जेमणे चारित्र अंगीकार कर्युं छे एवा मुनि महाराज निरंतर विचारे छे के सर्व जीवो सत्ताए तुल्य छे, पण कर्मे करीने जूदी जूदी गतिने पाम्या छे. ते सर्वे सुखना अभिलाषी छे. दुःखने इच्छता नथी. जेम म्हारा शरीरने कोइ कांइ पीडा उपजावे छे तो मने दुःख थाय छे तेम सर्व जीवने पण दुःख थाय छे. माटे म्हारे कोइ पण जीवने दुःख उपजाववुं घटतुं नथी. आवा विचारथी तेओ ज्यारे ज्यारे उठे छे, बेसे छे, सुए छे, चाले छे त्यारे यत्नापूर्वक प्रवर्त्ते

Scanned by CamScanner

छे. वली पडिलेहण पण ते ज माटे करे छे के वस्त्रमां कोइ जीव होय तो शरीरे लागवाथी तेने पीडा उत्पन्न थाय. वली प्रतिक्रमणनी क्रिया करे छे तेनुं कारण पण एम छे के पोते आत्मस्वभावमां रमणता करवाने इच्छे छे; परंतु जीवमे अनादिकालनो मोहप्रवृत्तिनो अभ्यास बनेलो छे तेना जोरथी जे न करवा योग्य प्रवृत्ति थइ जाय छे ते पोताना मनमां अनिष्ट लागे छे अने तेनी निंदा गर्हा तो कायम थया करे छे परंतु प्रतिक्रमणमां विशेष प्रकारे करवानुं बने माटे प्रतिक्रमण करे छे. यथाशक्ति तपस्या करे छे. तेमां पण भाव एवो वर्त्ते छे के आहार करवो ते म्हारो स्वभाविक धर्म नथी, पण हजु सुधी पुद्गलमां रह्यो छुं एटले ज्ञान ध्यान सारी रीते थवा माटे आ शरीरने निरवद्य आहार आपुं छुं. तो पण थोडी थोडी तपस्या करूं तो तेथी कांइ ज्ञान ध्यानमां हरकत थवानी नथी. उलटी शुभभावने योगे ज्ञान ध्याननी वृद्धि थशे माटे यथाशक्ति तपस्या करूं. आवी भावना होवाथी ज्ञानीने सहजे तप पण बनी आवे छे. माटे ज्ञानवंतने क्रियानी रुचि न थाय ए वात संभवती ज नथी; पण जेओ मात्र लोकरंजनार्थे ज्ञान भणेला होय छे तेओने क्रियारुचि होती नथी, तो तेओ कांइ जैनमार्गमां नथी. श्री विशेषावश्यकमां क्रिया रुचि रहित जीवने अज्ञानी कह्या छे. तो तेवा अज्ञानी गुरु करवा योग्य होय नहीं. तेमनी संगत करवाथी तेमना जेवी विपरीत बुद्धि थाय अने मिथ्यात्व पमाय माटे भगवंतनी आज्ञा प्रमाणे चालनारने ज गुरु मानवा.

३४ प्रश्नः—गुरु महाराज न होय तो धर्मकरणी कोनी पासे करवी?

उत्तरः—जेम देवने अभावे देवनी मूर्त्ति, तेम गुरुने अभावे गुरुनी स्थापना जाणवी. तेमां मुख्य अक्ष, ते गोल आकारना कोडा समजवा. ते त्रण, पांच, सात के नव आवर्त्तवाला होय तो श्रेष्ठ गणाय छे. तेनुं फल श्री भद्रबाहुस्वामिकृत स्थापनाकुलकमां विशेष प्रकारे वर्णवेलुं छे. श्री यशोविजयजी उपाध्याये स्थापनानी सज्झाय बनावी छे तेमां पण तेनुं

Scanned by CamScanner

फल तथा विधि बतावी छे. एवा अक्षना स्थापनाचार्य स्थापीने तेनी सन्मुख क्रिया करवी. तेनो योग न बने तो ज्ञान दर्शन अने चारित्रनां उपकरण–मुख्यत्वे पुस्तक नवकारवाली प्रमुखनी स्थापना करवी. श्री ठाणांग सूत्रमां दश प्रकारनी स्थापना कही छे, ते स्थापीने पंचिंदिय वडे तेमां गुरु महाराजना गुणनुं आरोपण करवुं अने पछी तेनी समीपे विधि करवो.

३५ प्रश्नः—धर्म ते शुं ?

उत्तरः—धर्म बे प्रकारना छे. १ आत्मिकधर्म अने २ व्यवहारधर्म.

३६ प्रश्नः—आत्मिकधर्म ते शुं ?

उत्तरः—आत्मिकधर्म ते आत्मानुं लक्षण–अनंत ज्ञान, अनंत दर्शन, अनंत चारित्र, अनंत वीर्यादि तेमां रमण करवुं ते आत्मिकधर्मनुं आराधन समजवुं.

३७ प्रश्नः—अनंतज्ञान ते शुं ?

उत्तरः—अनंता पदार्थोनुं त्रणे कालनुं स्वरूप जाणवानी आत्मानी शक्ति छे ते.

३८ प्रश्नः—आत्मानी एवी शक्ति छे तो ते जणाती केम नथी ?

उत्तरः—आत्मा कर्मे करीने अवरायलो छे तेथी तेनी शक्ति चाली शकती नथी.

३९ प्रश्नः—आत्मा कर्मे करीने क्यारथी अवरायो छे ?

उत्तरः—आत्मा अनादिकालथी कर्मे करीने अवरायलो छे. कोइ काले पण निर्मल हतो ज नहीं. जेम सोनुं खाणनी अंदर मूलथी ज माटी साथे मलेलुं छे, तेम जीवने माटे पण समजवुं.

४० प्रश्नः—कर्म ते शुं ? अने ते जीवनी साथे केवी रीते एकमेक थयेलां छे ? वली अनादिनां कर्म छे ते ज चाल्यां आवे छे के फेरफार थाय छे ?

उत्तरः—कर्म ते जड पदार्थ छे. जे चर्मचक्षु वडे देखाय छे ते सर्व जड

Scanned by CamScanner

पदार्थ ज छे. जीव देखी शकाता नथी. जड पदार्थो विचित्र प्रकारनां रूप धारण करे छे. मनुष्यना शरीर रूप मलेला छे ते ज वीखरीने पाछा राखोडी रूपे थाय छे. वखते अग्नि रूपे थाय छे अने ते ज पाछा पृथ्वी, पाणी, वायु, वनस्पति तथा जनावरोना रूपने धारण करे छे. जीवना शरीरमांथी छूटेला पुद्गलोना विचित्र घाट बने छे. जीव ग्रहण कर्या न होय तेवा छूटा पुद्गलोनां पण स्वभाविक अनेक रूप बने छे. आकाशमां लीला पीला रंग देखाय छे ते स्वभाविक ज बने छे. एवा पुद्गल परमाणुओ मलीने कर्म योग्य पदार्थ थाय छे. तेवो कर्म पदार्थ आत्मानी साथे अनादिकालथी मलेलो छे. ते जेम जेम भोगवाय छे, तेम तेम छूटा थता जाय छे अने पाछा नवा बंधाय छे. एकवारनुं बांधेलुं कर्म कांइ सदा काल पहोंच्या करतुं नथी. पूर्वकर्मना योगे जीवना जेवा जेवा प्रणाम थाय छे, तेवां तेवां कर्म वंधाय छे. एम श्रेणि प्रश्रेणि चाल्या ज करे छे. जेम चिकाशवाला पदार्थने रज लागे छे, तेम जीवने राग द्वेषनी परिणती रूप चिकाशने योगे कर्मना पुद्गलो आवीने वलगे छे.

४१ प्रश्नः—जीव तथा पुद्गलनो कर्त्ता कोइ छे ?

उत्तरः—ए कोइना बनावेला नथी एटले तेनो कर्त्ता कोइ छे ज नहीं. वली न्यायथी विचारतां एनो कर्त्ता होइ शके पण नहीं. जो तेनो कोइ बनावनार होय तो ते शरीरधारी होवो जोइए एटले तेने बनावनारनो पण कोइ बनावनार जोइए. वली ज्यारे जगत्मां कोइ पदार्थ ज न होय त्यारे जीव अने पुद्गल शुं पदार्थ न बनावे ? वली जो जीवनो कर्त्ता होय तो ते पाप कार्य करनाराओने बनावे ज नहीं अने जगत्मां तो तेवा मनुष्यो ज वधारे देखाय छे. कदी कोइ कहेशे के बनाव्या त्यारे तो सारा हता, पण पाछलथी बगडी गया तो बनावनारा ज्ञानीने एवुं पण ज्ञान होवुं जोइए के, आ पाछलथी बगडी जशे माटे एने न बनावुं. साधारण मनुष्य पण जो कोइ कार्यनुं परिणाम खराब आववानुं जाणे तो ते कार्य करता नथी त्यारे जे सर्वज्ञ छे ते तो त्रणे कालनुं स्वरूप जाणी शके एटले

Scanned by CamScanner

पाछलथी बगडे तेवा प्राणीओने शा माटे बनावे ? वली ईश्वर समदृष्टिवाला होवाथी एकने मनुष्य बनावे, एकने जनावर बनावे, एकने सुखी करे; एकने दुःखी करे एम होय ज नहीं. तेनो विचार तो सर्वने सुखी बनाववानो ज होवो जोइए अने तेवुं तो कांइ जगत्मां देखातुं नथी. तेथी जगत्कर्त्ता ईश्वर मानवो ए वास्तविक नथी. वली केटलाएक कहे छे के ए तो बधुं ईश्वरनी इच्छावडे ज बने छे, आ कहेवुं पण असत्य छे. केम के जे जे धर्मवाला मुक्तिने माने छे अने मुक्ति मेलववा उद्यम करे छे तेना शास्त्रमां प्रांते क्रोध, मान, माया, लोभ ए चारथी मूकावुं अने समभावमां रहेवुं एनुं नाम ज मुक्ति कहेल छे. त्यारे विचारो के बीजाओने तो इच्छाथी मुक्त थवा कहे छे अने पोते आ जगत् उपजाववानी इच्छा करे छे ए वात केम संभवे ? जेम हालमां केटलाएक धर्मगुरु नाम धरावनाराओ पोते द्रव्य राखे छे, स्त्री भोगवे छे अने बीजा तेना सेवकोने उपदेश करे छे के 'द्रव्य अस्थिर छे, अर्थ अनर्थनुं मूल छे, स्त्रीना संगथी अनेक प्रकारनां कर्म बंधाय छे, माटे तमे द्रव्य तथा स्त्री बन्नेनो त्याग करो. एटले तमने घणो लाभ थशे !' आ दृष्टांत प्रमाणे जगत्ना कर्त्ता ईश्वर पोते तो राग द्वेषथी मुक्त थया नथी अने बीजाने मुक्त थवा कहे छे, माटे एवुं कथन ईश्वरनुं होय ज नहीं. एवी वातो करनारा ईश्वरना स्वरूपने समजता नथी अने फोगटना ईश्वरने दूषण आपे छे. ईश्वर तो सर्व प्रकारनी राग द्वेषनी परिणतीनो त्याग करनारा होय छे. कोइ प्रकारनी उपाधि तेमने होती नथी; संसारी कांइ पण काम तेमने करवुं नथी. संसारी काम तो देहधारी प्राणी करे छे. ईश्वर देह रहित थयेला छे. पोताना आत्मस्वभाव वडे सर्व पदार्थोने जाणे देखे छे, पण तेमां प्रणमता नथी. ईश्वरनुं खरुं स्वरूप आ प्रमाणेनुं होवाथी तेओ जीवना के पुद्गलना कर्त्ता नथी, जीव अने पुद्गल पदार्थ अनादिकालथी स्वभाविकपणे ज छे एम समजवुं.

४२ प्रश्नः—आत्माना चेतनगुणने कर्म जड होवाथी शी रीते आवी शके ?

Scanned by CamScanner

उत्तरः—आपणी दृष्टिए प्रत्यक्ष देखीए छीए के बुद्धि अरुपी छतां मदिरापान करनारनी बुद्धि भ्रष्ट थइ जाय छे अने तेनो केफ चडे छे त्यारे जेम तेम बके छे, तो मदिरा जड छतां बुद्धिने केम आवरे छे? वली केफ उतरे छे त्यारे पाछी बुद्धि ठेकाणे आवे छे तेम कर्म पण एवो ज पदार्थ छे. तेना संयोगथी आत्मानो ज्ञान गुण अवराइ जाय छे अने पडदामां रहेली अथवा मेलनो समूह लागेली वस्तुओनुं पोतानुं खरुं स्वरुप जेम देखातुं नथी तेम कर्मरुप मेल लाग्याथी आत्मानी शक्ति अने स्वरुप देखी शकातुं नथी.

४३ प्रश्नः—आत्मा निरंतर केम करीने अवरायलो ज रहे छे के तेमां फेरफार थाय छे? अने ते कोइ वखत पण शुद्ध थशे के नहीं?

उत्तरः—आत्माना ज्ञानने कर्मनो केफ लागेलो छे. केफ करनार मनुष्यने जो कोइ जबरी फिकरनी वात करे अथवा खटाइ विगेरे केफना उतारनी चीज खवरावे तो तेनो केफ उतरी जाय छे, तेम प्राणीने पण गुरु महाराजना योगथी अथवा पूर्वना क्षयोपशमवडे ज्यारे पोताना आत्मानुं खरुं स्वरुप समजाय छे अने पुद्गलना संगथी अनादिकाल संसारमां परिभ्रमण कर्यानुं समजाय छे त्यारे तेनाथी भय पामे छे एटले कर्मनो केफ उतरी जइने ज्ञानदशा जागृत थाय छे. ते वखते विचार छे के, 'हुं जे सुख मानुं छुं ते तो जड पदार्थवडे मात्र मानी लीधेलुं सुख छे. तेनाथी म्हारा आत्माने तो सुख नथी पण उलटुं कर्मबंधनरुप दुःख छे. वली ए सुख जेम फांसी उपर चडनार मनुष्यने सारी सारी वस्तु खावा आपे छे पण पछी तुरत फांसीए चडावे छे तेना जेवुं छे. संसार सुखनी लीनता पण एवी ज छे कारण के हालना समयमां म्होटामां म्होटुं आयुष्य प्राये सो वर्षनुं होय छे तो एटलो काल सुख भोगववुं अने पछी तेनाथी थयेला कर्मबंध वडे नरके जवुं त्यां सागरोपमनां आयुष होवाथी असंख्य वर्ष पर्यंत दुःख भोगववुं तेना प्रमाणमां मनुष्यना भवनुं सुख कांइ लेखामां नथी. कदी मरण पाम्या पछी नरकमां न जतां मनुष्य गतिमां जवुं

Scanned by CamScanner

थाय तो त्यां स्त्रीनी योनिमां अत्यंत अशुचीवाला स्थानकमां बेसुमार दु-र्गंधीनो अनुभव करतां उपजवुं अने त्यां उंधे मस्तके नव मास पर्यंत रहेवुं; एवां गर्भावासनां दुःख भोगववां, तिर्यंच गतिमां जवुं तो त्यां पण क्षुधा, तृषा सहन करवी अने बीजां पण अनेक प्रकारनां दुःख भोगववां. माटे एवा पुद्गलीक सुखने हुं सुख मानीश नहीं.' आवी भावना आववाथी सांसारिक सुखने सुख मानवारुप केफ उतरी जाय छे. एम करतां कदापि बधो केफ न उतरे तो तेना निवारणने माटे तप संयमरुप औषध वापरीने मोहजन्य केफ उतारे छे. तप संयमादि वडे जेम जेम कर्मो नाश पामतां जाय छे तेम तेम आत्मा शुद्ध थतो जाय छे. एटले पछी जे सुख दुःख प्राप्त थाय छे, तेमां समभाव राखे छे अने विचार छे के 'देहनी साथे रहीने मे जे जे कर्म बांध्यां छे ते ते देहने संबंधे उदयमां आववाथी भोगवाय छे एमां म्हारे ज्ञातापणे न्यारा रहेवुं योग्य छे. परंतु मने दुःख थाय छे, मने सुख थाय छे, एम चिंतववुं योग्य नथी.' आवी विचारणाथी केफ उतरतो जाय छे अने सावधानता वधती जाय छे. तेमां पण जेम फरीने केफ करे छे तो पाछी बुद्धि अवराइ जाय छे तेम गुरु महाराजना उपदेशथी शुद्ध भाव आव्या छतां पाछा संसारना मोहमां पडी जाय छे तो पाछुं ज्ञान अवराइ जाय छे. केटलाएक मनुष्य एवा दृढ होय छे के एक वार केफ उतर्या पछी तेनो गेरफायदो समजीने फरीने कदापि पण केफनो प्रसंग करता नथी. तेम केटलाएक अल्पसंसारी जीवो तो धर्म सांभल्या पछी दिन परदिन आत्मानी शुद्धता करता जाय छे अने छेवट सर्वज्ञपणुं संपादन करे छे, तेमनुं ज्ञान पछी अवरातुं ज नथी, सदाकाल एक सरखुं ज रहे छे अने तेने फरीने संसारमां आववुं पण पडतुं नथी.

४४ प्रश्नः—कर्मथी रहित थाय छे तेने पाछां कर्म केम लागतां नथी ?

उत्तरः—रागद्वेषरुप चिकाशना योगथी ज कर्म लागे छे अने राग द्वेष छे ते कर्मने योगे थाय छे; ते कर्म नीकली गयां एटले तेनो योग

Scanned by CamScanner

रहेतो नथी अने रागद्वेषमय परिणति रहेती नथी एटले कर्म लागतां नथी. जेम के दूध मध्ये घृत रहेलुं छे ते काढवा सारु प्रथम दहिं बनाववुं, पछी तेने वलोवीने माखण काढवुं, माखणने तपावीने घी करवुं. ते काढेला घृतनुं फरीथी दूध थइ शकतुं नथी. घृत ज कायम रहे छे तेवी ज रीते आत्माना अनुक्रमे प्रगट थयेला गुण अवराता नथी.

४५ प्रश्नः—कर्म आवे छे ते देखातां नथी, माटे आवे छे ते शा अनुमानथी सिद्ध थाय?

उत्तरः—कर्म पुद्गलिक पदार्थ छे. टाढना थंडा पुद्गल ज्यारे आपणने स्पर्श करे छे त्यारे जाणीए छीए के टाढ वाया लागी, परंतु आपणे थंडना पुद्गल जोइ शकता नथी. छतां निश्चय करीए छीए के थंडा पुद्गल स्पर्श करवा लाग्या. सुगंधी पुद्गल देखी शकता नथी, पण नाकमां खुशबो जणावाथी जणाय छे के अहियां सुगंधी पदार्थ छे. गरमी लागे छे पण तेना पुद्गलने आवता देखता नथी. पवन आवे छे तेने देखता नथी पण शरीरमां स्पर्श थवाथी जणाय छे के पवन आवे छे; तेम कर्म आवे छे ते आपणे देखता नथी परंतु ज्यारे कर्म उदय आवे छे अने तेनां फल जोवामां आवे छे त्यारे सिद्ध थाय छे. पूर्वे कर्म बांधेलां होय छे तेने योगे सुख दुःख प्राप्त थाय छे. कोइ सुखी, कोइ दुःखी एम सर्वत्र जणाय छे. कोइ माणस वर्त्तमान कालमां सारां कृत्य करे छे, वली अक्कलमां पण खामी नथी, दुःख थाय तेवुं कार्य पण हाल करतो नथी, ते छतां ते दुःखी होय छे ए सर्व पूर्व कर्मना योगथी समजवुं. वली केटला एक माणस लुच्चाइ, ठगाइ, चोरी विगेरे करे छे, जूठुं बोले छे, सारा माणस उपर कलंक मूके छे, हिंसा करवामां तत्पर होय छे एवा अधर्मना करनारा सुखी देखाय छे तेनुं कारण एटलुं ज छे के आ भवमां जे सुख भोगवे छे ते पूर्व भवमां करेला सुकृत्यने लीधे छे परंतु आ भवमां करेला कृत्यनां फल आवता भवमां भोगववां पडशे. क्वचित् आ भवमां करेलां कर्म आ भवमां पण उदय आवे छे. केटलाएक राजाओ परस्त्रीना लंपट-

Scanned by CamScanner

पणाथी आ भवमां ज राज्य खोइ केद पकडाया छे. चोरी करनार पण आ भवमां केदमां जाय छे. आ सर्व कर्मनी विचित्रता ज छे. जुलाबनी एक दवा एवी होय छे के तेनी असर तत्काल थाय छे, वली बीजी दवा एवी होय छे के तेनी असर बे चार कलाक पछी थाय छे. मनुष्य झेर खाय छे तेमां कोइ झेर एवुं होय छे के खाधुं अथवा सूंघ्युं के तुरत मृत्यु थाय छे. कोइ झेर एवुं होय छे के माणसने कालांतरे रीबावी रीबावी-ने मारे छे; तेम कर्म पण विचित्र प्रकारनां छे. ते कोइने तत्काल अने कोइने भवांतर प्राप्त थाय छे. कर्मने अनुसारे मनुष्यने जूदी जूदी योनि प्राप्त थाय छे. कोइ कहेशे जे तेनी खात्री शुं ? तो जाणवुं जे माणस म-रीने केटलाएक व्यंतर थाय छे ते आवीने तेना कुटुंबना पूछेला सघला जवाब आपे छे अने तेओने खात्री करी आपे छे. ते उपरथी बीजो भव सिद्ध थाय छे. पोतानी करणी माफक जीव बीजी गतिमां जाय छे. स-घली वात कर्मने संबंधे ज बने छे, वली मंत्रवादीओ सर्पना मंत्र भणे छे ते वखते मंत्रना अधिष्ठायक देवता सर्पना विषने शरीरमांथी हरण करी ले छे; ते उपरथी देवनी जाति सिद्ध थाय छे. ज्यारे बीजी गति छे त्यारे कर्म विना बीजी गतिमां कोण लइ जाय ? ए अनुमानथी पण कर्म सिद्ध थाय छे.

४६ प्रश्नः—कर्मना संयोगथी प्रणाम बगडे छे अने नवां कर्म बंधाय छे. एवी रीते परंपरा चाली जाय छे त्यारे कर्मथी मुक्त शी रीते थाय ?

उत्तरः—कर्मना बे प्रकार छे. (१) उपक्रमी (२) निरुपक्रमी. तेमां निरुपक्रमी कर्म बांधेलां होय छे ते तो भोगव्या विना छूटको थतो ज नथी. उपक्रमी कर्म आत्मानी विशुद्धताथी खरी जाय छे अने अधिक विशुद्धता प्राप्त थाय छे. जेम के केटलाएक रोग एवा होय छे के जन्म पर्यंत भोगव्या विना छूटको थतो नथी अने केटलाएक रोगने औषधनो प्रयोग लागे छे के शांति थाय छे. जेम जे गुरुना संयोगथी ज्ञान थाय छे, ते ज्ञानवंत जीव पापनो उदय थाय त्यारे विचारे जे में पूर्वे अज्ञान-पणे कर्म बांध्यां छे ते भोगव्या विना छूटको ज नथी. वास्ते म्हारे विक-

ल्प करवो उचित नथी, खोटां काम कर्यां तेनी शिक्षा भोगववी ज जोइए. एवी सुंदर भावना लावीने ज्यारे जीव समभावमां रहे छे त्यारे ते उपक्रमी कर्मने उपक्रम लागे छे अने तेथी जलदी ते कर्मनो नाश थइ जाय छे; अहिं आत्मानी पुद्गल संजोगे राग द्वेष रूप परिणती न थइ ए ज चिकाश ओछी थइ तेथी पूर्वनां जे कर्म हतां ते खरी गयां. वली शुभ कर्मने पण उपक्रम लागे छे ते एवी रीते के—ज्यारे जीवने पुन्यना उदयथी धन, दोलत, पुत्र, घर, हाट विगेरे बधी वस्तु सुंदर मले छे त्यारे जीव अहंकारमां लीन थइ जाय छे. आवी रीते अहंकार करवाथी शुभ कर्मने उपक्रम लागे छे. कारण जे शुभकर्म बंधाय छे ते मंद राग द्वेषथी बंधाय छे अने ज्यारे अहंकारादि जोर करे छे त्यारे तिव्र राग द्वेष थाय छे ते अशुभ छे ने अशुभ तेथी शुभना पुद्गल भोगवाय त्यारे शुभ ओछुं थयुं ए ज उपक्रम लाग्युं. माटे उत्तम पुरुष गमे तेटली ऋद्धि मले तो पण अहंकार करता नथी पण उलटा भावना भावे छे के—"पूर्वे धर्मकरणी करी तेना प्रभावे शुभकर्म उपार्जन थयुं छे तो हवे मोहने वश पडी हुं अहंकार करी कर्म बांधीश तो वली दुर्गतिमां जवुं पडशे, आ पुद्गलिक सुख तो अस्थिर छे, संसारी वस्तुनो संयोग ते वियोग संयुक्त छे माटे तेमां मद करवो ते योग्य नथी. वली तेवा सुखमां मग्न थवुं ते पण योग्य नथी. म्हारे तो आत्मस्वभावमां स्थिर रहेवुं ए ज योग्य छे." आवी भावना भाववावाला उत्तम जीवना शुभ कर्मने उपक्रम लागतां नथी पण उलटां शुभ कर्म पुष्ट थाय छे.

४७ प्रश्नः—शुभकर्म पुष्ठ थवाथी ते पण मुक्तिने अटकावे छे माटे पुन्य तथा पाप बन्ने छोडवां योग्य कह्यां छे तेनुं केम ?

उत्तरः—शुभकर्म बांधती वखत राजा, चक्रवर्ति, देवता, शाहुकार इत्यादि थइने पुद्गलिक सुख भोगववानी इच्छाओ राखवाथी जे पुन्य बंधाय छे, तेवा पुन्यनी इच्छा राखवानो तो निषेध ज छे. एवी इच्छा तो राखवी ज नहीं, कारण के एवी इच्छाए करी जे पुन्य बंधाय छे ते पापानुबंधी पुन्य बंधाय छे. एटले ते पुन्य भोगवतां पाछुं पाप बंधाय छे, तेथी

आत्मा मलीन छे, दुर्गतिनां दुःख भोगववां पडे छे अने आत्मानी शुद्धि थती नथी. परंतु जे पुरुषोने पुद्गलिक सुखनी इच्छा नथी अने आत्मिक-धर्म प्रगट करवाने उद्यम करे छे तेमां शुभ जोगनी प्रवृत्ति थवाथी जे शुभ कर्म बंधाय तेनाथी आत्मधर्मने विघ्न थतुं नथी. कारण जे जेम जेम गुणस्थान चडता जाय, तेम तेम पुन्यराशि वधती जाय छे, पण उपरना गुणस्थानमां तेनी स्थिति वधती नथी. कारण के, जे जे पुरुषोए श्रेणि मांडी छे तेने मुक्ति नजिक छे. वली पुन्यराशि वधारे अने स्थिति थोडी छे तेथी थोडा कालमां घणुं सुख भोगवी तेओ मुक्ति जाय छे. मुक्तिनी अटकायत थती नथी. जेम खेतरमां जुवार वावे छे तेने जुवारनो खप छे, कडबनो खप नथी, पण कडब सहजे उत्पन्न थाय छे. तेमां वली प्रथम तो कडब देखवामां आवे छे तेथी 'आ तो कडब छे' एम विचारी कडब काढी नांखे तो जुवार देखे ज नहि. तेम शुभजोगनी प्रवृत्ति करतां एम विचारे जे आ तो पुन्य करणी छे, एथी आत्माने गुण थशे नहीं एम समजी जे शुभ करणीनो त्याग करे, तेने आत्मिक धर्म प्राप्त थवानो नथी. तेम जोगप्रवृत्ति बंध थवानी नथी. तेथी अशुभ जोगनी प्रवृत्तिथी अशुभ कर्म बंधाशे अने आत्मा मलीन थशे, माटे संसार सुखने अर्थे शुभ अथवा अशुभ क्रिया छांडवा योग्य छे. ए करणी आत्माने गुण कर्त्ता नथी. वली गुणस्थाननी हद प्रमाणे शुभ क्रिया पण छंडाती जाय छे. जेम के श्रावक पौषध करे छे त्यारे द्रव्यपूजा प्रमुख करता नथी अने मुनि महाराज पण द्रव्यपूजा करता नथी. वली मुनि महाराज ध्यान रूप थाय छे ते अवसरे आवश्यकादिक क्रियानो पण अभिलाष करता नथी, पोताना स्वभावमां ज लीन थइ जाय छे, परभावनो विचार करता नथी, आत्माना गुणपर्यायनी रमणता करे छे, चिदानंद सुखमां सदा मग्न रहे छे पण ते ध्याननो काल अंतर्मुहूर्त्तनो छे. एक ध्यान वधारे वखत रहेतुं नथी माटे जे अवसरे ध्यान करे छे ते अवसरे शुभ क्रियामां चित्त नथी राखता अने ध्यानथी रहित थाय ते अवसरे जे जे गुणस्थाने जे जे क्रिया

Scanned by CamScanner

करवी योग्य होय ते करे छे. एवा मुनि कोइ प्रकारे स्वप्नमां पण विषयनी वांछा राखता नथी अने जे विषयनी वांछाए मोहने वश पडी संयमप्रवृत्ति ने श्रावकपणानी प्रवृत्ति छोडे छे अने माने छे के अमे आत्मज्ञान साधीए छीए. ते कांइ जैनमार्गनी रीति नथी. जैनमार्गना जाणनार गणधर महाराज तथा आचार्य पण पोताना गुणस्थान प्रमाणे क्रिया करे छे. जेम के स्थविर मुनिए आत्मस्वरूपनां ज प्रश्न कर्यां छे अने गौतमस्वामीए तेना उत्तर आत्मस्वरूपना ज सर्व प्रकारे बताव्या छे. पण त्यार पछी "चार महाव्रत रूप संयम हतुं ते पंच महाव्रत रूप संयम प्रतिक्रमण सहित आदरुं" ए अधिकार श्री भगवतिसूत्रमां पहेला शतकने नवमे उद्देशे छापेली प्रतमां पाने (१३१) थी छे. माटे गुणठाणानी वर्त्तना प्रमाणे क्रिया आत्मधर्ममां अटकाव करती नथी. तेम छतां जे प्रभुनी आज्ञाथी विपरीत विचार स्थापे छे, ते सर्वज्ञना मार्गनी रीति नथी. सर्वज्ञ महाराजे जेम सिद्धांतमां कह्युं छे तेम वर्त्तवामां ज कल्याण छे.

४८ प्रश्नः—आत्मा नित्य छे के अनित्य छे ?

उत्तरः—आत्मा सदाकाल नित्य छे.

४९ प्रश्नः—जीव मरे छे एम बधुं जगत कहे छे ते केम ?

उत्तरः—जीव मरतो नथी पण कर्मना संयोगे करी मनुष्य, तिर्यंच, नारकी, देवतापणुं पामे छे. तेनां शरीर संबंधि पंचेंद्रि विगेरे दश प्राण बांधे छे. स्पर्शेंद्रि ते शरीर, रसेंद्रि ते जीभ, घ्राणेंद्रि ते नाक, चक्षुइंद्रि ते आंख, श्रोतेंद्रि ते कान, ए पांच इंद्रि तथा मनबल ते मननी शक्ति, वचनबल ते बोलवानी शक्ति, कायबल ते शरीरनी शक्ति, श्वासोच्छ्वास अने आयु ए दश प्राण पूर्वना कर्मथी प्राप्त थाय छे अने तेनी स्थिति पूरी थाय एटले तेनो विनाश थाय छे. तेने जीव मरे छे एम लोको कहे छे. कारण जे जीवनुं स्वरूप अरूपी छे तेने कोइ देखतुं नथी अने आ दश प्राणने जोइने जीव छे एम कहे छे. ज्यारे ए प्राण गया त्यारे देह जीव रहित थाय छे तेनुं कारण जे आ शरीरमां जीव रहेतो नथी. पछी

जे स्थानकें जवानुं कर्म बांध्युं छे ते स्थानके पाछा एवा प्राण मले छे ने त्यां उपजे छे. वस्तुपणे पण आत्मानो विनाश थतो नथी. जेम सुवर्णना अनेक घाट बने छे. सुवर्णनी माला बनावी ते भागीने कंदोरो बनाव्यो, वली कंदोरो भागी कडां बनाव्यां पण बधे स्थानके सुवर्ण कायम रहे छे. तेम जे जीव पंचेंद्रि मनुष्य होय छे ते एकेंद्रि, बेरेंद्रिय तेरेंद्रि, चतुरेंद्रिय, नारकी, देवता विगेरेमां जेवुं जेवुं कर्म बांधे छे ते प्रमाणे जाय छे. त्यां आत्मप्रदेशनो घाट फेरफार थाय छे. जेम के हाथीना शरीरमां आत्मप्रदेश सर्वत्र व्यापी रहे छे अने कुंथुआना शरीरमां कुंथुआ जेटलामां व्यापी रहे छे. जे प्रमाणे शरीर होय ते प्रमाणे न्हानी म्होटी अवगाहना बने छे. दीवो करी तेना उपर टोपलो ढांकीए तो तेटलामां ज प्रकाश पडे छे अने ते टोपलो उपाडी लइ दीवो घरमां मूकीए तो बधा घरमां अजवालुं करे छे तेम ज आत्मानी अवगाहना एटले फेलावो ओछो वधतो थाय छे. तेनुं नाम जैनशासनमां पर्याय कहेवाय छे. तेथी आत्मा द्रव्यथी नित्य छे अने उपर मुजब पर्याय पलटाय छे ते पक्षथी अनित्य कहेवाय छे. हवे आत्मा नित्य छे ते पण प्रत्यक्षपणे समजाय छे. जीव पोते आ भवमां मरण पाम्यो नथी पण गए भव मरण पाम्यो छे तेथी बालक, युवान अने वृद्ध सर्वने मरणनो भय छे. "रखे मरी जइश" ए पूर्वे मरण पाम्यो छे तेनी ज संज्ञा चाली आवे छे. जेम के—माणस उंघी जाय छे त्यारे बेभान अवस्था थाय छे तो पण दिवसे कापडनो धंधो करता होय छे तो केटलाक उंघमां पोतीयुं अथवा हरकोइ वस्त्र हाथमां आवे ते फाडी नाखे छे ते शुं छे? दिवसे काम कर्युं होय तेना उपयोगनी ज संज्ञा छे. जेम वली उंघमां विचारो पण थया करे छे, जागतापणे जेने नखां वगाडवानी टेव छे तेनुं चित्त अन्यकार्यमां होय छे तो पण आंगलीयो हाल्या ज करे छे. तेम पाछला भवनी संज्ञाए आ भवमां कार्य थाय छे. पाछला भवनुं तो भान नथी पण पाछले भवे टेव पडी छे, तेम थयां करे छे. जेम के बालक जन्मे छे अने तुरत ज ते पोतानी माताने धाववा

Scanned by CamScanner

वलगे छे. एने धाववानुं कोणे शीखव्युं छे? पूर्वनी संज्ञाए ज धावे छे कदापि कोइ एम कहे जे माता तेने वलगाडे छे तो ते वात खरी छे, पण मुख हलाववुं ए तो बालकनुं ज काम छे, ते काम माताथी बनी शकतुं नथी. वास्ते पाछला भवनी वासनाथी बने छे. गाय, भेंशनां बच्चां पण एम ज करे छे. ते सर्व पाछला भवनी संज्ञाथी ज बने छे. न्हानां बच्चांने पैसा बतावीए तो झट लइ ले छे. स्त्रीने जोइ विषय विकार थाय छे. स्त्रीभोग कोइए शीखव्या नथी पण पूर्वना अभ्यासथी वांछना थाय छे. वली पूर्वभवमां धर्म कर्यो होये तेवा बालकनी आगल धर्मनी वार्त्ता करीए तो खुशी थाय छे अने ते संज्ञा नथी होती तो ते राजी थतो नथी एथी पण सिद्ध थाय छे के आत्मा नित्य छे.

५० प्रश्नः—केटलाक धर्मवाला चार गति मानता नथी. फक्त एटलुं ज माने छे के जीव, ईश्वर अथवा खुदा अथवा देवने त्यांथी आवे छे अने पाछो त्यां ज जाय छे तेनुं केम?

उत्तरः—आ जगत्मां जीव जे धर्ममां उत्पन्न थयो होय ते धर्ममां जे कह्युं होय ते प्रमाणे ज माने छे. कोइक जीवे नीचजातिनुं कर्म बांध्युं होय अने ते सर्वज्ञना धर्मथी विरुद्ध धर्म पालता होय; परंतु जो निकटभवि होय छे तो चित्तमां न्यायनी बुद्धि प्राप्त थाय छे अने सर्वज्ञनां लक्षण तपासे छे. तेमां जेनां लक्षण न्याय युक्त लागे तेने सर्वज्ञ माने छे. जेने आ भवमां आत्मानुं कार्य थवानुं नथी ते माणस बीजी वातमां कदापि हुंशीयार होय पण सर्वज्ञना लक्षण तपासवानी बुद्धिवालो होय नहीं तेथी ते सर्वज्ञने ओलखतो नथी एटले जे धर्ममां उत्पन्न थयो होय ते प्रमाणे ज वर्त्ते छे. जुओ के— पाप पुन्यने ते माने छे, त्यारे पाप पुन्यनां फल भोगववां ज जोइए. पापना योगे नरके जाय छे त्यां दुःख भोगवे छे. वली जेम आहियां गुन्हो करनारने केद करे छे; पाछो ते केदमांथी छूटे छे तेम नरकमांथी पण पाछो नीकले छे. सारां कृत्य करनारने म्होटा ओद्धा मले छे. तेम आ संसारमां पुन्य कर्युं होय तो देवनी

गति मले छे. तेथी ओछुं पुन्य बांध्युं होय तो मनुष्य गति मले छे. पाप बांध्युं होय तो एकेंद्रि, बेरेंद्रि, तेरेंद्रि, चौरेंद्रि, तिर्यंचपंचेंद्रि प्रमुख थाय छे. वली वधारे पाप बांध्युं होय तो नरके जाय छे. एवी रीते जे गतिमां रहिने जेवां कृत्य कर्यां होय तेवां बीजी गतिमां फल मले छे. ईश्वर कर्मना संयोग विना एकने माणस अने एकने जनावर केम बनावे? बधा सरखा बनाववा जोइए. ते तो देखातुं नथी, वास्ते आवुं मानवुं अमारा विचार प्रमाणे तो व्याजबी लागतुं नथी. जे सर्वज्ञ चार गतिनुं रूप बतावे छे ते ज व्याजबी लागे छे. सर्वज्ञना कहेवामां कांइ फेरफार होय नहीं, पण जेने सर्वज्ञपणुं प्राप्त थयुं न होय तेने सर्वज्ञ मानवाथी फारफेर आवे छे. तेनो कांइ उपाय नथी. परंतु अर्थि जीवे तो सर्वज्ञनी ओलखाण करवानो उद्यम जरूर करवो जोइए. कारणके बधी वात प्रत्यक्ष नथी. जे जे अरूपी पदार्थ छे तेनुं तथा गये काले थइ गयेली बाबतनुं अने आवते काले थवानी बाबतनुं अनुमान थोडुं थइ शके. विशेष तो तेमना कहेवा प्रमाणे मानवुं पडे. ते सारु सर्वज्ञनी वर्तणुक, तेमनो उपदेश, ज्ञान तथा तेमनां शास्त्र ए चारे वस्तुनी तपास करवी. पछी जे शास्त्रमां उत्तम ज्ञान होय तेने प्रमाण करवुं. उंचा ज्ञानवालानी प्रवृत्ति पण सारी होय ज अने ते प्रमाणे चालवाथी आपणुं पण कार्य सरी शके.

५१ प्रश्नः—जैनशास्त्रमां शुं शुं विशेष छे?

उत्तरः—जैनधर्मना सर्वज्ञे स्वर्गना स्वरूपनुं वर्णन जेटलुं बताव्युं छे तेटलुं कोइ अन्यशास्त्रमां बताव्युं नथी. नरकना भेद, त्यांनी वर्त्तनानुं स्वरूप, तिर्यंचनुं स्वरूप तथा मनुष्यनुं स्वरूप पण जे जे रीते वर्णव्युं छे तेवी सूक्ष्म रीते कोइ शास्त्रमां वर्णव्युं नथी. ए स्वरूप आ ठेकाणे लखतां विस्तार थइ जाय. जीवाभिगम, पन्नवणा, समवायांग, सूयगडांग विगेरे सूत्रोमां घणा विस्तार सहित तेनुं स्वरूप आप्युं छे. तिर्छोलोक जेमां आपणे रहीए छीए तेमां समुद्रनी हद कोइ देखे तेटली कहे छे. आगल शुं हशे? ते विचारी शकता नथी. कंइ पण होवुं तो जोइए ज, पण ते चर्मचक्षुथी देखी

शकावानुं नथी. कारण के समुद्रमां विशेष आगल जइ शकातुं नथी. कोलंबसे अमेरिका शोधी काढ्या अगाउ ते देश प्रख्यातिमां नहोतो. हजु पण केटलीक नवी जग्याओ इंग्रेज साहसीको शोधी काढे छे तेम वली आगल पण जेनाथी महेनत बनी शके ते नवी शोध करे. वास्ते नजरे दीठुं तेटलुं ज बस केम कहेवाय ? सर्व जमीननुं ज्ञान तो जेने अंतरंगथी कर्म क्षय थइ गयां होय तेने ज होय छे. ज्यारे मंत्र साधन करीए छीए त्यारे ते मंत्रना अधिष्ठायक देवता कांइ आपणा शब्द सांभलता नथी पण तेने आपणा करतां विशेष ज्ञान छे, ते ज्ञानथी ते जाणी शके छे के "म्हारुं कोइए स्मरण कर्युं छे" तेथी आवीने आपणुं कार्य करे छे. तेम देवताथी पण अधिक ज्ञान सर्वज्ञने छे तेथी तेमणे असंख्याता द्वीप समुद्रनुं स्वरूप बताव्युं छे, गया कालनुं पण स्वरूप बताव्युं छे. वली कर्मनुं स्वरूप, कर्मनी वर्गणानुं स्वरूप, धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकायनुं स्वरूप, कालनुं स्वरूप तथा आत्मानुं स्वरूप घणा विस्तार पूर्वक बताव्युं छे. ते बीजा शास्त्रमां जणातुं नथी. ए अधिकार कर्मग्रंथ, कम्मपयडी, पंचसंग्रह, तत्वार्थ, सम्मतितर्क, विशेषावश्यक विगेरे शास्त्रमां छे. ते जोशो तो जणाशे के जैनशास्त्रमां केटलुं सूक्ष्म ज्ञान बताव्युं छे? वर्त्तणुक विषे जाणवुं जे पूर्वे अढार दूषण बताव्यां छे ते जोशो तो जणाशे के आवा दूषण रहितनी केवी प्रवृत्ति होय ? वधारे तो सिद्धांतमां चरित्रो छे ते जोशो तो मालम पडशे के जेने कोइ पण प्रकारनी वांछा नथी, मात्र उपकारी बुद्धि ज छे, स्त्री धन विगेरेनी इच्छा तेम ज संगत नथी, वली पोताने म्होटाइ पण नथी. एवा देवने देव कहेवा योग्य छे वली जे जीव पोताना आत्मानुं ज्ञान मेलवी राग द्वेषनो त्याग करे ते कर्मथी मूकाय. अहिंयां एम नथी कह्युं के मने मानशो तो ज काम थशे; जे आत्मानी शुद्ध परिणती प्रमाणे वर्त्तशे तेनुं काम थशे. आवी रीतनो जेमनो शुद्ध उपदेश छे तेमनी बतावेली बाबतो घणी ज वल्लभ लागे छे. अमारा कहेवाथी कांइ विशेष नथी. न्याय बुद्धि धारण करी निर्पक्षपातपणे जैनशास्त्र तथा

Scanned by CamScanner

अन्यमतनां शास्त्र जोशो तो तमने ज जणाशे. माटे अवकाश मेलवी निरंतर ज्ञानाभ्यास करवो. ज्ञानाभ्यासथी जीवने कर्मनां आवरण खसतां जाय छे अने बुद्धि निर्मल थती जाय छे.

५२ प्रश्नः—जैनशास्त्रमां केटला प्रकारनां कर्म कह्यां छे अने ते कर्म खपी जवाथी शुं शुं शुद्धता थाय छे ?

उत्तरः—जैनशास्त्रमां आठ प्रकारनां कर्म कह्यां छे. (१) ज्ञानावरणिय कर्म, तेनी पांच प्रकृति छे. (२) दर्शनावरणीय कर्म, तेनी नव प्रकृति छे. (३) मोहनीय कर्म, तेनी अठ्ठावीश प्रकृति छे. (४) वेदनीय कर्म, तेनी बे प्रकृति छे. (५) नाम कर्म, तेनी एकसो त्रण प्रकृति छे. (६) गोत्रकर्म, तेनी बे प्रकृति छे. (७) आयुकर्म, तेनी चार प्रकृति छे. (८) अंतराय कर्म, तेनी पांच प्रकृति छे. ए रीते आठ कर्म छे. तेनी उत्तर प्रकृति एकसो अठ्ठावन कही छे. वली अकेक प्रकृति पण घणा प्रकारनी छे.

प्रथम ज्ञानावरणीय कर्मनुं स्वरूप आ प्रमाणे—ज्ञान पांच प्रकारनां छे. तेमां प्रथम मतिज्ञान. मतिए करी जाणवुं ते आत्मानो उपयोग, पांच इंद्रियो अने मन एना संयोगे ज्ञान थाय ते मतिज्ञान. मतिज्ञानथी पाछला भवनुं पण ज्ञान थाय छे, परंतु आवरण लागवाथी बधा जीवने थतुं नथी. मतिज्ञाननी जेटली शक्ति उघाडी छे तेटलुं ज्ञान थइ शके छे; केम के केटलाएक माणस घणा लांबा विचार करी शके छे. केटलाएक अनुमानथी पण विशेष विचार करी शके छे, केटलाएक ते करी शकता नथी. तेनुं कारण एटलुं ज छे के जेने कर्म थोडां छे तेने बुद्धि विशेष छे. जेने कर्म वधारे छे तेनी बुद्धी ओछी चाले छे. वली बीजी रीतनां पण आवरण होय छे. जेम के केटलाएक अनेक जातनी लीपीओ भण्या होय छे, तर्क, वितर्क पण घणा करी शके छे, याददास्त पण घणी होय छे तेथी जे कांइ वांचे छे ते याद रहे छे; भणवुं होय ते थोडा वखतमां भणी जाय छे. परंतु ते बुद्धि फक्त संसारना कामनां वापरे छे; धर्ममार्गमां वापरवानां

Scanned by CamScanner

आवरण खुल्यां नथी तेथी धर्मनो खरो अभ्यास करता नथी अने निर्पक्ष-पात संबंधथी जोइ शकता नथी. केटलाएकने एवां आवरण होय छे के धर्मनुं ज्ञान मेलववामां सा ी बुद्धि छे तेथी शास्त्र जोइ शास्त्रनी सुंदर वातनो न्यायबुद्धिथी निश्चय करे छे, पछी सार रूप शास्त्रनी वात ग्रहण करे छे अने तत्व विचारणा करे छे. केटलाएकने एवां आवरण होय छे के संसारमां बुद्धि नथी चालती तेम धर्ममां पण नथी चालती. बन्ने रीते बुद्धिनी खामी होय छे. केटलाएकने सर्व प्रकारे बुद्धि खुले छे अने बधा काममां न्यायनी ज बुद्धि प्राप्त थाय छे. खरी वातने ज खरी जाणे छे. घणा प्रकारे मतिज्ञानना आवरण नाश थयां होय त्यारे ज एवी बुद्धि प्राप्त थाय छे. केटलाएकने बुद्धि थोडी होय पण सत्यवादी पुरुषनो संग करवानी बुद्धि जागी छे तेथी थोडी बुद्धिथी पण तेमना कह्या प्रमाणे चाली पोताना आत्मानुं काम करी शके छे. कोइक जीव कर्मना आवरण ना जोगे मूगा, कोइक आंधला अने कोइक ब्हेरा पण थाय छे एटले ज्ञान वधारी शकता नथी. वली कोइ मूगा होय, कोइ बोबडा होय पण कानना आवरण खुल्लां छे तेथी धर्म सांभली पोताना आत्मानुं काम करे छे पण परने उपकार करी शकता नथी. ब्हेरा होय छे पण आंखोना जोरथी पोतानुं केटलुंएक काम करी शके छे. आंधला होय छे पण का-नना जोरथी सांभली तेनो विचार करी पोतानुं काम करी शके छे. एवी रीते मतिज्ञानावरणी कर्मे करीने आत्मानुं ज्ञान आवर्युं होय छे तेने मतिज्ञानावरणी कर्म कहीए.

श्रुतज्ञान तो शास्त्र तथा अक्षरनुं नाम छे. आ ज्ञान मतिज्ञाननी साथे ज रहे छे. ज्यां मतिज्ञान त्यां श्रुतज्ञान अने ज्यां श्रुतज्ञान त्यां मतिज्ञान समजवुं. बन्ने ज्ञान साथे ज रहे छे. बन्ने कर्मनां आवरण पण साथे ज रहे छे; खुले छे ते पण साथे ज खुले छे. मतिथी अंतरंगमां विचार थाय छे तेमां जे अक्षर छे ते श्रुतज्ञान छे. वर्त्तमान कालमां विशेष रीते तो मति तथा श्रुतज्ञान छे. तेमां जे जीवने समकित थयुं छे तेने मति श्रुत

Scanned by CamScanner

अज्ञान कहेवाय छे. हवे कोइने शंका थाय के, संसारमां घणा बुद्धिवाला होय छे तेने अज्ञानी केम कहेवाय ? ते विषे जाणवुं जे संसारमां बुद्धि वापरवाथी पाछां नवां कर्म बांध्यां अने पातानो आत्मधर्म जेवो छे तेवो जाणीने प्रगट करवानो उद्यम करवो ते उद्यम तो थयो नही अने उलटो आत्माने मलीन कर्यो त्यारे ए ज्ञान ते अज्ञान ज कहेवाय. हवे जे पुरुष ज्ञानवंत पुरुषनी अने ज्ञान जे शास्त्र तेनी निंदा करे छे, कोइने भणतां अंतराय करे छे, पुस्तक उपर बेसे छे, पुस्तक उपर मस्तक मूके छे, थूंक लगाडे छे, पुस्तक आगल छतां आहार–निहार करे छे, ज्ञान भणवानी इच्छा न होवाथी उलटो द्वेष धरे छे. विगेरे ज्ञाननी आशातना करे छे ते पुरुष ज्ञानावरणी कर्म बांधी आत्माने आवरे छे अने जे पुरुष ज्ञानवंत पुरुषनी तथा ज्ञान जे शास्त्र तेनी बहुमान पूर्वक घणा प्रकारे भक्ति करे छे, ज्ञान भणवानो रात्रि–दिवस अभ्यास करे छे बीजाने भणवामां जोडे छे, शक्ति होय तो पोते धननुं खरच करी बीजाने भणावे छे, शास्त्रना भंडार करावे छे, वली जे जे लीपीओ संसारी विद्यानी छे ते भणीने पण कोइ माणस हुंशीआर थया होय तो धर्म समजवो सुलभ थाय, म्होटा ओद्धाओ मेलवे अने सुखी थाय तो सुखे धर्मसाधन करे. वली शासन दीपावे, वास्ते सर्व प्रकारे ज्ञान भणाववामां म्होटो लाभ छे एम समजीने तेमां द्रव्य वापरे छे. एवी रीते ज्ञान आराधन करवाथी कर्मनां आवरण ओछां थाय छे. विशेष प्रकारे तत्व विचारणा करवाथी घणां आवरण खपे छे अने आत्मा शुद्ध थाय छे. ए मति श्रुतज्ञानना आवरणनुं तथा ते कर्म खप्यानुं स्वरूप जाणवुं.

अवधिज्ञानावरणीनी प्रकृति अवधिज्ञानने आवरे छे. जेने अवधिज्ञान थयुं होय तेने पोतानी आत्मशक्तिथी रूपी पदार्थनुं ज्ञान थाय छे. तेने चक्षु प्रमुख इंद्रिओनी जरूर पडती नथी. आत्माथी ज जणाय छे. जेने सो कोषनुं ज्ञान थयुं होय ते सो कोष उपर जे थतुं होय ते पोताना स्थानके रह्या जाणे छे, गया कालनुं पण जाणी शके छे, जेने लोकाव-

Scanned by CamScanner

धिज्ञान थयुं होय तेने आखा लोकमां जे जे पुद्गलिक पदार्थ छे तेनुं ज्ञान थाय छे, गया काल विषे पण असंख्याता कालनुं ज्ञान थाय छे अने जेने ए कर्मे करी आवरण लाग्यां होय छे तेने ते ज्ञान बिलकूल होतुं नथी पण पाछी जेम जेम आत्मानी विशुद्धि थती जाय छे अने राग द्वेष रूप उपाधि ओछी थती जाय छे तेम तेम अवधिज्ञान प्रगट थाय छे. कोइने थोडां आवरण खश्यां होय तो थोडा क्षेत्रमां जे अदृश पदार्थ होय छे ते आत्माथी जाणी शके छे. पछी ते करतां वधारे आवरण खसे तो वधारे क्षेत्र तथा वधारे कालनुं ज्ञान थाय छे. जेम आपणे कोइ गामना पदार्थ जोया होय छे पछी बीजे गाम जइए छीए, त्यारे आंखे करी तो ते गाम देखी शकता नथी पण अंतरंगमां विचारीए छीए तो जाणे नजरे देखता होइए तेम थाय छे. तेम अवधिज्ञानथी पण वगर जोयेला पदार्थ अंतरंगमां देखाय छे. एना छ भेद छे. तेनो विस्तार नंदीसूत्र तथा आवश्यक सूत्र विगेरेमां विशेष प्रकारे छे ते जोइ लेवो. आ ज्ञानने आवरे तेने अवधिज्ञानावरणी कर्म कहीए. वली देवताओने आ ज्ञान होय छे तेथी मंत्रनुं स्मरण करतां ज तेने खबर पडे छे अने ते आवे छे. तेमां पण जेवां जे देवताने आवरण खुल्यां होय छे ते प्रमाणे तेने ज्ञान प्रगट थाय छे. ए गतिमां विशुद्ध प्रणामवाला जाय छे. तेथी थोडुं वधतुं पण दरेकने ए ज्ञान होय छे. समूलगुं न होय तेम होतुं नथी. त्यां पण मिथ्यादृष्टि देवता छे तेने विभंगज्ञान होय छे. तेनुं कारण जे तेने आत्मतत्वनुं ज्ञान होतुं नथी, पण परोक्ष पदार्थने जाणवानी शक्ति होय छे. सम्यकदृष्टि छे तेने तो अवधिज्ञान कहेवाय छे. तेओने तत्वज्ञान छे. ते पुरुषो तो देवताना सुखने पण तृण समान गणे छे अने मनमां भावना भावे छे के "पूर्वे एटले पाछले भवे कर्मथी मूकावा सारू तप संजम विगेरे साधन कर्यां पण ते साधन पूर्ण रीते कर्यां नहीं तेथी आ देव गतिमां संसार वर्त्तना करवानुं थयुं अने जन्म मरणनां दुःख टल्यां नही. आ देवतानां सुख अस्थिर छे अने कर्मबंधननां कारण छे. वास्ते

Scanned by CamScanner

आ देवतानुं आयुष्य पूरुं थयेथी मनुष्य जन्म पामुं तो हवे पूर्ण रीते प्रभुनी आज्ञा प्रमाणे धर्म आराधन करुं के जेथी फरीने भवचक्रमां भ्रमण करवुं पडे नही." एवी भावना भावे छे. वली रत्नमय पुस्तक वांचे छे शाश्वता चैत्य मध्ये जिनबिंब छे तेनी विस्तारे भाव सहित द्रव्य तथा भाव पूजा करे छे. तीर्थंकर भगवान विचरता होय त्यां जइ तेमनी भक्ति करे छे. धर्म उपदेश सांभले छे अने आत्मस्वभावमां रहेवामां सुख मानी विचरे छे. देवता संबंधी आवा ज्ञानने अवधिज्ञान कहे छे. परंतु तेमने अवधिज्ञाननां पूर्ण आवरण खप्यां नथी, पूर्ण आवरण तो मनुष्य गतिमां ज खपे छे. जेमने केवलज्ञान थाय छे तेमने ज संपूर्ण आवरण नाश पामे छे.

मनःपर्यव ज्ञानावरणीय कर्म ते मनपर्यवज्ञानने आवरे छे. मनपर्यवज्ञाननां आवरण जेनां खसे छे, ते मनना भाव एटले मनमां चिंतवेली वात जाणे छे. ते पण पोताना आत्माथी ज जाणे छे. तेने इंद्रिओनी जरूर पडती नथी. ए ज्ञान संसारना त्यागी, संजमी मुनि छट्ठे सातमे गुणठाणे वर्त्तनारने ज थाय छे. तेमां पण थोडां आवरण खश्यां होय तो ते ऋजुमति मनपर्यवज्ञानी कहेवाय छे. ते पुरुष मनमां चिंतवेला पदार्थ जाणे छे, ते करतां विपुलमति मन पर्यवज्ञानी घणुं विशुद्ध जाणे छे. ते ज्ञाननी विशुद्धि घणी छे. कारण के विपुलमति मनपर्यवज्ञानवाला ते ज भवे केवलज्ञान पामे छे. तेथी मनना विचार विशुद्धपणे जाणे छे. अहिआं कोइ कहेशे जे अवधिज्ञानी रूपी पदार्थने जाणे छे, तेमां मनना विचार पण रूपी होवाथी तेने पण जाणी शके छे. वास्ते आ ज्ञान जूदुं कहेवानुं कारण शुं ? ते विषे जाणवुं के—अवधिज्ञानवालो मनपर्यवज्ञानवाला जेवुं संपूर्ण जाणी शके नही. अवधिज्ञानवालाने ते ज भवे केवलज्ञान प्राप्त थाय तेवो पण निश्चय नथी. वली मनःपर्यवज्ञानवालो मनना भाव शिवाय बीजा पदार्थ जाणी शकतो नथी. एवो एक बीजामां फेरफार छे तेनुं कारण जे कर्मनां आवरण को-

Scanned by CamScanner

इने अवधिज्ञाननां खसी जाय छे तेने अवधिज्ञान थाय छे; जेने मनः पर्यवज्ञाननां आवरण खश्यां होय तेने ते ज्ञान थाय छे. कोईने पहेलुं मनःपर्यव ज्ञान थाय छे, तो कोइने पहेलुं अवधिज्ञान थाय छे ए प्रमाणे कर्मनां आवरण जेवी रीते खपे छे ते प्रमाणे ज्ञान प्रगटे छे. ज्ञाननां नाम पण ते प्रमाणे जूदां जूदां छे. केवलज्ञानावरणी पांचमी प्रकृति ते केवलज्ञानने आवरे छे. केवलज्ञाननां आवरण जेने नाश पामे छे, तेने इंद्रिओ ने मननी जरूर पडती नथी. पोतानी आत्मशक्तिथी ज रूपी अरूपी सर्व पदार्थनुं अतीत, अनागत, तथा वर्त्तमानकालनुं ज्ञान थाय छे. ते ज्ञान केवुं छे के—जेम आरीसामां सर्वे पदार्थनो भास पडे छे तेम आत्मामां सर्वे पदार्थ जणाय छे. जाणवामां कोइ पण प्रकारे खामी रहेती नथी. एक एक पदार्थे अतीत कालमां अनंतां स्वरूप धारण कर्यां छे तेमां अनंता पदार्थ छे ते सर्वेनां स्वरूप एकी वखते जाणवामां आवे छे. एवी अद्भूत ते ज्ञाननी शक्ति छे. एवुं ज्ञान प्रगट थया पछी संसारमां तेमने फरवुं पडतुं नथी, तेमने मुक्ति मले छे. एवा ज्ञानवाला पुरुष संपूर्ण रीते धर्म दर्शावी शके छे. तेमने जन्म मरण करवुं पडतुं नथी.

ए पांच प्रकारना ज्ञानने आवरे तेनुं नाम ज्ञानावरणी कर्म कहीए.

बीजुं दर्शनावरणीय कर्म एटले आत्मानो दर्शन गुण जे देखवुं तेने रोकनारुं जे कर्म ते. ते विषे समजवुं जे—ज्ञान अने दर्शन साथे वर्त्ते छे. प्रथम सामान्य उपयोग ते दर्शन अने विशेष उपयोग ते ज्ञान. जेम के एक माणसने दीठो ते वखते मनमां आव्युं जे आ कोइक माणस छे त्यां सुधी सामान्य उपयोग अने ज्यारे एम समजायुं के आ तो जिनदास छे, जिनधर्मी छे, शाहुकार छे, सारा माणस छे, एवुं विशेष प्रकारे समजायुं त्यारे विशेष उपयोग जाणवो. विशेष उपयोग ते ज्ञाननो छे. एवी रीते दरेक पदार्थमां प्रथम सामान्य उपयोग अने पछी विशेष उपयोग थाय छे. हवे सामान्य उपयोग चार प्रकारना छे. (१) चक्षुदर्शन. चक्षुए करी देखवुं तेमां आवरण होय तो अंध होय वली थोडां आ-

Scanned by CamScanner

वरण होय तो रात्रे देखे नहीं, दिवसे देखे. कोइ दिवसे अने रात्रे झाखुं देखे, कोइ नजीकना पदार्थ देखे, दूरना न देखे पण आवरणने लीधे संपूर्ण देखी शके नहीं ते चक्षुदर्शनावरणी कर्म कहीए. (२) अचक्षुदर्शन. आंखो शिवायनी इंद्रिओए सामान्य बोध थाय ते अचक्षुदर्शन. शरीरे कांइ स्पर्श थाय अने स्पर्श थयो एम समजाय पण शेनो स्पर्श थयो ? ते नक्की कही शकाय नहीं त्यां सुधी सामान्य उपयोग. नाकने खुशबो आवी पण शानी खुशबो आवी ? ते कही शकाय नहीं त्यां सुधी सामान्य उपयोग. मोमां मूकेला पदार्थना स्वादनो निश्चय न थाय त्यां सुधी सामान्य उपयोग. कानमां शब्द पड्यो पण शुं शब्द छे ? ते नक्की न थाय त्यां सुधी सामान्य उपयोग. आ उपयोग अचक्षुदर्शनना छे. तेनां आवरण आ प्रमाणे कोइ माणसने स्पर्श थाय पण तेने जाणी शकता नथी, केटलाक नाकथी खुशबो जाणी शकता नथी, मोढेथी स्वाद समजता नथी, काने सांभली शकता नथी, ए दर्शनावरणी कर्मनो प्रभाव छे. वली जेटली इंद्रिओनी शक्ति छे तेटली परिपूर्ण चालती नथी ते पण आवरणथी ज चालती नथी. अचक्षु—चक्षुदर्शननुं संपूर्ण आवरण केवलदर्शन पामती वखत नाश पामे छे. (३) अवधिदर्शन. रूपी पदार्थनुं आत्माथी सामान्यपणे जाणवुं ते अवधिदर्शन. तेनुं आवरण ज्यां सुधी छे त्यां सुधी अवधिदर्शन थतुं नथी. (४) केवलदर्शन. केवलदर्शननुं आवरण ज्यां सुधी होय त्यां सुधी केवलदर्शन प्राप्त थतुं नथी, पण एटलो फेर छे के केवलदर्शननो उपयोग पछी थाय छे अने केवलज्ञाननो उपयोग पहेलो थाय छे. तेनुं कारण जे जेने केवलज्ञान थाय छे तेने एकदम बोध थाय छे; तेने कांइ अनुक्रमे बोध थतो नथी. पहेलुं विशेष ज्ञान थाय छे पछी सामान्य थाय छे. ते एवी रीते के जेम कोइ माणसनां सर्व प्रकारे लक्षण जाण्या पछी तेनी बधी हकीकत पूछवी पडती नथी कारण के ते सामान्य थइ जाय छे, तेम एक वखत पूरो बोध थया पछी सामान्य थाय छे. ए अधिकार नंदीसूत्रमां विस्तारे छे.

Scanned by CamScanner

पांच निद्रा छे ते पण दर्शननुं आवरण छे. ज्यां सुधी माणस निद्रावश होय त्यां सुधी कांइ जाणी देखी शकतो नथी. तेमां पण आवरणनो तारतम्यताए फारफेर छे ते निद्रानुं जूदुं जूदुं स्वरूप जाणवाथी जणाशे. जीवने उंघमां कांइ सहज स्पर्श थाय अथवा शब्द संभलाय के तुरत जागे अने जागवाथी जरा पण दिलगीरी थाय नही ते "निद्रा". कोइ माणसने उठाडे तो घणी बूमो पाडे, अतिशे सोरबकोर थाय त्यारे जागे. ते मनमां दुःख धरे, उठाडनार उपर गुस्सो करे. एवी सखत निद्रा ते "निद्रा निद्रा." बेठां बेठां उंघी जाय ते "प्रचला." चालतां चालतां उंघे ते "प्रचला प्रचला." पांचमी "स्थिणर्द्धि" निद्रा छ मासे आवे छे. ए निद्रा एवी सखत आवे छे के ते माणस उंघमां जइने हाथीना दंतूशल काढी नांखे तेटलुं ए उंघमां बल होय छे. ए निद्रानुं आवरण बहु ज सखत छे. तेने उंघमां अर्धवासुदेव जेटलुं बल होय छे पण उंघ उडी जाय त्यार पछी बल होतुं नथी. आ कालमां तो ए निद्रावालाने पोताना बलथी बमणुं तमणुं बल होय एम कर्मग्रंथना बालावबोधमां कह्युं छे. एवी निद्रा नरकगामी जीवने होय छे. आ पांच निद्रामां सामान्य उपयोग अवराइ जाय छे तेथी दर्शनावरणीनी आ पांच प्रकृति तथा चार आगल कही ते सर्वे मली नव प्रकारे दर्शनावरणी कर्म कहीए. ए कर्मनो क्षय थवाथी सामान्य उपयोगने आवरण होय ते नाश पामे छे तेथी केवलदर्शन प्राप्त थाय छे अने संपूर्ण आवरण केवलदर्शन प्राप्त थती वखत नाश पामे छे; त्यारे केवलज्ञान अने केवलदर्शन साथे ज प्राप्त थाय छे.

त्रीजुं मोहनीकर्म. आ कर्म आत्माने मूझावे छे. जेम दारु पीधो होय तेने करवा योग्य, नही करवा योग्यनो विचार रहेतो नथी, तेम मोहनीकर्मना जोरथी जीवने पोताना आत्मानो शुं गुण छे ? ने शुं प्रवृत्ति करवानी छे ? तेनो उपयोग नष्ट थइ जाय छे अने शरीर, धन, कुटुंब, पुत्र, परिवार, स्त्री विगेरे पदार्थमां मग्न थइ ए संबंधी अनेक काममां आसक्त थइ जाय छे, पोताना प्राणथी पण ए वस्तुओ वल्लभ माने छे, जे जे अ-

Scanned by CamScanner

स्थिर पदार्थ छे तेनें स्थिर रूप मानी वर्त्ते छे. कोइ आत्मतत्वनी वात करे छे तो ते सांभलवानी पण इच्छा करतो नथी, वली कदापि कोइनी सोबते सांभलवा जाय तो पण सांभलवानुं लक्ष नही; ते छतां कानमां शब्द पडे तो तेनो पण विचार करे नही; कदापी करे तो एवों करे जे शास्त्रमां कह्युं छे ते प्रमाणे कोण चाले छे? शास्त्र सांभली उलटा उंधा चाले छे, एवां पारकां दूषण काढे छे. कोइ गुणवंत श्रावक होय, सम्यक्दृष्टि होय अने संसारमां रहेलो होय तो तेने कहे जे शास्त्रमां संसार असार कह्यो छे अने आवा जाणकार थइ संसारमां केम रहो छो? वली मुनि महाराज कोइ कारणे करी अपवाद सेवता होय तो तेनी निंदा करे. एनुं कारण जे शास्त्र सांभलीने जो मोहनीकर्म थोडुं पण खस्युं होत तो आत्मा साथे विचार करत अने पोतानां दूषण जोत, पण मोहनीकर्मनुं जोर घणुं छे तेथी शास्त्र सांभलीने पण उलटा विचार करी मोहनीकर्म वधारे बांधे छे अने आत्माने वधारे मलीन करता जाय छे. वली अन्याय, लुच्चाइ, ठगाइ ने चोरी करवी, पारकाने कलंक देवुं, पारकी निंदा करवी, परने संकटमां नांखवा, जीवहिंसा करवी, अहंकार ममकार करवा, मदे करी मदोन्मत्त रहेवुं, जूठुं बोलवा बोलाववामां सावधान थवुं, स्वदारा परदारानो विचार नहीं धराववो ए मोहनीकर्मनां लक्षण छे. वली केटलाक तो विषयमां एवा लुब्ध थइ जाय छे के पोतानी माता, ब्हेन, के पुत्रीनी साथे पण भोग करतां शंकाता नथी. ए सर्वे जोर मोहनीकर्मनुं छे. ते अनादिकालनुं जीवने लागेलुं छे. तेना प्रभावथी आत्माना गुण जे चारित्र तथा समकित ते ढंकाइ जाय छे. ते मोहनीकर्म बे प्रकारनुं छे. (१) चारित्रमोहनी, (२) दर्शनमोहनी, ए बे प्रकारना मोहनीकर्मनी अठ्ठावीस प्रकृति छे. तेमां प्रथम चारित्रमोहनीनी पचीस प्रकृति नीचे प्रमाणे छे. अनंतानुबंधी–क्रोध, मान, माया अने लोभ. अप्रत्याख्यानी क्रोध, मान, माया अने लोभ. प्रत्याख्यानी क्रोध, मान, माया अने लोभ. संजलनो क्रोध, मान, माया अने लोभ. हास्य, रति अरति, भय, शोक,

Scanned by CamScanner

दुगंछा, स्त्रीवेद, पुरुषवेद, नपुंसकवेद ए पचीस कषाय छे. तेनी विस्तारे ओलखाण नीचे मुजब.

अनंतानुबंधी क्रोध, जेने होय तेना मनमां अतिशे द्वेष होय, जे वखते ए क्रोधनुं जोर होय ते वखते शरीर पण लाल लाल थइ जाय, जेना उपर द्वेष होय तेनुं मरतां सुधी पण वैर मूके नहीं, मरती वखत पण कहे जे आ भवमां वैर लेवायुं नथी तो आवता भवमां पण लइश, वली पोताना पुत्र प्रमुखने पण कहे जे में तेनी साथे वैर राखेलुं छे माटे तमे पण वैर छोडता नही. वखत आवे त्यारे तेनुं बगाडवामां भूल खाता नही, सामो माणस शांत होय अने खमाववा आवे तो तेनी साथे उलटो लडे, वली तेनुं सहज काम पोताना हाथमां आव्युं होय तो तेने म्होटुं नुकशान करे. नुकशान करवानी तुरत शक्ति चाले नही तो लाग आवे त्यारे नुकशान करवामां जरा पण कसर राखे नही. एवी जे कषायनी परिणती छे तेनुं नाम शास्त्रमां अनंतानुबंधी क्रोध कह्यो छे. जेम पथ्थरनी अंदर फाट पडी होय ते फाट पाछी मले नही, तेम अनंतानुबंधी क्रोधवालानो क्रोध मरतां सुधी शमे नही. ए क्रोधना प्रभावे जीव नरके जाय छे अने महा तिव्र दुःख भोगवे छे. वली ए क्रोधना प्रभावथी जीव समकित पामतो नथी. ए क्रोध जाय त्यारे ज जीव समकित पामे छे.

अनंतानुबंधी मान पथ्थरना थांभला समान होय छे. जेम पथ्थरनो थांभलो नमावतां नमे नही तेम अनंतानुबंधी मानवालो पोतानी म्होटाइमां एटलो मच्यो रहे छे के, महा गुणवंत मुनि महाराज होय तेमने पण नमस्कार करतो नथी अने करवाना भाव पण थता नथी. वली पोते धर्मगुरु थइने धन, स्त्री विगेरे भोगवे; बीजा गुणवंत पुरुषोए धन, स्त्रीनो त्याग कर्यो होय, समताभाव आदरी संसारथी विमुख थया होय तेवा पुरुषोने पोते नमवा योग्य छे तेम छतां पोते नमे नही अने उलटो तेमनी पासे नमस्कार करावे, ते न करे तो कराववानी इच्छा धरावे. वली

Scanned by CamScanner

पोते धनवान होय पण धन नाश पामवाथी पोतानी आजीविका पूरी थती नथी तेम छतां कोईनी नोकरी करे नही. पोताना मनमां अहंकार लावे जे अमे म्होटा थइने कोइनी नोकरी करीए? वली वखते कोइए खोटो शब्द कह्यो होय तो ते अमने कहेनार कोण? एम मद करी सामाना प्राण लेतां पण डरे नही. वली वखते मान मूकतां पोताना प्राण बचता होय तो पण मान मूके नही. एवा अहंकारीनो आकरो अहंकार ते अनंतानुबंधी मान कहीए. एवुं मान जीवित पर्यंत रहे छे.

अनंतानुबंधी मायावालो पुरुष अतिशे कपटी होय छे. म्होडेथी अतिशे व्हालपण बतावे छे परंतु विश्वास करनारना प्राण लेतां पण व्हीतो नथी; पोताने अल्प फायदो होय तो पण आकरुं कपट करे छे. जेम वांसनी गांठ वांकी होय ते कोइ पण रीते मटाडी शकाय नही, तेम अनंतानुबंधी मायावालानुं कपट मूकावी शकाय नही. ए कपटी जीवनो जगत्मां कोइ विश्वास करतुं नथी.

अनंतानुबंधी लोभ अतिशे तीव्र होय छे. गमे तेटली दोलत मले, यावत् चक्रवर्त्तिनी रुद्धि मले तोपण तृष्णा शांत न थाय, खावा सारु गमे तेटला पदार्थ मले तो पण मन धराय नही, खावाना अति लोभने लीधे भक्ष अभक्षनो पण विचार करे नही, पोतानो धर्म पण विचारे नही. पोतानी कुल मर्यादामां न खावानी चीज होय ते खावानी इच्छा थाय, याचना करतां पण बीहे नही, कारण जे पैसानो लोभ तेथी पैसा खरची शके नही अने खावानी इच्छा थया करे, तेथी नही मागवा योग्य स्थानके पण याचना करे, चोरी करतां पण डरे नही, अन्याय करतां पण डरे नही, एवी रीते पांचे इंद्रिओना विषयमां लुब्ध होय छे. दरेक विषयने सारु नही करवा योग्य काम करे छे, लोभी माणसने फक्त एक पैसो मलतो होय अने तेथी सामा माणसना प्राण जता होय तो तेनी पण तेने चिंता रहेती नथी, हरेक प्रकारे पोतानी मतलब साधे छे, राजाना गुन्हामां आवतां पण व्हीए नही, आवो लोभ मरवानो वखत आवे

Scanned by CamScanner

तो पण छोडे नही, केटलाएक एशी वरसना वृद्ध थाय तो पण कुंचीओ छोकराने आपता नथी, आभूषण प्रमुख होय ते मरवानो वखत आवे त्यां सुधी अंग उपरथी उतारता नथी, मरणांत रोग आवे तो पण औषधना पैसा खरचे नहीं, अनेक प्रकारनां दुःख सहन करे, कोइ दश गाल दे, मार मारे तो पण कांइ लालच होय तो ते सहन करे छे, केटलाक अनाजना वेपारी अतिशे लोभीआ होय छे तेओ चोमासा सारु माल संघरी राख्यो होय छे तो एवीज भावना भावे छे के दुकाल पडे तो सारुं, दुकाल पडवाथी द्रव्यनी वधारे प्राप्ति थाय, दुकालथी दुनीआने केटलुं दुःख थशे ? तेनी जरा पण फिकर करे नही, एम करतां सारी वृष्टि थाय तो मनमां अतिशे दुःखी थाय अने दिलगीरीमां रहे. ए अनंतानुबंधी लोभनो स्वभाव किरमजना रंग जेवो छे. किरमजनो रंग गमे तेटलो धुए तो पण जाय नही. बाले तो राख पण किरमजना रंग जेवीज रहे. तेम अनंतानुबंधी लोभ मरतां सुधी छूटे नही. ए अनंतानुबंधी क्रोध, मान, माया अने लोभ चारे नरक गतिना आपनार छे. ए चारे होय त्यां सुधी समकितनी प्राप्ति थाय नही.

२ अप्रत्याख्यानी क्रोध, मान, माया अने लोभ ए चार अनंतानुबंधी क्रोध, मान, माया अने लोभना करतां नरम होय छे. सूका तलावमां फाटो पडी होय ते उत्कृष्टि वरस दिवस सुधी रहे छे, पाछो वरसाद आवे एटले फाटो मली जाय छे. तेम कोइ जीव उपर क्रोध थयो होय, सामा माणसे गमे तेटलुं वगाडयुं होय पण संवत्सरी प्रतिक्रमण करती वखत सर्व जीवने खमावी सर्वने मित्र तुल्य गणे; पण कोइना उपर गुस्सो राखे नही. तेणे कांइ काम करवाने आप्युं होय तो तेना उपर द्वेष बुद्धि न लावतां खुशीथी करी आपे तेनुं नाम अप्रत्याख्यानी क्रोध समजवो. अप्रत्याख्यानी मान दांतना थांभला जेवुं होय छे. पथ्थरनो थांभलो तो नमेज नही पण दांतनो थांभलो पाणी प्रमुख उपचार करवाथी नमे छे. तेम अप्रत्याख्यानी मनवालो पुरुष सद्गुरुना उपदेशथी अथवा

डाह्या पुरुषना समजाववाथी पोतानो अहंकार छोडे छे. गमे तेवुं मान राखतो होय पण ते मान एक वरसथी वधारे काल रहेतुं नथी. अप्रत्याख्यानी मायावालो अनंतानुबंधी मायावालाथी ओछी मायावालो होय छे. पोतानी सहज मतलब सारु सामाने म्होटुं नुकशान थाय एवुं कपट करे नही. अप्रत्याख्यानी मायाने मेंढाना शींगडा जेवी कही छे ते वांकाश जेम उपचार करवाथी मटी जाय छे, तेम आ मायावालो पुरुष कपट ओछुं करे छे. केटलांक काम निष्कपटपणे पण करे छे. अप्रत्याख्यानी लोभ नगरनी खालना कादवना रंग सरखो होय छे. ए रंग एकदम तो न जाय पण खार आदिवडे अतिशे महेनत करतां जाय छे. तेम आ लोभ पण अनंतानुबंधी लोभ करतां थोडो होय छे. लोभने अर्थे कोइने म्होटुं नुकशान करे नही. ए अप्रत्याख्यानी क्रोध, मान, माया अने लोभथी जीव तिर्यंचनी गतिमां जाय छे; श्रावकपणुं पामी शकतो नथी. ए चारे कषाय जाय त्यारे जीव श्रावकपणुं एटले पांचमुं गुणस्थान पामे छे.

अप्रत्याख्यानी क्रोधथी प्रत्याख्यानी क्रोध नरम होय छे. एने कोइ जीव उपर द्वेष थयो होय तो पण चोमासी प्रतिक्रमण करती वखत सर्व जीवने खमावे छे; एटले पछी कोइ जीव उपर द्वेष रहेतो नथी. रेतीमां लीटी करी होय ते जेम थोडा कालमां मली जाय तेम ए क्रोध थोडा कालमां शांत थाय छे. प्रत्याख्यानी मान लाकडाना थांभला जेवुं होय छे. लाकडानो स्तंभ दांतना स्तंभ करतां थोडी महेनते नमी जाय छे, तेम ए मान पण थोडा वखतमां शांत थइ जाय छे. प्रत्याख्यानी माया गायना मूत्रना वांक जेवी होय छे. चालतां चालतां मूतरती गायथी जे वांक पड्यो होय ते थोडा वखतमां मटी जाय छे; तेम आ मायावालो पुरुष थोडा वखतमां सरलता पकडे छे. आकरुं कपट तेनाथी थतुं नथी. अप्रत्याख्यानी करतां सरल होय छे. प्रत्याख्यानी लोभ गाडाना कीलना डाघ सरखो छे. नगरनी खालना कादव करतां आ कीलनो डाघ थोडी महेनते नाश पामे छे. कारण के खालनो कादव घणा दिवस कोही जवाथी वधारे चीकाश

Scanned by CamScanner

वालो होय छे, गाडाना कीलना डाघनी माफक आ लोभ सहजमां शांत थाय छे, प्रत्याख्यानी क्रोध, मान, माया अने लोभ ज्यां सुधी होय त्यां सुधी साधुपणुं प्राप्त थतुं नथी. आ कषायना प्रणामथी जीव मनुष्य गतिमां जाय छे. केम के ए कषाय पातलो छे.

संजलनो क्रोध, मान, माया अने लोभ ए चारे प्रत्याख्यानी क्रोध, मान, माया अने लोभ करतां घणा हलका होय छे. संजलनो क्रोध पाणीनी लीटी समान कह्यो छे. पाणीमां लीटी करतांज जेम तुरत मली जाय छे, तेम कोइक कारणे क्रोध थाय; परंतु तुरत ज शांत थइ जाय. कोइ आकरुं कारण मल्युं होय तो पण पख्खी प्रतिक्रमण कर्या पछी तो जरा पण द्वेष रहे ज नही. ए क्रोधनी उत्कृष्ट स्थिति पंदर दिवसनी छे. तेथी वधारे काल ए क्रोध रहे ज नही. ए क्रोधवालाने अंतरंगमां वधारे क्रूरता होय नही. संजलनुं मान नेतरना स्तंभ सरखुं होय छे. नेतरना स्तंभने नमावतां वार लागे नही, तेम ए मानदशा वधारे वखत रहे नही. संजलनी माया पण घणी ज थोडी होय. सहजमां निष्कपटी थइ जाय; वांसनी छोल जेम जरा वारमां सीधी थइ जाय, तेम ए कपट पण नही जेवुं ज होय, जरा वारमां नाश पामे. संजलनो लोभ हलदरना रंग समान होय छे. हलदरनो रंग उडी जतां वार लागे नही, तेम ए लोभ मटी जतां वार लागे नही. संजलना क्रोध, मान, माया अने लोभ होय त्यां सुधी मुक्ति मले नही. ए संजलना कषाय जाय त्यारे मुक्तिनी प्राप्ति थाय.

पूर्वोक्त चार प्रकारना क्रोध, मान, माया अने लोभ नाश पामे त्यारे मुक्ति मले छे. माटे भव्य जीवे ए टालवानो उद्यम करवो. ए जेम जेम ओछा थता जाय तेम तेम आत्मा शुद्ध थतो जाय छे. अहिंआं कोइ प्रश्न करे जे संजलनो कषाय तो पंदर दिवस रहे छे, त्यारे बाहुबलजी महाराजने संजलनुं मान वरस दिवस केम रह्युं ? ए विषे श्री हेमचंद्राचार्ये योगशास्त्रमां तथा यशसोमसूरीए कर्मग्रंथना बालावबोधमां खुलासो क-

ह्यो छे के, बालजीवने पोतानो कषाय केवो छे ? ते समजवुं सुगम पडे, वास्ते ए स्थिति कही छे. वस्तुतः तो एम समजवुं जे अति तीव्र कषाय ते अनंतानुबंधी; तेथी मंद ते अप्रत्याख्यानी; तेथी मंद ते प्रत्याख्यानी अन तेथी मंद ते संजलनो कषाय समजवो. प्रसन्नचंद्रराजर्षि काउसग्ग ध्यानमां हता ते वखते प्रणाम एवा बगड्या हता के भगवाने कह्युं के जो ते आ वखते मृत्यु पामे तो नरके जाय. कारण के ते वखते तेने अनंतानुबंधी कषाय हतो. पाछा थोडा वखतमां ज केवलज्ञान पाम्या एटले अनंतानुबंधी क्रोध छतां अंतर्मुहूर्त्त ज रह्यो. जो काल उपर एकांत लक्ष दइए तो ए अनंतानुबंधी कहेवाय नही. वली कोइक पुरुष समकित वमी जाय छे, ते वखत अनंतानुबंधीनो उदय थाय छे, पाछो अंतर्मुहूर्त्तमां समकित पामे छे त्यारे ते उदय टली जाय छे. एटले अनंतानुबंधी अंतर्मुहूर्त्त ज रह्यो. आ कषायने बीजो कषाय कहेवाय नहीं. तात्पर्य के आकरो कषाय होय अने थोडो वखत रहे तो पण ते अनंतानुबंधी ज समजवो. तेथी मंद ते अप्रत्याख्यानी, तेथी मंद प्रत्याख्यानी अने तेथी मंद संजलनो समजवो. केटलीक वखत स्थितिथी पण समजाय छे. एकांत नियम नथी. बाहुबलजीने वरस दिवस कषाय रह्यो पण ते मंद कषाय हतो तेथी संजलनो जाणवो. आ सोल कषाय थया.

हवे नव नोकषाय कहे छे. नोकषाय शब्द, देशनिषेध वाची छे नोकषाय एटले नही कषाय देशथी नहीं. कारण के कषाय नथी; पण कषाय उत्पन्न थवानां कारण छे. ए सेववाथी कषाय उत्पन्न थाय छे. कोइ माणसनी हांसी करवाथी सामा माणसने द्वेष उत्पन्न थाय अने ते माणस आपणा उपर द्वेष उत्पन्न करे एटले आपणने कषाय उत्पन्न थाय. वास्ते ते कषायनुं कारण कहेवाय छे. वली हांसी करी खुशी थइए अने राग उत्पन्न थाय तो ते पण कर्मबंधनुं ज कारण थाय. जीवने ज्यां सुधी हास्य मोहनीकर्म छे त्यां सुधी आत्मानुं शुद्ध स्वरूप प्रगट थाय नही; दुनियामां पण मश्करीखोर कहेवाय. माटे जेम बने तेम हास्य करवानो त्याग क-

Scanned by CamScanner

रवो. सर्वथा त्याग तो ज्यारे जीव केवलज्ञान पामवा क्षपकश्रेणी मांडे त्यारे ज थाय. रति मोह्नी ते पुद्गलिक पदार्थथी जे जे अनुकूलता मले तेनाथी राजी थवुं. अरति ते प्रतिकूल पदार्थथी दिलगीर थवुं. भयमोह्नी ते भयथी वारंवार बीना करवुं. म्हाराथी उपवास थशे के नहीं थाय? वली म्हाराथी श्रावकपणुं, मुनिपणुं केम बने? एम बीहे अने धर्मना कार्यमां वीर्य फोरवे नही; जे जे चीज नही करेली होय ते अभ्यासथी बने छे पण बीहे अने भयथी अभ्यास करे नही तो कोइ दिवस बने नही. तेम ज संसारी कार्यमां पण जेने मोह्नीनो भय उदय छे ते दरेक काममां बीना करे. अहिंआं कोइ प्रश्न करे के पापथी बीहे तेनुं केम? ते विषे समजवुं के पापथी अवश्य ब्हीवुं जोइए. धर्मथी ब्हीवुं नही. हिम्मत राखी उद्यम करवो. शरीरादिकें रोग प्रमुख होय तो विचारीने काम करवुं. छती शक्तिए ब्हीने बेसी रहे, तेनाथी कोइ काले धर्म सधाय नही. वास्ते भयमोह्नीनो जेम बने तेम त्याग करवो. शोकमोह्नी ते कोइ पोताना कुटुंबी अथवा मित्र मांदा थाय अथवा मृत्यु पामे त्यारे शोकातुर थाय, रडे, कूटे, अनेक प्रकारना विकल्प करे तेथी घणां कर्म बंधाय छे. वली वेपारमां नुकशान थाय, अथवा कोइ देवालुं काढे अने पोतानुं द्रव्य जाय त्यारे शोक करे छे. पोताने अनुकूल घर, मकान, नोकर, वाहन नही मलवाथी अथवा प्रतिकूल मलवाथी पण शोक थाय. आमां जेने मोह्नीकर्मनुं जेवुं जोर ते प्रमाणे शोक थाय छे. केटलाक उत्तम पुरुषोने शोकमोह्नी ओछी थाय तो विचारे छे जे "आ कुटुंब, देह, घर, प्रमुख जे जे संसारी पदार्थ छे, ते सर्वे अस्थिर छे; अस्थिर पदार्थनो विनाश तो थवानो छे तो म्हारे शा सारू विकल्प करवा जोइए? ज्यां सुधी पुन्योदय हतो त्यां सुधी सर्व पदार्थ स्थिर रह्या, पापनो उदय थयो त्यारे नाश थया, माटे शा सारू शोक करीने कर्म बांधवां? आत्मधर्म ज म्हारो छे. बीजी कोइ वस्तु म्हारी नथी, मात्र संसार म्हाराथी छोडातो नथी तेथी हुं म्हारुं म्हारुं कहुं छुं अने व्यवहारोचित वर्त्तना करुं छुं. वस्तुधर्मे वस्तुमात्र जड

छे अने हुं चैतन छुं " आवी रीतनो विचार करी पोते शोकथी मुक्त रहे छे. तेने कर्मबंध पण थतो नथी ने संपूर्ण शोकनो नाश तो क्षपकश्रेणिमां थाय छे. दुगंछा ते दुर्गंध वस्तु देखी मुख बगाडवुं. तथा जे जे वस्तु पोताने न गमे तेथी मुख बगाडवुं ए दुगंछा छे. हवे जे पुरुषोए पोतानो आत्मधर्म जाण्यो छे ते पुरुष तो दुर्गंध जोइने कहे छे के ए पुद्गल एवा धर्मना छे. एमां हुं शा वास्ते मुख बगाडुं ? वा जड पदार्थ उपर शा वास्ते द्वेष करुं ? इहां कोइ कहेशे जे त्यारे शुं गंदकीमां ज बेसी रहेवुं ? तेनो जवाब के गंदकीना पुद्गल शरीरमां प्रवेश करवाथी रोगनी उत्पत्ति थाय छे. वास्ते प्रथम तो पोताना घरमां खालकूवा संडास विगेरे गंदकीवाली चीजो राखे ज नही. वली मोरीओ पण साफ राखे. पाणी विगेरे वापरे ते पाणी सूकी निर्जीव जग्याए छूटुं छूटुं नांखे के तुरत सुकाइ जाय अने गंदकीमां जीवनी उत्पत्ति थाय छे ने तेना उपर पाणी विगेरे पडवाथी ते जीवनो विनाश थाय छे, तो आत्मार्थी पुरुषे तो कोइ जीवने दुःख थाय एवुं काम करवुं ज नहि. माटे एवी गंदकी घरमां राखे ज नहि. ने ज्यां एवी जग्या होय त्यां रहे नहि; पण दुनियामां बधी जग्या कांइ स्वच्छ होती नथी, त्यारे तेवी दीठामां आवे तो द्वेष करे नाहि, तेमने तो अनुक्रमे सर्वथा दुगंछा मोहनीनो नाश थाय छे ने जीवो अनेक प्रकारे एवी दुगंछा कर्या करे छे तेथी कर्म बांधीने आगल एवां ज कर्म भोगववां पडशे; माटे जेम बने तेम दुगंछानो त्याग करवो. स्त्रीवेद ते स्त्रीए पुरुषनो अभिलाष करवो, पुरुषवेद ते पुरुषे स्त्रीनो अभिलाष करवो, नपुंसक वेद ते स्त्री तथा पुरुष बन्नेनो अभिलाष करवो ए त्रण वेद छे, ते ज संसारनुं बीज छे. तेमां सर्वथा आकरा वेदनो उदय नपुंसक वेदवालाने छे ए रात्रि दिवस विकारमां ज चित्त राखे छे एने शांत थवानुं कारण ज नथी तेथी इच्छाओ थया ज करे छे. ते करतां स्त्रीने ओछो विकार छे, ने ते करतां पुरुषने ओछो विकार छे. हवे कोइने शंका थाय जे पुरुषो प्रार्थना करता जोइए छीए पण तेटली स्त्री प्रार्थना करती जोता नथी. ते विषे जाणवुं जे

स्त्री देखीती प्रार्थना नथी करती, पण आंखोना कटाक्ष विगेरे अनेक चाला करे छे ने ते करवाथी पुरुषनुं चित्त विकारवंत न होय तो पण थइ जाय छे. तेम ते मनमां खुशी होय तो पण पुरुष पासे कालावाला करावे छे छतां चित्तमां बहु ज मलीनता रहे छे माटे एनो विकार सर्वज्ञे वधारे कह्यो छे. तेमां पण जे सती स्त्रीओ छे, जेने स्वप्नमां पण पर पुरुषनी इच्छा थती नथी ते स्त्रीओ तो नमस्कार करवा योग्य छे. कारण के जगत् ए विषयमां पडयुं छे ने गुणी पुरुषो पण पडी जाय छे वास्ते उत्तम स्त्री ज आवुं दृढ शील पाले अने एवा गुणवंत पुरुष पोतानी स्त्री साथे तथा स्त्री पोताना पति साथे पण नित्य भोगनी क्रीडा कूतरानी माफक करता नथी. फक्त ऋतुने अवसरे ज पोतानी इच्छा टालवा सारु नाखुशीथी काम करे छे. ए कामसेवा करतां विचारे छे के, स्त्रीनी योनिमां घणा जीवनी उत्पत्ति ज्ञानीए कही छे. जेम एक भूंगलीमां रु घाल्युं होय अने तेमां लोढानी शीक उनी करीने घाले तो जेम सर्व रु बली जाय, तेम भोगथी स्त्रीनी योनिमां जे जीव रह्या छे तेनो विनाश थाय छे. तो ए म्होटी हिंसानुं कारण छे. वली ए स्थानमां मूत्रादि दुर्गंध छे तेनो एक छांटो लाग्यो होय तो माणस धोइ नांखे छे एवुं खराब दुर्गंधी छे ते स्थानके क्रीडा करवी ए अज्ञानतानुं ज जोर छे. वली भोगथी शरीरनी स्थिति केटली नरम पडे छे ? ते जाणे छे ते छतां तेमां सुख मानवुं ए पण अज्ञानतानुं ज जोर छे. अहिं कोइ कहेशे के ए सर्व कारणो पोतानी स्त्रीमां अने पारकी स्त्रीमां सरखां छे, तो पोतानी अने पारकीमां पापनो शुं फेरफार छे के परस्त्री त्याग करवा बधा धर्मवाला कहे छे ? ते विषे जाणवुं के पारकी स्त्रीनो धणी छे, तेनी परवानगी तेनो धणी आपतो नथी तेम छतां चोरीथी काम करे तो तेनो धणी जाणे अने स्त्री उपर जोर चाले तो स्त्रीनो विनाश करे. पुरुष पकडाय तो पुरुषनो नाश करे. एम करतां ए बे उपर जोर न चाले तो पोताना प्राण काढे. वखते नरम स्वभावनो होय तो प्राण न काढे; पण तेनुं मनमां अत्यंत दुःख धारण करे. रात्री दिवस ए ज दुःखमां काल काढे. एवी

म्होटी हिंसानुं कारण परस्त्री छे. वली तेवी स्त्रीने पोतानो धणी पर साथे रमवा न दे तो ते स्त्री पोताना पतिनो विनाश करे. आवी म्होटी हिंसाओ पण थाय छे ते घणी सांभलीए छीए. वली परस्त्रीने सेवीने 'हुं सेवुं छुं' एवुं पण कहेवाय नहि अने जूठुं बोलवुं ज पडे तो तेथी मृषावाद लागे. वली परस्त्री उपर इच्छा थाय ते अत्यंत विषयनी इच्छा थाय त्यारे तो तेथी पण कर्मबंध वधारे थाय. वली पोतानी स्त्री तो सदाकाल छे वास्ते भोगनुं चिंतवन सर्वदा थतुं नथी अने परस्त्रीने सारु रात्री दिवस चिंतवन थयां करे छे, काम धंधो पण पोताने सूझतो नथी, तेथी ते विकल्प ज कर्या करे छे अने विकल्प छे ते कर्मबंधना हेतु छे. विकल्पनुं पाप माणस सामान्य समजे छे पण विकल्प जेवुं बीजुं पाप नथी. ए पाप केटलुं बंधाय छे ? ते ज्ञानी महाराज जाणे छे तेथी ज तेमणे ए समान बीजुं पाप कह्युं नथी. एने ज आकरुं पाप कह्युं छे अने जेटला धर्मवाला छे ते बधा परस्त्रीनुं पाप दर्शावे छे. संसारमां रोलाववानुं बीज स्त्रीभोग छे. भोगनी इच्छाने वास्ते स्त्रीओ पुरुषनी दासी थइने जन्म काढे छे. इंग्रेज लोकमां पुरुष स्त्रीना दास थाय छे. वली अति कामी तथा परस्त्री लंपट पुरुष पण स्त्रीओना दास थाय छे. कामने वास्ते आभूषण धारण करवां, वली ते सारु धन पेदा करवानी उपाधि करवी. एवां अनेक रीतनां काम सारु संसारमां जीव विटंबना भोगवे छे. वास्ते जेम बने तेम कामनो अभिलाष त्याग करवो. संपूर्ण तो क्षपकश्रेणिमां अभिलाष टलशे त्यारे ज पूर्ण तत्त्व पामशे. ए नव नोकषाय ने सोल कषाय बधा मली पच्चीश थया, ते मात्र मोहनीकर्म छे. एटले ए कषाय होय त्यां सुधी पूर्ण चारित्र केवलज्ञानीनुं यथाख्यात ते आवे नहि वास्ते एने त्याग करवानो अतिशय उद्यम करवो. ए प्रकृति जेटली जेटली ओछी थशे, तेटलो तेटलो आत्मा विशुद्ध थशे ते ज धर्म छे अने जेम जेम ए कषायनी वृद्धि थती जशे, तेम तेम कर्मबंध वधतो जशे अने दुर्गतिनां दुःख तथा जन्म मरणनां दुःख भोगववां पडशे. कोइ कहेशे के ते दुःख जोयां नथी, पण म-

Scanned by CamScanner

नुष्यनां दुःख तो जुओछो के धेडाओने रात्री दिवस नरक उपाडवुं पडे छे ने तेने एवुं खावानुं मले छे, वली केटलाकने पहेरवा वस्त्र पण मलतां नथी. टाढ—तापनां दुःख भोगववां पडे छे. केटलाएकने कोढरोग, जलोदर, विस्फोटक, दम विगेरे रोग थाय छे. केटलाएकनुं शरीर वाए फूली जाय छे हरातुं फरातुं नथी. एवी अनेक रोगनी वेदनाओनुं दुःख रात्री दिवस सहन थतुं नथी तेनी बूमो मास्या करे छे रडे छे; तो आवा सख्त दुःख पापना योगथी पाम्या छे. तेम ज वधारे पापथी नरकनां दुःख नास्तिक शिवायना सर्वे धर्मवाला माने छे. माटे ए शंका करवा जेवुं नथी. पापनां फल तो अवश्य भोगववां ज पडशे. माटे जेम बने तेम राग द्वेषनी परिणति ओछी करवी के जेथी पाप ओछुं बंधाय अने अनुक्रमे सर्व प्रकारे राग द्वेषथी मुक्त थवाय.

इहां कोइ प्रश्न करे जे देवनी गति संजलना कषायथी बंधाय तो सम्यक्दृष्ठिने अप्रत्याख्यानादिकनो उदय तथा श्रावकने प्रत्याख्यानादिकनो उदय कह्यो छे, तो शी रीते देवगति बांधे ? ते विषे समजवुं जे, जे वखते देवगतिनुं आयुष्य बांधे त्यारे संजलना कषायनो उदय होय, बीजा कषायोनुं गौणपणुं होय. एम ज मिथ्यादृष्टिने पण समजवुं. दर्शनमोहनी त्रण प्रकारे. सम्यक्तमोहनी, मिश्रमोहनी, मिथ्यात्वमोहनी, पहेलां मिथ्यात्वमोहनीनुं स्वरूप लखीए छीये. जे जीवे मिथ्यात्वमोहनी कर्म बांधेलुं छे, तेना प्रभावे अढार दोष रहित एवा जे वीतरागदेव तेना उपर द्वेष वर्त्ते छे अने ए अढार दूषण सातमा प्रश्नमां लख्यां छे तेवा दूषणवाला देवने देव माने छे. वली गुरु जे हिंसामां तत्पर, मृषावाद बोले, चोरीनो पण नियम नथी, मैथुनमां अत्यासक्त, परिग्रह जे धन अने स्त्री राखे छे वली जेने तृष्णा पण रात्री दिवस बनी रही छे, सेवकने उपदेश दे छे ते पण धनादिकना लाभने अर्थे; एवा निर्गुणीने गुरु तरीके स्थापे तेने तरण तारण माने छे, ने जे पुरुषोए ए पांचे अव्रतनो त्याग कर्यो छे अने पंच महाव्रत अंगीकार कर्यां छे, पांच इंद्रियोना तेवीश विषय छांड्या छे,

Scanned by CamScanner

मात्र वापरवा जेटलां वस्त्र राखे छे, आहार पण पोताने अर्थे करता क-रावता नथी ने सारा आहारनी अनुमोदना पण करता नथी. फक्त गृह-स्थने घेर गृहस्थे पोताने अर्थे जे वस्तु करी छे, तेमांथी थोडी वस्तु ले छे अने स्वादनी पण वांछा करता नथी. आत्माने भावता विचरे छे, रात्री दिवस शास्त्राभ्यास करी रह्या छे. विकथा तो जेने करवी ज नथी. एवा महानुभाव महात्मा पुरुषने गुरु मानतो नथी अने आकरा मिथ्यात्वना जोरथी आवा पुरुषमां नहि दूषण छतां दूषण आरोपे छे, रात्री दिवस एवा गुणवंतनी निंदा करे छे. वली एवा पुरुषोए प्ररूपेलो जे धर्म, तेने अधर्म माने छे, जेमां हिंसाओ, अविनय, अज्ञानता, विषय तथा पुद्गलनुं पोषण छे तेने धर्म माने छे, ने जे दयामूल, विनयमूल, हिंसानो त्याग, असत्यनो त्याग, चोरीनो त्याग, स्त्रीसेवानो त्याग, पैसानो त्याग ए रूप व्यवहार धर्म तथा पोताना आत्मस्वरूपमां रही राग द्वेषनी परिणतीथी मुक्त थइ सर्व प्रकारे मोहनो नाश करवाने उद्यम रूप जे निश्चयधर्म, तेने अधर्म माने छे. ए मिथ्यात्वमोहनी कर्मना जोरथी बने छे. वली ए मोहनीना जोरथी धन, स्त्री, पुत्र, परिवार, घर, हाट, वस्त्र, पात्र ए पदार्थने जीव म्हारा माने छे ने ते संबंधी जीव अहंकार ममकार विचित्र प्रकारना करे छे ने पाछां नवां कर्म उपार्जन करे छे. ए मिथ्यात्वमोहनी जेने जाय छे, तेने संसार तो दावानल सरखो लागे छे. जेम कोइ माणस वनमां गयो होय ने त्यां चारे पासे आग लागी होय तो तेमांथी नीकलवाना अनेक उद्यम करे, तेम आ जीव संसारमां रह्यो विचारे छे जे, ' आ धन कुटुंब सर्वे पदार्थ विनाशी छे, संयोगे मल्या छे ने वियोगे जशे. पूर्वकृत कर्म संयोगे जाय छे पूर्वकृत कर्म संयोगे प्राप्त थाय छे. एमां हुं जे राग धरुं छुं तेथी समय समय नवां कर्म बंधाय छे ने म्हारो आत्मा मलीन थतो जाय छे. अनादि कालनो संसारमां रोलाउं छुं. ते ए जड पदार्थमां राग धर्यो तेथी, पण आ भवमां तो भवितव्यताना योगे ए सर्वे पर वस्तु ओलखी ए सर्व पदार्थमां निरिच्छकता करीने ए वस्तुनो संयोग त्याग करवा योग्य छे. क्यारे ए

Scanned by CamScanner

सर्व वस्तुनो त्याग करी हुं म्हारा आत्मधर्ममां वर्तुं ने कंइक पोताना आत्मानुं साक्षात् ज्ञान प्रगट करुं. एवी दशा मिथ्यात्वमोहनी जवाथी थाय छे. हवे मिश्रमोहनी ते कंइक शुद्ध देव गुरु धर्म उपरथी द्वेष खशेलो अने अशुद्ध देव गुरु धर्म उपरथी राग घटेलो. वली पुद्गलभावने विषे संपूर्ण आसक्त हतो, तेमांथी मिथ्यात्वना पुद्गल जवाथी आसक्तभाव ओछो थाय, तेथी पोतानो आत्मधर्म प्रगट करवानी कांइक इच्छा थाय. मिथ्यात्वपणे तो कुलधर्म करतो हतो, पण ते मिथ्यात्वमोहनी गइ ने मिश्रमोहनी थइ, तेना प्रभावे पोतानो धर्म प्रगट करवा सारु उद्यम करे. वली ए मिश्रमोहनीनो काल अंतर्मुहूर्त्तनो छे. ते अंतर्मुहूर्त्त पण बे श्वासोश्वासथी ते नव श्वासोश्वास सुधीनुं छे. एटले एवा सुंदर भाव आत्म हितकारी थाय पण ते भाव आवेलो पोताने जाणवो दुष्कर पडे छे, ए मिश्रमोहनीना पुद्गल पण मलीन छे. तेथी खरूं तत्व ओलखी शकाय नहि तेथी ए पण टालवानो उद्यम करवानो छे. एटले त्यारे सम्यक्तमोहनी थाय. ते सम्यक्तमोहनीनुं स्वरूप कहीए छीये. शुद्ध देव गुरु धर्म उपर राग प्रकट थाय, खोटा देव गुरु धर्म उपर राग रहे नही. आत्मतत्व प्रकट करवानो कामी थाय. गुरुमहाराजनी तथा उत्तम श्रावकोनी संगत सारी पेठे करे, तेमनी पासे धर्मोपदेश सांभले, देव गुरुनी सारी पेठे भक्ति करवाने तत्पर थाय. जीवादिक नवतत्त्व जे जीवतत्व, अजीवतत्व, पुण्यतत्व, पापतत्व, आश्रवतत्व, संवरतत्व, निर्जरातत्व, बंधतत्व अने मोक्षतत्व, ए नव तत्व जाणे, तेनी श्रद्धा जेम आगममां कही छे तेम जाणी यथार्थ करे. एनुं ज्ञान मेलववानी वृत्ति सारी पेठे राखे. केवल धर्ममय चित्त बनी जाय, संसारमां पड्यो छतो पण संसारी सुख ते दुःख रूप जाणे. इहां कोइ कहेशे जे सम्यक्तमोहनी तो मोहनी कर्मनो प्रभाव कह्यो छे, ने छोडवा योग्य कही छे, ने इहा तो तमे गुणवंतपणुं वर्णव्युं ते केम ? ते विषे जाणवुं जे—ए सम्यक्तमोहनीना प्रभावे जीवादिक पदार्थनी यथार्थ श्रद्धा थाय, पण ए नवतत्वनुं विस्तारे सूक्ष्म ज्ञान तेमां बुद्धि मूंझाइ जाय, यथार्थ अ-

Scanned by CamScanner

नुभवगम्य आत्मतत्व करी शके नाहि. ए कारणथी आत्मस्वरूप मूंझवे छे. तेथी ए त्याग करवा योग्य कही छे. पण मिथ्यात्वमोहनी ने मिश्रमोहनी करतां एमां धर्मनी रुचि वधे छे; तेथी आ गुणनो दर्शाव कर्यो छे. आं-खोए झांख वले छे, त्यारे चस्मा पहेरवाथी पदार्थ ओलखी शकाय छे तेथी चस्मा सारां कहीए छीए, पण जेने झांख नथी ने पोतानी आंखे जोइ शके छे तेवुं चस्मावालो जोइ शके नहि तेथी वस्तुपणे तो एवी इच्छा रहे छे जे आंखेथी झांख मटी जाय ने चस्मानो त्याग थाय तो सारुं; तेम ज्यां सुधी मिथ्यात्वमोहनी छे तेनी अपेक्षाए सम्यक्त मोहनी सारी छे, परंतु सम्यक्तमोहनी ते पण मिथ्यात्वमोहनीना पुद्गल छे वास्ते ए सम्यक्त-मोहनीना पुद्गल त्याग थाय त्यारे जीवने क्षायकसम्यक्त थाय छे अने त्यारे यथार्थ पूर्ण स्वरूप समजाय छे. कंइ पण शंका रहेती नथी अने सर्वज्ञे सूक्ष्म ज्ञान शास्त्रमां दर्शाव्युं छे ते सर्वे ज्ञानी महाराजना कह्या प्रमाणे शेहेलाइथी समजी जाय छे, ने जेने सम्यक्तमोहनीनुं जोर छे तेनाथी बधुं बराबर समजी शकाय नहि, कांइक शंका पडे, सम्यक्तमोहनीवाला करतां मिश्रमोहनीवालाने वधारे शंकाओ पडे. ते करतां मिथ्यात्वमोह-नीवालाने तो घणी ज शंका पडे. बधी वस्तु अवली ज समजाय. जे शुद्ध मार्ग ते अवलो ज भासन थाय. कंइक कंइक मिथ्या पुद्गल खसे, तेटलुं तेटलुं सहज कंइ खरूं भासे. माटे हरेक प्रकारे मिथ्यात्वमोहनी, मिश्र-मोहनी, सम्यक्तमोहनी नाश करवानो उद्यम करवो. ए त्रणे मोहनी सत्ता, बंध ने उदयथी संपूर्ण रीते नाश थाय छे त्यारे क्षायकसमकित थाय छे. वली ए त्रण मोहनी नाश थाय छे, तेनी साथे अनंतानुबंधी क्रोध, मान, माया, लोभ पण नाश थाय छे. एटले क्षायकसमकित प्रगट थाय छे, ते माणस तद्भवे मुक्ति जाय छे; पण कदापि सम्यक्त पामतां पहेलां जो बीजी गतिनुं—नारकी, देवतानुं आयुष्य बांध्युं होय तो बीजी गतिमां जाय, त्यांथी मनुष्यमां आवीने मुक्ति जाय, कदापि युगलियामां जाय तो युगलियामांथी देवतामां जइ त्यांथी मनुष्यमां आवी मुक्ति जाय एथी व-

धारे भव थाय नही. ए क्षायकसम्यक्तनी खुबी छे. वली जेने सम्यक्त-मोहनी गइ नथी, तेने क्षयोपशम सम्यक्त थाय छे. तेना उदयथी अनंतानुबंधी क्रोध, मान, माया, लोभ जाय छे. सत्तामां मिथ्यात्व रहे छे. उदयमां रहेतुं नथी. ए समकितवालाने पण मुक्तिनो निश्चय थाय छे. पण क्षायकवालानी पेठे तद्भवे मुक्ति जवानो निर्धार नहि, ज्यारे वधारे विशुद्धता थाय अने क्षायकसम्यक्त पामे त्यारे मुक्ति जाय; पण क्षायक-सम्यक्त पाम्या विना मुक्ति पामे नहि. क्षयोपसम सम्यक्त रहे तो छासठ सागरोपम सुधी रहे, वली सम्यक्त सहित आयुष्य पण देवलोकनुं बांधे अने देवता नारकी होय तो मनुष्यनुं ज बांधे, एवो ए सम्यक्तनो प्रभाव छे. दर्शनमोहनी टालवानां फल जाणीने जेम बने तेम एनो त्याग करवो अने ए त्रण दर्शनमोहनी ने पच्चीश चारित्रमोहनी ए सर्वे मलीने अठावीश मोहनी कर्मनी प्रकृति जाणवी. एनो सर्वथा त्याग थवाथी केवलज्ञान पामे. ज्यां सुधी ए मोहनीकर्म छे त्यां सुधी पूर्ण गुण प्रगटे नही अने ए प्रकृतिओमां वर्त्तवाथी ज पाछां आकरां कर्म बंधाइने संसारमां जीव रोलाय छे. वास्ते एनो त्याग करवो, एने आधारे ज जीवने संसार-मां भ्रमण छे. जीवने राग द्वेषनी प्रकृतिथी आ लोकने विषे अपयश थाय छे. जे जे वस्तु धर्मपदमां निषेध करी छे, ते ते वस्तु आदरवाथी आ भवमां पण दुःख छे ने आवते भवे पण तेथी दुःख छे माटे समभावे मोहनीकर्म क्षय करवानो उद्यम करवाने तत्पर थवुं.

वेदनीकर्ममां सुखनुं वेदवुं ते शातावेदनी कर्म. दुःखनुं वेदवुं ते अशातावेदनी कर्म. जे जीव पूर्वे नीतिमार्गे चाल्या छे, सत्य वचन बोल्या छे, अने जेमणे दया पाली छे, चोरीनो त्याग कर्यो छे, परस्त्रीनो त्याग वा स्वस्त्रीनो पण त्याग कर्यो छे. कोइ जीवने दुःख न थाय एवी वर्त्तणुक करी छे, धननी तृष्णानो त्याग करी परोपकारमां तथा साचा देव गुरुनी भक्तिमां द्रव्य वापर्युं छे एवी पुण्य करणी करवाथी शातावेदनी कर्म बांध्युं छे तेना प्रभावे पोताने अनुकूल सुखना पदार्थ मले छे, एथी विप-

Scanned by CamScanner

रीत करणीओ करी छे. जेम के जीवहिंसा करवी, जूठुं बोलवुं, पारकी वस्तु ग्रहण करवानो डर ज जेने नथी, कामभोगमां अति आसक्तिपणुं बनी रह्युं छे, तेना प्रभावे परस्त्री या पोतानी स्त्रीनो पण विचार नथी, वली तेथी अति कामांध थाय छे. पोतानी बहेन छोकरीनो पण विचार करता नथी, जे स्त्रीना उपर नजर पडी तेनी साथे भोगनी इच्छा करी रह्या छे. वली बधी स्त्रीयोनो योग तो बनतो नथी, पण मनथी इच्छाओ करीने कर्म बांधे छे. वली केटलीएकनो योग बने छे तेमां पण अतिशय लुब्धपणे काम सेवे छे. नाहि सेववा योग्य स्थानके चुंबन प्रमुख करे छे. वली पारकाने छेतरवा, विश्वासघात करवो, जेथी परने दुःख थाय एवां कृत्य करवामां तत्पर, शुद्ध देव गुरु धर्मनी हेलना निंदा, खोटा माणसनी प्रशंसा, बुरां काम करवाने तत्पर, अहंकारी, कषायवान, अति क्रोधी, महा आरंभ करी रहेला एवां दुराचरण सेववाथी अशातावेदनीकर्म बांधे छे. हवे तेमां पण एक बीजानी प्रकृतिमां फेरफार रहे छे. बुरुं काम बे माणस सरखुं करे छे. जेम के एक माणसने मारी नांखवो, तेमां एक तो फक्त प्राण ज ले छे ने एक तेना प्राण लइने पण पाछा तेना शरीरना ककडा करी नांखे छे तेने पाछा तेलमां तली नांखे छे, एवी रीते वधारे माठी प्रकृतिथी थाय छे. तेना कर्म बांधवामां पण फेर पडे छे. माटे जे आकरी प्रकृतिथी माठां कृत्य करे छे तेने आकरुं अशातावेदनीकर्म बंधाय छे ने तेथी मंद प्रकृतिए जो बुरुं काम करे छे तो मंद वेदनीकर्म बंधाय छे. तेम भोगवती वखत आकरां वेदनीकर्म कोइ भोगवे छे, कोइ मंद भोगवे छे. ए कर्मनो नाश भोगव्याथी थाय छे पण भोगवती वखते अज्ञानी जीवो दुःख भोगवतां केटलाएक तो भगवानने कहे छे जे हे भगवान्! में त्हारुं शुं बगाडयुं हतुं के आवुं दुःख मने दे छे? वली कोइ कहे छे के अरे! आ दुःख माराथी वेठातुं नथी, क्यारे मटशे? वली डाक्टरोना उपर द्वेष करे छे. वली घरना माणस उपर गुस्से थाय छे. रोगना चिंतवनना माठां ध्यान थाय छे. एवा अनेक प्रकारना जीव गेरव्याजबी विकल्पो करे छे

Scanned by CamScanner

तेथी जीव पाछां एथी वधारे आकरां कर्म बांधे छे अने जे धर्मिष्ट जीव छे ते तो दुःख आवे छे त्यारे पोताना कर्मनो दोष काढे छे के, पाछले भवे में अज्ञानपणे दुष्ट आचरण कर्यां हशे तेथी ते कर्म म्हारे भोगववुं ज जोइये. जेम सरकारनो गुन्हो कर्यो होय अने तेनी शिक्षा करी होय तो ते सरकारना हुकम प्रमाणे जो ते शिक्षा न भोगवीये, तो सरकार वधारे शिक्षा करे; तेम जो हुं विकल्प करीश ने समभावे एवुं दुःख नाहि भोगवुं तो पाछां नवां कर्म बंधाशे तो म्हारो आत्मा वधारे मलीन थशे. माटे म्हारे तो जे जे दुःख आव्यां छे ते ते समताभावे भोगववां के जेथी हवे एवां कर्म बंधाय नहि. एवी वर्त्तना करवी. वली भावना भावे जे हुं तो चेतन छुं, अनंतज्ञान दर्शन चारित्रवंत म्हारो आत्मा छे ते जडनी संगते में नहि करवा योग्य काम कर्यां पण ते दिवसें मने म्हारा आत्मानुं ज्ञान हतुं नहि, हवे तो हुं जाणुं छुं के म्हारो जाणवानो धर्म छे ते सुख दुःख जे आवे ते जाणवुं; पण मने दुःख थाय छे, पीडा थाय छे, एवा विकल्प करवा ए म्हारो धर्म नथी. एवा विचारो करी समभावमां रहे छे तेने तो पूर्वनां बांधेलां कर्म पण नष्ट थइ जाय छे ने नवां कर्म तेने बंधातां नथी. वली जे महा मुनिराज छे, ते तो पोताना ज्ञान ध्यानमां तत्पर रहे छे तेथी पोतानो स्वभाव छोडी दुःख तरफ तेमनुं ध्यान जतुं ज नथी एटले सहज्जे तेमने विचार करवो पडतो ज नथी. जेम के कोइ माणस भवाइ, नाटक जोवा जाय छे त्यां उभा उभा पोताना पग दुःखे छे पण तमासो जोवामां ध्यान छे त्यां सुधी पोताना पग दुःखता उपर लक्ष जतुं नथी, तेम ज मुनिमहाराज पण पोताना आत्मतत्वना ध्यानमां लीन थइ गया छे तेथी दुःख वेदनामां उपयोग जतो ज नथी, एवा पुरुषो तो ध्यान प्रभावथी पोतानां बांधेलां निकाचित कर्मने शिथिल करी नांखे छे ने पछी जलदी ते कर्मनो नाश करी मुक्ति पामे छे. तेम आत्मार्थिए तो जेम वधे तेम समभाव वधारवो. तेथी कर्म नाश थइने आत्मानी मुक्ति थशे, त्यारे अव्याबाध सुखनी प्राप्ति थशे. ए रीते वेदनीकर्मनुं स्वरूप जाणवुं.

Scanned by CamScanner

हवे नामकर्म—ते नामकर्मनी एकसो त्रण प्रकृति छे, तेना भेद नीचे मुजब—गति नामकर्म. जे पूर्वे बांध्युं होय ते. मनुष्य, तिर्यंच, नारकी अने देवता ए चार गतिमां जे गतिमां जवानुं कर्म बांध्युं होय ते गतिमां जाय. जाति नामकर्म. एकेंद्रि, बेरेंद्रि, तेरेंद्रि, चौरेंद्रि, पंचेंद्रि आ पांच जातिनां इंद्रि नामकर्म तेमांथी जेटली इंद्रि पामवानी बांधी होय तेटली ते गतिमां बांधे. तनु कहेतां शरीर ते पांच प्रकारनां छे. उदारिक शरीर जे आपणां छे ते तथा तिर्यंच पण उदारिक शरीरवाला छे. तथा वैक्रिय शरीर ते देवता नारकीनुं, ए शरीर पारा जेवुं छे. जेम पारो विखराइ जाय ने पाछो मली जाय तेम ए शरीरना नरकमां उपजती वखते ककडे ककडा करे छे ने पाछा सर्वे ककडा एकठा थइ आखुं शरीर थाय छे त्यार पछी पण परमाधामी दुःख देती वखते कापे छे, व्हेरे छे, तो पण पाछुं शरीर तैयार थाय छे विनाश पामतुं नथी. वली देवताओ खुशीथी न्हानुं शरीर करे छे, म्होटुं शरीर करे छे, नवां नवां रूप बनावे छे एवो वैक्रिय शरीरनो स्वभाव छे. त्रीजुं आहारक शरीर ते अतिशय ज्ञानी जे चौद पूर्वधर तेमने ए शरीर करवानी लब्धि होय छे. ते कोइक वखते कंइ शंका पडे छे तो मुठी वालेला हाथ जेटलुं शरीर बनावी तेने भगवान पासे प्रश्न पूछवा मोकले छे, ते घणा ज अल्पकालमां जइने पाछुं आवे छे, ते एवा मुनि महाराज शिवाय बीजानें थतुं नथी. चोथुं तैजस शरीर ते शरीरमां आहारने पचावे छे. कार्मण शरीर ते अति सूक्ष्म शरीरनी मांहि रहे छे, ज्यारे जीव आ गतिमांथी मरण पामी बीजे स्थानके जाय छे त्यारे ए तैजस ने कार्मण शरीर साथे जाय छे. कर्म पण कार्मण शरीरमां ज रहे छे. उदारिक वैक्रिय शरीरनी साथे ए तैजस, कार्मण शरीर हम्मेशां रहे छे. ए शरीर नामकर्म जेवी रीते बांध्युं होय तेवुं पामे छे.

उपांग नामकर्म. ते उदारिक आंगोपांग, वैक्रिय अंगोपांग, आहारक अंगोपांग ए त्रण शरीरने अंगोपांग छे ते जेवुं बांध्युं होय तेवां अंगोपांग थाय.

Scanned by CamScanner

पंदर बंधन छे. ते—उदारिक उदारिक बंधन, उदारिक तैजस बंधन. उदारिक कार्मण बंधन, उदारिक तैजस कार्मण बंधन, वैक्रिय वैक्रिय बंधन. वैक्रिय तैजस बंधन, वैक्रिय कार्मण बंधन, वैक्रिय तैजस कार्मण बंधन, आहारक आहारक बंधन, आहारक तैजस बंधन, आहारक कार्मण बंधन, आहारक तैजस कार्मण बंधन, तैजस तैजस बंधन, कार्मण कार्मण बंधन अने तैजस कार्मण बंधन ए रीते पंदर बंधन छे, ते पूर्वना बांधेला कर्म साथे नवां कर्मनुं एकमेकपणुं करी आपे छे. जेम माटीनुं वासण भाग्युं होय तो लाख चोड्याथी संधाय छे, तेम पूर्वना कर्म साथे नवां कर्म जोडी आपे छे.

पांच संघातन ते पांचे शरीरने नामे छे ते प्रकृति कर्मनां दलीयांने खेंचीने कर्मनी नजीक करे छे. पछी बंधन नामकर्मनी प्रकृति लखी छे ते एकमेक करी आपे छे.

हवे छ संघयण ते—वज्ररुषभनाराच संघयण. ते शरीरना हाडकांना सांधा एवा होय के एक बीजा हाथ साथे बन्ने कांडां पकड्यां होय तेम हाडकांना बंधारणना सांधा आगल होय, तेने मर्कटबंध कहे छे. वली बे सांधा तेना उपर पाटो होय, वच्चमां वज्रमय खीली होय एवा मजबूत सांधा होय तेने वज्ररुषभनाराच संघयण कहीयें. ए संघयणवालुं शरीर अतिशय बलवान् होय. तद्भव मुक्तिगामी जीवने ए संघयण अवश्य होय; केम के ए संघयण विना क्षपकश्रेणि करी शके नहि ने क्षपकश्रेणि विना केवलज्ञान पामे नहि. इहां कोइ प्रश्न करशे जे ए संघयणवालो अवश्य मुक्ति जाय ? ते विषे समजवुं के, ए संघयणवालो मुक्ति जाय ज एवो नियम नथी. ए संघयण पामीने प्रभुनी आज्ञा प्रमाणे सारां काम करे तो मुक्ति जाय ने प्रभुनी आज्ञा विरुद्ध दुष्ट कृत्य करे तो यावत् सातमी नरके जाय. सातमी नरके पण ए संघयण विना जता नथी. केम के संघयण बलवान् होय ते ज अतिशय बुरां काम करी शके छे, तेम सारां काम पण ते ज करी शके छे. हवे बीजुं रुषभनाराच संघयण, वज्रमय

Scanned by CamScanner

खीली न होय. बीजुं उपर मुजब होय. हवे त्रीजुं नाराच संघयण. तेने पाटो न होय, बे पासे मर्कटबंध होय. चोथुं अर्धनाराच संघयण. तेमां एक पासे मर्कटबंध होय. पांचमुं कीलिका संघयण. ते बे सांधानी वचमां खीली होय. छठुं छेवटु संघयण. ते हाडकाना छेडा एक एकने अडकीने रहे, हालमां ए ज संघयण छे, ने ज्यारे तीर्थंकर महाराज विचरता हता ते वखतमां ए छए संघयणवाला माणसो हता. जेणे जेवुं पुण्य बांध्युं होय, तेवुं संघयण पामे छें. हालमां पण महाविदेह क्षेत्रमां ए छए संघयणवाला मनुष्य छे.

हवे छ संस्थान. तेमां प्रथम समचौरस संस्थान ते शरीरमां नाभीएथी बन्ने खभा सुधी दोरी भरवी अने ते ज दोरी पद्मासने बेठेला घूंटणनी घूंटी सुधी भरवी. ते सरखी थाय तेने समचौरस संस्थान कहेवुं. ए शरीर सारुं शोभीतुं होय. बीजुं न्यग्रोध संस्थान ते उपरनो भाग सारो होय ने नीचेनो भाग नबलो होय, तेथी उतरतुं त्रीजुं सादि संस्थान होय. तेथी उतरतुं चोथुं वामन संस्थान. तेथी उतरतुं पांचमुं कुब्ज संस्थान. ते घणुं बेडोल होय. छठुं हुंडक संस्थान ते सर्व प्रकारे विपरीत लक्षणवालुं होय. ए शरीर आश्री संस्थान छे. पूर्वे जेवुं कर्म बांध्युं होय तेवां तेवां शरीरनां संस्थान थाय छें.

हवे पांच वर्ण ते लीलो, रातो, पीलो, श्याम अने उज्वल ए वर्णनामकर्म जेवुं बांध्युं होय तेवो शरीरनो वर्ण होय. गंध बे. ते सुरभिगंध तथा दुरभिगंध. जेणे जेवुं शुभाशुभ कर्म बांध्युं होय तेवो शरीरनो गंध होय. हवे रस पांच ते—तीखो, कडवो, खाटो, कषायलो एटले तूरो अने मधुरो, ए पांच रसमांथी जेणे जेवुं रस नामकर्म बांध्युं होय तेवा रसवालुं शरीर होय. स्पर्श आठ ते—हलवो, भारे, लूखो, चोपडो, टाढो, उनो, सुंवालो, बरसट ए आठ स्पर्श छे. तेमांथी जे जे नामकर्म बांध्युं होय ते प्रमाणे शरीरना स्पर्शो होय. आनुपूर्वी चार ते मनुष्यानुपूर्वी, देवानुपूर्वी, तिर्यंचानुपूर्वी, नरकानुपूर्वी, जे गतिमां जीवने जवुं छे ते गतिमां ते गतिना

आनुपूर्वीना पुद्गल जीवनें लइ जाय छे. ए आनुपूर्वीनो उदय ज्यारे मरण थाय छे त्यारे थाय छे.

हवे चालवानी गति बे प्रकारनी. ते—चालवानी रीत हाथी, वृषभ जेवी होय तेने शुभ विहायोगति कहीये. ने जेनी चालवानी रीत ऊंट, गधेडा जेवी होय तेने अशुभ विहायोगति कहीये. जेणे जेवुं कर्म बांध्युं होय तेवी चालवानी रीत होय छे.

हवे त्रस नामकर्म बांध्युं छे तेथी हालवा चालवानी शक्ति थाय छे. बादर नामकर्मथी शरीरने माणसो देखी शके एवुं बादर शरीर पामे छे. पर्याप्त नामकर्मथी जीव पूरी पर्याप्ति बांधी शके छे. प्रत्येक नामकर्मथी एक शरीर एक जीव होय. स्थिर नामकर्मथी शरीरनां हाडकां स्थिर होय. शुभ नामकर्मथी नाभी उपरनुं अंग जगत्‌मां पूजनीक कहेवाय छे. सौभाग्य नामकर्मथी सर्व जीवने वल्लभ लागे. सुस्वर नामकर्मथी कंठनो स्वर सारो होय. आदेय नामकर्मथी जेने वचन कहे ते माननीक होय, एना वचननुं कोइ अपमान करे नही. जश नामकर्मथी जगत्‌मां जशवाद पामे, कोइ अपजश बोले नही.

स्थावर नामकर्मथी जीव—स्थावरपणुं बांधे, तेथी स्थावर जे पृथ्वि, अप, तेउ, वाउ, वनस्पतिपणुं पामे. सूक्ष्म नामकर्मथी जीव एवुं शरीर बांधे के कोइ देखी शके नही. अपर्याप्त नामकर्मथी जीव पर्याप्ति पूरी कर्या शिवाय मरण पामे. साधारण नामकर्मथी एक शरीरमां अनंत जीवोने रहेवानुं होय, अस्थिर नामकर्मथी केश, कान, रुधिर अस्थिर होय. अशुभ नामकर्मथी नाभी नीचेनुं अंग अपूजनीक होय. दुर्भाग्य नामकर्मथी सर्व जीवने अनिष्ट लागे. दुस्वर नामकर्मथी कंठनो स्वर सारो न होय, गाय ते कोइने पसंद न आवे. अनादेय नामकर्मना प्रभावथी कोइने साची वात कहे, तो पण सामाना मानवामां आवे नही. कंइ पण बोले ते लोकने पसंद पडे नही. अपजश नामकर्मथी जीव कोइ पण काम करी जश पामे नही. ज्यां जाय त्यां जे करे तेमां अपजश पामे.

Scanned by CamScanner

पराघात नामकर्म बांध्युं होय तेथी पर जीव बलवान् होय तो पण आ जीवनुं मुख जुए के बीहे.

उच्छ्वास नामकर्मथी श्वासोच्छ्वास बराबर लइ शके ने तेमां कसर होय तेटली अडचण थाय. आताप नामकर्म ते सूर्यना विमानमां छे. जेनुं तेज खमी शकाय नहि तेवुं छे. उद्योत नामकर्म चंद्रमा तारा प्रमुखना विमानने होय. तेथी शीतलता तथा अजवालुं होय.

अगुरुलघु नामकर्मथी जेनुं शरीर जोइए एवुं होय. बहु भारे पण न होय तेम बहु हलकुं पण न होय. जेवुं जोइए तेवुं होय. निर्माण नामकर्मथी शरीरना अवयव ज्यां जोइए त्यां स्थपाय.

उपघात नामकर्मथी शरीरमां रसोली, पडजीभी, चोरदांत, खीली प्रमुख उपद्रव थाय ने शरीरने पीडा थाय.

तीर्थंकर नामकर्मथी तीर्थंकरनी पदवी पामे. असंख्याता देवता जेनी हाजरीमां रहे. समवसरण प्रमुखनी रचना थाय. एनुं मुख जोइ आनंद पामे, ने प्रभु धर्मोपदेश आपे ते ग्रहण करे. बाल जीवने धर्म पामवानुं मुख्य कारण छे. कारण जे माणसो चमत्कारना रसिया छे, ते रत्नमय समवसरणमां प्रभुने बेठा जोइ पहेलां तो जोवानी इच्छा थाय पछी देवता प्रमुख देशना सांभलता होय ते जोइने भगवान्नी विशेष प्रतीति आवे. तेथी ज भगवान्नी अमृतमय देशना सांभले के नजीक भवि जीव जलदी प्रतिबोध पामी जाय.

ए रीते नामकर्मनी १०३ प्रकृति छे. ते केटलीएक पुण्य उदयथी ने केटलीएक पाप उदयथी, जेवी जेवी बांधी होय ते प्रमाणे जीव पामे छे. एमां पण अशुभ नामकर्मनी प्रकृति उदय थाय छे, त्यारे अज्ञानी जीव दिलगीर थाय छे. शुभनी उदय थाय छे त्यारे खुशी थाय छे. ए खुशीने दिलगीरी बन्ने अशुभ कर्म बांधवानुं स्थान छे. ने ज्ञानवान् पुरुष अशुभ शुभ गमे ते उदय थाय छे, त्यारे तेमां राजी के दिलगीर थता नथी. तेओ एम जाणे छे के जेवां पूर्वे बांध्यां छे, तेवां उदय आव्यां छे. एमां म्हारे राजी

Scanned by CamScanner

थवानुं के दिलगीरी करवानुं कांइ कारण नथी. एम विचारी पोते समभावमां रहे छे. तेथी अनुक्रमे विशुद्ध थइने कर्मथी मुक्त थाय छे ने अरुपी गुण प्रगट करे छे एटले सिद्धिने पामे छे.

गोत्रकर्म ते बे प्रकारनुं—उच्चगोत्र तथा नीचगोत्र. उंचगोत्र पण आठ प्रकारे श्री पन्नवणा सूत्रमां कह्युं छे. ते प्रमाणे लखुं छुं.

१ उंची जाति पामे, २ उंचुं कुल पामे, ३ सुंदर रूप पामे, ४ सारुं बल पामे, ५ धनवान्पणुं, ६ ठकुराइपणुं ते राज ओद्धा शेठाइपणुं प्रमुख, ७ विद्वानपणुं, ८ तपश्चर्या करी शके. आ आठ वस्तु उच्चगोत्रना प्रभावथी मले छे. ने ए ज आठ वस्तु जीव नीचगोत्रथी विपरीतपणे पामे छे. अर्थात् नीच जाति प्रमुख पामे छे. ए कर्म पण समभावे ज्ञानी पुरुष भोगवे छे ने एने खपावी अगुरुलघु गुण उत्पन्न करी सिद्धमां रहे छे.

अंतरायकर्म तेनी पांच प्रकृति छे. तेमां दानांतराय कर्मथी छती वस्तु छे, लेनार पात्र छे, तो पण दान देइ शके नहि.

लाभांतरायथी लाभ मली शके नहि. भोगांतराय ते भोगववा योग्य वस्तु होय पण भोगांतराय कर्मना प्रभावथी भोग भोगवी शके नहि. उपभोगांतराय ते उपभोग वस्तु जे वारंवार भोगववामां आवे ते. मल्या छतां पण शोक प्रमुख आवी पडे तेथी उपभोग करी शके नहि. वीर्यांतराय ते बल वीर्य पामे नहि. कदापि पामे तो धर्मना काममां वीर्य फोरवी शके नहि. ए पांच प्रकृतिनो अंत केवलज्ञान पामती वखत थाय छे ने थोडो थोडो नाश तो आगल पण थाय छे. तेथी तेटलुं काम थइ शके छे.

आठमुं आयुकर्म ते—चार प्रकारे मुख्यपणे मनुष्य, देवता, तिर्यंच ने नारकी ए चार प्रकारना आउखामांथी जे गतिनुं आयुष बांध्युं होय, ते गतिमां जीव जाय छे. ए रीतनां आठे कर्म करे छे. तेणे करी जीव संसारमां रोलाय छे. ए आठ कर्मनो नाश थाय छे, त्यारे सिद्ध भगवान् थाय छे. तेने फरी संसारमां आववुं पडतुं नथी, ने जन्म मरण पण करवां पडतां नथी.

Scanned by CamScanner

५३ प्रश्नः—ए आठे कर्म जीव शुं करवाथी बांधे छे ?

उत्तरः—ए आठे कर्म बांधवानां घणां कारण छे, पण मुख्यपणे सत्तावान हेतु छे. ते आ प्रमाणेः—मिथ्यात्व पांच ते—अभिग्रह मिथ्यात्व. तेथी कुगुरु, कुदेव, कुधर्मनो खोटो हठ पकडेलो छे ते मूके नहि. म्हारा बाप दादा करता आव्या ते करवुं, बीजी रीते जे पुद्गलिक वस्तुने म्हारापणे अति आग्रहथी मानी रह्यो छे, ते पण मिथ्यात्व छे. अनभिग्रह मिथ्यात्व ते सुदेव अने कुदेव ए बन्नेने सरखापणे माने; पण गुणीने गुणीपणे मानवा, अगुणीने छोडवा ते करी शके नहि. त्रीजुं अभिनिवेशीक मिथ्यात्व ते—साचा देव गुरु धर्मने ओलखे, पण ममत्वने वश आदरे नाहि ने तेनी हीलना करे. संशयीक मिथ्यात्व ते सर्वज्ञना वचनमां संशय करवो. अनाभोग मिथ्यात्व ते धर्म कर्मनी कंइ पण खबर नाहि. जड जेवो माणस होय, धर्मनी बिलकुल रुचि होय नहि. ए पांच मिथ्यात्व अने बार अव्रत, ते पांचे इंद्रि ने छठुं मन तेना विषयमां लुब्धपणे वर्त्ते, ते छ तथा छकाय जेमां पृथ्विकाय ते माटी, मीठुं, धातु विगेरे, अप्काय ते पाणी, तेउकाय ते अग्नि, वाउकाय ते पवन, वनस्पतिकाय ते लीलोत्री, ने त्रसकाय ते बेरेंद्रि, तेरेंद्रि, चौरेंद्रि, पंचेंद्रि एमां पांच इंद्रिवाला मनुष्य अने तिर्यंच ते पंखी, ढोर ते—गाय, भेंस, घोडा, बकरा, शियाल, हरण विगेरे तथा समुद्रनां न्हानां म्होटां माछलां, मगरमच्छ प्रमुख ए आदि घणी जातना सर्प प्रमुख छे ते, तथा देवता ने नारकी ए चार जातनां पंचेंद्रि जीवो छे. ए छकायना जीवनी हिंसा करवी. ते छ, एम बार अव्रतथी जीव कर्म बांधे छे.

पच्चीश कषाय ते पचासमा प्रश्नना उत्तरमां मोहनीकर्मना स्वरूपमां चारित्रमोहनीनी पच्चीस प्रकृति कही छे, ते जाणवी. ते सेव्याथी जेवी जेवी कषायनी प्रकृति थाय छे, तेवुं तेवुं कर्म बांधे छे. कर्म बांधवानुं बीज ज ए छे. तीव्र मंद कषायने ज संबंधे कर्म बंधाय छे.

योग ते मन वचन कायाना योग. तेमां मनयोग चार प्रकारे. सत्य

Scanned by CamScanner

मनयोग ते साचा विचार करवा, असत्य मनयोग ते खोटा विचार करवा. सत्यासत्य मनयोग ते साचुं छे पण असत्य छे, ते कोइ आंखे काणो छे तेने काणो कहेवाथी ते माणसने बहु दुःख थाय छे. बीजुं पण जे जे छिद्र होय ते प्रगट करवाथी ते जीवने दुःख थाय छे माटे ए साचुं छे पण तेथी असत्यनुं कर्म बंधाय छे. चोथो असत्य सत्य मनयोग. ते कोइ स्त्री कंइ कारणशर पुरुषनो वेश पहेरीने आवी छे, ते जोइने ओलखी पण मनमां विचार आव्यो जे एने स्त्री कहीश तो एनुं गोपवेलुं खुल्लुं थशे ने एने नुकशान थशे. ए वातना रक्षणार्थे तेने पुरुषनो वेष जोइ पुरुष कही बोलावे छे ते पोताना जाणवामां छतां बोलाववुं ते असत्य छे; पण तेनुं मान जालववा कहेवुं छे, वास्ते असत्य नथी. एम हरकोइने नुकशाननो बचाव करवा कहेवुं थाय ते असत्य छे पण मृषा नथी, आ प्रमाणे मनमां चिंतववुं ते मनयोग, ने बोलवुं ते ए ज प्रमाणे वचनना पण चार योग जाणवा. हवे सात कायाना योग ते उदारिक काययोग, वैक्रिय काययोग, आहारक काययोग, उदारिक मिश्र काययोग, वैक्रियमिश्र काययोग, आहारकमिश्र काययोग, ए मिश्र काययोग जे वखत उदारिकादि शरीर तैयार नथी थयां, तेनी अगाउ होय छे, छेल्लो कार्मण काययोग एक भवमांथी बीजा भवमां जतां रस्तामां उदय थाय छे. त्यार बाद जीव आवीने पोताना पितानुं वीर्य ने माताना रुधिरनो पहेलो आहार ग्रहण करे छे. त्यार पछी ज्यां सुधी शरीरनी शक्ति बांधी नथी, त्यां सुधी उदारिक मिश्रयोग छे. त्यार बाद उदारिक काययोग थाय छे. ए साते योगमांथी जे जे योग प्रवर्त्ते, ते प्रमाणे कर्म बंधाय छे. ए प्रमाणे पांच मिथ्यात्व, बार अव्रत, पच्चीश कषाय ने पंदर योग, कुल ५७ कर्म बांधवानां कारण छे. तेमां जेटलां जेटलां प्रवर्ते, ते माफक जीव कर्म बांधे छे. वास्ते ए सत्तावन हेतुमांथी जेटलां टले तेटलां टालवानो खप करवो ने बधां खपी जशे त्यारे तो सिद्धि पामशे.

५४ प्रश्नः—जैनदर्शनमां कर्म बांधतां रोकवानो तथा जूनां पूर्वनां बां-

Scanned by CamScanner

धेलां कर्म नाश करवानो शुं उपाय बताव्यो छे ?

उत्तरः—चौद गुणस्थान कह्यां छे. तेमां अनुक्रमे गुण वृद्धि करीने चौ· दमुं गुणस्थान पामीने जीव सिद्धिने पामे छे. ते गुणस्थान नीचे मुजब.

मिथ्यात्व गुणस्थानमां जीवो रहेला छे, तेना प्रभावे विपरीत बुद्धि थइ छे. परवस्तु जे पुद्गलिक पदार्थने शरीर, धन, कुटुंबादिकने म्हारुं मानी तेमां लुब्ध थइ रह्यो छे त्यां सुधी तो संसार छे.

बीजुं सास्वादन गुणस्थानक ते जीव उपशम समकित पामीने पडे छे ने मिथ्यात्वे पहोच्या नथी, त्यां सुधी वचमांनो काल छ आवलिका उ-त्कृष्टो तेटली वार रहे छे. जेम कोइ माणसे खीर खांडनुं भोजन कर्युं होय ने पछी वमन करे छे ते वखत पण मुखमां मीठाश लागे छे; तेम सम-कितथी पडे छे तो पण समकित संबंधिना कंइक सारा अध्यवसाय रहे छे, तेनुं नाम सास्वादन गुण स्थान छे. इहां कोइने शंका थाय जे पहेले बीजे विशुद्ध अध्यवसाये चडे तेनुं स्वरूप जोइने तेने बदले इहां पडता भावनुं बीजुं स्थान कह्युं ते शुं ? ते विषे जाणवुं जे ज्ञानी महाराजें ज्ञानमां चडता पडताना अध्यवसायनां स्थानक जोयां, तेमां एक एक थकी चड-ता अध्यवसाय जोया, तेमां बीजी पायरीना अध्यवसाय कोइना चढता जोया नहि, पडताना ज बीजी पायरीना अध्यवसाय थतां जोया, तेथी पडताना अध्यवसायनुं स्वरूप कह्युं. चढता तो पहेला गुण स्थानकना भावथी विशुद्ध भावे त्रीजा गुणस्थानना भाव थता जोया. तेथी पहेलेथी त्रीजे गुणस्थानके जाय.

त्रीजा गुणस्थाननुं नाम मिश्रगुणस्थानक छे. ए गुणस्थाने मिथ्यात्वभा· वनो नाश थाय छे, पण समकित योग्य थता नथी. वचमानां अध्यवसाय थाय छे ते मिश्रभाव कहीए. ए गुणस्थाने शुद्ध देव गुरु धर्म उपर द्वेष हतो तेनो नाश थइ जाय छे. वधारे स्वरूप मिश्रमोहनीनो दर्शाव आ· गल करी गया छीए तेथी जाणवुं, ए मिश्रमोहनीनो नाश थाय छे त्यारे जीव समकित पामे छे अने चोथुं गुणस्थान पामे छे. इहां कोइने शंका

Scanned by CamScanner

थशे के, जेने धर्मने विषे राग पण नथी ने द्वेष पण नथी, एवी प्रकृति-वाला त्रीजुं गुणस्थान पामे छे तेम छतां ए गुणस्थानवालाने तो मुक्तिनी नियमा कही छे; त्यारे जेटला जैनी छे तेनी तो बधानी मुक्तिनी नियमा थइ ? ए विषे जाणवुं जे मुक्तिनी नियमा तो मिथ्यात्वभाव ज शरीर, धन पुत्र ते उपर म्हारापणुं वर्त्ते छे ते भाव ज्यारे टले, ने अंतरंगमां शुद्ध भाव थाय छे त्यारे थाय छे. वली आगल प्रश्न १८ मामां विशुद्ध मार्गानुसारी-ना गुण कह्या छे ते गुणो प्रगट थाय छे त्यारे भवनी नियमा थाय छे. ते मार्गानुसारीना गुण प्रगट थया नथी ने तेथी अन्याय प्रवृत्तिमां तो कुशल रह्या छे ने नाम जैनी धरावे, तेथी भवनी नियमा तो न थाय; पण श्रावक नाम धरावी अन्यायनी प्रवृति करे, तेथी जैनधर्मनी लघुता थाय. तो जेनाथी लघुता थाय तेने मुक्तिनी नियमा केम थाय ? इहां कोइने शंका थशे के, जैनकुलमां उत्पन्न थवुं तो पुण्य प्रभावे कह्युं छे, तेम छतां मुक्तिनी नियमा न थइ ते शुं ? ते विषे जाणवुं जे जैनकुलमां उत्पन्न थवाथी तो म्होटो फायदो छे, कारण जे उद्यम करे तो यथार्थ आ-त्मधर्म प्रगट करवानुं साधन छे ने उद्यम करीने मेलवे तो आत्मानी अ-ज्ञानता टली जाय अने मुक्तिए जाय अथवा मुक्तिनी नियमा पण थाय परंतु ते जैनकुलमां जे रीते प्रभुजीए धर्मप्रवर्त्तना करवानी कही छे, ते प्रकारे करे नहि. जे अन्यायादिक निषेध करवाना कह्या छे ते छोडे नहि ने नाम मात्र श्रावकपणुं धारण करे; तो तेथी मुक्तिनी नियमा केम थाय ? ए तो पूर्वे पुण्य बांध्युं हतुं ते नकामुं गुमाव्युं. वास्ते प्रभुनी आज्ञाए व-र्त्तवाथी गुण थशे ने जेनामां मार्गानुसारीना गुणो आव्या छे ते तो त्रीजुं गुणस्थान स्पर्श करीने चोथुं गुणस्थानक पामशे ते कहीए छीए. केटला-एक जीव आज्ञा पाली शकता नथी; पण मनमां धर्म साचो छे एम जाणे छे, जैनधर्म उपर राग वर्त्ते छे. ए पण परंपराए मुक्ति पामवानुं का-रण छे.

चोथुं अविरतिसमकित गुणस्थान. ते क्षायक भावे पामे तो अनंतानुबंधी

Scanned by CamScanner

क्रोध, मान, माया, लोभ, समकितमोहनी मिश्रमोहनी अने मिथ्यात्वमोहनी ए सात प्रकृति, सत्ता, बंध, उदय ए त्रणे प्रकारे नाश थइ जाय छे, तेने क्षायक समकित थाय छे. ने जेने क्षयोपशम समकित थाय तेने तो ए साते प्रकृति सत्ताए तो रहे छे पण बंधमांथी टली जाय छे. ते विषे जाणवुं जे त्रण मोहनी छे तेमां बंध तो मिथ्यात्वमोहनीनो छे. मिश्र, समकितमोहनीनो बंध नथी, कारण जे ए त्रण नाम मिथ्यात्वमोहनीना विभाग पडवाथी थाय छे. जेम के चोखा उपर छोडां छे ते चोखानुं ढांकण छे पण छोडां निकली जाय छे तो पण छोडांनो अंश रहे छे. ते नीकले छे त्यारे तेनुं नाम कुशकी कहेवाय छे. वली कुशकी निकली गया पछी पण चोखा पाणीथी धुए छे त्यारे तेनुं नाम चोखानुं धोवण कहेवाय छे, एम जूदां जूदां थाय छे ने तेना स्वभावमां पण फरक रहे छे, तेम मिथ्यात्वना पुद्गल खसे छे त्यार पछी कुशकी रूप पुद्गल रहे छे तेनुं नाम मिश्रमोहनी कहेवाय छे, वली ते जाय छे त्यारे सहज अंश रहे छे तेनुं नाम समकितमोहनी छे. ए त्रणे प्रकृति मिथ्यात्वनी छे. तेथी मिथ्यात्वनो बंध छे. ते क्षयोपशम समकितवालाने टली जाय छे. हवे उदयथी अनंतानुबंधी क्रोध, मान, माया, लोभ तथा मिथ्यात्वमोहनी, मिश्रमोहनीनो नाश थाय छे ने समकितमोहनीनो उदय रहे छे तो पण ए समकितवालाने मुक्तिनी नियमा छे एक वखत समकित फरशीने कदापि वमी गयो तो पण फरी पामशे ने अंते मुक्ति जशे. वली उपशम भावनुं उपशम समकित थाय छे. ते उपशम भावनुं चोथुं गुणस्थान पामे छे. ते उपशम समकितवालाने साते प्रकृति सत्तामां रही छे पण उदय तथा बंधमां नथी, ए चोथा गुणस्थानवालाने सडसठ बोल प्राप्त थाय छे. उपाध्याय श्री जशविजयजी महाराज समकितनी सझ्झाय करी छे, तेमां तेनो विस्तार छे, त्यांथी जाणवुं. पण तेनां पांच लक्षण इहां कहीए छीए.

पहेलुं उपशम लक्षण ते—अपराधी साथे पण रोषभाव राखे नहि. कोइ माणसे गमे तेवो अपराध कर्यो होय ने तेनुं कंइ काम पोताना हाथमां आ-

च्युं होय तो पण तेनुं काम बगाडे नहि.

बीजुं संवेग लक्षण ते—देवता मनुष्यना सुखने सुख जाणे नहि. संसारने उपाधि जाणे, आत्मा जेटलो कषाय प्रकृतिथी मुक्त थाय ने आत्मानो गुण प्रगट थाय तेटलुं सुख माने अने केवल मुक्तिनी अभिलाषा रहे ते संवेग लक्षण.

निर्वेद ते—संसारमां रह्यो छे, पण संसारमांथी निकलवाने अतिशय चित्त थयुं छे, संसार बंधीखाना सरखो लागे छे—क्यारे आ संसार उपाधि जड भावनी ते छोडुं ने म्हारा सहज स्वभावमां रहुं ? एवी भावना रात्री दिवस बनी रही छे. कोइ कहेशे जे एवा भाव छे ते छतां संसारमां केम पडी रह्यो छे ? ते विषे जाणवुं जे पूर्वनां भोगकर्म तीव्र बांधेलां होय ते बंधनने लीधे जीव मूकी शकतो नथी. मूके तो पण निकाचित कर्म पाछां उदय आवे छे, कर्मनी गति विचित्र छे पण ते विचित्र कर्म मटाडवानो उपाय तत्वरमण छे. ते जेम जेम विशुद्धि थाय तेम तेम जडता नाश पामे छे.

चोथुं अनुकंपा लक्षण ते दुःखीया जीवने दुःख टालवा शक्ति माफक उद्यम करे. छती शक्ति दया करवाने गोपवे नहि. ए द्रव्य अनुकंपा अने भाव अनुकंपा ते धर्म रहित जीवने पोतानी ज्ञान शक्तिथी धर्मोपदेश करीने धर्म पमाडवो. इहां कोइने शंका थशे जे प्रश्न १३ मामां तो गुरु पासे धर्म सांभलवो कह्यो छे त्यारे शुं श्रावक पासे धर्मोपदेश सांभलवो ? ते विषे जाणवुं जे श्रावकने भावदया लक्षण ए ज छे जे धर्म पमाडवो. वास्ते मुनिमहाराजनो योग होय त्यां सुधी मुनिमहाराज पासे सांभलवो ने मुनिमहाराजनो योग न होय तो वडील श्रावक धर्म संभलावे ने श्रावक श्राविका सांभले. श्रावकने धर्म संभलाववानो अधिकार श्री भगवतीजीमां तथा धर्मरत्न प्रकरणमां छे तथा उपदेशमालामां छे तथा आवश्यकनी चूर्णीमां छे तथा वंदित्तानी गाथा " पडिसिद्धाणं करणे, किच्चाण मकरणे पडिक्कमणं ॥ असद्दहणे अ तहा, विवरीय परूवणाए य. " आ

गाथाना अर्थमां अर्थदीपिकाना कर्त्ताए विस्तारे वर्णन कर्युं छे. वली शांतिनाथजी महाराजना आगला भवोमां पोसह लइ शास्त्र संभलावे छे एम अधिकार छे. वली एवी रीते घणे ठेकाणे धर्मोपदेश देवानो अधिकार छे, वास्ते शक्ति प्रमाणे धर्मोपदेश करे ने जीवने हरेक प्रकारे धर्ममां जोडे ते भावदया लक्षण.

पांचमुं आस्तिक्यता लक्षण ते–जिनराजे प्ररूपेला आगम उपर, पंचांगी उपर आस्ता होय, पण मांहि शंका न होय. कारण जे जिनेश्वर छे ते राग द्वेष रहित छे तेथी तेमने वधतुं ओछुं कहेवानी जरूर नथी एवो निर्धार कर्यो छे. वली जे आगम छे ते न्याय युक्त छे. आगमना वचनमां कोइ जग्या उपर शंका थाय एवुं नथी. जे जे वातो छे ते न्यायथी सिद्ध थाय छे. वली जे जे वस्तु आगममां कही छे ते करतां अधिक दर्शावेली बीजा शास्त्रोमां देखाती नथी. आत्माने राग द्वेषथी मुक्त करवो ते जैनशासनमां कह्युं छे. ते ज वेदांत, न्याय, सांख्य, बौध ए सर्वे दर्शनवाला कहे छे, पण जैन करतां अधिक मोक्षनां साधन बीजा दर्शनोमां देखातां नथी. वली सूक्ष्म आत्म स्वरूपनी वातो जेटली जैनदर्शनमां बतावेली छे, एटली बीजा कोइ पण दर्शनमां देखाती नथी. वली निज स्वरूपमां जोडनारां व्यवहारिक साधन जैनमां बताव्यां छे, तेथी अधिक साधन बीजा दर्शनोमां देखातां नथी अने जैननां साधनोथी जलदी राग द्वेषनी प्रकृति शांत थाय छे. वली पुण्य पापना माननारा नास्तिक शिवायना यवन लोक प्रमुख छे पण जैनथी अधिक माननारा कोइ नथी. जैनमां पुण्य पापनां स्वरूप सारी रीते दर्शाव्यां छे अने मोक्ष साधनना उपायो जे जे बताव्या छे ते ते सर्व दर्शन करतां अधिक देखाड्या छे. तेथी चित्तमां जैनदर्शन उपर अतिशय आस्ता थइ छे. वली नास्तिकतानो मत न्यारो पडे छे. ते मत कंइ व्याजबी नथी. तेनुं स्वरूप थोडुं लखुं छुं. रायपसेणी सूत्रमां केशी गणधर महाराजे परदेशी राजाने समजाव्या छे, तेमां नीचे मुजब सारांश छे.

Scanned by CamScanner

परदेशी राजाए प्रश्न कर्युं जे आप कहोछो के जीव ने शरीर जूदां छे अने जेवुं कर्युं होय एवुं भोगवे; तो म्हारो बाप नास्तिक मति हतो, घणी हिंसा प्रमुख करतो, ते मरण पाम्यो छे. ते नरके गयो जोइए ने तेम थयुं होय तो नरकनां दुःख जोइने ते मने पाछा आवीने कहेत जे में पाप कर्यां छे तेथी नरकनां हुं दुःख भोगवुं छुं वास्ते तुं पाप न कर ने धर्म करे के दुःख न भोगववां पडे. एवी रीते आवीने कहे तो हुं जीव ने शरीर जूदां मानुं. उत्तर—केशी महाराज कहे छे जे—हे परदेशी ! त्हारी सूर्यकांता नामे स्त्री छे ते सर्व प्रकारे आभूषण शृंगार पहेरीने बेठी छे एवामां कोइ उल्लंठ पुरुष तेनी साथे खोटी वर्त्तणुंक करे ने तेने तुं देखे तो तेने, तेने घेर जवा दे ? परदेशी कहे छे—तेने तो शूलीए चडावुं. अनेक विटंबना करुं. तेने घेर जवा देउं नहि. त्यारे केशी महाराज कहे छे. जेम तुं तेनो विनाश करे ने जवा दे नहि, तेम नरकमांथी परमाधामी पण आववा दे नहि. एटले ते शी रीते अहि आवे ! त्यां दुःख ज भोगव्या करे.

परदेशी राजाए प्रश्न कर्युं जे—म्हारा बापनी माता घणी धर्मिष्ट हती ते नित्य पौषध प्रतिक्रमण करती हती. दान देती हती. ते तमारा कहेवा प्रमाणे देवलोके जवी जोइए; तो ते देवतानुं सुख भोगवे छे ते आवीने मने कहे जे तुं धर्म कर. जेथी देवलोकमां हुं घणुं सुख भोगवुं छुं. ते तुं भोगवे. एवुं आवीने कहे तो हुं जीव जूदो मानुं.

केशी गणधर महाराज कहे छे जे—तुं नाही धोइ सुंदर धोयेलां वस्त्र आभूषण पहेरी सुंदर पूजानां उपकरण लइ देव पूजवा जतो होय, एटलामां कोइ माणस कहे जे आ विष्टाना ओरडामां आवो, विश्राम ल्यो, उभा रहो, बेसो, सूओ. एम कहे तो तुं त्यां जाय ? त्यारे परदेशी राजा कहे छे के, ते वचन मात्र पण सांभलुं नहि ने जउं पण नाहि. एवुं परदेशी राजाए कह्युं. त्यारे केशीस्वामी कहे जे—ए दृष्टांते देवलोकने विषे देवता उत्पन्न थाय छे, त्यां दिव्यसुख दिव्यभोग अतिशय सुंदर महा सुगंधमय छे, तेमां

लीन थाय छे तेनी साथे स्नेह बंधाय छे. वली अत्रेना सगानो स्नेह त्रूटे छे ते छतां आववानो विचार करे जे बे घडी पछी जउं छुं, तो त्यांना म्होटां आयुष्य तेथी बे हजार वर्ष वही जाय छे एटले तो इहांना सगानुं आयुष्य टूंकुं छे माटे भव बदलाइ जाय छे तेथी तथा मनुष्यक्षेत्रमां उदारिक शरीरने लीधे निहारादिकनी दुर्गंध चारसे पांचसे योजन सुधी उछले छे, ते दुर्गंधने लीधे तेओ आवी शकता नथी. तेथी तने आवीने त्हारा बापनी माता क्यांथी कहे? अहिं आववुं ज दुर्धर छे.

परदेशी राजाए प्रश्न कर्युं जे—में एक दिवस एक चोरने लोहमय कोठीमां घाल्यो, तेनां सर्व छिद्र बंध कर्यां, कंइ पण तेमांथी नीकलवानी जगो राखी नहि, तेम छतां केटलाए दिवसे ते कोठी उघाडी तो तेमां जीव हतो नहि. तेम जो शरीरथी जीव जूदो होय तो कये रस्ते ते कोठीमांथी नीकल्यो? माटे जीव जूदो नथी.

केशी गणधर महाराजे उत्तर कर्यो जे—एक म्होटा मकानमां भोंयरुं छे, ते भोंयरामां जइ तेमां रहीने ढोल वगाडे. वली ते भोंयरानां सर्वे बारणां बंध कर्यां होय, कंइ पण छिद्र राख्युं न होय, ते छतां ते अवाज बहार आवे के नहि? परदेशी राजा कहे के आवे, वली केशी महाराज कहे छे के जेम छिद्र विना ढोलनो अवाज बहार निकले छे, तेम जीव पण बहार नीकली गयो.

फरी परदेशी राजाए प्रश्न कर्युं जे—में एक कोठीमां चोरने घाल्यो हतो, तेनां छिद्र बंध कर्यां हतां ते छतां ते कलेवरमां कीडा उत्पन्न थया हता ते क्यांथी आव्या?

केशी महाराज उत्तर करे छे के—लोढाने अग्निथी तपावीए छीए. ते लोढाने कंइ छिद्र नथी तेम छतां तेमां अग्नि जेम प्रवेश करे छे तेम जीव प्रवेश करे छे. जीवनुं रूप देखवामां आवतुं नथी.

परदेशी राजए प्रश्न कर्युं जे—कोइ जवान, बुद्धिवान् तेम ज निरोगी माणस बाण नांखे, तेवुं ज बाण कोइ रोगी पुरुष बाल अवस्थावालो नां-

Scanned by CamScanner

खी शकशे ? अर्थात् नहि नांखी शके. तमारा कहेवा प्रमाणे जीव तो तेमां पण छे पण शरीरना बलनी खामीथी नांखी शकतो नथी. वास्ते शरीरं छे ते ज छे. बीजुं कंइ नथी.

केशी महाराजे उत्तर कर्यो जे—कोइ जवान पुरुष छे, वली बलवान् छे पण तेनी पासे जूनी कावड छे तो ते कावडमां भार उठावी शकशे ? अर्थात् नहि उठावी शके. कारण जे कावड भागी जाय तेम जीवनी साथे शरीरनो संबंध छे ते शरीर निर्बल छे, बाल अवस्था छे, तेथी बाण मारी शकतो नथी.

परदेशी राजए प्रश्न कर्युं जे—एक चोरने में जीवतां तोल्यो, ने ते ज माणसने शस्त्र विना मारी नांख्यो, ने में फरी तोल्यो तो तेनुं वजन ओछुं वधतुं थयुं नहि. तेथी जीव जूदो होय तो तोल ओछुं थात ते थयुं नहि. तेथी जीव जूदो संभवतो नथी.

केशी महाराजे उत्तर कर्यो जे—चामडानी धमण खाली होय तेने तोलीए ने तेनी मांहि पवन भरीने तोलीए तो तेमां कंइ फेर पडतो नथी, तेम जीव छे तेनुं वजन नथी. कारण जे अरुपी छे माटे घट वध जणाइ नहि.

परदेशी राजाए प्रश्न कर्युं के—में एक पुरुषना शरीरमां बधे जीव जोयो ते न जणायो. पछी ककडा करीने जोयो. पछी घणा ज न्हाना ककडा करीने जोयो, पण जीव जणायो नहि. वास्ते जीव जूदो नथी.

केशी महाराजे उत्तर कर्यो जे—कोइ पुरुषो वनमां गया. त्यां रसोइ करवाने अग्नि जोइए छीए, ते सारु काष्टना घणा ककडा करीने जोया, पण अग्नि दीठो नाहि; त्यारे विलखा थइने बेठा छे. एटलामां तेमांथी एक बुद्धिवंत पुरुष हतो ते बोली उठ्यो जे तमे नाहि धोइ देवनी पूजा करो एटले हुं अग्नि उत्पन्न करी रसोइ तैयार करुं छुं. पछी ते पुरुषे वनमां जइ अरणीनुं काष्ट लीधुं. तेना बे ककडा करी एक बीजा साथे घस्या के तुरत अग्नि प्रगट थयो ने रसोइ करीने जम्या. तेम शरीरना ककडा करवाथी

जीव जणाय नहि. जेम बुद्धिथी अग्नि उत्पन्न कर्यो; पण ककडा करवाथी अग्नि देखायो नहि. तेम जीव ककडा करवाथी देखाय नहि. ज्ञानवान् पुरुषना ज्ञानथी जीव जणाय.

परदेशी राजाए प्रश्न कर्युं जे—आ दृष्टांत बताव्यां पण प्रत्यक्ष हाथमां झालीने जीव बतावो तो हुं मानुं.

केशी महाराजे उत्तर आप्यो जे आ झाडना पानडां शाथी हाले छे ? कोइ देवता प्रमुख हलावे छे ? परदेशी राजाए कह्युं जे वायुथी हाले छे. त्यारे केशी महाराजे कह्युं जे—पवनने तुं देखे छे ? राजाए कह्युं जे हुं नथी देखतो. त्यारे गुरुए कह्युं जे—जेम पवन नथी देखतो; पण माने छे, तेम जीव देखातो नथी; पण लक्षणथी जणाय छे ने केवलज्ञानी महाराज प्रत्यक्ष देखी शके छे, बीजा देखी शकता नथी. एवी युक्तिथी केशी महाराजना धर्मोपदेशथी परदेशी राजाए नास्तिक मत छोडी दीधो ने जीव अजीवादि नव तत्वनी श्रद्धा करी श्रावकनां व्रत लीधां.

आ मुजबना घणी एक रीते नास्तिकवाद शास्त्रमां निराकरण करेला जोया छे, सांभल्या छे, तेथी प्रभुना मार्ग तथा आगम उपर पूर्ण आस्ता थइ छे. स्वप्नामां पण संशय नथी, ते आस्तिक्यता लक्षण जाणवुं.

ए पांचे लक्षण सम्यद्दक्ष्टिने होय. ते विचारवां अने न होय ते प्रगट करवानो उद्यम करवो. मुख्य उद्यम ए छे के हरेक धर्मनी वातो सांभलीने आत्मामां विचार करवो के म्हारामां आ गुण नथी माटे प्रगट करवानो उद्यम करुं. पण सम्यक्दृष्टिनी धर्म सांभली पर उपर नजर न जाय के अमुक निर्गुणी, ए तो जे जे पुरुषमां गुण छे ते ग्रहण करे. अन्यदर्शननी पण सारी रीत होय ते निंदे नहि. ते उपर उपाध्यायजीए कह्युं छे जे ' दर्शन सकलना नय ग्रहे ' एटले जे जे दर्शनवाला जे जे नये धर्म करता होय, ते नय विचारथी ते जाणी ले ने पोते पोताना साते नयना विचारमां रहे. वली जैनदर्शनमां पण पंचमकालना प्रभावे कदापि क्रिया फेरफार देखाय; तो पण मध्यस्थदृष्टि राखवी पण एकांत

Scanned by CamScanner

खेंचताणमां न पडवुं. योग्य जीव होय ने कदापि क्रिया तेना गच्छना आचार प्रमाणे करता होय, पण बीजा आप आपणा गच्छनी रीते प्रमाण करता होय, तेनी निंदा करता न होय तो आपणे पण तेनी साथे मध्यस्थ रहेवुं, पण खेंचाताण करवी नहि. खेंचाताणथी घणा विकल्पमां पडी जवुं थाय छे ने धर्म छे ते निर्विकल्पदशामां छे. वास्ते जे जे काम करवुं तेमां निर्विकल्प दशा थाय एवी क्रिया करवी. सोबत करवी तेमां पण स्वगच्छी होय ने तेनी सोबत करवाथी विकल्प थतो होय ने परगच्छी होय ने तेनी सोबतथी निर्विकल्पदशा थती होय तो तेनी सोबत करवी. हरेक प्रकारे राग द्वेषनी प्रकृति ओछी थाय तेम करवुं. वादविवाद करवाथी सामाने गुण थाय अथवा जैनशासननो जय थाय एवुं होय तो करवो पण फोगट कंठशोष थाय एवो वाद करवो नाहि. हरिभद्रसूरि महाराजे अष्टकजीमां एवो वाद निषेध्यो छे. वास्ते जेमां सामा जीवने अथवा आपणा आत्माने गुण थाय एवुं होय ते वाद, चर्चा के धर्मकथा करवी ने आ गुणस्थानवाला एम ज करे. आत्मधर्मनो लाभ थाय तेमां ज काल काढे. संसारमां रह्यो छे, पण संसारी सुखने वेठ रूप जाणे छे परंतु तेमां प्रसन्न थतो नथी. जे जे संसारी काम करे छे तेमां भावे छे जे आ कृत्य म्हारे करवा योग्य नथी. पण पूर्वे कर्म बांध्यां छे तेथी एमां हुं बंधाइ रह्यो छुं. ए उपाधिथी निकली शकातुं नथी; पण ज्यारे राग द्वेषनी प्रकृतिथी मूकाइ आ संसार जालथी निकलीश ने म्हारा जाणवा देखवाना स्वभावमां वर्त्तीश ते ज म्हारुं काम छे. हाल पण जे जे शुभ अशुभ कर्मना उदय थाय तेमां म्हारे लीन थवुं ए म्हारो स्वभाव नथी. हुं ज्यां सुधी संसारमां रह्यो छुं. त्यां सुधी म्हारे म्हारा स्वभावमां रही उदय आवेली क्रिया करवी छे. एमां कंइ म्हारे म्हारुं मानवानुं नथी. आवो विचार पण करवो पडतो नथी. सहजे समकितना प्रभावथी ज पोते लीन थता नथी. पुद्गलनो तमासो जुए छे ने पोते पोताना ज्ञान, दर्शन चारित्रमां ज मग्न थइ रह्या छे. ए गुणमां ज आनंद माने छे. संसारी आ-

Scanned by CamScanner

नंद तो अस्थिर छे. वास्ते तें आनंदनी तो स्वप्नमां पण इच्छा करता नथी. एवो समकितनो प्रभाव छे. इहां कोइने संदेह थशे जे श्रेणिक राजाए क्षायक समकिती छतां केम कंइ पण व्रत कस्यां नथी? तेम ज संसारथी आवी उदासीनता छतां केम व्रत ग्रहण कस्यां नहि? ते विषे जाणवुं जे श्रेणिक राजाए समकित पामतां पहेलां नरकनुं आयुष्य बांध्युं छे तेथी नरके जवाना छे तेथी त्यागभाव थयो नहि. पण तेमना हृदयमां तो त्यागभाव बनी रह्यो छे ने विरती तो पांचमे गुणठाणे थाय छे. वास्ते कंइ व्रत नहि करवाथी समकितमां दूषण नथी; पण एम बधा जीवने होय नहि. कारण जे मार्गानुसारीपणुं आवे छे, त्यांथी विरतीना भाव थाय छे. योगदृष्टिनुं स्वरूप कह्युं छे, त्यां पांचमी दृष्टि पामे छे, त्यारे समकित पामे छे ने पहेलीथी ते चोथी दृष्टि सुधी मार्गानुसारीपणुं कह्युं छे. तेमां पहेली दृष्टिमां ज व्रत प्राप्त थाय एम कहेलुं छे. वास्ते घणा जीवने तो यथाशक्ति विरतीना भाव थाय ज. कोइ जीवने अंतरायनो उदय होय तो व्रतने विषे वीर्य फोरवी शके नहि ने जेने वीर्यांतरायनो क्षयोपशम थयो छे ते तो वीर्य फोरवी जे जे पर वस्तुनो त्याग बने ते करे ने श्रावकना गुणस्थान रूप व्रत तो पांचमे गुणस्थाने करे.

पांचमुं देशविरती गुणस्थान ज्यारे प्रगट थाय त्यारे अप्रत्याख्यानी क्रोध, मान, माया, लोभनो नाश थाय छे. तेनी साथे बीजी पण प्रकृति उदय बंधथी नाश थाय छे. ते कर्मग्रंथ जोवाथी जणाशे. ए गुणस्थाने देशथी अव्रतनो नाश थाय छे. तेथी समकित गुणस्थान करतां परभावनी इच्छा विशेषे टले छे. संसारथी पण वधारे उदास थाय छे. खावा पीवा पहेरवा ओढवा धन धान्यनी इच्छा घटी जाय छे. मनमां तो संयमना भाव वर्त्ते छे पण पूर्वकर्मना जोरथी प्रत्याख्यानी क्रोध, मान, माया, लोभनो उदय रह्यो छे तेथी संयम लइ शकता नथी, पण हृदयमांथी संयमनी भावना गइ नथी. संसारी काम करे छे ते वेठरूप करे छे. तेम विरतीमां पण आनंदादिक श्रावके बहु ज सख्ताइ करी छे. ते वात उपासक-

दशा सूत्र जोशो तो जणाशे.

हवे श्रावक केवी विरती पाले ते नीचे मुजब.

पहेलुं स्थूल पाणातिपात व्रत ले. कारण जे गृहस्थावासमां आरंभादि कार्य कऱ्या विना निर्वाह थतो नथी. तेथी सर्व प्रकारे दया पालवी ए बनी शकतुं नथी. त्यां श्रावकने सवा वसानी दया मुनिनी अपेक्षाये कही छे. संपूर्ण दया पालवी ते वीश वसानी दया छे. ते—त्रस जे हालता चालता जीव, स्थावर जे पृथ्विकाय, अप्काय, तेउकाय, वाउकाय, वनस्पतिकाय; ए त्रस अने स्थावर बे प्रकारना जीव छे ते बधानी दया पाले, त्यारे वीश वसानी दया पले. पण स्थावर तो खावा पीवादि काममां आवे छे तेथी तेनी दया पलती नथी. माटे दश वसा गया, त्यारे दश वसा त्रसनी दयाना रह्या. तेमां पण अग्नि प्रमुखना आरंभादि करतां त्रस जीव हणाय छे तेथी ते न पले. तेथी ते पांच वसा गया. पछी पण आरंभना काम शिवाय कोइ राजा प्रमुख छे तेनो अपराध कर्यो छे तो अपराधीनी दया पण संसारमां रह्यां पले नहि, त्यारे अढी वसा ते गया, तेमां पण साक्षेप हिंसानो त्याग थतो नथी. जेम के शरीरमां जीव पड्या छे वा पोताना स्वजनादिकना शरीरमां जीव पड्या छे, हवे ते टालवानो उद्यम करतां ते जीवनो विनाश थइ जाय, तेथी ते दया पण पलती नथी त्यारे सवा वसो रह्यो. एटले अनारंभ अनापराधी निरपेक्ष त्रस जीव हणवानो त्याग करे छे. तेवी रीते पहेलुं व्रत धारण करे छे.

बीजुं मृषावाद व्रत ते कोइक उत्तम पुरुषथी सर्वथा मृषावादनो त्याग थाय तो तेम करे ने तेम न बने तो पांच मोटकां जूठनो त्याग करे. कन्यालीक ते कन्याना विवाह जोडवामां जूठुं न बोलवुं. कारण जे उधुं चतुं करी संयोग जोडे ते तेने जन्म पर्यंत दुःख थाय. वास्ते ए काममां जूठुं बोलवानो त्याग करे. गोवालीक ते गाय, भेंस, बलदना काममां जूठुं बोले, कोइ बलदनी पांच गाउ जवानी शक्ति होय ने दश गाउनी कहीने वेचे, तो लेनार माणस दश गाउनी महेनत करावे ज. ते जनाव-

Scanned by CamScanner

रने म्होटुं दुःख थाय. वास्ते ए संबंधमां जूठुं बोले नहि. भोमालीक ते जमीनना काममां जूठुं बोलवानो त्याग. तेनुं कारण जे बे तसु जमीननी लडाइ थाय तो तेमां हजारो रुपीया लोक खरच करी नाखे छे ने ते संबंधी नित्य म्होटा विकल्प थाय छे; वास्ते मृषा बोलवुं नहि. थापणमोसो ते कोइनी थापण ओलववी नहि. कारण जे थापण मूकनार माणस विश्वासे मूकी जाय ने तेनुं नहि आपवाथी ते माणसने ते वखत ते ज द्रव्यथी आजीविका करवानी होय तेथी तेने घणुं दुःख थाय. वास्ते थापण ओलववी नहि. कूडीसाख ते राजा दंडे, लोक भंडे एवी खोटी साक्षी पूरवी नहि. एथी आ लोकमां धर्मिष्ट माणसनी घणी लघुता थाय छे ने आवते भवे म्होटां दुःख भोगववां पडे. ए रीते बीजुं व्रत ले. हवे त्रीजुं अदत्तादान ते पारकी वस्तु कंइ पण लेवी नहि. ते पण सर्वथा पालवुं जोइए, पण ते न पले तो रस्तामां माणसने लूंटी लेवा, कोइने त्यां खातर पाडवुं, वा बीजी कुंची लगाडी माल लइ लेवो, वा कोइना गजवामांथी कांइ काढी लेवुं एवी चोरी तथा सरकारनी दाणचोरीनो त्याग करे. चोथुं मैथुनव्रत ते बने तो सर्वथा स्वस्त्री परस्त्रीनो त्याग करे ने ते न बने तो पोतानी स्त्रीथी संतोष राखी, बाकीनी बीजी स्त्रीओ साथे मैथुन सेववानो त्याग करवो. पांचमुं परिग्रह व्रत ते जेटलुं धन, धान्य, घर, हाट, आभूषण, स्त्री प्रमुख होय तेटलेथी संतोष राखे ने एथी अधिक मेलववानो त्याग करे. अथवा पोताने इच्छा होय एटली छूट राखी ते उपरांत परिग्रह राखवो नहि एवो नियम करे. ए करवाथी तृष्णा शांत थाय छे. तृष्णा शांत थाय तो खोटां काम करवां सहजे टली जाय, वली धर्मसाधन करवानो पण वधारे वखत मले. तेथी आनंदजी प्रमुख श्रावके पोतानी पासे जेटलुं द्रव्य हतुं तेटलेथी संतोष कर्यो हतो. छठ्ठुं दिशिव्रत ते चारे दिशाए तथा ऊर्ध्व अधो ते नीचे उपर जवानी मर्यादा करे के अमुक योजन सुधी जवुं. ए पण क्यारे थाय छे के अतिशय धन मेलववानी, नाना प्रकारना पदार्थ जोवानी, भोगववानी तृष्णा ओछी थाय छे त्यारे बने छे.

Scanned by CamScanner

वली जेटला जोजननो नियम कर्यो छे तेनी बहार जइ हिंसा करवी, जूठुं बोलवुं, चोरी करवी, मैथुन सेववुं, वेपार करवो ए सर्वे काम करवां सर्वथा बंध थइ जाय छे. तेथी ए व्रत बहु लाभकारी छे. सातमुं भोगोपभोग व्रत ते एकवार भोगवीए ते भोग कहीए ते खावानी वस्तु, ने वारंवार भोगवीए ते उपभोग ते आभूषण स्त्री प्रमुख. ए वस्तुओ जगत्मां छे एटला बधानी जरूर नथी. कारण जे जेटली वस्तुथी निर्वाह करे एटलाथी थाय छे. केम जे एनुं चित्त तो आत्मभावथी थयुं छे. मात्र संसारमां कारणथी रह्यो छे पण तेमां लीनता नथी. माटे पोतानी खावानी पीवानी पहेरवानी ओढवानी वस्तुओ जेटली जरूरनी होय, तेटली राखी बीजी वस्तुनो त्याग करे छे. ते चौद नियममां आवे छे, तेनी मर्यादा करे. वली वेपार करवामां पण बहु सावद्य वेपार जे पंदर कर्मादान एटले घणुं पाप करवुं पडे तेथी कर्मनुं आववुं थाय ते कर्मादान कहीए. तेनो बने तो सर्वथा त्याग करे ने तेम पोतानो निर्वाह न थाय एवुं होय तो निर्वाह करवा जेवा रोजगार शिवायना रोजगारनो त्याग करे. ते पंदर कर्मदान कहीये छीये.

इंगालीकर्म ते—अग्निना आरंभथी जे वेपार थाय ते. कुंभारना नीमाह, चूनानी भठीयो, कंदोइनो, लुहारनो, रंगारानो, वा सांचाओ अग्निथी चाले छे ते तथा कोयला करीने वेचवा. विगेरे वेपारनो त्याग करे.

वनकर्म, झाड कपाववानो धंधो. एमां खेतीनो, बगीचानो पण वेपार आवी जाय छे.

साडीकर्म ते—गाडां वहेल बनावीने वेचवानो वेपार.

भाडीकर्म ते—गाडां उंट घर प्रमुख राखीने भाडे फेरववां. एमां पण जीवहिंसा विशेषे थाय छे.

फोडी कर्म ते—जमीन फोडाववी तेमां त्रस जीवनो विनाश थाय छे.

दांतनो वेपार करे नहि. कारण जे हस्तीना दांत काढवाथी हस्तीना जीवने बहु पीडा थाय छे. वली ए दांतने वहेरवा सारू पाणीमां नांखवा

Scanned by CamScanner

पडे छे. तेमां पण जीवनी घणी हिंसा थाय छे तेथी त्याग करे छे.

लाखनो वेपार, तेमां पण घणा जीवनी उत्पत्ति थाय छे तेथी त्याग करे छे.

रस ते—घी, तेल, गोल, खांड, साकर, मीठा विगेरे नरम पदार्थना वेपारमां पण जीवहिंसा थाय छे.

केश ते—उननो तथा माणस वेचवा लेवानो वेपार करे नहि.

विष ते—अफीण, वछनाग, सोमल विगेरे झेरी चीजनो तथा शस्त्र ते तरवार, भाला विगेरे. जेथी सामा माणसना प्राण जाय ते वेपार करे नहि.

जंत्र ते—घंटी प्रमुख यंत्रो राखी ते वडे काम करी आपवां.

पीलनकर्म, ते—घाणी, तेल दिवेलनी, शेरडीना कोल तथा रू पीलवाना, गांसडी बांधवाना सकंजा विगेरे. जेथी सांचामां घणा जीवनी हिंसा थाय छे तेथी त्याग करे छे.

निर्ल्छनकर्म ते—छोकराना नाक कान विंधवा तथा बलदनां वृषण छेदवां तथा जानवरने डामवा. ते वेपारथी पण जीवने बहु पीडा थाय छे तेथी त्याग करे छे.

अग्निवडे दव देवा, ते खेतरो, जंगलो बाली मूकवां. तेमां पण घणा जीवनी हिंसा थाय छे.

सर कहेतां सरोवर, तलाव, कूवा, टांकानां पाणी खाली करवानो धंधो करे नहि. कारण जे पाणीना जीवोने बहु पीडा थाय छे.

ए पंदर कर्मादाननो त्याग करे छे.

ए व्रत वालो बावीश अभक्षनो त्याग करे छे ते बावीश अभक्ष नीचे लखीए छीए.

१ पीपलीना टेटा, २ पीपलाना टेटा, ३ उंबरडाना टेटा, ४ वडना टेटा, ५ कथुंबराना टेटा, ६ मांस, ७ मदिरा, ८ माखण, ९ मध, १० रात्रिभोजन, ११ विदल ते-काचुं दहिं तथा दूध साथे कठोल ते, मग प्रमुख जेनी बे फाड करीए ते द्विदल कठोल कहेवाय छे. तेनी साथे छाश,

Scanned by CamScanner

दूध, दहिं खावुं. उनुं करवुं तो उभरा आवे एवुं करवुं. तेनी साथे खावाथी अभक्ष थतुं नथी. वगर उना करेला दहिं प्रमुख साथे कठोलना संयोग थाय छे तेथी त्रस जीवनी उत्पत्ति थाय छे. तेथी तेनो त्याग करवो. सरवे जातनी माटी. १२ मीठुं सचित्त होय ते, १३ हीम ते हिमालय प्रमुखमां पाणी जमी जाय छे ते, १४ करा ते वरसादमां पडे छे. १५ विष ते अफीण सोमल प्रमुख, १६ वेंगण जेमां घणां बीज छे एनी टोपीमां घणा त्रस जीव रहे छे तेनो विनाश थाय छे. १७ बहुबीज जे फलमां बहु बीज होय एटले एक एक बीज वच्चे आंतरो होय, दाडम प्रमुखमां ते बहु बीज नथी. जेमां आंतरो नथी—खशखश प्रमुखमां ते बहु बीज छे. १८ तुच्छफल ते बोर प्रमुख. जेमां अल्प खावुं नें बहु काढवुं ते. १९ बोलअथाणुं—वगर सूकवेलुं ते केरी प्रमुखनुं. २० चलितरस ते वाशी रांधेली वस्तु रोटला रोटली दाल शाक शीरो दूधपाक बासुदी विगेरे वासी वस्तु अभक्ष थाय. २१ अजाण्यां फल ते जे फलनुं नाम तथा स्वाद विगेरे न जाणीए ते वापरवुं नहि. २२ अनंतकाय ते जे वस्तु भांगीए ने बे भाग सरखा थाय, वा कंदमूल प्रमुख. ए बावीश अभक्षनो श्रावक त्याग करे, आ मुजब भोगोपभोग व्रतनी मर्यादा करे. कारण जे पुद्गलभावनी कंइ पण वांछा नथी. आत्मभावनी ज वांछा छे. तेथी जे नभी शके ते शिवायनी वस्तुनो त्याग करे छे. निर्वाह करवानी वस्तु मात्र मोकली राखे.

आठमुं अनर्थदंड व्रत ते—जे पोताने अर्थे अथवा स्वजन कुटुंबने अर्थे जे करवुं ते अर्थ. ते शिवाय वगर कारणे जे सेववुं ते अनर्थदंड.

अपध्यान ते आर्त्त. रौद्रध्यान करवुं. आर्त्त ते इष्ट वस्तुना संयोगनुं चिंतवन करवुं. तथा अनिष्ट वस्तुना वियोगनुं चिंतववुं. अग्रशोच ते आवता कालनुं चिंतवन करवुं. रोगना वियोगनुं चिंतववुं, 'आवा रोग न आवशो' एवी रीते चिंतववुं, भाववुं ते आर्त्तध्यान. बीजुं रौद्रध्यान ते चार प्रकारे. हिंसानुबंधी ते—हिंसा करवानुं चिंतववुं. मृषानुबंधी ते—मृषा-

Scanned by CamScanner

वाद बोलवानुं चिंतववुं. चौर्यानुबंधी ते—चोरी करवानुं चिंतववुं. परिग्रह रक्षणनुबंधी ते—परिग्रहना रक्षणनुं चिंतववुं. ए चार प्रकारनुं ध्यान करवुं ते रौद्रध्यान कहीए. ए बन्ने ध्यान वर्जे.

हिंसप्रदान ते हिंसानां उपकरण तैयार करी राखवां ने मागे तेने आपवां.

पापोपदेश ते—पापना उपदेश वगर कारणे देवा. जेम के कोइने कहेवुं जे घर केम बांधता नथी ? घरने केम रंगावता नथी ? चूलो केम सलगावता नथी ? लूगडां केम धोवरावता नथी ? आवी रीते पोताना स्वजन कुटुंबना माणस शिवायनाने कहेवुं ते. जे कहेवाथी जीवहिंसा, जूठ, चोरी विगेरे काम करे, तेवुं कहेवानुं वर्जवुं.

प्रमादाचरित—दहाडे सूइ रहेवुं. दश शेर पाणीए न्हवाय एवुं होय ने वधारे पाणी ढोलवुं. छती नवराशे ज्ञानाभ्यासमां आलस करवी, राजकथा ते—राजानी कथा करवी, देशकथा—देशावरोनी वातो करवी. भक्तकथा ते—भोजनना पदार्थनी वातो करवी. स्त्रीकथा ते—स्त्रीओनी वातो करवी. आ स्त्री सारी, आ स्त्री नबली आदि, आ कथाओ करवाथी कोइ वखत म्होटुं नुकशान थाय छे. राजा प्रमुखनी वात करता होय ने ते वात राजाने काने जाय तो राजा दंड प्रमुख करे. वास्ते श्रावक एवी विकथा करे नहि. कारण जे पोते आत्मभावी छे. पोताना आत्मभावमां रहेवुं छे. मात्र न चाले संसारमां रह्यो छे. तेथी फुरसद मले तो पोतानुं आत्मध्यान करे छे. वा शास्त्राभ्यास करे छे एटले विकथादिक कांइ करता ज नथी.

नवमुं सामायिक व्रत, ते सामायिक बे घडिनुं करे. तेमां समता प्रमाणे रहे. शास्त्राभ्यास करे. वा बे टंक पडिक्कमणुं करे. तेमां जे जे पाप व्रतमां लाग्युं छे ते आलोवे.

दशमुं दिशावगाशिक व्रत ते—चारे दिशानी मर्यादा छठ्ठा व्रतमां करी छे, तेमांथी संकोच करे. बारे व्रतनो पण संकोच करे. चौद नियमनो संकोच करे. ए संकोच करवाथी दिशावगाशिक व्रत जूदुं करे छे ते बे घडिथी मांडी चार घडी, पहोर, दिवस, मास सुधीनुं करे तेथी बाह्यना आ-

रंभादिकनो त्याग थइ जाय छे.

अगियारमुं पौषध उपवास व्रत ते—हम्मेश बनी न शके तो पर्वने दिवसे पौषध करवो. जेथी आखो दिवस रात्री संयम जेवी प्रवृत्ति थाय. आत्मा समभावमां रहे, रात्रे भोंय संथारे सूइ रहेवुं थाय तो अवसरे संयम लेवानो भाव थाय. त्यारे ए ढाल सुगम पडे. वली पोतानी परीक्षा पण थाय के म्हाराथी पली शकशे के नहि? वास्ते मासमां बे अष्टमी, बे चौदश तथा पूनम अमावास्या अथवा पांच परव के बे आठम, बे चौदश तथा पांचम ए तिथिओमां अवश्य चार पहोरनो अथवा आठ पहोरनो पौषध करे ते. आहारनो पौषध ते सर्वथा करे तो असणं ते रांधेली वस्तु, पाणं ते पाणी, खाइमं ते मिठाइ मेवा, साइमं ते तंबोल, तथा औषध गोली चूर्णादिक ए चारे आहारनो त्याग करे. अथवा देशथी पौषध करे तो पाणी फासुक शिवाय त्रण आहारनो त्याग करे अथवा आंबिल करे अथवा निवी अथवा एकासणुं करे. ए रीते देशथी आहारपौषध करे, खरतर गच्छवाला आहारनो पौषध सर्वथा ज करवो जोइए एम कहे छे, पण तत्त्वार्थनी टीकामां तथा श्रावकपन्नत्ती सूत्रमां सामायिक संयुक्त देशथी आहारपौषध करवो कह्यो छे. तथा पंचाशकजीमां पाना १० २० मामां आहारपौषध देशथी कह्यो छे, बीजो शरीरसत्कार पौषध तो सर्वथा ज करवो. एटले आभूषण घरेणां प्रमुखनी शोभा कंइ पण शरीरे करवी नहि. मुनि सदृश थवुं. श्रावकपन्नत्तिमां तथा तत्त्वार्थ विगेरे घणा शास्त्रोमां आभूषण उतारीने पौषध करवो कह्यो छे. इहां शंका थशे जे स्त्रीओ चूडो पण उतारे के केम? ते विषे जाणवुं जे स्त्रीओने जे सौभाग्यनी चीज छे, ते तो विधवा थाय त्यां सुधी उतरती नथी. वास्ते ते चीज कंइ उतारवानी जरूर संभवती नथी. तेथी अधिक पहेरी पौषध लेवाय एम पण संभवतुं नथी ने पुरुषने तो कंइ पण आभूषण सामायिक पौषधमां पहेरवुं निषेध छे. केटलाएक ऋद्धिवान् गृहस्थ सामायिक लेवाने गुरु पासे जाय, त्यारे बडा आडंबरथी जाय, पण गुरु पासे जाय ने सामायिक ले,

Scanned by CamScanner

ते वखत आभूषण उतारी पोताना खीजमतदारने आपे. पाछां सामायिक करी रह्या पछी धारण करे. एवी रीते शरीरसत्कार पौषध करे. ब्रह्मचर्य पौषध ते पण सर्वथा मैथुननो त्याग. यावत् स्त्री ते मनुष्य, देवता, तिर्यंच कोइ पण जातनी स्त्रीनो स्पर्श मात्र करवो नाहि. एवी रीते त्रीजो पौषध करे. चोथो अव्यवहारपौषध ते सर्वथा प्रकारे सावद्य प्रवृत्तिनो त्याग करे ते हिंसा, जूठ, चोरी, मैथुन, परिग्रह ए पांचे संबंधीनी प्रवृत्ति सर्वथा प्रकारे त्याग करे. हास्यादिकनो पण त्याग करे, कंइ पण पाप न लागे एवी रीते चारे प्रकारनो त्याग करी पौषध करे. ते करीने बे वखत वस्त्रनुं पडिलेहण करे तथा त्रिकाल आठ थुइए देववंदन करे, बाकीनो काल सज्झाय ध्यानमां वा काउस्सग्गं, वा, धर्मध्यानादिकमां काढे. जरा पण प्रमाद विकथामां काल जवा दे नहि. हरेक प्रकारे राग द्वेषनी प्रकृति घटे एवी भावना भावे. संसारी भावनानो त्याग करे. इहां कोइ कहेशे जे भावना केवी रीते भाववी ? तेनो उत्तर नीचे प्रमाणे जाणवो.

श्रावक चार भावनाए वासित सदाकाल रहे. तेनां नाम मैत्रि भावना, प्रमोद भावना, मध्यस्थ भावना ने करुणा भावना. मैत्रि भावना ते—एकेंद्रिथी ते पंचेंद्रि सुधीना सर्वे जीव उपर मैत्रिभावना राखे, कारण जे सर्वे जीव सत्ताए सरखा छे, पण कर्मना योगथी जूदी जूदी जातिना थया छे. माटे कोइ जीव उपर द्वेषभाव नथी. सर्वे जीव सुखना अभिलाषी छे, तेथी सर्वेने सुखी करवानी भावना रात्री दिवस बनी रही छे. पोतानी शक्ति प्रमाणे सुख आपे, कोइ पण साथे वैर विरोध राखे नहि. एक पक्षी वैरथी पण जीवने घणा भव सुधी दुःख भोगववां पडे छे. माटे कोइनी साथे वैर राखे नाहि. चित्तमां एवी ज भावना भाव्या करे. प्रमोदभावना ते—मुनिमहाराज, साधवी तथा श्रावक श्राविकाने देखे के हर्षित चित्त थइ जाय. एवा पुरुषना संयोगनी सदा इच्छा करे. कोइ पण वखत वियोग न थाय एवी भावना भाव्या करे. करुणा भावना ते—सर्व जीव उपर दयाभाव राखे. कोइ पण दुःखी जुए के तेने सुखी करवानी भावना

Scanned by CamScanner

राखे नें सुखीं करे. पण छति शक्तिए निध्वंस प्रणाम न राखे. दया करवी तेमां पोताना धर्मवालानो ने पर धर्मवालानो विचार राखे नहि॰ कोइ पण दुःखी होय तेने सुखी करवानी बुद्धि राखे. चोथी मध्यस्थभावना ते—पापिष्ट जीव उपर पण राग द्वेष करे नाहि. राग करवाथी आवता भवे पापिष्टनो संयोग मले ने धर्ममां विघ्न करे. द्वेष करे तो वैरभावथी संयोग मले ने दुःख थाय; वास्ते पापिष्ट जीवने समजावी शकाय एवी शक्ति होय तो समजावे ने न समजे तो पण तेना उपर द्वेषभाव लाववो नहि. राग द्वेष कंइ पण करवो नाहि. एवी भावना ते मध्यस्थ भावना.

वली बार भावना भावे. तेमां पहेली अनित्यभावना ते शरीर, धन, कुटुंब ए सर्वे पदार्थ अनित्य छे. ज्यां सुधी ए वस्तुनो संयोग रहेवानो बांधेलो छे, त्यां सुधी ते रहे. ए वस्तु स्थित रहेवानी नथी तो एवा अस्थिर पदार्थ उपर राग करवो ते कर्मबंधननुं कारण छे, पूर्व काले ए अनित्य पदार्थ उपर राग धर्या तेथी अनेक जन्म मरण कर्यां. वास्ते हे चेतन ! तुं सदा नित्य छें, त्हारा स्वभाविक गुण पण नित्य छे. आत्मानुं सुख पण नित्य छे, ते नित्य सुख छोडीने आ अनित्य पुद्गलिकथी ज तेमां शुं मग्न थाय छे ? जेटलां संसारी सुख छे तेमां तेनी साथे ज दुःख रह्यां छे. वली कालांतरे नरकादिक दुःख रह्यां छे वास्ते पुद्गलिक जड पदार्थना संयोग वियोगमां तुं त्हारो स्वभाव छोडी राग द्वेष करे छे, ते योग्य नथी. ज्यां सुधी अनित्य पदार्थने विषे राग द्वेष गया नथी, त्यां सुधी नित्य सुख प्राप्त थवानुं नथी. वास्ते हे चेतन ! नित्य सुख प्राप्त थाय तेवो उद्यम कर. एवी रीते अनित्य भावना भावे. बीजी अशरण भावना भावे ते—संसारमां कोइ शरणभूत नथी. जे जे कुटुंबने सारु हुं पाप करुं छुं, ते म्हारे एकलाने भोगववुं पडशे. दुःख भोगवती वखत कोइ पण दुःखथी छोडावनार नथी. आ भवमां रोगादिक उत्पन्न थाय छे ते हुं एकलो ज भोगवुं छुं. ते वखत कोइ दुःख लेवा समर्थ नथी. तेम ज परभवने विषे पण दुःख पडशे ते वखत कोइ शरणभूत नथी. माटे हे चे-

Scanned by CamScanner

तन ! तुं अज्ञानपणे कुटुंबने सारु अनेक पापारंभ करे छे ते योग्य नथी. तुं ह्हारा आत्मभावनो विचार कर. जेम बने तेम जडभावनो त्याग कर. म्होटा राजा सरखाने पण कोइ दुःखथी छोडावनार नथी. नरकने विषे विचित्र दुःख भोगववुं पडशे. एम विचारीने सर्व पदार्थ अनित्य छे, पण कोइ शरणभूत नथी. एम धारी मोहमां मूझावुं नहि.

त्रीजी संसार भावना ते–संसारमां सगां व्हालां जे मल्यां छे, ते स्वार्थि मल्यां छे. जेने तुं म्हारां कहे छे, ते तेनो स्वार्थ पूरो थशे त्यां सुधी राग धरशे ने तेनो स्वार्थ नहि सरे त्यारे कोइ पण ह्हारुं थवानुं नथी. तुं म्हारां म्हारां करी फोकट कर्मबंध करे छे, पण ते दुःख ह्हारे ज भोगववां पडशे, संसारी सुख छे ते भ्रमावेलां सुख छे. वस्तुपणे कंइ पण सुख नथी. सुख तो समभावमां ज छे, वास्ते हे आत्मा ! मोह करवो ते युक्त नथी.

एकत्त्व भावना ते–आत्मा एकलो आव्यो छे. वली जशे त्यां पण एकलो ज. पण कुटुंबादिक कोइ साथे आववाना नथी. जड पदार्थ उपर मोह करे छे ते सर्वे दुःखनां साधन छे. जे जे दुःख पडे छे ते ए पर पदार्थने विषे तें म्हारापणुं मान्युं तेनां फल छे. माटे हे चेतन ! एक आत्मस्वरूपना समभावमां रहेवुं ते ज म्हारुं काम छे. एवी भावना भावी परवस्तु उपरथी म्हारापणानो राग टाले.

अन्यत्त्व भावना ते–छए द्रव्य ते धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकाय, पुद्गलास्तिकाय, काल, जीवास्तिकाय, ए छए द्रव्यमां जीवद्रव्य जे म्हारो आत्मा तेनो स्वभाव चैतन लक्षण छे. ते लक्षण आ बीजा पांचे द्रव्यमां नथी. माटे म्हाराथी ए न्यारा छे. ए आकाशास्तिकाय द्रव्य छे ते सर्व द्रव्यनुं भाजन छे. तेमां हुं वसुं छुं, पण एनो स्वभाव अवकाश आपवानो छे. ते आपे छे, पण हुं एनाथी न्यारो छुं. वली धर्मास्तिकाय छे, तेनो जीव पुद्गल पदार्थ चाले तेने सहाय्य करवानो धर्म छे ते करे छे. जेम माछलांने तरवानी शक्ति छे पण पाणी विना तरी शके

Scanned by CamScanner

नहि, तेम जीव पुद्गलने चालवानी शक्ति छे पण एनी सहाय्य विना चाली शके नहि. माटे एनो सहाय्य करवानो धर्म छे ते करे छे, पण हुं ए धर्मास्तिकायथी न्यारो छुं. अधर्मास्तिकायनो स्थिर रहेनारने सहाय्य करवानो धर्म छे ते करे छे. तेमां पण म्हारो स्वभाव नथी. कालनो नवी वस्तु जूनी करवानो स्वभाव छे, तेमां पण म्हारो स्वभाव नथी. पुद्गलनो जड स्वभाव छे. सडण, पडण, विध्वंसन स्वभाव छे माटे ए पण म्हाराथी न्यारो छे. माटे हुं ए पांचे द्रव्यथी न्यारो स्वभाव छतां अनादिकाल में अज्ञानपणे म्हारापणुं मान्युं तेणे करी अनेक जन्म मरणनां दुःख लह्यां ने म्हारो स्वभाव भूली गयो. आ भवमां भाग्योदये जैन धर्म मल्यो तेथी में वस्तुधर्म जाण्यो, माटे हे चेतन ! हवे त्हारे ए द्रव्य अन्य जाणीने तेमां लीन थवुं नहि ए रीते भावे.

अशुचि भावना ते—आ शरीर मल मूत्रे भरेलुं छे. जो उपरथी चामडुं मढेलुं न होत तो महा बीहामणुं लागत, वली शरीरमांथी मल मूत्र नीकले छे ते तो तुं हम्मेशां नजरे जुए छे. वली आ शरीरना नव द्वार खुल्ला छे, तेमांथी दुर्गंध नीकल्या करे छे. वली स्त्रीना शरीरना बार द्वार खुल्ला छे. तेमांथी पण रात्री दिवस अशुचि नीकली रही छे. एवा अशुचिमय शरीरमां राग करवो ते केवल कर्मबंधनुं कारण छे, ने ते कर्मबंधथी एवा अशुचिमय स्थानमां उपजवुं थाय छे एवी अशुचि जे पितानुं वीर्य ने मातानुं रुधिर ते प्रथम शरीर थवानुं बीज छे. पछी पण माताना शरीरमां दुर्गंधमय पुद्गल रह्या छे, तेमांथी ग्रहण करी शरीर वृद्धि थाय. माटे हे चेतन ! एवा अशुचि शरीरने सारु शुं मोह करे छे ! तुं त्हारा आत्मिक सुखमां आनंद कर के जेथी फरी एवुं अशुचि शरीर पामवुं पडे नहि. एवी रीते अशुचिभावना भावे.

आश्रव भावना भावे जे—म्हारो आत्मा चिदानंदमय छे, पण मिथ्यात्व अव्रत कषायना योगे करी प्रवर्त्ते छे, तेथी समये समये नवां कर्म आवे छे. तेथी म्हारो आत्मा मलीन थतो जाय छे. जेटला जेटला संसारी

Scanned by CamScanner

संबंध छे, ते आश्रव आववानां कारण छे. समये समये पुद्गलिक पदार्थ उपर राग करे छे तेथी कर्म बांध्या करे छे. कर्म बांधवानां बीजभूत राग द्वेषनी प्रकृति छे ते प्रकृति थवाना कारणभूत शरीर, पुत्र, स्त्री, धन, मकान, अहंकार ममकार ए पदार्थ छे. माटे हे चेतन ! ए त्हारे करवा योग्य नथी. फरी फरीने आ मनुष्य जन्म मलवानो नथी. भाग्योदये आ मनुष्य जन्म मल्यो छे, माटे जेम बने तेम आश्रवनी प्रवृत्ति बंध कर. जेथी कर्मबंध थाय नहि. ए मिथ्यात्वादिकनो विचार प्रश्न ५१ ना जवाबमां छे त्यांथी जोइने भाववुं.

संवरभावना भावे जे समये समये कर्म आवे छे ते समभावे रोकाय माटे हे चेतन ! तुं समभावमां रहे. समभावना आववानां कारण सत्तावन छे. ते सत्तावन सेव्याथी संवरभाव थशे. पाच समिति, त्रण गुप्ति, बावीश परीसह, दशविध यतिधर्म, बार भावना, पांच चारित्र ए सत्तावन सेव्याथी आवतां कर्म रोकाय छे. माटे हे चेतन ! तुं संवरनां कारण अंगीकार कर के, जेथी आवतां कर्म रोकाय, ज्यां सुधी संवरभावना नहि करे त्यां सुधी आत्मानुं कार्य थवानुं नथी, ने भव फेरो पण मटवानो नथी. माटे हरेक प्रकारे संवर भाव कर. एवी रीते संवरभावना भावे.

निर्जराभावना ते—पूर्वना कर्मोनी निर्जरा करवा भावे, अकामनिर्जरा तो समये समये जे जे कर्म भोगवाय छे, ते ते समये बने छे, पण तेमां आत्मा निरावरण थतो नथी. कारण जे निरावरण आत्मा करवानी इच्छा नथी. स्वपर उपयोग नथी. परभावमां आसक्तता छे तेथी पाछां नवां कर्म बंधाय छे. माटे हे चेतन ! तुं कर्मक्षय करवा उजमाल थइ, जे जे कर्म उदय थाय ते समभावे भोगवे तो, सकाम निर्जरा थाय. वली उदय नथी थयां तेनें क्षय करवाने सारु बार प्रकारे इच्छारोध रूप समभावे तप कर के, तेथी कर्मक्षय थाय. अनशन ते नवकारशी, पोरसी, साढ्ढपोरसी, पुरीमढ्ढ, अवढ्ढ, एकासणुं, बेसणुं, नीवी, आयंबिल, उपवास, छठ, अठमादि तपश्चर्या करुं के तेथी म्हारां कर्म निर्जरे ने आत्मा निर्मल थाय.

Scanned by CamScanner

उनोदरी तप ते—खावाने खोराक जोइए ते करतां कंइक ओछुं खावुं. वस्त्र आभूषण ओछां वापरवां ते. वृत्तिसंक्षेप ते मुनि अभिग्रह धारण करे छे तेवा श्रावक चौद नियम धारे छे ते करवुं. रसत्याग ते छए विगयनो त्याग करवो. कायक्लेश ते शरीरने कष्ट आपवुं—मुनि लोचादिक करे, सूर्यनी आतापना प्रमुख लेवानुं भावे. संलीनता ते अंगोपांग संकोचीने सुए. इंद्रियो कषायने वश राखवा. ए छ प्रकारे बाह्यतप कहे छे, ने छ प्रकारे आभ्यंतर तप ते प्रायश्चित ते—जे जे दूषण लाग्यां छे तेनुं गुरु पासे प्रायश्चित्त लेवुं. विनय ते—देव गुरु ज्ञाननो विनय करवो. वली एमनी वैयावच्च करवी. सज्झाय ते—वाचना पृच्छना परावर्त्तना अनुपेक्षा धर्मकथा ए पांच प्रकारे सज्झाय ध्यान करवानुं भावे, काउस्सग्ग ते—कायाने एक ठेकाणे राखी हाथ पग फेरववादिकनुं बंध करी स्थिर उपयोग करी जिनगुणग्राम अंतरंगमां करवा ते, ने ध्यान ते धर्मध्यान शुक्लध्यान ध्यावानुं भाववुं. ए छ प्रकारनो आभ्यंतर तप ते ए तप करताने जोइ कोइना देखवामां ' तपस्वी छे, ' एम आवे नाहि. तेथी एनुं नाम आभ्यंतर तप कह्यो छे. ए बारे प्रकारे तप समभावे करीश तो म्हारां पूर्वे करेलां कर्म निर्जरे, एवी रीते भावना भावे. ए नवमी निर्जराभावना. दशमी लोकस्वरूप भावना ते चौदराज लोक छे. तेमां उर्ध्व ते उंचुं, अधो ते नीचुं, तिर्च्छुं ते आपणे रहीए छीए ते. ए त्रण लोक रह्या छे. तेमां नीचे सात राज छे. तेमां नारकीना जीवने रहेवानां स्थानक छे. तथा केटलीएक जग्याए भवनपति, व्यंतरना देव रह्या छे. तिर्छालोकमां मनुष्य छे, तथा तिर्यंच तथा व्यंतरनां स्थानक छे. उपरना सात राजमां ज्योतिषी तथा वैमानीक देवता रहे छे. तेना उपर सिद्ध महाराज छे. तेना उपर अलोक छे. ए चौदराज लोक जेम कोइ माणस जामो पहेरीने बे हाथ बे पासे कम्मरे राखी ऊभो होय, तेवी रीतनो पहोलाइ लंबाइथी रह्यो छे. ने तेमां म्हारो जीव अज्ञानपणे भ्रमण कर्या करे छे. ते अज्ञानतानां फल छे. माटे हे चेतन ! हवे कंइ ज्ञानदशा प्रगट करी परवस्तु उपरथी मोह छोड, के त्हारो स्व-

Scanned by CamScanner

भाविक गुण प्रगट थाय, ने सिद्धिमां वास थाय. ए आदि घणुं स्वरूप शास्त्रमां छे ते भावे.

अगीयारमी बोधिबीज—समकित भावना. ते—जीव समकित नहि पाम्यो तेथी अनेक जन्म मरण कर्‍यां, वस्तुने अवस्तुपणे मानी, हवे हालमां मनुष्य जन्म पाम्यो छे. वीतराग भाषित शास्त्रनो योग पण मल्यो छे; माटे ते गुरु महाराज पासे श्रवण करी यथार्थ वस्तुधर्म समजी तत्वातत्वनो विचार करी जेम जे पदार्थ छे तेनी श्रद्धा कर के सहजे जड पदार्थ उपर त्हारो राग बंधाइ रह्यो छे, ते उतरी जाय ने सहजे त्हारा आत्मस्वभावमां प्रीती थाय. आत्माने आत्मा रीते जाण्या विना एकली व्यवहार क्रिया जीवे घणी वार करी, तेथी पुद्गलिक सुख मल्यां, पण आत्मिक सुख मल्युं नहि. वास्ते हे चेतन! हवे अवसर मल्यो छे, माटे बोधिबीज—समकित प्राप्त कर के जेथी सर्व करणी लेखे थाय अने भवचक्रनुं भ्रमण मटी जाय. गट थाय, एवो यत्न कर. प्रथम जेम बने तेम धननी उपाधि छोड, एवी रीते बोधिबीज भावना भावे.

बारमी धर्मभावना ते—वीतराग कथित धर्म मलवो दुर्लभ छे. रागी द्वेषीना कहेला धर्मथी आत्मकार्य थयुं नथी ने थवानुं पण नथी ने तीर्थंकरदेव छे ते राग द्वेष रहित छे. तेमना भाषेला धर्मथी पण वीतरागता भासन थाय छे. माटे एवा वीतरागना धर्मनी जोगवाइ मलवी मुश्केल छे, ते भाग्योदयथी मली छे तो हवे प्रमाद छोडी जेम जेम राग द्वेषनी प्रकृति घटे, ने आत्मानुं शुद्ध स्वरुप प्रगट थाय एवो यत्न कर. प्रथम जेम बने तेम उपाधि छोड. धननी विषयनी वांछना छोडीने निर्वाह जेटली प्रवृत्ति कर के, तने अवकाशनो वखत मले. अवकाश मले ते वखते एकांते बेसीने सर्व उपाधिमांथी चित्त खशेडी त्हारा आत्मानो विचार कर के हे चेतन! त्हारो शुं स्वभाव छे? ने रात्री दिवस शुं प्रवृत्ति करी रह्यो छे? तुं जड प्रवृत्ति करे छे, वास्ते समये समये नवां कर्म आवे छे, ने जे जे जड प्रवृत्ति ते म्हारी नहि. म्हारो तो जाण्यानो

Scanned by CamScanner

स्वभाव छे, तो जे जे क्रिया पुद्गल संगे थाय छे, तेमां मने दुःख थयुं, सुख थयुं, एवा विचारो शुं करवा करे छे ? त्हारुं सुख तो सहज स्वभाविक छे. कृत्रिम सुख छे ते जतुं रहे छे ने स्वभाविक सुख प्रगट थयुं ते तो जवानुं नथी. इत्यादि आत्माना तथा जड स्वरूपना विचार करीश ने तेमां स्थिर थइश तो आत्मामां अपूर्व ज्ञान प्रगट थशे, ने ते ज्ञानना प्रभावे आत्माना सुखनो अनुभव थशे. तो पछी जड प्रवृत्ति उपर हे चेतन ! त्हारो राग छे ते रहेवानो नथी. वास्ते हरेक प्रकारे निरुपाधि थवाय एवो उद्यम कर. फरीथी आ जोगवाइ मलवानी नथी. एवी रीते जीव धर्मभावना भावे.

आ बार भावनानुं स्वरूप नाम मात्र में म्हारी बालबुद्धि प्रमाणे लख्युं छे. विस्तारे पूर्वाचार्योये बहु प्रकारे लख्युं छे तथा वर्त्तमान कालमां पण आत्मारामजी महाराज—विजयानंदसूरी महाराज तेमणे घणा ग्रंथो तथा भावनाओ रची छे, ते शास्त्रमां जोइ अथवा सांभलीने भावनानुं मन थाय ते सारु में लखी छे.

श्रावक पौषधमां एवी भावना भावे. एवी भावना भावतां धर्मध्यान पण आवी जाय. माटे पौषध करीने बने तो धर्मध्यान करे. ते शक्ति श्रावकने आववी मुश्केल छे. कारण जे हरिभद्रसूरि महाराजे श्रावकने धर्मध्याननी भजना कही छे. तेनो परमार्थ एम जणाय छे के, बार भावना विगेरे भावतां तेमां ध्यान अवसरे आवी जाय, पण घणो काल तो भावनामां ज जाय. वास्ते पौषधमां भावना भाववी, ते न बने तो सज्झाय ध्यान करवुं. ते पोते नवुं भणे वा पूर्वनुं भणेलुं संभारे, वा ज्ञाननो बोध वधारवा प्रश्नोत्तर करे. वा वडिल श्रावक शास्त्र वांचे ने बीजा सांभले. एवी रीते पौषधमां काल काढे, पण पौषध लइने सज्झाय ध्यानादिकमां तो कंइ पण उद्यम करे नहि. त्यां निद्रा करे, वा विकथा करे तो पौषधमां म्होटुं दूषण लागे. माटे गुणस्थाननी प्रवृत्तिवाला जीव तो प्रमाद विकथा त्याग करी पोताना आत्मतत्त्व प्रगट करवानो प्रयत्न करे. एवी रीते पौषध व्रत

Scanned by CamScanner

ते आत्माने आत्मस्वभावनी पुष्टि करवी. माटे आत्मानी पुष्टि थाय तेम पौषध व्रतमां वर्त्ते.

बारमुं अतिथी संविभाग व्रत ते–पौषधने पारणे एकासणुं करे. पछी पोताने त्यां जे रसवती निपजी होय, ते मुनिने प्रतिलाभवाने सारु श्रावक मुनि महाराजनी खोजना करे. भाग्योदयथी मुनिनी जोगवाइ मले तो मुनि महाराजने तेडी लावी जे जे वस्तुनो मुनिने खप होय, ते ते मुनिने आपे. पछी जे वस्तु मुनि लइ जाय, तेमांथी जे शेष रह्युं होय ते पोते एक आसने बेसी वापरे. अथवा एवो अभिग्रह होय के जे कंइ वस्तु मुनि ले, ते ज वस्तुनो म्हारे आहार करवो. तो मुनि लइ जाय ते वस्तु पोतानो निर्वाह करवा वापरे. एवी रीते पौषधने पारणे अतिथीसंविभाग करे अथवा अतिथि जे मुनि महाराज तेमने नित्य प्रतिलाभवानी सदा भावना राखे ने ज्यारे योग बने ते वखत जे जे वस्तु मुनि महाराज मागे, ने ते वस्तु घरमां होय तो अति भावे करीने आपे. मुनि महाराजने प्रतिलाभवाथी घणा जीवो संसारनो छेडो लावेला छे. सुबाहुकुमार प्रमुखनो अधिकार विपाकसूत्रमां छे ते सांभलशो तो मुनिने प्रतिलाभवानो लाभ जाणवामां आवशे. एवी रीते अतिथी संविभाग व्रत पालवुं.

आ मुजब श्रावकनां बारे व्रत व्यवहार निश्चयथी छे अने पोताना स्वभावमां रहेवानी भावना वर्त्ते छे, पण पूर्व कर्मना जोरथी संयम लइ शकातुं नथी तेथी संसारमां रह्या छे. पण सर्व जीवने मित्र समान जाणे छे. पोतानो निर्वाह करवामां कंइक हिंसा थाय छे ते संबंधी पण रात्री दिवस बहु ज दिलगिरी बनी रही छे, पण एम नथी विचरता के आपणे कंइ साधु नथी. आपणे श्रावक छीए तेथी बधा दरवाजा मोकला छे वास्ते आपणे तो हिंसा थाय ज. आवो विचार करवाथी निध्वंस प्रणाम थाय छे ते करे नहि. जे जे काम करे ते लाचारीथी करे, जेम माणसने कंइ रोग थयो होय, तो ते औषध खाय छे, ते सारुं लागतुं नथी पण रोग छे त्यां सुधी खुशीथी औषध खाय छे पण भावना शुं छे के क्यारे

Scanned by CamScanner

म्हारो रोग जाय, ने औषध खावुं पडे नहि. तेम आ भावे छे के क्यारे हुं संसार छोडुं के आ संसारी भोगादिक छूटी जाय ! एवी भावनाए श्रावक वर्त्ते छे. ए बारे व्रतमां कोइ अतिचार एटले दूषण लाग्युं होय ते पाप निंदवां. नित्य बे टंक एटले सवारे तथा संध्याये प्रतिक्रमण करे, तेनो अधिकार सर्वे आवश्यकना अर्थथी अतिचार तथा विधि जाणी ते मुजब करवुं.

छठुं सर्वविरति. वा प्रमाद गुणस्थानक. ए गुणस्थाने मुनि महाराज वर्त्ते छे, तेमने प्रत्याख्यानी क्रोध, मान, माया, लोभ श्रा चारे प्रकृति उदयथी नाश पामे छे. तेथी एमना राग द्वेषनी परिणती ओछी थाय छे, ने आत्मा शुद्ध थाय छे तेथी संसार उपरथी राग छूटी जाय छे. शरीरनी ममता पण छूटे छे. तेथी व्यवहारथी पांच महा व्रत श्रादरे छे ते नीचे मुजब.

प्राणातिपात विरमण व्रत एटले त्रस तथा स्थावर जीवनी हिंसानो त्याग करे छे. सर्व जीवने मित्र जेवा जाणी कोइ पण जीवने दुःख थाय तेम करता नथी.

मृषावाद विरमण व्रत ते सर्वथा जूठुं बोलवानो त्याग करे छे ने पोते जूठुं बोलता नथी, बीजानी पासे बोलावता नथी, तेम जूठुं बोलनारनी श्रनुमोदना पण करता नथी.

श्रदत्तादान विरमण व्रत ते कोइनी कंइ पण चीज आप्या विना लेता नथी. रस्तामां पडेली धूल पण लेता नथी. ए अदत्तादान चार प्रकारे छे.

जीवअदत्त ते कोइ जीवे कह्युं नथी जे मने मारो, तेथी कोइ पण जीवने मारता नथी, ने जे मारे छे, तेने जीवअदत्तनुं पाप लागे छे.

हवे स्वामिअदत्त ते जे वस्तुनो जे मालीक छे, ते मालीके आप्या शिवायनी वस्तु कंइ पण लेता नथी. ले ते स्वामिअदत्त कहीए.

गुरुअदत्त ते गुरु महाराजे आहार विगेरे जे जे वस्तु करवानी आज्ञा आपी नथी, ते वस्तु खाय वा वापरे. वा वर्त्तना करे ते गुरुअदत्त कहीये.

Scanned by CamScanner

तेथी गुरु महाराजनी आज्ञा शिवायनी कंइ पण वर्त्तना करता नथी.

तीर्थंकरअदत्त ते प्रभुजीए जे जे आज्ञा आपी छे, ते आज्ञाथी विरुद्ध आचरणा करवी ते तीर्थंकरअदत्त छे. माटे धर्मने सहाय्यकारी आहार वस्त्र पात्र रहेवानुं मकान जे जे वस्तु निर्दोष एटले पोते करी करावी तथा गृहस्थे पण मुनिने सारु बनावी नथी, पोताने ज सारु बनावी छे ने ते वस्तु वर्त्तमानमां अभक्ष नथी तेथी प्रभुए लेवानी आज्ञा करी छे ते वस्तु ले.

आ मुजब चारे रीते अदत्तादान विरमण व्रत मुनि पाले.

चोथुं मैथुन विरमण व्रत ते देवतानी स्त्री, मनुष्यनी स्त्री, तिर्यंचनी स्त्री कोइ पण साथे मैथुन सेववानो त्याग. तथा स्त्रीने अडकवानो पण त्याग करे.

पांचमुं परिग्रह विरमण व्रत ते धन, धान्य, जमीन, घरवाखरो, रूपुं, सोनुं, कुप्यधातु, माणस, जनावर ए नवे प्रकारना परिग्रहनो जेणे त्याग कर्यो छे, कोडी मात्र पण जेने राखवी नथी. एवी रीते सर्व प्रकारे परिग्रहनो त्याग करे. मात्र शरीर ढांकवा सारु वस्त्र पात्र शिवाय कंइ पण आहार आवती काले खावा राखी मूकवो नथी. एवी रीते कोइ पण वस्तुनी इच्छा नथी तेथी परिग्रहनो त्याग करे छे. पापनुं बीज ज परिग्रह जाणे छे.

ए मुजब पांचे अव्रत, मन वचन कायाए करी सेवे नहि, सेवरावे नहि सेवताने अनुमोदे नहि. एवी रीते पांच अव्रतनो त्याग करी पांच महाव्रत आदरे छे, ने सदाकाल ज्ञाननो अभ्यास करी रह्या छे. जरा पण विकथा आलस निद्रामां काल काढता नथी. ज्ञाननो अभ्यास करे छे, ते पण मान महत्त्वताने सारु नहि पण केवल पोतानुं आत्मस्वरूप प्रकट करवा सारु ज उद्यम करे छे. सदाय भावना तो संभावनी ज बनी रही छे. कोइ पण पुद्गलिक भावमां मग्नता नथी. सदा आत्मभावना भावी रह्या छे; पण पांच प्रमाद गया नथी, तेथी प्रमाद गुणठाणुं कहेवाय छे.

Scanned by CamScanner

सातमुं अप्रमाद गुणठाणुं. ए गुणठाणे पांच प्रमादनो नाश थयो छे. ते प्रमादनां नाम—मद ते मदिरा, तथा आठ मद जे जातिमद, कुलमद, बलमद, रूपमद, ऋद्धिमद, ठकुराइमद, तपमद, ज्ञानमद ए आठ मद. विषय ते—पांच इंद्रिओना तेवीश विषय. स्पर्शेंद्रि जे शरीर तेना आठ विषय ते हलको ते हलवुं वस्त्र प्रमुख मले ने ते पसंद होय तो खुशी थवुं वा हलकुं ना पसंद होय तो दिलगीर थवुं ते, २ भारे ते भारे वस्तु मलवाथी राजी दिलगीर थवुं ते, ३ लूखी वस्तु मलवाथी पसंद होय तो राजी थवुं, ना पसंद होय तो दिलगीर थवुं, ४ चोपडा पदार्थमां पण एम ज राजी दिलगीर थवुं, ५ सुंआलुं ने, ६ बरसट, ७ टाढो, ८ उंनो ए पदार्थ अनुकूल मलथी राजी थवुं, ने प्रतिकूल मलेथी दिलगीर थवुं. रस इंद्रिना पांच ते—तीखो, कडवो, कषायलो, खाटो, मधुरो ए पांचे रस छे ने खारो रस ते सर्वे वस्तुमां मले छे, तेथी जूदो गण्यो नथी. ए पांचे रसमां जे जे रस मल्यो, तेमां मुनिराज दिलगीर थता नथी जे वखत जे रस मल्यो, ते समभावे खाय छे ने ए पांचे रसना स्वादमां अनुकूलने विषे राग ने प्रतिकूलमां द्वेष ते विषय कह्या छे. एम घ्राणेंद्रि जे नाक तेने सुरभिगंध—सारो गंध, दुरभिगंध ते माठो गंध ते मलवाथी राग द्वेष करवो ते विषय. चक्षुइंद्रिना पांच विषय ते पांचे वरण रातो, धोलो, पीलो, लीलो अने कालो ए पांचे रंगमां अनुकूल मल्याथी राग करवो, प्रतिकूल मल्याथी द्वेष करवो ते विषय. श्रोत्रइंद्रिना त्रण विषय ते सचित्त शब्द स्त्री पुरुषनो, अचित्त शब्द ते नगारा विगेरेनो, मिश्र शब्द ते नरघां विगेरेनो ए त्रणे जातना शब्दमां राग द्वेष करवो ते. ए त्रेवीश जातना विषयना पदार्थ छे तेमांथी अनुकूल मल्युं वा प्रतिकूल मल्युं तेमां मुनि ते वस्तुनो वस्तुधर्म जाणे छे ने जे वखते जे मल्युं तेथी पोताना शरीरने आधार आपे छे; पण तेमां आ सारुं, आ नबलुं एम मानी राजी खुशी थता नथी. मुनि महाराज तो पोते कर्म खपाववा उजमाल थया छे पोतानी पासे पैसा तो राखता नथी तेथी खरीद करवुं नथी, तेम पोताने हाथे

Scanned by CamScanner

आहारादिक बनाववा पण नथी. गृहस्थने त्यांथी जे वखत जे चीज मली, तेथी संतोष करी राजी दिलगीर थता नथी. एवी रीते त्रेवीश विषय त्याग थया छे. कषाय ते बार तो गया छे अने चार जे संज्वलना रह्या छे ते पातला थया छे. विकथा ते राजकथा ते राजा संबंधी वात करवी. देशकथा ते देशोनी वातो करवी. भक्तकथा ते भोजननी कथा करवी. स्त्रीकथा ते स्त्री संबंधी वातो करवी. ए चार विकथानो त्याग थइ जाय छे. निद्रा--जेनुं रूप मोहनीकर्ममां कह्युं छे ते निद्रा त्रण--निद्रानिद्रा, प्रचला प्रचला, थीणद्धि ए त्रणे जाय छे. ए रीते पांचे प्रमादनो नाश थवाथी अप्रमाद गुणठाणुं कहेवाय छे. ए गुणस्थानमां आत्मविशुद्धि वधारे थाय छे. पण छट्ठा तथा सातमा गुणस्थाननो काल अंतरमुहूर्त्तनो छे ते वली पडीने छठे जाय छे. वली सातमे आवे छे अध्यवसायनो फेरफार थया करे छे तेम गुणस्थान फरे छे. तेमां पण सातमा गुणस्थाननुं अंतर्मुहूर्त्त लघु छे ने छट्ठा गुणस्थाननुं अंतर्मुहूर्त्त म्होटुं तेमां एटलो अंतर पडे छे के, आखा आउखा सुधीमां सातमे रह्यानो काल एकठो करीए तो उण बे घडी करतां वधे नहि. ने छट्ठा गुणस्थाननो बाकी सर्व काल थाय. ए अधिकार भगवती सूत्रनी टीकामां छापेली प्रतमां पाने २७२ में छे. अप्रमाद गुणस्थाननो विशेष अधिकार कर्मग्रंथथी जाणवो. ए विशुद्धभावनुं स्थानक छे. ए गुणस्थानमां धर्मध्यानमां वधारे काल जाय छे. ते धर्मध्यान चार प्रकारे छे.

पहेलो पायो आज्ञाविचय ते—परमात्मानी आज्ञानुं ध्यान करे. परमात्मानी आज्ञा केवी छे ? अविच्छिन्न छे. वली परमात्मानां वचन छे ते निराबाध छे; कोइ प्रकारनो दोष नथी. आत्मानी सत्ता अनंत ज्ञानमय, अनंत दर्शनमय, अनंत चारित्रमय, अनंत तपमय, अनंत उपयोगमय छे. ए आत्मानी सत्ता छे ते स्वरूपमां रहेवुं, एं आज्ञा छे. एवी रीते पहेला पायामां ध्यान करे.

बीजो पायो अपायविचय तेमां ध्यान करे जे अनंत ज्ञानमय आत्मा

Scanned by CamScanner

ते मिथ्यात्त्व, अव्रत, कषाय, योग. ए चार कारणे करी अवराइ गयो छे, ते आ जडमां जड जेवी प्रकृत्ति करी रह्यो छे. पण चेतन ! त्हारो स्वभाव नथी. धन स्त्री पुत्र परिवारने जोइने म्हारां म्हारां करे छे. एना संयोगे राजी थाय छे. वियोगे दिलगीर थाय छे. बुद्धि अनादिनो पुद्गलनो संयोग बन्यो छे तेना प्रभावे थया करे छे; पण चेतन ए त्हारे करवा योग्य नथी. आज सुधी तो अज्ञानता हती तेथी म्हारुं शुं छे ? ने पारकुं शुं छे ? ते ज्ञान नहोतुं. हवे हे चेतन ! भाग्योदये जैनशासन मल्युं, जेमां आत्मानुं स्वरूप अनंतज्ञान, अनंतदर्शन, अनंतचारित्र, अनंतवीर्य, अजर, अमर, अलक्ष्य, अविनाशी, अशरीरी, अगम, अक्रोधी, अमानी, अलोभी, अमायी, अवेदी, अभेदी, अछेदी, अइंद्री, अनाहारी, अकामी, अविषयी, अगंधी, अवर्णी, अरसी, अस्पर्शी, अगोचर, अनुपम, न संज्ञी, न असंज्ञी, न अपर्याप्तो, न पर्याप्तो, न रागी, न द्वेषी, न बाल, न युवान, न वृद्ध, न स्त्री, न पुरुष, न नपुंसक, सच्चिदानंदमय, सहज सुखमय एवुं आत्मानुं स्वरूप छे. पण पर संगे कुबुद्धि प्राप्त थवाथी जड वस्तुनो रागी थइ हे चेतन ! तें अनेक दुःख सह्यां. वर्त्तमान कालमां पण चेतन जे जे सुख माने छे, ते मात्र कहेवा रूप छे. चेतन, तुं जे जे वस्तुना संसारी सुखने सुख माने छे, पण ते काम तपाशी जोइश तो दुःख शुं शुं छे ? ते जाणवामां आवशे. वली भवांतरे नरकादिकनां दुःख भोगववां एवां दुःख आ शरीरनी संगते घणां वेठ्यां. माटे हवे हे चेतन ! तुं त्हारुं स्वरूप विचारी त्हारा आत्मिकसुखमां मग्न रहे. वली ए पर संगे कर्म बंधाय छे ते विचार.

त्रीजो विपाकविचय धर्मध्यान. तेमां विचार करे जे जीवे पर संगे आठ कर्म बांध्यां तेनी १५८ प्रकृति छे. तेनुं स्वरूप आठकर्मनां स्वरूप लख्यां छे, त्यांथी जोइ लेवुं. तेनो बंध जे समये जेवा जेवा अध्यवसाय थाय, तेवा कर्मनुं बांधवुं. तेनो उदय थयो नथी त्यां सुधी रहेवुं ते सत्ता. पछी उदय थाय त्यारे सुख दुःख भोगवाय ते उदय कहीए. ए बंध चार

Scanned by CamScanner

प्रकारनो छे. प्रकृतिबंध ते—कर्मनो शुभाशुभ स्वभाव, स्थितिबंध ते—कर्म केटला काल सुधी भोगववुं पडशे ? तेनुं मान ते स्थितिबंध, रसबंध ते कर्म तीव्र मंद जेवुं भोगववानुं होय एवो रस होय ते रसबंध. प्रदेशबंध ते—कर्मना दलीयानुं मलवुं, ए ज्यारे जीव कर्म बांधे छे, ते जे वखत जे अध्यवसाय वर्त्ते छे तेवुं कर्म बांधे छे. तेनो उदय काल प्राप्त थाय छे, त्यारे दुःख भोगववां पडे छे. आत्मानी ज्ञानशक्ति अनंती छे, पण ए कर्मयोग अवराइ गइ छे. माटे हे चेतन ! जे जे सुख दुःख आवे छे तेमां तुं राग द्वेष मा कर, राग द्वेष कर्या छे तेथी आ कर्म बांध्यां छे ने आ जन्म मरण रोगादिकनां विचित्र दुःख भोगववां पडे छे. माटे चेतन ! जे जे कर्मविपाक उदय आव्या छे. ते ते कर्मना स्वभाव छे तेवुं बने छे, त्हारो स्वभाव तो जाणवा देखवानो छे ते जाणी ले, पण अज्ञानताथी अनादिका-लनो अभ्यास पड्यो छे तेथी मने दुःख थाय छे, पीडा थाय छे, एम करे छे ते हवे न कर. हवे तो तुं त्हारा स्वरूपनो विचार कर ने समभावे रहे. ए ज त्हारो धर्म छे. तुं समभावे रहीश एटले राग द्वेषमय प्रकृति बनशे नहि. एटले सहजे ए कर्म क्षय थशे. आज सुधी तुं त्हारा स्वभावने जाणतो नहोतो. हवे त्हारो स्वभाव तें जाण्यो ते छतां आ जड प्रवृतिमां शा सारु लेवाय छे ? एवी रीते त्रीजा पायामां ध्यान करे.

चोथो संस्थानविचय धर्मध्यान. तेमां चौदराज लोकनुं स्वरूप विचारे चौदराज लोकमां जे जे पदार्थ जेवी रीते रह्या छे, ते विचारे. छए द्रव्य रह्या छे ते विचारे. छए द्रव्यनुं स्वरूप विचारे. पछी तेमां आत्माना द्रव्य साथे बीजा द्रव्यनुं स्वरूप विचारे के, जे जे गुण आत्मामां छे, ते बीजा द्रव्यमां नथी. ते हे चेतन ! शा कारणसर ए द्रव्यमां म्हारापणुं माने छे ? एम विचारी पोताना स्वरूपमां लीन थाय छे. मन वचन काया पण ते ज स्वरूपमां स्थिर थइ जाय छे. अनुभव ज्ञान स्वभाविक प्रगट थाय छे. ए ज्ञान प्रगट थाय ते अनुभव ज्ञाननुं सुख जाणे. ए सुख कोइथी कह्युं जतुं नथी. पोताना आत्मतत्त्वमां एकाग्रता थवाथी आनंद थाय छे,

Scanned by CamScanner

ते आनंदनुं सुख ध्यानथी चलायमान थाय छे, तो पण केटलोएक वखत रहे छे. माटे हे चेतन! तुं त्हारा स्वभाविक सुखमां मग्न रहे तो त्हारुं रहेवानुं स्थान लोकाग्रे सिद्धिस्थान छे त्यां थशे, ए आदि चोथा पायामां ध्यान करे-

ए चारे पायामां स्वरूप विचार लख्यो छे, ते चिंतवन रूप छे ने ध्यान तो मन वचननी एकाग्रताए अपूर्वज्ञान स्वभाविक थाय ते कहेवाय. एम कहे तेनुं समजवुं जे ध्यानमां श्रुतज्ञानने बले प्रथम तो चिंतवन करे, पछी स्वभाविक थाय. वास्ते चिंतवन करतां ज ध्यान थाय. ए रीते सातमा गुणस्थानमां ध्यानादिकमां वर्त्ते.

आठमुं अपूर्व गुणस्थान. ए गुणस्थानमां पूर्वे नहि आवेला भाव प्राप्त थाय छे. ए गुणस्थान उपशमभावथी थाय छे. तेनी प्रकृति उपशम पामे छे, ने क्षायकभावे ए गुणस्थान थाय छे. ते सत्ता बंध उदयथी क्षय करता जाय छे. क्षायकभाववाला तो चढीने केवलज्ञान ज पामे छे ने उपशमवाला तो अगीयारमा गुणस्थान सुधी चढीने पाछा पडी जाय छे. पछी पाछा क्षायकभाव प्रगटे ने चढे ते पडे नहि. ए आठमे गुणस्थाने समकित मोहनीनो उदय न होय. कारण जे सातमा गुणस्थानना अंत सुधीमां एनो नाश थाय छे, त्यारे ए गुणस्थान प्रगटे छे. ए गुणस्थानमां शुक्लध्यान प्रगट थाय छे. प्रथम तो श्रुतज्ञानने बले विचार करे छे, पण पछी स्वभाविक ज्ञान प्रगट थाय छे. तेणे करी ध्यान करे. भेदज्ञान प्रगट करे छे. ए गुणस्थानमां अनुभव ज्ञान थाय छे ते जेवुं सूर्य उदय थता अगाडी जेम अरुणोदय थाय छे, ने उद्योत थाय छे तेम केवलज्ञान रूप उद्योत थवानो छे, तेनो पहेलो प्रकाश थाय छे. आ गुणस्थानमां केवल सहज ध्यान छे. कृत्रिम हठादिक ध्यान नथी. ए गुणस्थाननुं सुख तथा ज्ञान जेने थाय ते जाणे. महा अद्भुत विशुद्धि छे. ज्ञानावर्णी, दर्शनावर्णी, मोहनी, अंतराय ए कर्म उदय रह्यां छे, पण तेना रस नाश थता जाय छे. मोहनीकर्मनी १३ प्रकृति रही छे, पण ते बहु ज रस रहित थइ गइ

छे. अति विशुद्ध अध्यवसाय थया छे. जड चेतननो केवल विभाग करता जाय छे. शुक्लध्याननो पहेलो पायो पृथक्त्ववितर्क सप्रविचार नामे ध्यानमां ध्याय छे.

नवमुं अनुवृत्तिबादर गुणस्थान. ए गुणस्थानमां अतिशय विशुद्ध अध्यवसाय थाय छे. आठमाना अंतमां हास्य, रति, अरति, भय, शोक, दुगंछा ए छ प्रकृतिनो अंत थाय छे. आ गुणस्थानमां ए छए प्रकृतिनो उदय नथी. इहां शंका थशे के आठमुं गुणस्थान पाम्या त्यां एनी प्रवृत्ति हती ? ते विषे समजवुं के लोकनी रीतना तो छठ्ठा गुणस्थानथी नीकली गया छे, पण आत्माना गुण स्वभाविक प्रगट थाय छे ते जोइने हरख थाय छे. ते रूप हास्य तथा रति छे, तथा अरति परभाव उपर छे. भय पण पोताना भाव चलायमान थाय तेनो छे. शोक पण कर्मथी आत्मा मलीन थयो तेनो छे. दुगंछा पण स्वभाविक पर परिणतीनी छे. आ छए स्वभाविक छे. एनुं विस्तारे स्वरूप विचारसारनी टीकामां करेलुं छे. ए नवमा गुणस्थानना अंतमां संज्वलना क्रोध, मान, माया, तथा स्त्री वेद, पुरुष वेद, नपुंसक वेद, एनो अंत थाय छे त्यारे दशमुं गुणस्थान पामे छे.

दशमुं सूक्ष्मसंपराय गुणस्थान. ए गुणस्थानमां सूक्ष्म लोभनो उदय रह्यो छे. ते अति विशुद्ध भावे दशमाना अंतमां ए लोभनो क्षय थाय छे. हवे जे उपशमभावे श्रेणि मांडी होय, ते अगीयारमे गुणस्थाने जाय. कारण जे गुणस्थान उपशमभावनुं छे. क्षायकभावनुं गुणस्थान नथी. तेथी क्षायकभाववाला बारमे गुणस्थाने जाय छे.

अगीयारमुं उपशांतमोह गुणस्थान. ए गुणस्थानमां मोहनीकर्मनो उदय तो नथी होतो, पण सत्ताए रहे छे. तेना जोरथी परिणाम पाछा पडी जाय छे. तेथी ए गुणस्थानकथी चढता नथी पण पडे छे. कदापि आयुष्य आवी रह्युं होय ने मरण करे छे, तो सर्वार्थसिद्धि विमानमां जाय छे. त्यांथी मनुष्यमां आवीने मुक्ति जाय छे.

बारमुं क्षीणमोह गुणस्थान. ए गुणस्थानमां वीतरागपद थाय छे. ए

Scanned by CamScanner

गुणस्थानमां अभेद ज्ञान छे. एकत्त्ववितर्क अप्रविचार नामा ध्यान अभेद ज्ञान छे, तेनो बीजो पायो वर्त्ते छे. तेथी अति विशुद्ध भाव थाय छे. तेथी ए गुणस्थानना अंतमां ज्ञानावर्णि कर्मनी पांचे प्रक्राति, दर्शनावर्णि कर्मनी छ प्रक्राति रही हती ते, तथा अंतरायकर्मनी पांचे प्रकृतिनो उदय बंध सत्ता सर्व प्रकारे नाश थइ जाय ने तेरमुं गुणस्थान पामे छे.

तेरमुं सयोगी गुणस्थान. ए गुणस्थानमां, केवलज्ञान केवलदर्शन प्रगट थाय छे. लोकालोकना जाण थाय छे. गयो अनंतकाल, ने आवतो अनंतकाल छे, तेमां जे जे पदार्थ थइ गया, तथा थवाना छे ते सर्वेनुं ज्ञान छे. कंइ पण वस्तु जाणवाने अजाण नथी. एवुं संपूर्ण ज्ञान प्रगट थाय छे; त्यारे तीर्थंकर महाराजनी वैमानिक, ज्योतिषी, भवनपति, व्यंतर ए चारे जातना देवताना इंद्रो भक्ति करवा आवे छे, ने समवसरणनी रचना करे छे. तेमां पहेलो कोट रुपानो, बीजो कोट सोनानो, त्रीजो कोट रत्ननो. रत्नना कोटनी मांहि प्रभुने बेसवाने रत्नमय सिंहासन छे, ते उपर प्रभु बेसे छे. ते प्रभुनो प्रभाव एवो छे के, चारे दिशाए लोक प्रभुने जुए छे. तेनुं कारण के प्रभुनुं प्रतिबिंब त्रणे दिशाए होय. प्रभुना मस्तक उपर त्रण छत्र अद्धर रहे, वली देवता चामर वींजे. प्रभुनी पूंठे तेजना पुंज रूप भामंडल शोभे. जेनुं तेज सूर्य करतां बारगणुं होय. वली उपर अशोकवृक्ष होय, तेनी एवी शीतलता होय के सर्व जीवना शोक संताप नाश पामे. वली आकाशे दुंदुभी वागे. तेमां एवो शब्द थाय जे ए देवने भजो, ए देवने भजो. वली देवता फूलनी वृष्टि करे ते चारे पासे ढींचण प्रमाण फूल होय. एवी रीते देवता रचना करे. त्यां प्रभु बेसीने धर्मदेशना आपे, तेथी घणा जीव प्रतिबोध पामे छे. कारण के केवलज्ञाने करी सर्व वस्तु जाणे छे, तेथी कोइना मनमां शंका थाय तो पण पोते जाणे. तेथी तेने पूछवानी पण जरूर न पडे. भगवान जाणीने सर्वे उत्तर आपे. तेथी कोइने शंका रहे नहि. एवी रीते ज्यां सुधी आयुष्य पहोचे, त्यां सुधी पृथ्वि उपर फरी भव्य जीवोने प्रतिबोध करे. ए रीते तेरमे गु-

Scanned by CamScanner

णस्थाने वर्त्ते. ए गुणस्थानननां चार अघाति कर्म रह्यां छे. अघाति कहे-वानी मतलब ए छे जे आत्माना गुणने ए कर्म घात करतां नथी, तेम गुण प्रगट करवामां अटकावतां नथी तेथी अघाति कर्म कहींए.

चौदमुं अयोगी गुणस्थान. ए गुणस्थान आयुष्यनो अ-इ-उ-ऋ-ऌ ए पांच अक्षर बोलीए एटलो काल बाकी होय त्यारे पामे छे. ए गुणस्थान-मां योग जे मन वचन कायाना तेनो रोध थाय छे, ने चारे कर्म नाश थइ जाय छे, ने सर्व कर्मथी रहित थाय छे. आ शरीरनो त्याग थाय छे. एक समये सिद्धमां बिराजमान थाय छे. त्यां सदाकाल अवस्थित रहे छे. फरी संसारमां आववुं नथी. कारण जे संसारमां रोळावानां कारण कर्म छे, ते नाश पामे छे. एटले शाथी संसारमां रोळाय ? संपूर्ण आत्मिकसुख प्रगट थयुं छे. एवा पूर्ण सुखने पामे छे. इहां कोइ कहेशे जे लोकने अंते जाय छे, ते अलोकमां केम जता नथी ? तेनुं कारण जे धर्मास्तिकाय अलोकमां नथी. लोकना अंत सुधी धर्मास्तिकाय छे. जीव अने पुद्गल धर्मास्तिकायनी सहाय्य विना चाली शकता नथी, तेथी आगल जता नथी. आत्माने इहांथी त्यां सुधी जवानुं शुं कारण ? तेनुं जाणवुं जे उं-चो जवानो ज स्वभाव छे तेथी जाय छे.

आ मुजबनो चौद गुणस्थान रूप धर्म छे. तेमांथी जेंटलो जेटलो जीव धर्म करे ते प्रमाणे शुद्ध थाय.

५५ प्रश्नः—आ मुजबनो धर्म जैनवाळा ज करी शके के बीजा कोइ करी शके ?

उत्तरः—विशेषे करीने जैनवाळा ज करी शके. कारण जे जेने वस्तु धर्मनुं ज्ञान नथी, त्यां सुधी वस्तुने वस्तुपणे मानवुं बने नहि. तेथी स्व-भाव विभाव जाणे नहि, ने विपरीत जाणवाथी शी रीते मुक्ति थाय ? ने कोइ जीवने स्वभाविक सहजे वस्तुधर्मनुं ज्ञान थाय, तेथी पोताना स्व-भावमां रही परभावनो त्याग करे तो गुणस्थानमय धर्म पामे. जेम कोइ माणसने रस्तामां जतां जमीनमां पग गरकी जाय छे, ने द्रव्य मळे छे

Scanned by CamScanner

ने धनाढ्य थाय छे तेम स्वभाविक बोध थइ जाय. पण ए थोडा जीवने एम बने. घणा माणसने एम बनवुं मुश्केल पडे छे. ने बराबर उद्यमथी तो घणा माणस धन पेदा करे छे; तेम जैनमार्गथी निकट मुक्ति छे. अन्य पण भावथी जैनधर्मनी मर्यादाए आत्मिकधर्म आवे तो ज मुक्ति पामे.

५६ प्रश्नः—आवुं जाणीने जैनधर्म उपर राग राखे ने अन्यधर्म उपर द्वेष राखे ते युक्त छे के केम ?

उत्तरः—जे जैनधर्म पाम्यो होय तेणे कोइ धर्म उपर अथवा कोइ माणस उपर द्वेष राखवो नहि. कारण के जैनना आचार्य तो कही गया छे जे दर्शन सकलना नय ग्रहे, आप रहे निज भावे रे--एनो परमार्थ ए छे जे. जे धर्मवालाये मार्ग दर्शाव्यो छे तेमां सारभूत शुं छे ? ते सारभूत जे पक्षथी होय ते पक्ष जाणी ले. ने सारा पक्षनी व्याख्या करे. विरुद्ध पक्ष उपर लक्ष न दे. आप रहे निज भावे कहेतां जैनशासनमां सात नये मार्गनो निर्णय छे ते भावे रहे; पण कोइ जीव उपर द्वेष करे नहि. तथा निंदा करे नहि. निंदा करवी ए संसारमां ज उचित नथी. वली वाद विवादमां पण सामा जीवने अथवा पोताने लाभ थाय एवुं होय तो वाद कर, पण पोताना अहंकार ममकार सारु न करे. अष्टकजीमां पाने ५२, बारमा अष्टकमां हरिभद्रसूरि महाराजे धर्मवाद करवो कह्यो छे, पण शुष्कवाद एटले गलुं शोषाय, कंइ फायदो थाय नहि, ते वाद निषेध्यो छे. वली जेने आत्मधर्म प्रगट करवो छे, ते जेम बने तेम पुद्गलभावनी प्रवृत्तिथी छूटवानो उद्यम करी रह्या छे. ते माणस पारकी पंचातमां केम पडे ? जेने व्यवहार करणी करवी छे ते एवी करे के जेमां आत्मविशुद्धि थाय. राग द्वेषनी परिणती ओछी थाय ए उद्यम करे. ते धणी कोइ उपर द्वेष राखे नाहि. ते तो सदा भावदया करी रह्या छे. माटे पोताने फुरसद पडे धर्मोपदेश दे. तेमां पण कोइनुं छिद्र खुले एवुं न करतां सांभलनारने जेम समता वधे तेम करे.

५७ प्रश्नः—अधर्मी जीव उपर द्वेष करे के नहि ?

Scanned by CamScanner

उत्तरः—अधर्मी जीव उपर मध्यस्थ रहे. एटले राग पण न करे ने द्वेष पण न करे. राग करवाथी अधर्मनी प्रशंसा थाय तो तेथी पोताने कर्मबंध थाय, ने पोतानी प्रशंसा जोइ बीजो जीव अधर्म सेवे तो तेनो कारणीक थाय. ने द्वेषथी ते जीव साथे वैर बंधाय तो ते कर्म भोगववुं पडे. माटे ज समभावे रहे. अधर्मनी प्रशंसा करवाथी श्रावकने भवभ्रमण भमवुं पड्युं छे, ते कथा अर्थदीपिकामां छापेली चोपडीमां पाने ७७ मे छे. माटे अधार्मिनुं बहुमानपणुं न करवुं.

५८ प्रश्नः—अन्यधर्मवाला धर्मकरणी करे छे ते फोगट जाय छे के केम ?

उत्तरः—अन्यदर्शनीमां पण केटलाएक जीवो केवल पोताना आत्माने कर्मथी मुक्त करवा सारु जीवदया पाले छे. जूठुं बोलता नथी, चोरी करता नथी. मैथुन सेवता नथी. परिग्रह राखता नथी, क्रोध, मान, माया, लोभ पातला पड्या छे. ने ते पातला पाडवानो उद्यम करी रह्या छे. कोइ धर्म उपर द्वेष नथी ते पण अनुक्रमे चढवानुं कारण छे. जेथी हरिभद्रसूरि महाराजे योगदृष्टिसमुच्चयमां पातंजलीने मार्गानुसारीमां गवेष्या छे ने केटलाएक जीवो खरा जैनधर्मना उपर द्वेष करी रह्या छे ने अहंकार ममकार करी रह्या छे. हिंसा करीने धर्म माने छे. एवा जे अन्यधर्मवाला तेनुं काम शी रीते थाय ? राग द्वेष छे ते ज संसारनुं बीज छे. ते तो रात्री दिवस करी रह्या छे त्यारे तेनो लाभ तो सर्वे धर्मवाला संसार फल ज कही गया छे. तेनुं बीजुं फल क्यांथी थाय ?

५९ प्रश्नः—जैनमां घणा गच्छ छे, ते सर्वे शुद्ध छे के केम ?

उत्तरः—जैनमां शुद्ध आचार्य महाराजनो गच्छ तो एक आचार्यनो परिवार ते गच्छ कही गया छे. तेम जूदा जूदा आचार्यनो परिवार जूदो जूदो गच्छ कहीए तेमां कंइ एक बीजाने हठवाद नथी. एवो जे जे गच्छ छे तेमां धर्मसाधन सरखुं छे. सर्व मुक्तिना कामी छे. कदापि कंइ समज फेरथी कोइ कोइ वातमां एक बीजा आचार्यना विचार फेरफार आवे छे,

Scanned by CamScanner

तो पण एक बीजा उपर द्वेष नथी. बन्ने मुक्तिना कामी छे, तेथी तेना पछीना पण आचार्यो एम कहे छे के जिनभद्र क्षमाश्रमणजी आम कहे छे ने सिद्धसेनदिवाकरजी आम कहे छे. एम मध्यस्थ रहे छे, पण कोइने वधता ओछा कहेता नथी. तेम आपणे पण मध्यस्थ रहेवुं. जेम के खरतर गच्छवाला सामायिक लेतां करेमिभंते पहेली कहे छे, ने पछी इरियावही पडिक्कमे छे. ए रीते आवश्यकनी टीकामां हरिभद्रसूरि महाराज कही गया छे. वली तपगच्छमां पहेली इरियावही पडिक्कमी पछी करेमिभंते कहीए छीए. ए विषे श्री महानिशीत्थ सूत्रमां कह्युं छे के इरियावही पडिक्कम्या विना कंइ काम करवुं नहि. ए आधारे तपगच्छवाला करे छे तो बे शास्त्र बन्ने गच्छवाला कबूल करे छे तो बन्ने गच्छवालाने मध्यस्थ रहेवुं जोइए. जेम पूर्वाचार्य बे आचार्यना बे मत दर्शावे छे, पण कोइने उवेखता नथी तेम आपणे पण वर्त्तवुं जे आ गच्छवाला आ ग्रंथने आधारे आ क्रिया करे छे, आ गच्छवाला आ ग्रंथने आधारे करे छे. एम करी मध्यस्थ रहेवुं; पण एक शास्त्रने खरुं करवुं, एकने खोटुं करवुं, ने राग द्वेषमां पडवुं ते आत्माने दुःखदायक छे. ने जे प्रवृत्ति पूर्वाचार्यनी नथी ने पोतानी मतिकल्पनाथी ज छे, वली शास्त्रथी पण विरुद्ध छे तेमां पण ते शांतपणे समजे तो समजाववो, पण राग द्वेष करवो नहि. आपणा आत्माने गुण थाय तेम प्रवृत्ति करवी. कारण जे ठाणांगजीमां चौभंगी छे के, परगच्छी छे ने योग्य जीव छे तेने पोताना गच्छना हठथी ज्ञान नथी आपता ते प्रभुनी आज्ञा लोपे छे. एथी समजवुं जे गुणवंत होय ने परगच्छी होय तो पण तेने उवेखवो नहि. कारण जे गुणवंत होय ते समपरिणतीवालो होय, तेनी साथे परिचय करतां गच्छनी तकरार आवे नहि. एक बीजानी भूल होय तो सुधरे. माटे गच्छनो हठ करी तकरारमां पडवुं नाहि. शास्त्र उपर दृष्टि दइ विचारवुं. बे शास्त्रमां बे वात होय ते बे कंइ ग्रहण थती नथी. वली बेमां एके वात खोटी तो होय ज नहि. पण बन्नेना जूदा जूदा हेतु होय, ते गीतार्थ जाणे. हालमां एवा गीतार्थ-

Scanned by CamScanner

नो विरह रह्यो. भगवातिजीनी टीकामां अभयदेवसूरि महाराजजी पण गीतार्थनो विरह कहे छे. वास्ते आपणी अल्पबुद्धिथी नक्की थइ शके नहि, माटे मध्यस्थ रहि प्रवृत्ति करवी ने जेम हठ कदाग्रह न थाय, एम वर्त्तवुं के आत्मानी परिणती बगडे नहि. ठाणांगसूत्रना चोथा ठाणामां छापेली प्रतमां पाना २८२ नी बीजी पुंठीमां नीचे मुजब अधिकार छे.

चार प्रकारना पुरुष कह्या छे.

१ एक साधुधर्म ते जिनाज्ञा ते प्रते छांडे छे, ने गण गच्छनी स्थिति ते गच्छनी मर्यादा नथी मूकतो, कोइ आचार्ये एवी मर्यादा कीधी छे जे बीजा गच्छना यतिने सिद्धांत न देवुं. हवे ते बीजा गच्छना यतिने श्रुत न आपे, न भणावे, ते धर्म जिनाज्ञा छांडे छे, पण गच्छनी स्थिति नथी मूकता. जिनाज्ञा एवी छे के योग्य होय ते सर्वेने श्रुत देवुं ते माटे.

२ बीजो पुरुष आज्ञा गच्छनी मूकी जे अन्यगच्छना यतिने योग्यने श्रुत आपे छे, ते जिनाज्ञा रूप धर्म नथी मूकतो. गच्छनी स्थिति मूके छे.

३ जे अयोग्य अन्यगच्छनाने श्रुत आपे छे ते धर्म ने गच्छ ए बेने मूके छे.

४ जे श्रुत राखवाने कोइक योग्य परना शिष्यने पोताना करी श्रुत आपे छे, ते धर्म अने स्थिति बे नथी मूकतो.

आ मुजब ठाणांग सूत्रमां अधिकार छे. ते उपर लक्ष दइ कदाग्रहमां न पडतां सामाने तथा आपणा आत्माने लाभ थाय ते प्रवृत्ति करवी. ए चौभंगीमां एवी शंका थशे जे आचार्ये गच्छनी स्थिति केवी बांधी ? ते सारु ए ज टीकामां कह्युं छे जे प्रभुना उपदेश रहित आज्ञा बांधी. कारण जे प्रभुनो उपदेश सर्व योग्यने ज्ञान आपवुं एवो छे. आ मुजब टीकामां छे. वली चोथा भांगावालाने सारु गाथा मूकी छे जे ए पूजनीक छे तेथी जणाय छे जे ए गच्छनी खोटी रीत उपरथी चित्त उतरेलुं जणाय छे. तत्व केवलीगम्य.

६० प्रश्नः—आ कालमां देवता आवे के नहि ? नहि आववानां कारण

Scanned by CamScanner

परदेशी राजाना विवादमां आगल कह्यां छे वास्ते नहि ज आवे के केम ?

उत्तरः—चार कारणे देवता आवे. ए अधिकार ठाणांग सूत्रमां चोथे ठाणे छापेली प्रतमां पाना २८६ मे पहेली पुंठीथी संबंध चाल्यो छे. चार स्थानके हमणांनो उपन्यो देवता देवलोकमां रह्यो वांछे, ते मनुष्य लोकमां आववाने समर्थ थाय ते कहे छे.

तुरतनो उपन्यो देवता देवलोकमां दिव्य काम भोगववाने विषे मूर्च्छित न थयो. अनित्य जाणी यावत् अत्यंत आसक्त मन नथी तेने एवुं मनमां आवे जे म्हारे मनुष्यभव संबंधी आचार्य प्रतिबोधक. अथवा उपाध्याय सूत्रदाता, प्रवर्त्तक जे साधु जनने आचारमां प्रवर्त्तावे, अथवा स्थविर अथवा गणी गच्छना स्वामी, गणधर गच्छना धरनार अथवा गणावच्छेदक गच्छनी सार करे ते जेना प्रभावथी आ प्रत्यक्ष देवसंपत्ति देवतानुं शरीर तथा कांति पामी. जन्मांतरमां उपार्जे ते भोग सन्मुख आवी. ते माटे हुं जउं. ते भगवानने वांदुं यावत् तेनी सेवा करुं. ए प्रथम कारण.

२ हमणां तुरत उपन्यो देवलोकने विषे देवता. यावत् मूर्च्छित विषयमां अत्यंत आसक्त नथी तेने मनमां एवुं आवे जे मनुष्यना भवमां ज्ञानी श्रुतज्ञानादिक सहित छे अथवा म्होटा तपस्वी छे अथवा अति दुष्कर करणीना करनार छे, परिसहादि सहनार छे. ते माटे हुं जउं. ते भगवंत ज्ञानी अथवा तपस्वी अथवा दुष्कर करणीना करनार छे. तेने वांदुं यावत् तेनी सेवाभक्ति करुं. ए आववानुं बीजुं कारण.

३ हमणां तुरत देवलोकमां उपन्यो देवता विषय सुखने विषे अत्यंत आसक्त नथी. ते देवताना मनमां एवुं आवे जे म्हारे मनुष्य भव संबंधी माता पिता यावत् भार्या भाई बहेन पुत्र पुत्री छे. ते माटे हुं जउं, तेनी पासे जइने प्रगट थउं. ते सर्व देखे. म्हारी दिव्य देवतानी विमानादिकनी संपत्ति रत्न प्रमुखनी दिव्य देवतानी कांति शरीरनी जे पामी छे, भोगावस्थाये सन्मुख थइ छे, ए आववानुं त्रीजुं कारण.

४ वली नवो उपन्यो देवता तेना मनमां एवुं आवे जे म्हारे मनुष्य-

भव संबंधि मित्र स्नेही अथवा सहचारी अथवा संगतिक जेनाथी घणो परिचय छे, ते संगाथे मनुष्यना भवमां हतां तेवारे मांहो मांहे एवो संकेत कीधो हतो, या देवतामां संकेत कीधो हतो जे देवता मांहेथी प्रथम च्यवी मनुष्यमां जाय त्यारे तेने प्रतिबोधवो ए कारणथी आवे.

आ मुजब ठाणांगजीमां अधिकार छे, वास्ते देवता न आवे एम ए एकांत समजवुं नहि. वली वीरस्वामीना निर्वाण थया पछी घणा आचार्य महाराजनी सेवामां देवता आव्या छे. देवतानी सहाय्यथी सीमंधरस्वामी पासे पूछावी मंगाव्युं छे, पण अत्यंत गुणवाननी सेवामां आवे. छेल्ला हीरविजय सूरि महाराज सुधीना आचार्योए देवनी सहाय्यताथी शासननी घणी प्रभावना करी छे. वली आनंदविमलसूरीना वखतमां श्रावके आराधन कर्युं छे ने ते देवताने पूछ्युं छे जे हाल जुगप्रधान कोण छे? त्यारे युगप्रधान ओलखवानां लक्षण कह्यां छे. तेथी श्रावके तजवीज करी आनंदविमलसूरिने जुगप्रधान निर्धार कर्या छे, ए अधिकार हीरविजयसूरीना रासमां छे. माटे न आवे ते कंइ निर्धार नहि, मने पण मुनिसुव्रतस्वामीना प्रभावथी कंइक अनुभव थयो छे. वली व्यवहार सूत्रनी भाष्यमां कह्युं छे जे, कोइक मुनिने गुरु महाराजनो योग न होय ने प्रायश्चित्त लेवुं होय तो अठ्ठम करी भरुचमां मुनिसुव्रत स्वामीनुं आराधन करवुं. तथा मुनीसुव्रतस्वामीना अधिष्ठायक आवीने प्रायश्चित्त आपशे. कारण जे मुनिसुव्रतस्वामीए तथा गणधरे बहु प्रायश्चित्त आप्यां छे. ते तेणे सांभल्यां छे. ने तेथी ते आपशे. कदापि ते देवता च्यवी गया हशे तो बीजा अधिष्ठायक सीमंधरस्वामीने पूछीने कहेशे. एथी पण समजाय छे के देवता आवे छे. ए अधिकार व्यवहार सूत्रनी भाष्यनी टीकानी प्रत म्हारी पासे छे तेमां पाने २०६ मे बीजी पूंठीमां पहेला उद्देशानी समाप्तिना भागमां छे.

६१ प्रश्नः—पांच अंग जे सूत्र, निर्युक्ति, भाष्य, चूर्णी, टीका ए सर्वे तुल्य मानवामां आवे छे ने केटलाएक नथी मानता. माटे व्याजबी शुं?

उत्तरः—आ पांचे अंग तुल्य मानवां. कारण जे सूत्रमां दश पूर्वधरनां

Scanned by CamScanner

वचन तो सूत्र तुल्य कह्यां छे. हवे भद्रबाहुस्वामी चौदपूर्वधर थया, तेमणे निर्युक्ति रची छे. तो एमां फेरफार भाववो ते अज्ञानता छे. वली समवायांग सूत्रमां एवो पाठ पाने २२८ मे छापेली प्रतमां छे जे—'कप्पस्स समोसरणं णेयं' एनो अर्थ एवो करेलो छे जे कल्पनी भाष्यथी समवसरणनो अधिकार जाणवो. तथा छापेली भगवतीजीमां पाने ९१८ मां कह्युं छे, ते सिद्धगंडिआथी जाणवुं. इहां एवी शंका थशे जे समवायांगजी तो गणधर महाराजे गुंथ्युं, नें भाष्य तो पछी रच्युं. तथा सिद्धगंडिया पछी रचाइ तो एमां अधिकार क्यांथी आव्यो? ते विषे समजवुं जे, जे वखत देवर्द्धिगणीक्षमाश्रमणजीए शास्त्र लख्यां, ते वखते वधारे लखाण न वधी जाय ते सारु एक बीजा शास्त्रनी भलामण करी. जेमके भगवतीजीमां पन्नवणाजीनी तथा जीवाभिगमजी विगेरेनी भलामण छे. हवे पन्नवणाजी शामाचार्य महाराजे रच्युं छे तो ए भलामण भगवतीजीमां क्यांथी आवे? पण लखती वखत एक वात बहु ठेकाणे लखवी न पडे तेथी उपांग पयन्ना भाष्यनी ए भलामणो करी संकोच कर्यो. ए उपरथी विचारवानुं छे, जे देवर्द्धिगणीक्षमाश्रमणजी महाराजने जे ज्ञान हतुं तेमां सूत्र निर्युक्ति भाष्य विगेरे यादिमां हतुं ते लख्युं. त्यारे जो सूत्रमां ने निर्युक्ति भाष्यमां शंका होत तो केम लखत? तेमणे तो आपणा उपर परम उपकारबुद्धि लावी सूत्र विगेरे लखाव्यां. माटे एमां कंइ पण फेरफार मानवो योग्य नथी. वली आर्यरक्षितसूरी महाराजे सूत्रनो संक्षेप कर्यो. ते अधिकार हरिभद्रसूरि महाराजनी रचेली आवश्यकनी टीकामां छे. ते पण माणसने शंका थशे के फेरफार कर्युं, पण आर्यरक्षितसूरीना पाटे दुर्बलीपुष्प थया. तेमना वखते गोष्ठामाहिल थया. ते वखते देवता पासे पूछाव्युं जे आर्यदुर्बलीपुष्प कहे छे ते खरुं के गोष्ठामाहिल कहे छे ते खरुं? सीमंधरस्वामी महाराजे देवताने कह्युं जे आर्यदुर्बलीपुष्प कहे छे ते खरुं छे, ने गोष्ठामाहिल निन्वह छे. ए अधिकार उत्तराध्ययननी टीकामां छे. एथी सिद्ध थाय छे के आर्यरक्षितसूरिनी पाटे आर्यदुर्बलीपुष्प थया छे

Scanned by CamScanner

तो एओ आर्यरक्षितसूरी महाराजनां वचन मानता हता. ते वचननी खात्री सीमंधरस्वामी महाराजे आपी. तो ए वात पण सिद्ध थइ. त्यार बाद जिनभद्रगणी क्षमाश्रमणजी महाराज थया. तेमणे भाष्य रच्युं. तथा चूर्णी आद्याचार्ये रची. तेमांथी केटलीएक टीका हरिभद्रसूरि महाराजे रची. तथा बीजा आचार्यनी रचेली पण पोते प्रमाण करता हता, ते हरिभद्रसूरि महाराजने शासनदेवताए १४४४ ग्रंथ करवाने कह्या. हवे विचारो जे पांच अंगमां विरुद्ध होत तो हरिभद्रसूरि महाराजनी श्रद्धा पण विरुद्ध ठरे. तो शासनदेवता केम कहे? पण शासनदेवे शुद्ध पुरुष जाणी हरिभद्रसूरि महाराजनुं मान्य करेलुं साचुं जाण्युं तो १४४४ ग्रंथ करवाने कह्युं. तो ए पांच अंग शासनदेवताए योग्य जाण्यां. माटे एमां कंइ पण विषमवाद गणवो नहि, ने गणे ते भगवानननी आज्ञानो लोपनार ठरे. वली अभयदेवसूरि महाराजे टीकाओ करीं तो तेमणे पण शासनदेवताए आवीने टीका करवानुं कह्युं छे. एवी रीते घणा प्रकारनी ए पांचे अंगने छाप छे. वली बीजी रीते बिचारो के सूत्र तो सूचकमात्र छे ने सर्वे खुलासो तो पांचे अंगथी थाय छे. जे लोक नथी मानता ते पण खानगी तो टीकाओ विगेरे जुए छे त्यारे ज अर्थ मले छे. माटे पांच अंग प्रमाण करवाथी यथार्थ बोध थाय छे.

६२ प्रश्नः—ओगणसाठमा प्रश्नमां कह्युं जे दश पूर्वधरनां वचन प्रमाण करवां शास्त्रमां कह्युं छे, ने देवर्धिगणी क्षमाश्रमण महाराजने तो दश पूर्व नथी त्यारे ते शी रीते प्रमाण करवुं?

उत्तरः—देवर्धिगणी क्षमाश्रमणजीए कंइ नवी रचना करी नथी, पोताने गणधर महाराजनी पाट परंपरामां जे पुरुष चाल्या आव्या तेमनी पासे पोते धारणा करी हती ते मुजब लख्यां, एटले एमां कंइ पूर्व ओछानी शंका करवानुं कारण नथी.

६३ प्रश्नः—बाह्य अथवा आभ्यंतर तपश्चर्या करवाथी निर्जरा थाय के पुण्य बंधाय?

Scanned by CamScanner

उत्तरः—जे पुरुष स्वसत्ता परसत्तानुं ज्ञान पाम्या छे ते पुरुष शरीरनें जड करी जाणे छे. वली जाणे छे जे जे कर्म उदीरणा करी पण उदय थाय छे ने समभावथी भोगवतां नवां कर्म बंधातां नथी. पूर्वनां बांधेलां छे ते पण एक कर्मनी साथे बीजां शिथिल कर्म रह्यां छे, त्यारे समभाव आववाथी शिथिल कर्म तो प्रदेशथी भोगवइ जाय छे, त्यारे जे पुरुष कर्म खपाववा उदीरणा करे तेने तो अवश्य समभाव ज होय. माटे ते प्रदेश उदयना कर्मनी निर्जरा थाय छे. बीजां कर्म जे निकाचित होय तो ते पण शिथिल थाय. मात्र एक उत्कृष्ठ स्थानवर्त्ति निकाचित्त कर्म छे ते भोगव्या विना छूटतां नथी ने मध्यम स्थानवर्त्ति तो ज्ञान सहित तपथी नाश थाय छे. ए अधिकार विशेषावश्यकमां छे. तप करतां अशाता पण थाय तो तेनी पण निर्जरा थाय छे. वली शुभयोग रह्या छे. तेथी पुण्य पण बंधाय, परंतु पुद्गलिक सुखनी इच्छा नथी तेथी ते पुण्य पण मुक्तिने सहाय्यकारी थाय, पण मुक्तिने रोकनार नथी. माटे तपश्चर्या करवाथी मुख्यपणे निर्जरा थाय छे. तथा निर्जराना बार भेद तपश्चर्या ज कही छे. वली तीर्थंकर महाराज तथा बीजा मुनि महाराजो पण घणी तपश्चर्या करी कर्म खपावी तद्भव मुक्ति गया छे. वास्ते जो तपश्चर्याथी पुण्यबंध थइ रोकत तो ए पुरुषोने पण रोकत ते रोक्या नथी, तेथी पण समजाय छे के निर्जरा ज मुख्यपणे थाय छे.

६४ प्रश्नः—आत्मतत्त्वनुं ज्ञान न होय तेने तपश्चर्या करतां शुं लाभ थाय? तथा चारित्रथी शुं लाभ?

उत्तरः—आत्मज्ञान नथी होतुं पण आत्मज्ञानी पुरुषनी निश्राए रही वर्त्ते छे, ते पुरुष पण कर्म खपावी शके छे. जेम के मासतुस मुनिने एक पद पण मोढे चढतुं नहोतुं, पण गुरुनी आज्ञामां रही एक पदनो अभ्यास जारी राख्यो तो केवलज्ञान पाम्या. कारण जे गुरु महाराज निश्चय--व्यवहार, उत्सर्ग--अपवाद, द्रव्य--भाव ए सर्वेना जाण छे माटे शिष्यने थोडो बोध होय तोपण मुख्य मुख्य बाबत गुरु समजावी दे. एटले तेना आत्मानुं काम सहज थइ जाय छे. बीजा माणस साथे वादविवाद करी न

Scanned by CamScanner

शके, पण पोताना आत्मानुं काम करी शके छे. माटे एवा पुरुषनो तप संयम सफल छे. गीतार्थ अने गीतार्थनो निश्राए बे प्रकारनो मार्गज कह्यो छे.

६५ प्रश्नः—गीतार्थनी निश्रा नथी, ने स्वछंदपणे करे तेने कंइ लाभ थाय के नहि ?

उत्तरः—भगवतीजीनी छापेली प्रतमां पाना ६९८ मे चौभंगी छे. तेमां कह्युं छे जे, जे श्रुते करी रहित अज्ञानी बालतपस्वी गीतार्थ अनिश्रित देश आराधके कह्यो छे. वली ज्ञाताजीनी छापेली प्रतमां पाना ३४६ मे मेघकुमारनो अधिकार छे. मेघकुमारे पाछला हाथीना भवमां ससलानी दया करी तेथी ते ठेकाणे कह्युं छे जे संसारनो छेडो आण्यो. विपाकसूत्रमां सुख विपाकमां पाना २६२ थी बाहु तथा सुबाहु कुमारनो पाछला भवनो अधिकार छे. तेमणे मुनिने प्रतिलाभ्या ते वखत कंइ समकित हतुं नहि. तेम छतां त्यां कह्युं छे के संसार परित कर्यो एटले छेडो आण्यो. माटे गीतार्थनी अनिश्राये मोक्षनी कामनाए धर्मकरणी करे छे ते पण सफल थाय छे. परंपराए लाभ मले छे, पण पोताना अहंकारने लीधे गीतार्थनी निश्रा छोडे छे ने मनमां उन्माद करे छे जे गुरु शुं करवाना छे? गुरु जे करवानुं कहेशे ते तो करूं छुं. एवा अभिप्रायथी करनारने तो लाभ थाय एम संभवतुं नथी. गुरुनी जोगवइ नथी मलती तो पण चित्तनी भावना वर्ते छे के, क्यारे मने गुरुनो योग मलशे ? वली मल्येथी तेमनी आज्ञा प्रमाणे वर्त्तीश. एवा जीवने लाभ थाय छे. ते शिवायना अहंकारी प्रमुखने लाभ तो न थाय पण नुकशान थाय.

६६ प्रश्नः—आ लोक उपर लोकनी वांछा रही छे ने तप प्रमुख करे तेने लाभ शी रीते थाय? वली उपदेशमालानी गाथा ३२५ मीमां कह्युं छे जे अज्ञानी तप करे ते निष्फल थाय. वास्ते केम ?

उत्तरः—मुख्य वृत्तिए आ लोक परलोकनी वांछाए तपश्चर्या विगेरे करवाथी संसार वधारे, पण प्रथम तो आ लोकनी वांछाए करे पण उत्तम पुरुषनी संगत होय तो तेथी कोइने लाभ पण थाय छे. जेम के संप्रति

राजाना जीवे पाछले भवे आजीविकाने सारु संयम लीधुं हतुं तो पण ते काल करीने राजा थयो. त्यां पण आर्यसुहस्तिसूरी महाराजने जोइ ने जातिस्मरण ज्ञान थयुं ने समकित पाम्या. ए आदि घणा गुण थया. ए अधिकार परिशिष्टपर्वणिमां पाने २७७ मे छापेली चोपडीमां छे. माटे एकांत ए पण नियम नथी. पण पोताने तो जेम बने तेम आ लोकनी वांछा, परलोकनी वांछा घटे ए ज उद्यम करवो. पण केटलाएक जीव लालचे करता होय तेनो तपश्चर्यादिकनो उद्यम छोडाववो नहि. तेने उपदेश दइ आ लोक परलोकनी वांछा छोडाववी. जेम के उपासरे पतासां श्रीफलनी प्रभावना थाय छे हवे ते लेवा आव्यो पण वहेंचवानी वार छे ने धर्म श्रवण कर्युं, ते सारुं लाग्युं ने रुचि थइ. तो पछी आत्मानुं हित पण थाय. वास्ते धर्मकरणी करतां कोइने उवेखवा नहि, ने बनी शके तो जे परभावनी वांछना छे ते छोडाववी ए सारु. हरिभद्रसूरी महाराज अष्टकजीमां ८ मा अष्टकमां म्हारा पासे प्रत छे तेने पाने ४१ मे लाव्या छे जे आ लोक परलोकनी वांछनाए तप करे छे, पण अरिहंतना भक्तिफलथी मने लाभ मलशे एवी भावना छे. तेमां अरिहंत उपर राग छे, ते परंपराए जोडनार छे. एवी रीते लाव्या छे. वली पंचाशकजीमां पण ए ज रीते पाने १९४ में तपनो अधिकार छे; तेमां पण ए वात परंपराए लाभकारी दर्शावी छे. वली नंदीजीनी टीकामां छापेली प्रतमां पाने २४१ मे सउथी थोडा गृहस्थलिंगे सिद्ध. तथा अन्यलिंगे असंख्यातगुणा सिद्ध थाय. तेथी साधुलिंगे जैनना ते असंख्यातगुणा सिद्ध थाय. वली सिद्धपंचाशिकामां एक समये गृहस्थलिंगे चार सिद्धि वरवाना कह्या छे. ने अन्य तापस लिंग दश सिद्धि वरवाना कह्या छे. हवे विचारो जे गृहस्थलिंगमां श्रावक सम्यक्दृष्टि सर्व आव्या ते छतां चार सिद्ध वरे, ने तापसादिकने कंइ समकित मूलथी नथी ते छतां दश वरे तेनुं कारण एटलुं ज छे जे सम्यक्दृष्टि श्रावके आत्मानुं स्वरूप तथा परस्वरूप जाण्युं छे तथा संसार अस्थिर जाण्यो छे पण पूर्वकर्मना योगे संसारमांथी नीक-

Scanned by CamScanner

ली शकतो नथी. तेथी वधारे विशुद्ध थतो नथी तेथी थोडा सिद्धिने पामे छे. तापस प्रमुखे अज्ञानपणे पण वैराग्य आव्याथी संसार छोड्यो छे पण यथार्थ बोध थयो नथी तेथी अन्य दर्शनमां पडी रह्या छे, पण भवितव्यताने बले सहजे खोटा दर्शननो मार्ग जोवाथी ते खोटो मालम पड्यो. ने जे वस्तु सर्वज्ञे जेम बतावी छे तेवी मनमां साची लागी तेथी खोटी वस्तु उपरथी चित्त खशी गयुं. साचा पदार्थ जे नवतत्त्व ते जेम छे तेम उपयोगमां आव्या, देवनुं स्वरुप उपयोगमां आव्युं ते प्रमाणे ध्यानादिकमां कुशल थया. द्रव्यथी संसार खोटो जाणी छोड्यो हतो ते हवे भावथी खोटो समजायो. पोताना आत्मिक सहज भावमां रहेवुं ते ज प्रिय थयुं. एवी रीते ध्यान करवुं सुगम पडयुं तेथी गृहस्थ करतां अन्य लिंगे सिद्ध वधारे थाय. तापसोए अज्ञानपणे जो संसार छोड्यो न होय तो गृहस्थनी पेठे तेने पण मुश्केल पडत. ए उपरथी विचारवानुं छे जे अन्यलिंगे पण त्यागथी गुण थाय छे, तो जैननी तपश्चर्यानो अभ्यासछे ते अनुक्रमे केम गुणने न जोडे ? माटे धर्मनो अभिलाष छे, ते गुणदायक छे, पण केटलाएक एवी क्रिया करी अहंकार करे जे आपणे तो बराबर ज करीए छीए, बहु भणीने शुं काम छे? आपणे थोडा ज्ञानथी बस छे. वली कोइ समजावे छे जे ज्ञानाभ्यासनो उद्यम करवा कहे छे छतां पण ज्ञानाभ्यास करता नथी. प्रभुनी आज्ञा अराधवानी बुद्धि नथी जे जे वस्तुनो बोध नथी ते मेलववानी इच्छा नथी, केवल लोकरंजनने अर्थे ज करे छे तेने तो उपदेशमालामां कह्युं छे, तेम ज तप निष्फल थाय. आ लोकनी वांछावाला प्राये देवलोकादिक मल्याथी देवताना सुखनो अभिलाष छे तेमां लुब्ध थइ जाय एटले धर्म करवुं दुर्लभ पडे. वास्ते जेम बने तेम वांछा तो घटाडवी पण त्यागभावथी विमुख करवा नहि. निकट साधन तो प्रभु आज्ञाए वर्त्तवुं ते ज्ञान सहित करवुं. कदापी नथी बनतुं तो ज्ञान सहित, आज्ञा सहित करवानो अभिलाष राखवो. एज उत्तम पुरुषनुं काम छे. जैननी जे जे क्रिया छे तेनो अभ्यास कर-

वाथी शुद्ध थाय छे ते सारु पंचाशकमां पाने ८ मे समायिक विषे तेना अतिचारमां पण एम कह्युं छे जे मन अस्थिर छे, ते अभ्यास करवाथी स्थिर थाय छे. माटे रुडो अभ्यास करवो, ने आज्ञा आराधवा लक्ष राखवुं. जे जे प्रभु आज्ञा बहार थाय छे, ते सारु भावना राखवी. जे प्रभुनी आज्ञा प्रमाणे क्यारे करीश? एवा भाववालाने सुधारो थवो निकटछे.

६७ प्रश्नः—यात्रा करवा तीर्थोए जवुं तेमां शुं लाभ छे? प्रभु तो रहेता होइये त्यां पण होय छे तो त्यां जवाथी शुं विशेष?

उत्तरः—यात्रा जवानो लाभ समकित निर्मल थाय छे एम आवश्यक निर्यूक्तिमां भद्रबाहुस्वामी चौद पूर्वधरें कह्युं छे, ते प्रत हाजर नथी तेथी पानुं लख्युं नथी. वली उपदेशमालामां धर्मदासगणि महाराजे गाथा ३३६ मां कह्युं छे जे श्रावक भगवानना पांचे कल्याणके यात्रा करवा जाय. हवे जवाथी फायदो थाय ते समजो के घर आगल वेपारनी, संसारनी, कुटुंबनी अनेक पीडा उपाधी होय तेना विकल्पथी धर्मसाधन बरोबर थाय नहि. ने ते विकल्पो घरमांथी बहार नीकल्या के टली जाय छे? सोबतमां धर्मीष्ट भाइओ होय तो तेनी सोबते पण पोतानी बुद्धि शुद्ध थाय तथा शास्त्रनुं ज्ञान थाय. वली रस्तामां गामो आवे त्यां पण केटलाएक उत्तम मुनी महाराज तथा श्रावकनो योग मले. तेमनी पासेथी पण नवुं ज्ञान मले. वली तीर्थे जइए त्यां पण एवा उत्तम पुरुषनो योग बने. तेमनी पासे रहेवाथी ज्ञाननो बोध थाय तथा वैराग्य थाय ए लाभ थाय. इहां कोइ कहेशे जे एवा पुरुष पासे जइए? ति विषे जाणवुं जे त्यां तो एक ज गुणी पुरुष मले ने तीर्थे तो घणा गुणी पुरुषो मले. वास्ते वधारे लाभ थाय. तथा तीर्थे तीर्थंकर महाराजो तथा गणधर महाराजो तथा मुनि महाराजो ज्यां ज्यां निर्वाण पद पाम्या छे, ते जग्यो जोइए के ते पुरुषो याद आवे, ने तेमना गुणनुं वर्णन थाय; तेथी बुद्धि शुद्ध थाय, वली ते पुरुषो जेवी रीते गुण पाम्या, ते रस्तो पकडवानी बुद्धि थाय, ने संसारथी उदासीनता थाय. ने आत्मतत्व खो-

Scanned by CamScanner

लवानी बुद्धि थाय. परभाव रमण दूर थाय. पोताना आत्मानो गुण प्रगट करवानो उद्यम थाय. जेवी जेवी विशुध्धि थाय तेवो तेवो उद्यम करे. अतिशय विशुध्धिवाला डुंगरमां गुफाओ छे त्यां एकांते बेसी पोताना आत्मानी जडनी वहेंचण करे. भेदज्ञान करे. धर्मध्यान शुक्लध्यानादिक ध्याय, ने म्होटो लाभ उपार्जे. बीजुं पण बुध्धि शुध्ध थवानुं कारण छे जे उत्तम पुरुषना शरीरमां जे पुद्गल मल्या छे ते घणा उत्तम मल्या छे. जेमके क्षपकश्रेणि मांडवी होय तो वज्र ऋषभनाराच संघयण जोइए. ए संघयण विना उत्तम ध्यान करी शके नहि. त्यारे पुद्गलनी पण सहाय्यता जोइए छे. तथा उत्तम पुरुष जेनी मुक्ति थवानी छे, एवा पुरुषना शरीरमां जे ध्यानमां वृध्धि थाय, एवा पुद्गल मल्या छे ते पुरुष तीर्थ स्नानमां निर्वाण पाम्या छे तेथी त्यां ते पुदगल विखरच्या छे तेथी त्यां सारा पुद्गलनो भाग घणो छे. त्यार पछी वली घणो काल थइ गयो छे, तो पण बधा पुद्गल कंइ जता रहेता नथी. तेथी तीर्थ स्थान उपर भाग्यशाली जीवने सार पुद्गलनो स्पर्श थाय छे, तो तेनी बुध्धि शुध्ध थाय छे तेमां जे पुरुषने वधारे सारा पुद्गलनो स्पर्श थाय छे, तो वधारे बुध्धि शुध्ध थाय छे. कोइक भाग्यहीनने सारानी स्पर्शना ज नथी थती, ने नबला स्पर्शे छे तो तेना कर्मनी गति छे; पण मुख्यपणु सारा पुद्गलनुं छे. तेथी अनुक्रमे वधारे लाभ थवानुं कारण ज यात्रा छे. पोताना गाममां जिनबींब होय पण आ कारणो बधां नाहि मले, माटे शास्त्रकारे यात्रा जवानो लाभ दर्शाव्यो छे, माटे यात्रा जइ आवां साधनो करवां तेथी म्होटो लाभ थाय.

६८ प्रश्नः—समायिक, पौषध, पडिक्कमणामां आभूषण राखे के नहि ?

उत्तरः—पंचाशकजीमां समायिक व्रतनो अधिकार पाने १८ मे छे. त्यां आभूषण उतारवां कह्यां तेम पौषधनो अधिकार पाने १९—२० मे छे त्यां पण आभूषण उतारवां कह्यां छे. वली भगवतीजीमां छापेल प्रतमां पाना ९७७ मे शंखजीनो अधिकार छे, त्यां पण आभूषण उतारी पौषध लीधा

छे, वली बीजी रीते पण समजवानुं छे के, समायिक संयुक्त जे पौषध करे छे, तेमां आहारनो पौषध देशथी तथा सर्वथी छे. ने शरीरसत्कारादिक पौषध सर्वथा करवानो कह्यो छे, एटले आभूषण केम करीने राखे ?वली तत्वार्थमां पण पाने २४३ मे आभूषण पहेरी समायिक पौषध करवो योग्य नथी. स्त्रीओ जे स्वामीनो शृंगार पहेरे छे, जे कोइ पण वखत उतारती नथी; ते शिवायनो राखे नहि एम संभव थाय छे.

६९ प्रश्नः—कोइक मुनी संयमथी चूक्या छे ते प्रवृत्ति करी शकता नथी, पण शुद्ध परुपणा करे छे; तो तेमनी पासे धर्म सांभलवो के नहि?

उत्तरः—शुद्ध प्ररुपक गुण उपदेशमालामां बहु वखाण्यो छे, एवा पुरुषने शास्त्रमां संवेगपक्षी कह्या छे. शुद्ध प्ररुपकपणुं आववुं दुर्लभ छे. ने जेने ते गुण होय तो तेमनी पासे सांभलवुं. तेनो विनय पण करवो. केटलाएक कहे छे जे जेवा तेवा पासे जइए पण तेने वंदना करीये नहि. ए कहेवुं योग्य नथी. कारण जे जेनी पासे सांभळवुं छे ने ज्ञान लेवुं छे, तो अवश्य तेने वंदन करवुं जोइए. ने वंदन करवा योग्य नहि तो सांभलवुं पण योग्य नथी. पण संवेगपक्षीनी मुख्य परीक्षा एटली ज छे के बीजा त्यागी पुरुष छे, रूडी रीते संयम पाले छे ते पुरुषनी निंदा नहि करे, ने उलटा तेमनुं बहुमान करशे, तेमनी सेवा भक्ति करशे. तेमनी सेवा भक्तिनी प्रेरणा करशे, कारण जे पोताथी संयम पलतुं नथी, पण पोतामां समकित गुण रह्यो छे, तेथी ते पोताना दूषणनी निंदा करशे. ने पोताथी अधिक संयम पाले छे तेनुं अवश्य बहु मान करशे. एवा गुणवंतनो स्वभाविक धर्म छे. ने एवा पुरुष छे ते श्रावकने सेववा योग्य छे, हालना कालमां बकुशकुशिल संयम पण छे माटे अल्प दूषण जोइ मुनिपणुं निषेधवाथी म्होटुं दूषण थाय, माटे शुद्ध प्ररूपक उपर बहु लक्ष राखवो. गुणीनी निंदा थाय तो फरी गुणीनो योग मलवो दुर्लभ थाय. निर्गुणीनी साथे राग थाय तो गुणी उपर द्वेष थाय, तो फरी धर्म मेलवा दुर्लभ थाय. वास्ते पोताना आत्मानी संभाल राखी. शुद्ध प्र-

Scanned by CamScanner

रुपक ज छे तो ते जरुर सेववा योग्य छे.

४० प्रश्नः—साधुजी महाराज पासे दीक्षा लेवा आवे तो तेना माता पितानी आज्ञा लइ दीक्षा आपे के केम ?

उत्तरः—माता पितानी आज्ञाथी दीक्षा लेवानी मर्यादा छे, पण ते मर्यादा अष्टकजीमां हरिभद्रसूरि महाराजे दर्शावी छे तेनो सार नीचे मुजब छे—दीक्षा लेनार पोताना माता पीताने समजावीने आज्ञा मागे, ने माता पिता आज्ञा आपे तो ते उत्तम छे; पण मातादिक आज्ञा न आपे तो पोते साधुनो वेष पहेरी घरमां रहे ने आज्ञा मागे, एम केटलाएक दिवस घरमां रहे. तो पण आज्ञा न आपे त्यार पछी घरमांथी चाली नीकले. गुरु पासे जइ संयम ले. ए विषे त्यां एवो पण तर्क करयो छे जे एवी रीते चाल्यो जाय त्यारे पाछल माता पिता दुःखी थाय तेनो दोष दीक्षा लेनारने लागे. ए तर्कनो जवाब एवो आप्यो छे जे कोइना मात पिता रोगी छे ने साथे पुत्र पण छे ने कंइ गाम जता होय एवामां घणी मांदगी थइ जवाथी पुत्र औषध लेवा जाय ने कदापि माता पितादिकमांथी कोइनुं मरण थाय तो तेनो दोष पुत्रने लागतो नथी. तेम माता पिताने समजाव्या छतां आज्ञा आपता नथी, तो ते दीक्षा लेनारने दोष नथी. पुत्र जेम औषध लेवा गयो ने पिता मरण पाम्या तो दोष नथी, तेम ए पुत्र जाणे छे के दीक्षा लइ ज्ञान भणीनें आवीने माता पिताने समजावीश. एवी भावनाथी जाय छे तेने दोष नथी. एवी रीतनो अधिकार अष्टकजीमां पाने ९२ मे पचीशमा अष्टकजीमां छे. तथा पंच वस्तुमां पण दीक्षानो अधिकार घणो चाल्यो छे त्यां घणा तर्क करया छे, त्यां पण एमज कहेलुं छे. एक प्रश्न एवुं छे जे माता पिता वृद्धछे ने पुत्र दीक्षा ले तो एना दयाना प्रणाम शी रीते रह्या ? ते विशे त्यां जवाब आप्यो छे के दीक्षा लेनारने जगतमां जेटला जीव छे ते बधा साथे अनंतोकाल गयो. तेथी माता पितानो सबंध बन्यो छे. त्यारे एक माता पितानी दया पाले के भवोभवना माता पितानी दया पाले ? एना चित्तमां

तो चौदराजलोकना जीवनी दया छे. तेमां माता पितानी पण दया करवा तैयार छे, पण एना कह्या प्रमाणे माता पिता करता नथी एटले दया शी रीते पाले ? बाकी एना भाव तो दयानाज छे. ए रीते केटलांएक प्रश्नो चाल्यां छे ते पहेला भागमां ज पंच वस्तुमां छे. हाल प्रत हाजर नथी तेथी पानुं लख्युं नथी. आ अधिकार जोतां गुरुने माता पिता विगेरे दीक्षा लेनारने रजा आपे त्यारे ज दीक्षा आपे एम संभवतुं नथी. पण दीक्षा लेनारनी परीक्षा तो करे. ते सारु पंचाशकजीमां पाने ३३ मे दीक्षा लेनार समवसरणनी रचना करे. त्यां पहेली जग्या शुद्ध करवा काजो ले. पछी गंधोदकथी छंटकाव करे. पछी समवसरणमां प्रभु पधरावे. तथा पर्षदानी पण समवसरणमां रचना करे. पछी दीक्षा लेनारनी आंखे पाटो बांधी हाथमां फूल आपे ते त्रण वखते समवसरणमां नांखे. तेमांथी एक फेरो पण पडे तो दीक्षा आपे, ने त्रण्ये वखत बहार पडे तो दीक्षा न आपे. ए अधिकार पंचाशकजीमां पाने ३४ मे छे. तथा पाने ११७ मे बीजो अधिकार छे. तेमां दीक्षा लेनार श्रावकनी पडिमा वहन करे. कारण के पडिमा वहन करी होय तेने दीक्षा पालवी कंइ मुश्केल पडे नहि. वली तेमां काल विलंब थाय ते सारु गुरुनी नजरमां आवे तो छ महिना साथे फेरवे. पछी योग्य लागे तो दीक्षा आपे. वली जीव विशेष योग्य होय तो तुरत शिष्यने दीक्षा आपे एवी पण रीत छे. वास्ते दीक्षा आपवानुं काम गुरुनी आधीनतामां छे. गुरु महाराजने जेम योग्य लागे एम करी ले. पण श्रावक वगर विचारथी दीक्षा आपनारनी निंदा करे तो ते तेथी महा दूषण उपार्जन करे. गुरुनी निंदानुं महा दूषण छे. गुरुनी भक्ति करतां सहज गुरुना शरीरनी मलीनता लागवाथी अंग रहित जीव थया छे. ए अधिकार वासुपूज्यस्वामीना चरित्रमां छे, माटे जेम बने तेम गुरु महाराजनो अवर्णवाद बोलवो नहि. गुरु लाभालाभ जोइ काम करी ले, ते आपणा समजवामां आवे नहि.

४१ प्रश्नः—श्रावक प्रतिक्रमण करे छे, ते दरेक वस्तुना हेतु शुं छे ?

Scanned by CamScanner

उत्तरः—प्रतिक्रमण हेतुगर्भित ग्रंथ जयचंद्रसूरिजी कृत छे, तेना आधारे तथा क्षमाकल्याण मुनिए हेतु दर्शाव्या छे तेने आधारे लखुं छुं.

गुरु महाराज होय तो गुरु समीपे प्रतिक्रमण करवुं, ने तें न होय तो स्थापनाचार्य पासे करवुं. ते स्थापना दश प्रकारे कही छे तेमांथी जेनो योग बने ते स्थापवाने प्रथम नवकार मंत्र भणवो. कारण जे नवकार छे ते मंगलिक छे. सर्व मंगलमां मुख्य मंगल कह्युं छे. वास्ते नवकार मंत्र भणवो. पछी पंचिंदिय भणवी. तेनुं कारण जे पंचिंदियमां आचार्य महाराजना गुणनुं वर्णन छे तेवा आचार्यने स्थाप्या छे, ए हेतुए भणवी. पछी इरियावहि पडिक्कमवी. तेनुं कारण जे हरेक धर्मकरणी शुद्ध थइने करवी. ते इरियावहीमां पापनुं आलोववुं थाय तेथी शुद्ध थाय. वली जे पाप आलोवतां न शुद्ध थाय ते काउस्सग्गे शुद्ध थाय ते सारु काउस्सग्ग करवो छे, पण ते काउस्सग्गना आगार राखवा जोइये. ते सारु तस्सउत्तरी अन्नत्थउससीएण भणवुं. पछी एक लोगस्सनो काउस्सग्ग करवो. तेनुं कारण जे एक लोगस्समां चंदेसुनिम्मलयरा सुधी पच्चीश श्वासोश्वास थाय छे ते गणी शकाय नहि. तेथी लोगस्स गणवाथी प्रभुनुं ध्यान थाय ने ते काल पण पूरो थाय. काउसग्ग पारी पूरो लोगस कहेवो. तेनुं कारण जे समायिक लेवुं तेमां पहेली देवनी वंदना करवी जोइए ते लोगसमां थइ जाय. पछी मुहपत्ति पडिलेहवानो आदेश गुरु पासे मागे. पछी मुहपत्ति पडिलेहवी. तेनुं कारण जे गुरुने वंदन करतां पांचे अंग एकठां थाय, तेमां कोइ जीव होय तेनी विराधना थाय माटे मुहपत्ति पडिलेहवाथी ते जीव होय तो दूर थाय. ते सारु मुहपत्ति पडिलेहवी. पछी सामायिक संदिसाहु ? एटले सामायिकनो आदेश आपो. पछी गुरु आदेश आपे. पछी बीजी वखत गुरु महाराजने कहे जे सामायिक ठाउं ? गुरु आदेश आपे. पछी मंगल अर्थे नवकार भणीने इच्छकारी भगवान् पसाय करी समायिक दंडक उच्चारवोजी, पछी गुरु उच्चरावे. गुरु पासे व्रतनो उच्चार करवो तेथी गुरुनो विनय थाय छे, पछी गुरु

Scanned by CamScanner

न होय तो श्रावकमां वडेरा होय ते करेमिभंतेनो पाठ उच्चरावे. हवे सामायिक लेवानी तथा प्रतिक्रमण करवानी रीत उभां उभां छे, बेठाबेठा प्रतिक्रमण करवानुं प्रायश्चित्त एक आंबीलनुं श्राद्धजितकल्पमां कह्युं छे,वास्ते छती शक्तिवालाने बेठां बेठां करवुं ए योग्य नथी. सवारनुं पण प्रतिक्रमण करवानी रीत उभां उभां छे. पडिक्कमणा हेतुगर्भित जोशो तो जणाशे. समायिक लीधा पछी खमासमण देइ बेसणेसंदिसाहु ? एटले बेसुं ? त्यारे गुरु आदेश आपे छे. पाछो फरी खमासमण देइ, बेसणे ठाउं? कहे छे एटले बेसुं छुं. एथी पण जणाय छे के बेठां बेठां समायिक लेवानी आज्ञा होय त्यारे आ आदेश लेवानी जरुर नथी, पण उभो छे तेथी बेसवानी आज्ञा मागे छे. हवे बेसीने सझाय ध्यान करवुं. ते सारु सझाय संदिसाहु एटले सझाय करुं ? गुरु कहे छे जे कर. त्यारे पाछो विशेष विनय जणाववा कहे छे जे करुं छुं. त्यारे गुरु कहे जे कर. त्यारबाद त्रण नवकार गणवा. तेनुं कारण एटलुं ज छे जे दरेक काम मंगलिक करीने करवुं, ते मंगल करवाने त्रण नवकार गणे. पछी सझाय ध्यान करे. हवे जेने पडिक्कमणुं करवुं होय तो ते पडिक्कमणामां छठो पच्चख्खाणनो आवश्यक छेल्लो आवे ते वखते पच्चख्खाणनो काल होय नहि ते सारु मुहपत्तिनो आदेश मागी मुहपत्ति पडिलेहे एटले शरीरनी शुध्धि थाय ए मुहपत्ति पलेवती वखते खमासमणुं देइ. आदेश मागी मुहपत्ति पडिलेहवी, एवि रीते सेनप्रश्नमां कह्युं छे, पछी द्वादश वंदन करे, केम के पच्चख्खाण गुरु पासे करवुं छे. त्यारे तेमनो विनय करवो जोइए, ते विनकरी गुरु पासे पच्चख्खाण करे. पछे चार थुइए देववंदन करे, कारण जे हरकोइ कार्यमां प्रथम देववंदन करवुं जोइए. देववंदनमां पहेली थुइ अरिहंतनी भक्तिनी कहे, बीजी थुइमां सर्व अरिहंतनी भक्ति थाय छे, त्रीजी थुइमां ज्ञाननी स्तुति थाय, चोथी थुइ समकितदृष्टि देव शासननुं रखोपुं करे छे तेमने संभारवा सारु कहेवी, एवी रीते हेतु छे. नमुथ्थुणं कही चार खमासण देइ चार पुरुषने वंदन करे छे. पहेलां भगवान् हुंए

Scanned by CamScanner

भगवंत तथा कोइ ठेकाणे धर्माचार्य जेनाथी धर्म पाम्या छे, तेने पण भगवान् वंदनमां वंदन करवुं. माटे भगवानने वांदती तखते भगवान् तथा धर्माचार्यने उपयोगमां लेवा, आचार्य तथा उपाध्याय साधु ए चारेने वंदन करवुं. पछी इच्छाकरी भगवान् पसाय करी समस्त श्रावकने वांदु? श्रावकने वांदवा सारु पडिक्कमणा हेतुगर्भितमां तथा धर्मसंग्रहमां तथा ज्ञानविमलसूरिनी करेली पडिक्कमणानी विधिनी सझायमां पण छे. ते सझायमालानी चोपडीमां पाने २०४ मे छे. वली प्रवृत्ति पण केटलएक ठेकाणे छे. ए रीते वंदन करी रह्या पछी देवसि पडिक्कमणे ठाउं ? एटले हवे देवसि प्रतिक्रमण शरु करुं छुं. दिवसना पापनुं सामान्यपणे मिच्छा मिदुक्कडं देवा देवसिअदुच्चिंतिअ कह्या पछी करेमिभंते कही एटले पहेलो आवश्यक शरु थयो. ते पहेलो सामायिक आवश्यक छे ते वारंवार कहेवानी मतलब एटली छे जे पडिक्कमणुं करवुं छे ते समता परिणामे रहीने करवुं छे. वारंवार करेमिभंते कहेवाथी समतानी वृद्धि थाय छे. पछी देवसि अइयारोकओ कही तस्सउत्तरी कही आठ गाथानो काउसग्ग करवो, तेनुं कारण जे आगल पाप आलोववुं छे. ते काउस्सग्गमां रही संभारी काढवुं. ते सारु काउसग्ग करवो. पछी लोगस कहेवो. ए बीजो आवश्यक छे, चोवीसच्छा नामे एटले चोवीश प्रभुना गुणग्राम करवा छे, पछी मुहपत्ति पडिलेहवी. पछी गुरु आगल पाप आलोववुं छे ते गुरुने वंदन करवुं जोइए. ते सारु द्वादशाव्रत वंदन करवुं, ए त्रीजो आवश्यक. पछी देवसी आलोववुं कहि, सामान्य रीते आलोववा रूप देवसि अइआरोकओ कहेवुं, ते पछी गमणागमण अढार पाप स्थानक आलोवे. पछी वंदितु कहेवामां मंगल अर्थे पहेलो नवकार भणवो, समभाव वधारवाने करेमिभंते कहेवी. सामान्य आलोववा रूप देवसि अइयारोकओ कहेवो. पछी विस्तारे पाप आलोववा वंदितु कहे. ते चोथो आवश्यक. समता परिणामथी स्थिरताए कहेवुं, जे जे अतिचार आवे तेमां दूषण लाग्युं होय तो तेनी निंदा करवी. महा वैराग्यभाव लावीने पापनुं आ

Scanned by CamScanner

लोववुं, ते वंदितु कही रह्या पछी जेम राजाने अरज करी जाय, त्यारे सलाम करी जाय, तेम गुरु आगल पाप आलोववुं माटे वंदन करवुं जोइए तेथी वंदन करी अभुट्ठीओ अभ्यंतर खमाववो. तेमां गुरुने खमाव्या पछी जे पाप आलोववाथी शुद्ध न थाय ते काउस्सग्गथी शुद्ध थाय. ते काउस्सग्ग करवो. ते गुरुने वांदीने करवो जोइए. ते सारु गुरुने वंदन करवुं. पछी सर्वने खमाववा. आयरिय उवज्झाय कही समभावनी वृद्धि करवा, करेमिभंते कहि, जो मे देवसी अइयारोकओ कहेवो. पाप निंद्या पछी काउस्सग्गना अगारादिक सारु तस्सउत्तरी कहीने चारित्राचारनी विशुद्धि सारु बे लोगस्सनो काउस्सग्ग करवो, ए पांचमो आवश्यक, ते काउस्सग्ग पारी प्रभु स्तवना करवा सारु एक लोगस्स प्रगट कहेवो. सव्वलोए कही समकितनी शुद्धिने अर्थे एक लोगस्सनो काउस्सग्ग करवो. तथा पुख्खरवरदी कही एक लोगस्सनो काउस्सग्ग ज्ञाननी विशुद्धि सारु करवो. इहां शंका थशे जे चारित्रनी शुद्धिनो बे लोगस्सनो केम? ते सारु त्यां कहेवुं छे जे चारित्राचारमां वधारे दूषण लागे तेथी बे लोगस्सनो काउसग्ग ज्ञानीए कह्यो छे. पछी सिद्धाणं बुद्धाणं कहि, श्रुतदेवता आराधवा एक नवकारनो काउस्सग करवो. तेनुं कारण जे श्रुतज्ञानथी सर्व धर्म जणाय छे तथा वर्त्ताय छे; तो श्रुतदेवतानी सहाय्यताथी श्रुतधर्मनी वृद्धि थाय. मल्लवादिजीने कोइ गुरुनो योग नहि हतो पण श्रुतदेवतानुं आराधन कर्युं तेथी श्रुतदेवता प्रसन्न थया तो बोधनी साथे जय मेलव्यो. बौधलोकोने देश बहार काढ्या. वास्ते श्रुतदेवतानो काउस्सग्ग करी थोय कहेवी. पछी पाछा क्षेत्रदेवता आराधवा एक नवकारनो काउसग्ग करवो. तेनुं कारण जे जेना क्षेत्रमां रहेवुं ते क्षेत्रदेवता प्रतिकूल होय तो धर्म आराधनमां विघ्न थाय. वास्ते निर्विघ्नपणे धर्म आराधन करवा सारु एक काउसग्ग तथा थोय कहेवी. ए अधिकार आवश्यक सूत्रमां काउसग्ग निर्युक्तिमां कह्यो छे. वली भत्तपच्चख्खाण पयन्नामां कह्युं छे जे मुनि संथारो करे ते वखते आखो संघ क्षेत्रदेवतानो काउसग्ग करे.

Scanned by CamScanner

कारण जे अनशन करनार मुनिने कोइ देवता उपसर्ग करे नांहि. तेमज इहां पण ज्ञान दर्शन चारित्रे करी मोक्षमार्गना साधक पुरुषनां दुरित हरवाने कहेवुं छे. ते आवा मुनिनी भक्ति छे, वास्ते करवा योग्य छे. पछी मंगलार्थे नवकार भणी मुहपत्ति पडिलेहवी. ने छट्ठा आवश्यकमां पच्चख्खाण करवुं छे ते सारु गुरुने वंदन करवुं. हवे अवसर थइ जवा सारु पख्खाण पहेलुं कर्युं छे, एटले फरी करवुं नथी. ए छ आवश्यक थइ रह्या तेनी प्रसन्नता थइ तेथी देवनी स्तुति रूप नमोस्तुवर्द्धमानाय, नमुथ्थुणं स्तवन कहेवुं. पछी १७० जिनने वांदवा रूप वरकनक कहेवा. स्त्रीयोने पूर्वनुं भणवानी मना छे. तेथी स्त्रीओ संसारदावा कहे. पछी भगवान् प्रमुख वांदे. पछी अढीद्वीपना सर्व मुनिने नमस्कार करवा अड्ढाइज्जेसु कहेवा, पछी कंइ दिवस संबंधी पाप रह्युं होय ते सारु देवसि प्रायश्चित्तनो चार लोगस्सनो काउसग्ग करवो. काउसग्ग करी लोगस्स कही सज्झायनो आदेश लइ सज्झाय ध्यान करवुं. इहां सुधीना हेतु त्यां दर्शाव्या छे ते लख्या छे. राइपडिक्कमणामां पहेलो कुसुमिण दुसुमिण उड्डावणियं राइय पाअच्छित्तविसोहणत्थंनो चार लोगस्सनो काउसग्ग करवो शरु थाय छे. तेनो हेतु एवो छे जे स्वप्नना दोष निवारण करवाने. वली जो निद्रामां, स्वप्नमां चोथाव्रतादिकमां दूषण लाग्युं होय तो १०८ श्वासोश्वासनो काउसग्ग करवो कह्यो छे. माटे सागर वर गंभीरा सुधी लोगस्स गणवो. पछी भरहेसरनी सझाय कहेवामां आवे छे, ते उत्तम पुरुषनां नाम स्मरण करवा माटे छे. तथा काउसग्ग एक लोगस्सनो चारित्र विशुद्धि अर्थे रात्रिए दूषण थोडां लाग्यां होय तेथी करवो. पछी दर्शननी विशुद्धि सारु एक लोगस्सनो काउसग्ग तथा ज्ञाननी विशुद्धि सारु आठ गाथानो काउसग्ग करवो ने तेमां जे व्रतमां दूषण लाग्यां होय, ते संभारी काढवां. आ काउसग्गो वंदित्तु कहेतां पहेलां करवाना आवे छे तेनुं कारण एटलुं ज छे जे पहेली ए क्रिया थाय तो निद्रा वधारे मुक्त थाय, तो पाप बरा बर आलोववामां आवे, माटे राइ पडिक्कमणामां पहेलो आवे

Scanned by CamScanner

छे. वंदित्तु पछी काउसग्ग करवो छे. तेमां तपनी भावना भाववी छे ते भावे जे हे चेतन ! तुं तपश्चर्या कर. भगवंते छमासी तप करी घणां कर्म नाश कर्यां छे, तेम तुं पण चेतन! छमासी तप कर. ते न बनी शके तो एक उपवास ओछो कर, तेम नहि बने तो बे उपवास ओछा कर, तेम न बने तो त्रण उपवास ओछा कर. एम ओगणत्रीश उपवास ओछा करतां सुधी अनुक्रमे भाववुं. पछी पांच मास कर. ते न बने तो पाछुं एक उपवासथी ओगणत्रीश उपवास सुधी, ओछा करता जवा. पछी चार मास कर. ते न बने तो एक उपवासथी ओगणत्रीश उपवास सुधी ओछा करवा. पछी त्रण मास कर कहेवुं. पाछुं एकथी ओगत्रीश सुधी ओछा करवा. पछी बे मास पछी पाछा एकथी ओगणत्रीश उपवा-स सुधी ओछा करवा. पछी एक मासना उपवास कर, पछी ते न बने तो एक उपवास ओछो कर. ते न बने तो बे उपवास ओछा कर. एम तेर उपवास ओछा करवाना भाववा. पछी हे चेतन ! चोत्रीश भक्तनो त्याग कर. ते न बने तो बत्रीश भक्तनो त्याग कर. ते न बने तो अठ्ठा-वीश भक्तनो त्याग कर, ते न बने तो छव्वीश भक्तनो त्याग कर. ते न बने तो चोवीश भक्तनो त्याग कर. एम बे बे भक्त ओछा करतां जवा. छेवट चोथ भक्तना त्याग सुधी आववुं. पछी ते न बने तो आंबिल कर, ते न बने तो नीवी कर, ते न बने तो एकासणुं कर. ते न बने तो बे-सणुं कर. ते न बने तो पुरिमड्ढ कर. ते न बने तो साढ्ढपोरशी कर. ते न बने तो पोरशी कर. ते न बने तो नवकारशी कर. एवी रीते चिंत-ववुं. जे तप करवो होय त्यां अटकवुं. एवी रीते काउसग्ग कर्या पछी पारी लोगस्स कही, मुहपत्ति पडिलेहवी. वंदन करी तीर्थवंदन करी, प-च्चख्खाण करी, विशाललोचन प्रमोद अर्थे कहेवुं. पछी चार थुइए देव वंदन करवुं. पछी भगवान् प्रमुख वांदीने अढ्ढाइज्जेसु खामी जो पौषध पहेलो लीधो होय तो बहुवेल प्रमुखना आदेश ले. आ मुजबना हेतु म्हारा समजवामां आव्या ते लख्या छे. खामती वखते हाथ नीचे मूकवो

Scanned by CamScanner

छे, ते गुरुना चरण उपर मूकीए छीए एम भाववुं. स्थापना करती वखते हाथ स्थापना तरफ राखीए छे तेनो हेतु जे आ स्थापनाचार्य स्थापुं छुं, वंदन करती वखते मुहपत्तिए बे हाथनां दश आंगलां अडाडी मस्तके अडाडवां. तेनो हेतु जे गुरुना पगनी रज माथे चढावुं छुं. ए सर्व विनय छे. ने वीतरागनो धर्म विनयमय छे, वास्ते जेम बने तेम म्होटानो विनय करवो. विनयथी ज्ञान दर्शन चारित्रनी वृद्धि थाय छे.

प्रश्नः—४२ प्रतिक्रमण कइ वखते करवुं ?

उत्तरः—बे संध्याये प्रतिक्रमण करवुं. सांजनुं प्रतिक्रमण करतां अर्धो सूर्य बहार होय ते वखते वंदितु कहेवुं ए रीत छे, ने ते करतां मोडुं वहेलुं करवानुं प्रायश्चित्त ज्ञानविमलसूरिनी करेली सज्झायमां कह्युं छे, वली कोइ कारणसर अपवादे तो, देवसी पडिक्कमणुं वहेलुं करे तो बपोरना बार वाग्या पछी, ने मोडुं करे तो रात्रीना बार वाग्या सुधी. राइ पडिक्कमणुं वहेलुं करे तो रात्रीना बार वाग्या पछी, ने मोडुं करे तो बपोरना बार वाग्या सुधी. ए रीते पडिक्कमणाहेतुगार्भितमां कह्युं छे. तेनुं कारण ए छे जे कंइ काममां गुंचवायो तो ए बदले पडिक्कमणुं रहे नहि, ने जीवनो स्वभाव एवो छे जे एक दिवस त्रूटक पडयुं तो पछी घणा दिवसनुं पडिक्कमणुं जाय ने प्रमाद वधी जाय. माटे अपवादे आ काल बताव्यो, पण बनतां सुधी काले ज करवुं ए मर्यादा छे. हरिभद्रसूरि महाराजे पंचाशकमां कह्युं छे जे-काले खेती करे तो सफल थाय, पण अकाले खेती करे ते सफल थाय नहि. तेम अकाले क्रिया करवी ते तेवी छे. वास्ते बनतां सुधी जे जे धर्मकरणी प्रभुए कही छे, ते ते अवसरे करवी.

प्रश्नः—७३ पडिक्कमणामां छ आवश्यकमां कया कया आचारनी शुद्धि थाय छे. ?

उत्तरः—सामायिक आवश्यके तथा प्रतिक्रमण आवश्यके तथा काउसग्ग आवश्यके चारित्राचारनी विशुद्धि थाय. केम के सामायिक लेवाथी

Scanned by CamScanner

सावद्य जे पाप तेनो त्याग थाय छे, तेथी चारित्रनी विशुद्धि थाय छे. पडिक्कमणामां पापनी निंदा गर्हा करवाथी अतिचारनी विशुध्धि थाय छे. तेथी चारित्रनी विशुध्धि थाय छे. काउसग्ग करवाथी कायानुं वोसिराववुं थाय छे. एक आत्माने विशे उपयोग स्थपाय छे, तेथी समभाव वृध्धि पामे छे. प्रभुना गुणमां एकाग्रता थाय छे, ते ज चारित्र छे, वास्ते चारित्राचारनी शुद्धि थाय छे. चउवीसथ्थो एटले लोगस्सथी दर्शनाचारनी विशुध्धि थाय छे. पच्चख्खाण आवश्यकथी तपाचारनी विशुध्धि थाय छे, ने वंदन आवश्यकथी ज्ञानाचारनी विशुध्धि थाय छे. कारण जे गुरुनो विनय करवो ए ज्ञाननो आचार छे ने छए आवश्यकमां वीर्य फोरववुं छे, वास्ते वीर्याचारनी शुध्धि थाय छे, सदाकाल संसारमा वीर्य फोरवी रह्यो छे, ते बलवीर्य छे. धर्ममां वीर्य श्रावकने फोरबवुं; ते श्रावकने बालपंडित वीर्य कह्युं छे ने मुनि आराधकपणे वर्त्ते छे, ते पंडितवीर्य छे. ए रीते छए श्रावश्यके पांचे आचारनी विशुध्धि थाय छे.

प्रश्नः—७४ ज्ञान भणवाथी वा, सांभल्याथी वा, वांचवाथी शुं लाभ थाय ?

उत्तरः—ज्ञान बे प्रकारनुं छे, एक बाह्य ने एक आभ्यंतर. तेमां जे बाह्यज्ञान ते संसारना वेपार रोजगार धन पेदा करवुं. कला कुशलपणुं, विषय सेववा ए बाबतनुं जे ज्ञान ते श्रात्माने हित करता नथी. संसार वधारवानुं कारण छे. अने स्वर्गनुं स्वरूप नरकनुं स्वरूप जाणवुं. तेथी वस्तुबोध थाय छे. तथा उत्तम पुरुषनां चरित्रो सांभलवां तथा श्रावकना मुनिना बाह्यना व्रत अधिकार जाणवा, ते पण बाह्यज्ञान छे, पण अंतरमां गुण थवानुं कारण छे. केमके उत्तम पुरुषोए जे जे मार्गे अंतरंगज्ञान मेलवी श्रात्मा निर्मल कर्यो तेम करवाने अवलंबन छे. वली अंतरंग विशुध्धिनां कारण छे. बाह्यथी त्याग थएली वस्तुनो श्रभ्यास पडवाथी तेना उपर इच्छा जती नथी. ए डाह्या माणसना अनुभव गम्य छे. एम थवाथी ते चीजो संबंधी विकल्प टली जाय छे. तो आत्मानी निर्विकल्प

दशा जागे छे. वली व्रतोथी संसार संबंध छूटी जाय छ. तो ते संबंधी कारणो नाश पामे छे. तेथी तेना विकल्पो पण नाश पामे छे. वली हिंसा असत्य भाषण प्रमुखनो त्याग थाय छे. त्यारे कोइ जीव साथे क्लेश विकल्प पण थाय नहि, वास्ते ए बाह्यज्ञानथी व्रतादिक रूडी रीते पाले तो आवा अंतरंग गुणनुं कारण थाय. हवे बीजुं अंतरज्ञान ते आत्मा शुं पदार्थ छे ? आ शरीर देखाय छे ते शुं पदार्थ छे ? ए शरीरादिकनी प्राप्ति शाथी थाय छे ? आ वर्त्तना थाय छे ते स्वभाविक छे के विभाविक छे ? आत्मा नित्य छे के अनित्य छे ? के ए द्रव्यना शुं धर्म रह्या छे? छए द्रव्यना शुं शुं गुण पर्याय छे ? निश्चय स्वरूप शुं छे? व्यवहार स्वरूप शुं छे ? आत्माने करवा योग्य तथा न करवा योग्य शुं छे ? चेतनधर्म तथा जडधर्म ते शुं ? कृत्रिम स्वरूप ते शुं ? स्वभाविक आनंद ते शुं ? विभाविक आनंद ते शुं ? आदि स्वपर स्वरूपनो बोध ए बोध थवाथी थाय. पछी एकांते बेसी पोताना आत्माना स्वरूपमां स्थिर चित्त करी बाह्यप्रवृत्ति उद्योग खशेडी एक आत्मज्ञानमां लीनता करे. प्रथम श्रुतज्ञानना बले पोताना आत्माना द्रव्य, क्षेत्र, काल, भाव विचारे जे द्रव्यथी आत्मा द्रव्य एक पदार्थ छे. द्रव्य कोने कहिये ? जेनो त्रण कालमां विनाश नथी. जे विनाशी द्रव्य छे, ते उपचरित द्रव्य छे. वली द्रव्य कोने कहिये ? गुण पर्याए युक्त ते द्रव्य कहिये. ते आत्मद्रव्य जाणे ते क्षेत्रथी असंख्यात प्रदेशमय छे. कुंथुवामां कुंथुवा जेटला क्षेत्रमां रहे छे ते जुगलिआनां त्रण गाउनां शरीर छे, तेमां ते प्रमाणे विस्तारे रहे छे, वली केवलज्ञानी महाराज केवल समुद्घात करे छे त्यारे आखा चौदराज लोकमां आत्मप्रदेश विस्तारे छे. त्यारे आखा लोक प्रमाणे क्षेत्र छे, कालथी अनादिकालनी छे ते कोइ दिवस अंत थवानो नथी, तेथी अनंत कहिए. भावथी अनंत ज्ञान, अनंत दर्शन, अनंत चारित्र, अनंत वीर्य, अव्याबाध सुखमय, अगम, अगोचर, अलक्ष्य ए आदि अनंत गुण ते आत्मानो भाव छे. आवो भाव जाणीने आत्मा परभावमांथी चित्त ख-

Scanned by CamScanner

शेडवा भावे जे, धन कुटुंबादिक जे पदार्थ छे ते म्हारा नथी. आ शरीर छे ते म्हारुं नथी कारण जे म्हारी वस्तु छे ते विनाश पामती नथी. म्हाराथी जूदी थाय नहि. ने आ शरीर तो विनाश पामे छे. म्हारो ने एनो स्वभाव जूदो छे. ए शरीर ते पुद्गल पदार्थ छे. पुद्गलना द्रव्य, क्षेत्र, काल, भाव न्यारा छे. पुद्गल द्रव्य ते परमाणुं छे, ने तेवा अनंता परमाणुं मलीने जे पदार्थ थयो छे. तेने स्कंध कहेवाय छे. तेनुं आ शरीर बन्युं छे. एवा ज स्कंध छे, ते विखरीने पाछा परमाणुं थइ जाय छे.वली एमां जडता स्वभाव छे तेथी म्हारा द्रव्य ने शरीरना द्रव्य न्यारा छे. वली क्षेत्र जेटलुं म्होटुं शरीर छे वा स्कंध छे, तेटलुं क्षेत्र अवकाशी रहे छे. परमाणुं छे ते एक आकाश प्रदेश अवगाहीने रहे छे माटे आत्मानुं ने पुद्गलनुं क्षेत्र न्यारुं छे. कालथी परमाणुं अनादि अनंत छे शरीरादि स्कंध सादिसांत छे. एटले आदि पण छे ने अंत पण छे. भावथी अचेतन एटले जडभाव वर्ण गंध रस स्पर्शमय छे तो भावथी पण आत्माना गुणथी शरीर जे पुद्गल द्रव्य तेनो भाव न्यारो छे. एवी रीते पुद्गल द्रव्यनुं स्वरूप जाणे छे, पोते जडभावथी न्यारो थाय छे. एम ज चारे निक्षेपाए विचारे. नामथी जीव वा आत्मा एवुं नाम छे. जीव ने स्थापना निक्षेपो ते जीव एवा अक्षर लखवा वा, मूर्त्ति बनाववी ते. द्रव्य निक्षेपो ते असंख्यात प्रदेशमय--ए त्रण निक्षेपा तो व्यवहार छे. भाव निक्षेपे आत्मानुं अरूपि स्वरूप, अव्याबाध स्वरूप, अक्षय स्वरूप, सर्व वस्तु जाणवा देखवानो स्वभाव एवो आत्मानो स्वभाव जाणे छे. जे जे पुद्गलदशानी प्रवृत्ति मननुं चिंतवन बनी रह्युं छे, ते म्हारा स्वभावनुं नथी. एवुं निर्धार थवाथी जे जे जड प्रवृत्ति तेना उपर उदासीन वृत्ति थाय. इहां शंका थशे के उदासीनवृत्तिने वैराग्य ते जूदो छे ? ते विषे समजवुं के शास्त्रमां वैराग्य कोने कहे छे ? जे परवस्तु उपर भाव जाय छे तेने पाछा वाली पोतानुं मन खशेडे छे तेने उदासिन वृत्ति थाय तो कंइ चिंतवन करवुं पडतुं नथी. केमके जे जे वस्तुथी उदासवृत्ति थइ छे

तेना उपर मन जतुं नथी माटे न्यारुं छे. आवा विचार करी आत्मस्वरूप अनुभव गम्य छे. एटले सहजें तेनी बाह्यदशा उपर चित्त प्रवृत्ति जती नथी, मात्र पोताना स्वरूपमां मग्न थाय छे. सुख दुःख समान माने छे. एनी ए वस्तु मानतो ज नथी. सुख दुःख भोगववानी तो चित्तवृत्ति होय ज. केम के पोताना स्वभामां ज मग्नं थइ रह्या छे. विषयनी तो स्वप्नमां पण इच्छा नथी. ए कर्म संयोग आ शरीरमां रह्यो छे तेने आधारे जोइये त निरवद्य वस्तु अवसरे मली तो पण आनंद छे. ते नहि मली तो पण आनंद छे. जेमके ऋषभदेवस्वामीने वर्ष दिवस सुधी शुद्धमान आहार न मल्यो तो पण पोताने विकल्प नथी ने समभावमां वर्त्या तेथी ते पण गणायो. तेम ज उदासीन वृत्तिवाला थाय छे ते तो पोताना स्वरूपने पोतानी वस्तु माने छे. तेमां जेटली कसर छे तेटली तेटली पुद्गलभावनी प्रवृत्ति करे छे, पण तेमां कोइ पण परभावनी इच्छा नथी, ने जो इच्छा थाय छे, त्यांथी वैराग्य करी पाछुं मन वाले छे एम करतां वधारे विशुद्ध थाय छे त्यारे ते वस्तु उपरथी उदासिनता भाव थाय छे. वली पोताने केटली हद प्राप्त थइ छे ते जोवा सारु प्रभुजीए साते नये स्वरुप बताव्युं छे, ने सात नयना ज्ञानथी बाह्यप्रवृत्तिनुं अंतरंग वृत्तिनुं ज्ञान थाय छे, तेथी पोतानुं स्वरूप विचारे छे, तेमां पण पोतानुं स्वरूप भासन थाय छे.ते अनुजोगद्वार सूत्रनी छापेली प्रतमां पाने ६२८–५२८–४१ मे छे त्यांथी जोइ लेवुं. इहां सहज तेनां नाम लखुं छुं. सात नय ते नैगमनय, संग्रहनय, व्यवहारनय, ऋजुसूत्रनय, शब्दनय, समभिरूढनय, एवंभूतनय, ए सात नय छे. तेमां एक एक नयनो विषय विशुद्ध छे. नैगमथी संग्रह, संग्रहथी व्यवहार, व्यवहारथी रुजुसूत्र, रुजुसूत्रथी शब्द, शब्दथी समभीरूढ तेथी एवंभूतनय छे ते पूर्ण वस्तुने माननार छे. तेम आत्मानी प्रवृत्ति संपूर्ण गुण प्रगट थाय त्यारे एवंभूतनय धर्म माने. त्यां सुधी जे जे पोतानी कसर छे तेथी मुक्त थइ आत्मानुं शुद्ध स्वरूप प्राप्त करवानुं भावे. जेम जेम अंतरंगमां स्थिरता करवा अभ्यास करे. तेम तेम क्षयोपशमभाव वृ-

Scanned by CamScanner

द्धि पामे तेम ज्ञान विशुद्ध थाय. नवतत्वनुं स्वरूप विचारे तेमां छांडवा आदरवा योग्य पदार्थनुं स्वरूप विचारे, आठकर्मनो विचार करे. तेना सत्ता बंध उदय उदिरणानुं स्वरूप विचारे. नव अनुजोगथी आत्मानुं स्वरूप विचारे. संतपय ते आत्म पद छे ते छतुं छे. ए कृत्रिम वस्तु नथी. द्रव्य प्रमाणमां विचारे जे जीव अनंता छे ते सत्ताए तुल्य छे. पोत पोताना स्वभावे न्यारा छे. क्षेत्र विचारमां ज्यां सुधी शरीरमां रह्यो छे, त्यां सुधी शरीर प्रमाणे छे. ज्यारे शरीरथी न्यारो थाय छे, त्यारे जे अवगाहन होय ते प्रमाणे तेनो त्रीजो भाग संकोची सिद्धमां रहे छे. ते प्रमाणे आकाश प्रदेशनी स्पर्शना कंइक अधिक छे. कालथी अनादि कालनो छे ने जे जे सिद्ध पामे छे त्यारे संसारनो अंत थाय छे ने सदा सिद्धमां रहे छे. अभवि जीव अनादि अनंत संसारमां ज रहे छे. अंतरंग विचारतां जीवनो अजीव थवानो नथी, ने पुदल संगमां रह्यो छे त्यां सुधी पुद्गलनां रूप अनेक बने छे, पण वस्तुपणे रूप पलटातुं नथी. भाग विचारतां सर्वे जीव अनंता छे, तेने अनंतमे भागे हुं छुं. भाव विचारतां पांच भाव छे, तेमां उदयिकभाव तेना एकत्रीश भेद छे ते कर्म संयोगे छे तेनां नाम. अज्ञानपणुं जेथी पोताना आत्म स्वरूपथी भूली पर जे पुद्गलिक पदार्थ उपर म्हारापणानो ममत्वभाव बनी गयो छे, ए पहेलो भेद. बीजो भेद असिद्धता ते आत्मा सत्ताए सिद्ध स्वभाव छे. ते अवराइ जवाथी असिद्धता थइ छे. त्रीजो भेद जे असयमपणुं आत्मस्वभावमां समभावमय रहेवुं ते छोडी विषयादिकमां राग द्वेषनी परिणती बनी तेथी धन शरीरमां कुटुंबादिकमां मूर्छितपणुं बन्युं छे, ते छये लेश्याना छ भेद तेमां पहेली कृष्णलेश्या ते कर्म संयोगे माठा प्रणामनुं थवुं. जेम के छए लेश्यावाला जांबु खावा गया छे, तेमां कृष्णलेश्यावालाए कह्युं जे आ झाड कापी नांखो, जे पछी जांबु खाइए, एवा दुष्ट प्रणाम ते कृष्णलेशा. नीललेशावाला कहे जे ए वृक्षनी डालो कापो. एवा प्रणाम ते नीललेशा. कापोतलेशावालो कहे जे जे डाले जांबु छे ते कापो ए कापोतलेशा. ने ते-

Scanned by CamScanner

जुलेशावालो कहे छे जे डालो कापवानुं शुं काम छे? फक्त जाबुवाली डालीओ कापो, एवा प्रणाम ते तेजुलेशा. पद्मलेशावालो कहे जे फक्त जांबु तोडो एवा प्रणाम ते पद्मलेशा. शुक्लेशावाला कहे जे नीचे पडेलां जांबु खाओ, झाडने शुं करवा अडकवुं पडे ? एवा प्रणाम ते शुक्लेशा. एवी रीते छ जातना प्रणाम कर्म संजोगे थाय छे ते छए भेद. कषाय ते क्रोध–मान–माया–लोभ. चार गति ते मनुष्य, देवता, तिर्यंच, नारकी. त्रण वेद ते स्त्रीवेद, पुरुषवेद, नपुंसकवेद, ए त्रण वेद अने मिथ्यात्व ते विपरीत बुद्धि, स्वरूपने भूली विपरीत परसुखमां लीनता. आ एकवीस भेद कर्म उदयथी बने छे, एम मानी जे जे वस्तु पोतानी मानी तेथी चित्त पलटावे छे ने ए स्वरूपने पर स्वरूप जाणे एवी रीते ए भाव विचारे. बीजो प्रणामिक भाव तेना त्रण भेद. भव्यपणुं, अभव्यपणुं जीवितव्यपणुं छे. त्रण भेदमां जीवितव्यपणुं छे, तथा भव्यपणुं अभव्यपणाना प्रणाम विचारे जे लाभे ते भावे. त्रीजा उपशम भावना बे भेद छे. उपशम चारित्र ते उपशम श्रेणिमां प्राप्त थाय तथा उपशमभावनुं समकित ते श्रेणिमां पण होय ते विना पण होय ते छे के नाहि ? ते विचारे. क्षायकभाव, तेना नव भेद ते, क्षायक समकित, यथाख्यात चारित्र. केवलज्ञान, केवलदर्शन, अनंत दान, अनंत लाभ, अनंत भोग, अनंत उप भोग, अनंत वीर्य ए नव भेद क्षायकभावना छे ते प्राप्त करवानुं भावे. क्षयोपशम भावना अढार भेद छे. ते चार ज्ञान, त्रण अज्ञान, त्रण दर्शन, दान, लाभ, भोग, उपभोग, वीर्य, क्षयोपशम समकित,देशविरती, सर्वविरती आ अढार भेदमांथी जे जे भाव क्षयोपशमभावे प्राप्त थाय छे, ते क्षायकभावे करवानुं भावे. ए भाव विचारी अल्पबहुत्व विचारे जे आत्मा पंदर भेदे सिद्धि वरे छे, तेमां कया भेदे घणा जीव सिद्धि वरे छे ? ते आगमथी जाणे जे मुनिपणे एक समए १०८ सिध्धि वरे छे. बीजा सर्वे लिंगे ओछा सिध्धि वरे छे माटे मुनिपणामां वर्त्तवानुं भावे, मुनिभावमां जे जे कसर छे ते प्राप्त करवाने भावे. समभावनी वृध्धि करे.

वली छ स्थान विचारे जे पहेलुं स्थानक चेतन लक्षण ते विचारें जे आत्मानुं ज्ञान दर्शन चारित्र वीर्य तप उपयोग ए छए लक्षणमय छे. बीजुं आत्मा नित्य छे, अविनाशी छे, जन्म मरण पुद्गल संयोगे बने छे, ते म्हारो स्वभाव नथी. त्रीजुं स्थानक विचारे जे आत्मा पोताना स्वभावनो कर्त्ता छे. ने कर्म संयोगे पुद्गलिक भावनो कर्त्ता बनी गयो छे. त्यांथी उपयोग पलटावे. चोथुं भोक्तापणुं विचारे जे निश्चेनये पोताना स्वभावनो भोगी छे, परभावनुं भोगीपणुं परसंयोगे छे. पंचम स्थान ते परमपदनो विचार करे जे आत्मानुं पद ने सिध्धनुं परम पद तुल्य छे, कर्म संयोग भेद पड्यो छे. ते भेदथी रहित पोतानुं परम पद छे. ते प्रमाणे रहेवानुं भावे, छट्ठुं स्थानक ते ए परम पद पामवानां कारण संयम अने ज्ञान ए बे छे, माटे बंधे वस्तुमां वर्त्तना करे. एवी रीते भावनाओ भाववानुं ज्ञान ते ज्ञान सांभल्याथी थाय ने एम भावतां स्वभाविक अनुभव ज्ञान प्रगट थया पछी जेम जेम स्वभावमां स्थिर थाय, तेम तेम आत्मानी निर्मलता थाय ने अनुभवज्ञाननी बुध्धि थाय ने तेम तेम निज तत्व प्रगट थाय. माटे हम्मेश सुंदर भावनानो उद्यम करवो. वली हेमाचार्यजी महाराजे ध्याननी घणी रीतो योगशास्त्रमां बतावी छे त्यांथी जोइने ए उद्यम विशेष रीते करवो. छेल्लो उद्यम ए छे माटे आत्मार्थी पुरुषो जे जे निवृत्तिनो वखत मले ते ते अवसरे ध्याननो अभ्यास करे ए श्रेय छे.

प्रश्नः—७५ कोइ गच्छवाला कहे छे जे छए पर्व तथा कल्याणक दिवस शिवाय पोषध करवो नहि ते केम ?

उत्तरः—आ वात न्यायथी तथा शास्त्रथी विरुद्ध जणाय छे. कारण के प्रभुजीनो तो एज उपदेश छे जे समय मात्र प्रमाद करवो नहि. ते उपदेश आत्मार्थीना मनमां वस्यो छे. सदा भावना तो अप्रमादभावनी वर्त्ते छे, पण पूर्वकर्मना जोरथी ते प्रकारनी विशुद्धि थती नथी तेथी संजम लेता नथी तो पण पर्वने दिवसे पौषध अवश्य करे छे. ने पर्वना दिवस शिवायना दिवसे वखत मले तो ते काल प्रमादमां केम काढे ? ते दिव-

Scanned by CamScanner

स पण पौषध अवश्य ले. ने शास्त्रमां तो ज्यां ज्यां अधिकार होय त्यां त्यां पर्वना ज दिवसनो होय. कारण जे गृहस्थ संसारमां रोकाइ गयो छे ने न रोकायो होय तो संयम लेत, पण रोकाणथी संयम लेतो नथी. त्यारे पर्वने दिवसे अवश्य पौषध करे. वास्ते तिथिनो दर्शाव कर्यो छे. आवो आशय तत्त्वार्थमां पाने २४३ मे छे. ते आ प्रमाणेः—सपौषधोपवासको त्रयपक्षयोरष्टम्यादि तिथि मभिगृह्य निश्चित्य बुध्यान्यतमांचेति प्रतिपदादि तिथि मनेनवान्वासु तिथिषु अनियमं दर्शयति “ नावश्यतयान्यासु कर्त्त-व्यः ” आ मुजब तत्वार्थनी टीकामां छे. एमां कहेवुं छे जे अष्टमी प्रमुखने दिवसे अवश्य करवो ते सारु अष्टमी दर्शावी छे. बीजी प्रतिपदादि तिथिने दिवसे अवश्य कर्त्तव्य नथी, तो कंइ निषेध कर्यो कहेवाय नहि. ते छतां जे निषेध करे तेनो इलाज नथी. बुद्धि विचित्र प्रकारनी छे. आत्मार्थीने तो जे अवसर मल्यो ते वखत धर्मप्रवृत्ति करवी ते ज श्रेय छे. वली पडिक्कमणामां पण तप चिंतवननो काउस्सग्ग आवे छे. तेमां छ मासी तपथी उतरतुं तपनुं चिंतवन थाय छे. ते पण तिथि विनाना दिवसे चिंतवन करवुं नहि जोइए. कारण जे उपवास आहार पौषध छे ने पर्वतिथि विनाना दिवसे करवो नथी, त्यारे चिंतवन शुं करवा करवुं? पण ज्ञानीनो मार्ग तो सदाकाल धर्मकरणीनो छे. ज्ञानीए शास्त्रमां तप चिंतवन करवा कह्युं छे. तप चिंतवन करवानो अधिकार योगशास्त्रमां तथा प्रवचनसारोद्धारनी छापेली चोपडीमां पाने ३७ मे छे. ए विना घणा शास्त्रमां छे माटे अवसर मले ते वखते पौषध करवो ए ज उचित छे. वली ए ज प्रवचनसारोध्धारमां पाने ४० मे अनागत तप पच्चख्खाणनुं स्वरूप कह्युं छे, तेमां कहेवुं छे जे आवता पर्यूषणादिक पर्वने दिवसे कांइ कारणशर तप थाय तेम नथी तो तेथी पछी तप करी ले. अथवा अतित तप पहेलो एवा कारणशर करी ले. आ अधिकारथी समजाय छे के पर्वनी अगाउ पण करे ने पछी पण करे; ने तप छे ते आहारपौषध छे माटे पर्वना दिवस शिवाय पण पौषध करवाने हरकत नथी पण लाभ छे. वली ए प-

Scanned by CamScanner

क्षवाला एम पण कहे छे जे रोज उपवासनुं पच्चख्खाण करवुं, पण वधारे सामटुं पच्चख्खाण करवुं नाहि. ए वात पण शास्त्र साथे मलती नथी. कारण जे ए ज तप चिंतवनमां जेटला भक्तनुं सामटुं हाल पच्चख्खाण थाय छे तेटला भक्तनुं चिंतवन छे. बीजुं चिंतवन बीजी रीते छे. वली पच्चख्खाणभाष्यमां पण छे. वली प्रवचनसारोध्धार विगेरे घणी जग्याए पच्चख्खाणना अधिकार छे त्यां चोथभक्तादि पच्चख्खाण करवां कह्यां छे. ए आदि शब्दथी उपवासथी अधिक पच्चख्खाण सिध्ध थाय छे. माटे अधिक पच्चख्खाण चोत्रीश भक्त सुधी करवाने हरकत नथी ने जो अडचण होय तो ए चिंतवन खोटुं पडे. कारण जे जे बनी शके त्यां अटकवा कह्युं छे ने त्यां सुधी चिंतवन करवुं कह्युं छे. पछी काउसग्ग पारी पच्चख्खाण करवानुं छे माटे बनी शके तेटलुं पच्चख्खाण करवुं ते रीत सारी छे.

प्रश्नः—७६ पजुसणमां कल्पसूत्र ज वांचवुं, एवी परंपरा चाली छे तेनुं शुं कारण ?

उत्तरः—कल्पसूत्रमां मुख्यत्वे साधुनो आचार छे ते वर्ष वर्ष दिवसे सांभले तो सर्व मुनि महाराजने उपयोग जागृत रहे. वली ज्यारथी सभामां वंचाय छे, तेथी श्रावक प्रमुखने प्रभुनां अद्भुत चारित्र जे आकरी तपश्चर्या, आकरो आचर, आकरा दुःखमां पूर्ण, पण पोताना उपशांतपणामां रह्या, आकरां दुःख देनारा उपर पण समताभाव, जरा पण द्वेष नहि, अतिशय ज्ञानशक्ति एवी दशा सांभल्याथी प्रभुना उपर आस्तिकता बृद्धि पामे. केम के जे पुरुषने देव मानीये तेनां आश्चर्यकारी चरित्र सांभल्याथी जरूर रागनी वृध्धि थाय ने भगवान् गणधर मुनि महाराजादि उपर राग वधे अने आज्ञा आराधे, ते ज सम्यक्त निर्मल थवानुं कारण छे. आवा कारणशर उपकारी पुरुषोए हम्मेश वांचवानो वहिवट राखेलो समजाय छे.

प्रश्नः—७७ अंजनशलाका कोण करे ?

उत्तरः—अंजनशलाका प्रभुने आचार्य महाराज करे. एवी रीते षोडश-

Scanned by CamScanner

जीमां हरिभद्रसूरी महाराजे कह्युं छे. तथा बीजा पण प्रतिष्ठाकल्पोमां मुख्यपणे आचार्य महाराज करे. वली कुलप्रभसूरी महाराजना शिष्य नरेश्वरसूरीए सामाचारी रची छे, तेमां आचार्य करे ते सूरीमंत्रथी करे, ने आचार्यना अभावे उपाध्यायादिक वर्धमानविद्याथी करे, एवी रीत छे. एक प्रतिष्ठाकल्पनी जूनी प्रत में दीठी हती तेमां श्रावक करे, एम पण कह्युं छे. ते मंत्र पण जूदो बताव्यो छे. आचार्य सूरीमंत्रथी, उपाध्याय वर्धमानविद्याथी ने श्रावकनो जूदो मंत्र छे. हवे इहां शंका थशे जे हीरविजयसूरी महाराजे हरिप्रश्नमां श्रावक प्रतिष्ठित प्रतिमाजी अपूजनीक कही छे, ते केम ? ते विषे जाणवुं जे त्यां जे कह्युं छे जे एवी प्रतिष्ठेली मुनिना वासक्षेपे पूजनीक थाय. तेथी जाणीए छीए जे प्रतिष्ठाकल्पमां श्रावकनो मंत्र बताव्यो छे. तेनुं कारण एवुं जणाय छे के आचार्य उपाध्यायनो योग न बने ने प्रभुभक्ति करवी छे, त्यारे पोते प्रतिष्ठा करी ले. ने ज्यारे आचार्यादिकनो योग बने त्यारे तेमनी पासे वासक्षेप करावी ले. आवी रीते बे वात युक्त थाय छे. वली कोइक कहे छे जे आचार्य वासक्षेप करे ज नहि. श्रावक करे. ते पण अयोग्य छे. कारण जे त्रेसठ शलाका पुरुषना चरित्रमां कपिल केवलीयें प्रतिष्ठा करी छे. त्यार पछी पण घणा आचार्यें करी छे ते वात प्रसिद्ध छे. वास्ते मुख्यवृत्तिए तो छत्रीश गुणे बिराजमान आचार्य महाराज योग्य छे.

प्रश्नः—७८ आ कालमां धर्मसाधन करनारमां केटलाएक दुःखी देखाय छे ने अधर्मी सुखी देखाय छे तेनुं शुं कारण ?

उत्तरः—अधर्मी जीव छे तेने पाछला भवनी प्रायःअधर्मनी संज्ञा चाली आवे छे, तेथी अधर्मनी बुद्धि थाय छे, तो पाछले भवे अधर्म सेव्यो छे, ते कंइ मनुष्यमांथी घणुं करीने मनुष्य थाय नहि. अधर्मी तो प्रायः नरक तिर्यंचमां जाय, त्यारे ते भवनां पाप नरक तिर्यंचमां भोगवी मनुष्य थाय त्यारे तेने केटलांएक दुःख ओछां होय; पण ते सुख पामवाथी पाछां पापनां काम करे, तेथी नरक तिर्यंचनी दुर्गति पामे. त्यां दुःख

Scanned by CamScanner

भोगवे. एवा जीवने मनुष्यमां सुख छे, ते पण आवते काले दुःखनां हेतु छे. माटे अधर्मीने सुखी जोइ मनमां सुख विचारवानी जरूर नथी, ने धर्मिष्ट जीव तो मनुष्य अथवा देवतामांथी आवे त्यां धर्म तो करेलो; पण केटलांएक हिंसादिक पाप कर्यां होय, ते इहां भोगवे. तेथी दुःखी देखाय पण ते जीवने धर्मना परिणामो छे, तेथी ते समभावे भोगवे छे. तेथी ते निर्जरा करी घणा विशुद्ध थइ मुक्ति वा, सद्‌गतीने पामे छे, माटे देखीतुं गुणीने दुःख छे ते सुखनुं हेतु छे, ने निर्गुणीने सुख छे ते तेने दुःखनुं हेतु छे. आवुं जाणी धर्ममा प्रवर्त्तवुं तथा दुःख आवे समभाव राखवो ए ज आत्माने हितकारी छे.

प्रश्नः—७९ श्रावक आराधक थाय तो केटले भवे सिद्धि वरे ?

उत्तरः—आयुरपच्चख्खाण पयन्नामां कह्युं छे के संथारो करी सर्व वस्तु वोसरावी सर्व जीव साथे खमतखामणां करी, आराधना करी काल करे तो उत्कृष्टा सात भव थाय. एथी अधिक भव थाय नहीं. वास्ते जरूर आराधक थवानी भावना हमेश करवी ने आराधना करवानो छेली वखते उद्यम करवो.

प्रश्नः—८० भगवंत विचरे त्यारे रस्तामां साथे शुं शुं वस्तु होय ?

उत्तरः—उवाइजीनी छापेली प्रतमां पाने ५९ मे नीचे लखेली वस्तु आकाशमां साथे चाले छे.

धर्मचक्र आगल चाले, मस्तक उपर त्रण छत्र साथे चाले, बन्ने बाजुए चामरो धरी रह्यां होय छे, सिंहासन पादपीठ सहित साथे चाले, तथा धर्मध्वज आगळ चाले.

आ वस्तुओ साथे चाले; तथा चोत्रीश अतिशय तथा पांत्रीश वाणी गुणे विराजमान होय. वली देवता पण घणा होय. एवी रीते विचरे छे.

प्रश्नः—८१ गर्भमां जीव उपजे छे ते शी रीते उपजे छे ? ने वधे छे ते अनुक्रमे शी रीते वधे छे ?

उत्तरः—आ बाबतनो अधिकार तंदुलविआली पयन्नामां छे. ते प्रथम-

Scanned by CamScanner

थी ज चाल्यो छे. स्त्रीनी नाभी नीचे बे नाडीओ छे तेनो आकार नाडी सहित कमलना फूल जेवो छे. तेनी नीचे स्त्रीनी योनी छे. जीव उपजवानुं स्थानक ते अधोमुख कमलने आकारे छे. हेठे आंबानी मांजर जेवी जेवी मांसनी मांजर छे, ते ऋतुकाले फूटे छे त्यारे रक्त स्रवे छे. तेनुं नाम ऋतु कहेवाय छे. ते ऋतु आव्याप छे. पुरुषना जोगथी वीर्य स्रवे छे. ते वीर्य तथा मातानुं रुधीर ए बेनो अधोमुख कमलमां संयोग मले छे, त्यारे तेमां जीव उत्पन्न थाय छे ते प्रथम समये वीर्य तथा रुधीरनो आहार करे छे. पछी काले काले वृद्धि पामे छे. ते सात दिवस सुधी चोखाना पाणी जेवो थाय छे. त्यार पछी सात दिवसमां पाणीना परपोटा जेवो थाय छे, पछी सात दिवसमां मांसनी पेशी आंबानी गोटली जेवो एक मासे थाय छे. बीजे मासे विशेष वृद्धि पामी मजबूत पेशी थाय छे, त्रीजे मासे तेथी वृद्धि पामे छे. ने माताने दोहला--मनोरथ उपजावे छे, पुन्यवंत गर्भ होय तो सारां धर्मनां काम करवानी, सारुं खावानी इच्छा थाय छे. पापिष्ट गर्भ होय तो अधर्मनी इच्छा तथा माठी वस्तु खावानी इच्छा करावे छे. चोथे मासे गर्भ वधवाथी मातानां अंगोपांग पण वृद्धिने पामे छे. पांचमे मासे गर्भना पिंडमांथी पांच अंकुरा नीकले छे. बे हाथ, बे पग ने एक मस्तक, ए पांच वस्तु थाय छे. ए जोइने केटलाएक अज्ञानी जीव कहे छे जे पांचमे मासे जीव उपजे छे; पण तेणे एटलुं ज विचारवुं जे ए जीव पांच महिना सुधी क्यां रह्यो हतो? ने आ जीव विना आकारे शा कारणे थयो ? माटे जीव तो प्रथमथी ज उत्पन्न थाय छे. पछी उपर मुजब वृद्धि पामे छे. छट्ठे मासे पित्त तथा रुधीर उपजावे छे. सातमे मासे सातसो नाडीयो, पांचसो मांसनां स्थान, नव म्होटी नाडीओ ए रीते सर्वे तैयार थाय छे. आठमे मासे सर्वे अंगोपांगनी पूर्णता करे छे. ए अधिकार भगवंत कही रह्या, पछी गौतमस्वामीए पूछ्युं जे भगवंत ! गर्भमां रह्यो निहार करे ? ते ना कही. त्यार बाद कवल आहारनुं प्रश्न कर्युं, ते पण ना कही. रोम आहार विगेरे करे ते मातानी रसहर-

Scanned by CamScanner

नी नाडी एटले रस लेवानी नाडी नाभी आगल रहे छे, ने पूत्रनी रस हरनी नाडी पुत्रनी नाभी आगल रहे छे. ते पुत्रनी नाडीनो संबंध मातानी रसहरनी नाडी साथे रहे छे. तेथी मातानी रसहरनी नाडीथी पुत्र आहार ले, ने सघला शरीरमां प्रणमे, ए रीते आहार ले. माताना रुधीरनो भाग उत्पत्ति अवसरे वधारे होय तो पुत्री थाय. पिताना वीर्यनो भाग वधारे होय तो पुत्र थाय. बे सरखा होय तो नपुंसक थाय. ए पण दर्शाव्युं छे. वली मांस, लोही, माथा मांहिनुं भेजुं ए माताना रक्तथी थाय छे. तेथी मातानां अंग कह्यां छे. वली हाडकां, हाडकां मांहेली मिंज तथा रोम ए पिताना वीर्यथी थाय छे माटे ए पीतानां अंग कह्यां छे. आ रीते घणुं स्वरूप एमां दर्शाव्युं छे. तथा जोगशास्त्रमां हेमाचार्यजी महाराज तथा भवभावना ग्रंथ मल्लधारी हेमचंद्र आचार्यनो करेलो छे, तेमां पण दर्शावेल छे, त्यांथी विस्तारे जोइ लेवुं.

प्रश्नः—८२ वासुदेव नरके जाय तेनुं शुं कारण ?

उत्तरः—वासुदेव पुद्गलीक सुखनुं नियाणुं करे छे, तेथी संजम धर्म आराधन थाय नहीं. कृष्णवासुदेवे भगवंत नेमनाथजी महाराजने पुछ्युं जे मने दीक्षा लेवानुं मन केम थतुं नथी ? त्यां भगवंते कह्युं जे पाछले भवे तें नियाणुं कर्युं छे, तेथी आ भवमां संजम उदय आवशे नहीं, पण तुं नरकथी नीकली तीर्थंकर थइ मुगतें जइश. एवी रीते अंतगड दशांगनी लखेली प्रतमां पाने २३ मे अधिकार छे. वसुदेवहिंडमां पांच भव कह्या छे. तत्व केवलीगम्य छे.

प्रश्नः—८३ पिंडस्थ ध्यान शी रीते करवुं ?

उत्तरः—जोगशास्त्रमां हेमाचार्यजी महाराजे घणा प्रकारे बताव्युं छे, तेमांथी बे रीतो लखुं छुं. अरिहंतनो अ नाभीने विषे थापवो, सिद्ध महाराजनी सि मस्तकने विषे स्थापवी, आचार्य महाराजनो आ मुख उपर स्थापवो. उपाध्यायजीनुं उ हृदये थापवुं अने साधुजी महाराजनो सा कंठे स्थापवो. ए रीते पांचे अक्षर स्थापी तेनुं एकाग्रपणे ध्यान करवुं. ए

Scanned by CamScanner

एकसोने आठ वार ध्यान करवुं. ए एकसोने आठवार ध्यान करवाथी एक चोथभक्तनुं फल कह्युं छे. बीजी रीते पाने १८८ मे चिंतववुं ते पिंडस्थ ध्यान कह्युं छे. ते पिंडस्थ ध्याननी पांच प्रकारे धारणा कही छे. पृथ्वी, अग्नि, वायु, वारुणी, तत्वभु ए पांच धारणा करवी, ते कहे छे. प्रथम जेवडो तीर्छोलोक छे, तेवो क्षीर समुद्र ध्यावो. एटले चारे बाजुए जल छे एवुं ध्यावुं ने ते जल मध्ये जंबूद्वीप छे. तेवडुं सुवर्णनुं सहस्रदलमय कमल चिंतववुं. ते कमलनी वचमां सुवर्णमय मेरुपर्वत कर्णिकारूप चिंतवीए. ते कर्णिका उपर श्वेत, सिंहासन उपर अष्टकर्म छेदन करवा उद्यमवंत एवो हुं त्यां बेठो छुं एम चिंतववुं. आवी रीते एकाग्रताए चिंतववुं, ते पृथ्वीधारणा कहीए. पछी आपणी नाभीकमलमां सोल पांखडीनुं कमल चिंतवीए. ए सोल पांखडीना कमलनी मध्ये कर्णिकाना मध्य भागे महामंत्र, सिद्धचक्र बीज अर्ह, एवो मंत्र समरीए. पछी कमलनी सोले पांखडीए अ, आ, इ, ई, उ, ऊ, रु, ऋ, लृ. लृ, ए, ऐ, ओ, औ, अं, अः एक एक स्वर थापीए. तेने समरवा पछी अर्ह, एवो महामंत्र बिंदुकला सहित रेफ एवो अक्षर छे. ते रेफ अक्षरमांथी थोडो थोडो नीसरतो, धुम्रशीखा धुमाडो चिंतववो ने समरवो. पछी धुमाडा नीसरता अग्निना तणखाना समूह नीसरता ध्यावा. पछी अग्निनी ज्वाला दिशी विदिशी, आकाश व्यापित महाज्वाला समरीए ने ज्वालाना समूहे अष्टकर्म रूप अधोमुख कमल आठ पांखडीनुं दरेक पांखडीए एक एक कर्म थापीए. तेने रहेवानुं स्थान जे हृदयकमल तेने बालीए एटले आ मंत्रना ध्यान करवाथी ध्यान रूप सबल अग्नि प्राप्त थइ छे. ते अग्नि दहे छे—बाले छे. तेथी ते कर्म बले छे एम ध्यावुं. त्यार पछी देहथी बहार अलगुं, जलहलतुं, अग्नि त्रीकोण ध्याइए, ते त्रीकोणना त्रणे खूणे एक एक साथीओ समरीए ते त्रीकोण अग्नि रेफ समरीए. अंत शरीरमां महामंत्र थकी उपन्यो जे अग्नि ते अग्निनी ज्वाला जलहलती छे तेथी देह अने अष्टदल कर्म, थापेला कर्मने बालीने भस्म करीए तेथी आत्मा

Scanned by CamScanner

शांत थाय एम ध्याइए. ते अग्निधारणा कहीए. हवे वायु समरीए ते वायु केवो छे के त्रण भुवन--स्वर्ग मृत्यु पाताल तेने पूरी रह्यो छे. वली परवतने पण वायु उन्मूलन करे छे. वली समुद्रने पण वायु क्षोभ पमाडे छे. मर्यादा मूकावे छे एवा अति प्रचंड वायुए करी अंगनी धारणाए देह तथा अष्टकर्म रूप कमलने बालीने भस्म करेलुं छे. ते भस्मने ध्यान रूप वायुए उडाडीए, पछी वायु समरवुं शांत करीए. ए वायुधारणा. पछी जलधारणाने अमृत रूपणी अति बहूल वेगवती वृष्टी करता मेघमाला परीपूर्ण आकाशमां समरवुं. ते कलाबिंदु सहित वरुणांकित मंडल वारुण बीज वइशुं समरवुं. तेवार पछी वरुण बीजे उपन्या अमृत रूपी ए जलना प्रवाहे आकाश भरवुं अगनी धारणाथी अगनी पूरथी देह तथा कर्म बल्यां छे तेनी राख छे ते ध्यान रूप जलनी वृष्टिथी पखालवुं ते वारुणीथी समरवुं. ए वारुणीधारणा कहीए. जे हवे पांचमी तत्वधारणा ते सप्त धातुए रहित निष्कंलक, निर्मल, चंद्रबिंब सरखो उज्वल एवी सर्वज्ञ सर्व वस्तुना जाण ते सरखुं आपणा आत्मापणुं भाववुं. बहु तेजमय अज्ञान रूप तिमिरे रहित मणीमय सिंहासणे बेठा देव दाणव गंधर्व सिद्ध चारणादिके सेवित अनेक अतिशये करी शोभित, सघला कर्मे करी रहित, सहज सरूपी, पर स्वरूपथी रहित, स्वभाव महिमा निधान एवो आत्मा आपणा शरीर मध्ये पुरुषाकारे समरीए ते तत्वभू धारणा कहीए. ए पिंडस्थध्यान जोगीश्वर ध्याय छे. तेमां पोताना स्वरूपमां लीन थवाथी मुगतीनां सुख अनुभवे छे. वली ए ध्यान प्रभावे जोगीश्वरने दुष्टविद्या उच्चाटण मारण स्थभन वीगेरेथी पीडा थाय नहीं. शाकीनी डाकीनी लाकीनी काकीनी क्षुद्रयोगीनी भूत प्रेत पिशाचादिक. जोगीस्वरनुं तेज अणसहतां ततक्षण नासी जाय. वली मदोन्मत्त गजेंद्र व्याघ्र सींह शरभ, अष्टापद जीव विशेष दृष्टिविष सर्प अति बीहामणा ते जोगीश्वरने उपद्रव करवा आवतां जोगीश्वरने देखतां ज स्थंभी जाय वा दूर जाय. जोगीश्वरनुं तेज सहन करी शके नहीं, एवो महिमा पिंडस्थ ध्याननो छे ने

Scanned by CamScanner

छेवट निज सुखनी प्राप्ती थाय.

प्रश्नः–८४ पदस्थ ध्यान शी रीते करवुं ?

उत्तरः–जोगशास्त्रना आठमा प्रकाशमां पाने १९२ मे छे ते नीचे प्रमाणे ध्यान करवुं. नाभीकंदे सोल पांखडीनुं कमल छे, ते सोल पांखडी उपर एक एक पांखडीए अ, आ, आदे एक एक स्वर थापीए, एम सोल पांखडीए सोल स्वर अक्षर स्थापवा. ने ए सोल स्वर चिंतववाने चित्तनी एकाग्रता करवी. पछी हृदयकमलमां एक कमल चोवीश पांखडीनुं चिंतवीए, तेमां कर्णिका चिंतवीए, पछी चोवीशे पांखडी एकथी भ सुधीनां चोवीश व्यंजन थापीए. ने कर्णिकामां थापीए. पछी तेनुं ध्यान करीए.पछी मुख आठ पांखडीनुं कमल चिंतवीए ते एक एक पांखडीए य, र, ल, व, श, ष, स, ह, आठ व्यंजन थापी चिंतवीए. एवी रीते त्रणे कमलना ध्यानमां एकाग्रता करवी. ए ध्यानमय रहेवाथी सर्व शास्त्रना पारगामी थाय–त्रिकालज्ञानी थाय. ए आदि घणां फल दर्शाव्यां छे. बीजी रीते नवकारमंत्रनुं ध्यान करवुं ते पण पदस्थ ध्यान कह्युं छे. एना ध्यानथी पण खांस्यादि १६ म्होटा रोग नाश पामे. वचनसिद्धि प्रमुख होय.वली हलुकरमीनी गतिने पामे. परमानंद सुख प्राप्त थाय. वली प्रकारांतरे कह्युं जे आठ पांखडीनुं उज्वल कमल चिंतवीए तेनी कर्णिकामध्य प्रदेशे महा पवित्र मुक्ति सुखना देनार आद्यपद सप्ताक्षर मंत्र नमो अरिहंताणं चिंतववुं. पूर्व दिशाए नमो सिद्धाणं चिंतववुं, दक्षिणे नमो आयरिआणं चिंतववुं. पश्चिमे नमो उवज्झायाणं चिंतववुं. उत्तरे नमोलोए सव्वसाहूणं चिंतववुं. एसो पंच नमुक्कारो अग्निकोणमां, सव्वपावप्पणासणो नैरुत कोणें, मंगलाणं च सव्वेसिं वाव्य कोणे. पढमंहवइमंगलं इशान कोणमां. एवी रीते नवपदनुं ध्यान करवुं. मन वचन कायानी एकाग्रता करवी तेथी महा फलनी प्राप्ति करे. वली प्रकारांतरे आठ पांखडीनुं उज्वल कमल मुख मांहे थापवुं. ते एक एक पांखडीए अ, क, च, ट, त, प, य, श, ए एक एक अक्षर थापवा ने समरवा. पछी ॐ नमो अरिहंताणं ए आठे

अक्षर अनुक्रमे समरवा, पछी ए कमलनी केशरामां सोले स्वर अ, आ विगेरे समरवा. पछी सुखे करी संचरतुं कांतिमंडल मांहे रहेतुं निर्कलंक उज्वल चंद्रबिंब सरखुं मायाबीज ह्रींकार मंत्र समरीए. तेवार पछी ते पांखडीओने विषे भमतुं आकाशमंडलमां संचरतुं, मनोमल विनासतुं, अमृतरस स्रवतुं, तालु मार्गे जतुं भममांही उलासतुं, जलहलाट करतुं त्रिलोक्य विभुत्वेन रहे, अचिंत्य महिमानो देनार अद्भूत आश्चर्यकारीओ चंद्र सूर्यना तेजने जीपतुं ज्योतीमय साक्षात् तेज रूप अति पवित्र निःपाप ए मंत्र एकचित्ते मन वचन कायानी एकाग्रताए ध्यातां जे पाप कर्म कीधां छे, तेनो विनाश थाय अने श्रुतज्ञान सकल वचनमय शब्दब्रह्म प्रगट थाय. एवी रीते निश्चल मन करी छ महीना अभ्यास करवाथी मुखमांथी धुम्रशिखा नीसरती देखे. एक वरस अभ्यास करवाथी मुखमांथी अग्निज्वाला नीसरती देखे. पछी विशेष अभ्यासे सर्वज्ञनुं मुखकमल देखे. पछी विशेष अभ्यास करवाथी अष्टकर्म रहित कल्याण माहात्म्य आनंद रूप समग्र अतिशय संयुक्त प्रभामंडलमां रहे. साक्षात् प्रगट सर्वज्ञ वीतरागने देखे. पछी निश्चय मन थाय. मननो वेपार जीतीने ते परमेश्वरना स्वरूपने विषे एकाग्र मन करी संसार रूपी भयंकर वनने परिहरी पछी सिद्धिमंदिर मुक्तिमंदिर आश्रये एटले पामे. वली प्रकारांतरे जोगीश्वरे मंत्राधिराज हकारने उपर अने हेठल रेफ संयुक्त कलाबिंदु सहित अनाहत नाद संयुक्त अर्हं कनक सुवर्णनुं कमल ते मांही रह्यो निःकलंक चंद्रबिंब सरखो निर्मल, अति उज्वल, चपल आकाशे फरतो, दश दिशाए व्यापतो, मुखकमले प्रवेश करतो, ने मांहोमांहे भमतो, नेत्र प्रत्ये स्फुरतो ललाट मध्ये रहेतो, तालु मार्गे निसरतो, अति बहुल शरीरने आनंद परम निर्भर सुख उपजावतो, अमृतरस स्रवतो, अति उज्वलपणे चंद्रमंडल साथे स्पर्धा करतो, ज्योति शरीरमां स्फुरती आकाश मंडलमां संचरता शिव श्री मोक्षलक्ष्मीषु एक भावनाओने सर्व अवयव संपूर्ण कुंभक करी एटले स्वासोस्वास स्थिर करी एकाग्रताए ए रीते ध्यावुं. तेथी

Scanned by CamScanner

साक्षात् तत्वने पामे. बीजां पण बहु प्रकारे ध्यान आठमा प्रकाशमां छे ते जोइने ध्यावां.

प्रश्नः—८५ रूपस्थ ध्यान शी रीते करवुं ?

उत्तरः—जोगशास्त्रमां नवमा प्रकाशमां छे. तेमांथी अल्प लखुं छुं. प्रथम भगवंत समोसरणमां बिराजमान छे ते ध्यावा. ते केवा छे ? मोक्षलक्ष्मीने सन्मुख छे. आठे कर्मना विनासना कर्त्ता, अन्य जीवने अभयदानना दातार छे. निःकलंक, अति उज्वल चंद्रबिंब सरखां त्रण छत्र मस्तक उपर धरयां छे, उलसतुं जलहलतुं छे भोमंडल तेणे करी सूर्यनुं तेज विडंब्युं छे. देवदुंदभी भेरी मृदंग आदे अनेक वाजीत्रना शब्दे करी किन्नर गंधर्वादिकनां गीत देवांगना अप्सरादिकनां नृत्य, देवेंद्रादिकनी सेवा इत्यादिक ऋद्धिए युक्त अशोक वृक्ष शोभित छे सिंहासन, ते सिंहासने प्रभु बेठा छे, चामर विंजाइ रह्यां छे, देव दानव दैत्य गंधर्वादिक नमी रह्या छे. मंदार पारिजातक हरीचंदन कल्पवृक्षादिक दिव्य वृक्ष तेनां पुष्पोंए करी सुगंधित छे समोसरण. ते समोसरणना कोटमां मृग वाघ, सिंह, सर्प, हस्ती, अश्व आदि तीर्यंच शांतपणे रह्यां छे. एक बी जानो वैरभाव प्रभु पसाए शांत थयो छे. एम अनेक अतिशय संजुक्त वीतराग भगवानने केवलज्ञानी महाराज पण वांदी रह्या छे. सर्वने पूजनीक परमेष्टी भगवंते अरीहंत श्रीवीतरागनुं स्वरूप जोइने मनमां आणीने ध्यान कीजे. ते प्रभुना गुणमां एकाग्रता करीए ते रूपस्थ ध्यान कहीए. वळी बीजी रीते आ प्रमाणे—राग द्वेष, मद, मच्छर, क्रोध, मान, माया, लोभ, अहंकारादिक महा मोहने विकारे अलंकित छे शांत छे कांत तेजे करी जलहलतुं छे. मनोहर महा सौभाग्ये करी संजुक्त छे सरव लक्षण १०८ तेणे संजुक्त छे. अनेरे दरशने अणजाणीतुं जोगमुद्रा महात्म्य छे. आंखने अमंद घणुं आश्चर्यकारी आणंद परम आनंदनो हेतु छे. इंद्रीयो जिती मन वश करी निर्मल चित्त हुंतो अनिमेष दृष्टीने मेषोन्मेष निवारीने एणी रीते श्री वीतरागनी प्रतिमानुं रूप ध्याय तेने रूपस्थ ध्यान कहीए.

Scanned by CamScanner

एम अतिशे अभ्यासथी जोगीश्वर तनमयपणुं वीतराग प्रतिमापणुं पामे. आपणुं सर्वज्ञपणुं देखे निश्चे जे भगवत सर्वज्ञ वीतराग ते हुंज एम एक मना तनमयता वीतरागपणुं पाम्यो. तुं सर्व वेदी सर्वज्ञ मानीए. वीतरागनुं ध्यान करतां वीतराग थइने मुक्ति जाय अने रागी देवनुं ध्यान करतो क्षोभण उच्चाटनादिक कर्मनो करनार थाय. अज्ञानपणे एटले वस्तु धर्म जथार्थ भण्या विना जे ध्यान करे ते असत ध्यान ते फोगट प्रयास थाय. माटे जथार्थ वस्तुना कहेनार वीतराग तेनी आज्ञाए ध्यान करवुं. आ विगेरे घणां स्वरूप जोगशास्त्रमां छे ते जोवां.

प्रश्नः—८५ रूपातीत ध्यान शी रीते कहे छे ?

उत्तरः—जोगशास्त्रमां पाने २०४ मे ते अमूर्ति चिदानंद स्वरूप नित्य अव्यय निरंजन निराकार शुद्ध परमात्मानुं ध्यान ते रूपातीत ध्यान कहीए. ए रीते जोगीश्वर निराकार स्वरूप अवलंबतो निराकार ध्यान करतो ग्राह ग्राहक वर्जित निराकारपणुं पामे. जे कंइक पुद्गलीक इच्छाए जप ध्याने करीए ते ग्राह ग्राहक कहीए. मन वश करी जप ध्याने कांइक दैवत आराधे ते ग्राहक कहीए. तेथी रहित जे जोगीश्वर परस्वरूप थी रहित अने निराकार परमात्म स्वरूप चिंतवतो एक्य निराकारपणुं पामे, मनने परमात्माने जे समरस भावने एकी करण कहीए तेज आत्मा परमात्माने विषे एक करीने लय पमाडे. ए एवी रीते जोगीश्वर इंद्रीओ जिती मन वश करी तत्व अव्यय स्वरूप निरंजन निराकार चिंतवतो निरंजनपणुं पामे. आ ध्यान अनुभव ज्ञानने बले थाय छे. जेम जेम आत्मा स्वरूपमां लीन थतो जाय तेम तेम विशेष विशुद्धिथी अपूर्व ज्ञान प्राप्त थाय तेम तेम विशेष अनुभव थाय. आ ध्यान कृर्तृम नथी तेथी एनो विस्तार अल्प दर्शाव्यो छे.

प्रश्नः—८७ जैनमां समाधी चडाववानो मारग छे के नहि ?

उत्तरः—जोगशास्त्रमां बहु विस्तारे छे तथा कपुरचंदजी महाराजे स्वरोदय नामनो ग्रंथ रच्यो छे. तेमां घणी रचना छे, बीजे पण घणे ठेकाणे

Scanned by CamScanner

छे. आज पण तेना अभ्यासी छे.

प्रश्नः—८८ कंइक जैनधर्मि नामधारी तेरापंथी स्वेतांबरी कहे छे जे भगवतीजीमां पाने १६३ मे असंजमीने दान आपवाथी केवल पाप कह्युं छे. माटे दान देवुं नहीं ते व्याजबी छे के केम ?

. उत्तर:—जैनमार्गनी शैली स्याद्वाद छे. ते शैलीना ज्ञान विना जीव एकांत मार्ग ग्रहण करे तेना हाथमां सूत्रनो परमार्थ आवतो नथी. जेटलां सूत्रनां वचन छे ते अपेक्षित छे ते अपेक्षा गुरु पासे ज्ञान लेवाथी थाय छे ते गुरु विना पोताना स्वच्छंदपणे अर्थ करे तेना हाथमां परमार्थ केम आवे ? सूत्रना अर्थ निर्युगतीकारे भाष्यकारे टीकाकारे कह्या छे तें उपरथी तथा ते अर्थ गुरु महाराज पासे धारे त्यारे प्रभुना अभिप्रायनुं ज्ञान थाय, पण पुर्वधर पुरुष अर्थ करी गया छे तेथी विपरीत बीजो अर्थ करी अल्पबुद्धिवाला पंथ चलावे ने ते पंथने प्रमाण करे त्यारे तेनी अज्ञानता आगल उपाय नथी, प्रभुजीए वरसीदान दीधां छे ते दानना लेनार असंजमी छे तो जो दानमार्गनो निषेध होय तो प्रभु केम दान दे? प्रभु सम्यकद्दष्टी छे त्रण ज्ञानना जाण तेमणे गुण जाणीने कर्युं, ते सर्व गृहस्थने करवुं जोग्य छे ज्ञातासूत्र छापेलुं छे पाने ८५४ मे मल्लिनाथ महाराजे दान दीधुं ते अधिकार छे तेम कुंभराजा एमना पिताए पण चारे प्रकारना आहारनुं दान दीधुं छे ते पण पाने ८५५ मे छे. जो केवल हानीज होत तो मल्लिनाथ महाराज निषेध करत तेम निषेध कर्युं नथी. वली कृश्न वासुदेवे थावच्चाकुमार दीक्षा लेवा तैयार थया त्यारें पोते आखी द्वारिका नगरीमां उद्घोषणा करावी के जे कोइ दीक्षा लेशे तेना पाछलना कुटुंबनी प्रतिपालना हुं करीश. आवा आशयनो अधिकार ज्ञाता सूत्रमां पाने ५४६ मे छे. तेथी विचार करो जे पाछलना कंइ संजमी नथी तो असंजमीज छे तेनुं रक्षण करवामां लाभ जाणी आ काम करयुं तो तेम बीजाने पण हितकारी छे. वली तीर्थंकर महारज ज्यां पारणुं करे छे त्यां सोनइयानी वृष्टी थाय छे जेमके पुरण शेठने त्यां वीरस्वामीए पारणुं

Scanned by CamScanner

कर्युं ते सम्यक्‌दृष्टी पण नथी ने त्यां सोनइआनी वृष्टि थइ छे. ए लेनार असंजमी ज छे अने एम मुनीयोनो पण महिमा करवा सम्यक्‌द्रष्टी देवता एवी भक्ति करे छे तो जे जे कृत्य सम्यक्‌द्दष्टिए करेलां प्रभुए निषेध्यां नथी तो ते आचरवा जोग्य गृहस्थने छे. वली रायपसेणी सूत्रमां प्रदेशि राजानो अधिकार छे तिहां पण प्रदेशिराजाने केशि गणधर महाराजे धर्म पाम्या पछी कह्युं जे--हे प्रदेशि! तुं रमणिक थइने पछी अरमणिक न थतो. ते वखते प्रदेशि राजाए कह्युं छे जे हुं म्हारी ऋद्धिना चार भाग करीश तेमांथी एक भाग दानशालामां आपीश. आ अधिकार रायपसेणी सूत्रमां पाने २८० मे छापेली प्रतमां मूलपाठमां छे. आथी विचारो जे दाननो निषेध छे, ते मात्र कुपात्र ने सुपात्र बुद्धिए आपवुं ते छे पण अनुकंपाए दुःखी जाणीने आपवुं तथा शासन प्रभावनाए आपवुं तेमां कोइ ठेकाणे निषेध नथी. आगमनी प्ररुपणा गुरुमुखे धारीने करे तोज बराबर समजाय. वली आत्मानो दानगुण तो स्वभाविक छे. पण ज्यां सुधी दान अंतराय होय त्यां सुधी वस्तु बराबर समजाय नही.दान देवुं नहीं एवुंज मनमां आवे. वली ज्यां ज्यां तीर्थंकर महाराज वा, आचारज महाराज समोसरया छे ते वधामणी लावनारने प्रीतिदान बहु प्रकारे आप्यां छे. तेमांथी एक अधिकार लखुं छुं. चित्रसारथीए केशि महाराज समोसरया त्यारे खबर लावनार वनपालकने दान आप्युं छे. ते अधिकार रायपसेणीजीनी छापेली प्रतमां पाने २३२ मे छे त्यांथी जोइ लेवुं.

ए दानमां लाभ न होत तो सम्यक्‌दृष्टी केम दे? ते पण इहां प्रभुनी भक्तिभावनो उत्साह छे ते मोटो लाभ छे तेथी दान दीधां छे. ए दानमां धर्म नथी एम कहे तेणे विचारवुं जोइए जे भगवंतने वांदवा जवाना रथनुं नाम, धर्मरथ मूलपाठमां बहु ठेकाणे कह्युं छे. तेमांथी ज्ञाता सूत्र छापेलामां पाने १४९ मे छे. माटे हरेक वस्तु बधा शास्त्रनो विचार करीने ग्रहण करवी. दान विषे एवुं कहे छे के असंजमीने दान दइए तेथी ते पुष्ट थाय ने आरंभ करे तेनी हिंसा लागे वास्ते देवुं नहीं. तेने

समजवुं जोइए के तेरापंथी पोताना गुरुने दान आपे छे. ते चालीने जशे तेमां नीचे केटलाएक त्रसजीव तथा पेटमां आहारना जोगथी करमीआ सरमीया निपजशे ते निहार करशे त्यारे हणाइ जशे. तथा वडीनीत करशे ते विष्टामां जीव उपजशे ते हणाशे, ते ए सर्वे हिंसा लागशे, माटे तमारा गुरुने पण आहार आपवो जोइए नहीं. पण एम विचारो जे शुद्ध संजमी मुनी महाराज पोतानुं आत्मसाधन करे छे, तेनो विचार करवानो छे, बीजो विचार आपणे लेवानो नथी मात्र आहार पाणीना आधारथी सुखे धर्मसाधन थशे. तेम दुखी जीवने आपवाथी आहार संबंधीना संकल्प विकल्प रूप तेनुं दुःख टलशे. ने तेने संतोष वलशे तेज लाभ विचारी दान आपवुं छे. आपणे कंइ दुष्ट काम करवा आहार आपता नथी, तेथी आपणने ते दूषण लागतुं नथी. वली तेरापंथी लोकने धर्म उपदेश करे छे. ते उपदेश सांभली अज्ञानपणे तपस्या करे छे ते तपस्याथी देवलोकमां वा, मनुष्यमां पुद्गलीक सुख भोगवशे ते पाप पण धर्म उपदेश देनारने लागवुं जोइए. ते एम कहे जे एमने तो धर्म उपदेश देवो छे तेथी ते पाप लागतुं नथी, तेम दान देनारने तेनी भूखनुं दुःख भागवुं छे बीजो भाव नथी. जीव छोडावनारने जीव मरतो बचाववो छे ते अभय दान करवुं ते भाव छे; बीजो भाव नथी. वास्ते करुणाभावनो लाभ छे, ते पछी शुं करशे ते दोष अभयदान देनारने लागतो नथी हरेक वस्तुमां भाव बलवान छे. गुरुवंदन करीए छीए वांदवा जइए छीए तेमां रस्तामां जतां तथा उठ बेस करवामां हिंसा थाय छे. पण वंदनना लाभअर्थे करीए छीए तेम दान देवानो भाव पण बलवान छे. वली भगवंते सर्व दानमां अभयदान बलवंत कह्युं ए अधिकार सुयगडांग सूत्रमां पाने ३१८ मे मूलपाठमां छे तथा तेनो अर्थ टीकाकारे पाने ३२० मां विस्तारे कर्यो छे. तेमां कथा पण वसंतपुरना राजानी छे तेमां सार ए छे जे राजानी राणीए चोरने गरदन मारतां मूकाव्यो छे ने ते चोर बच्यो छे तेने अभयदान कह्युं छे. ए उपरथी विचार करो जे जीव बचे ने पछी हिंसा करे

तेनुं पाप जो आवतुं होय तो अभयदानने भगवंत वखाणत नहीं माटे जीवने कोइ मारतुं होय तो बचाववो. तेमज भूखे मरताने खवरावीने बचाववो ए अभयदानज छे. माटे विचार करवो जोइए. कारण जे स्याद्वाद मार्ग समजवो. सुयगडांगजीना बीजा श्रुतस्कंधमां पांचमा अध्यनमां (छापेली प्रतमां) पाने ८७२ मे आलावामां कह्युं छे जे कोइक खुदग एवुं कहे जे एकेंद्रीथी ते पंचेद्री सूधीना जीवना विनाशनुं सरखुं पाप वा, एकांत सरखुं पाप नहीं. एम कहे तो अनाचार ए बंधे बोल एकांते बोलवामां अनाचार कह्यो. हवे एना शब्दनो अर्थ कंइ बीजो नीकलवानो नथी पण प्रभुए गणधर महाराजने परमार्थ दर्शाव्यो ते पाठ परंपराए चाल्यो आव्यो ते आधारे पुर्व पुरुषोए अर्थ भरया होय तेथी अर्थ पामीए एनो खुलासो टीकाकारे करयो छे. त्यां जोशो तो जणाशे, वली पाने८७३ मे आलावो छे तेमां कह्युं छे के—

आधाकर्मी आहार करवाथी कर्मे करी लेपाय एम एकांत न कहेवुं तेमज आधाकर्मी आहार करवाथी न लेपाय एम पण कहेवुं न जोइए. ए वात एकांत बोलवाथी अनाचार. ए उपरथी विचार करवो जे भगवतीजीना पाठने आधारे दाननो निषेध छे पण पाठनो अर्थ टीकाकारे करयो छे त्यां चोखुं दर्शाव्युं छे ने बीजा स्थाननी गाथा मूकी छे जे अनुकंपा दान जिनेस्वरे निषेध्युं नथी एम अर्थ छे ते प्रमाणे पूर्व पुरुषना अभिप्रायथी तो दाननो निषेध कोइ ठेकाणे नथी. सुयगडांगजीना उपला पानानो अर्थ पण टीकाकारना खुलासाथी आवशे. तेम आपणे लेवो जोइए ने सुयगडांगजीना पाठनो अर्थ मुखेथी कहे ते खरो मानवानो आधार शुं ? ने जीवने मिथ्यात खस्युं नहीं होय ते कल्पित अर्थ माने पण थोडो थोडो क्षय उपशम थयो हशे, ते तो महापुरुषना अर्थ प्रमाण करशे. माटे आत्मार्थिने रीतसर कहेवुं ते न समजे तो कंठशोष करवो नहीं एज श्रेष्ठ छे, वली ए लोको आचारांगजीमां हिंसाना निषेधना पाठ बतावे छे, पण ते पाठ सर्वे मुनी महाराज सर्वथा हिंसाना त्यागीनो छे.

Scanned by CamScanner

आचारांगजीमां पण पाने २२४ मे छापेली प्रतमां जे आश्रवनां कारण ते संवर थाय छे. ने संवरनां कारण ते आश्रवनां थाय छे. एमां परिणाम विशेषनी मुख्यता दर्शावी छे. तेम हरकोइमां परिणाम विशेष विचारवा. वली ठाणांग सूत्रमां पाने ५६३ मे छापेलामां दशमा स्थानांगमां दश प्रकारनां दान दर्शाव्यां छे तेमां अनुकंपादान अभयदान कह्युं छे, ने अधर्मदान जुदुं कह्युं छे.

वली केवल अधर्ममां तमारा विचार प्रमाणे अनुकंपादान होत तो अधर्मदानमांज समास थात, जुदो दर्शाव शुं करवा करत ? पण ए अनुकंपादान तथा अभयदान अधर्ममां नही तेथी जुदो दर्शाव कर्यो छे, माटे जेम प्रभु पोतेज दान दे छे तेम श्रावकना अभंग दुवार कह्या छे. जे श्रावक शक्ति माफक दान दे, सम्यक्दृष्टीना सडशठ बोल कह्या, तेमां समकितनां पांच लक्षण कह्यां छे. तेमां चोथुं अनुकंपा लक्षण कह्युं छे. द्रव्यथी दुःखीने दान दइ सुखी करे, भावथी धर्म पमाडी धर्मे करी सुखी करे. आ लक्षण छतां केम दान आपे नहीं ? अवश्य सम्यक्द्रष्टी दान देज. सुपात्रने कुपात्रबुद्धिए आपवुं ते महा दोष. तेमज कुपात्रने सुपात्रबुद्धिए आपवुं ते महा दोष छे, जे कारणे आपवुं ते ते भावे विचारी आपवामां दोष नथी. उपासकदशांगमां सगदाल पुत्रे गोशालाने आप्युं छे तीहां कह्युं जे तारा तप संजमथी नथी आपतो. महावीरस्वामीना गुणग्राम करे छे तेथी आपुं छुं. हवे ए गोशाळो छे तो मिथ्याद्रष्टी तो पण प्रभुना गुणग्रामनो पक्ष धारीने आप्युं तो लाभज छे, वली वंदीता सूत्रनी गाथा २३ मीमां छेलुं पद छे जे असइपोसं च वज्जि पापिष्टने पोष्याना अतिचार छे पण एनो अर्थ कर्यो छे जे वेपार अर्थे एवा जीवने पोषिने वेचवाने पइसा पेदा करवा ते बाबत अतिचार छे. अनुकंपाए पोषवानो अतिचार नथी. हेमाचार्य महाराजे पण ए प्रमाणे अर्थ कर्यो छे. आ सर्वे वातनो सार एटलो छे जे घणा शास्त्रमां आ वात छे. माटे आवा माणसनी वात थोडी शक्तिवालाए सांभलवी नहि. महा पुरुषो

Scanned by CamScanner

आचारजो थइ गया. ते पुरुषनां वचन उपर लक्ष देवो जेथी आत्मानुं हित थशे. ने शक्ति प्रमाणे दान आपवुं एज मार्ग छे.

प्रश्नः—८९ आवा जैनमां बहु मत छे, ते लोकने शुं आत्मानी बीक नहीं होय ?

उत्तरः—केटलाएक जीव बीकवाला होय पण पूर्वकर्मनी प्रेरणाथी अवलो अर्थज खरो लागे एटले बापडा शुं करे ? वली केटलाकनी बुद्धि मंद होय तेथी जे मतमां पड्या तेज प्रमाणे वार्त्ता करे. ए सर्व कर्मनी गति छे आपणे जैनधर्म नाम धरावी जैन मार्गमां शुं छे ? तेनुं पूरतुं ज्ञान मेलवता नथी, वली संसार असार जाणीए छीए तेम छतां छोडता नथी. ते आपणा कर्मनी गति छे तेम ज सर्व जीव कर्मने आधीन छे माटे जीव उपर द्वेष न धरतां केवल आपणा आत्मानी परिणती सुधरे तेवो उद्यम करवो. जेम बने तेम संसारनी उपाधी ओछी करवी, पोतानी आजीविका थोडा विकल्पे चालती होय ते छतां वधारे धन मेलवी खरचवानी लालचे उपाधी करवी ते योग्य नथी. उपाधी जेम बने तेम छोडी रात्री दिवस ज्ञान अभ्यास करवो ने ते ज्ञानथी आत्मानुं स्वरूप जोवुं बे घडी एकांत बेसी आत्मानो विचार करवो ए श्रेयकारी छे, आत्मानी परिणती बगडे एवा वाद विवादमां काल गुमाववो नहीं. एज शीखामण छे.

प्रश्नः—९० आत्मप्रदेश हाली रह्यानो अधिकार आचारांगजीनी छापेली टीकामां पाने १०३ मे छे तेनुं शुं हेतु ?

उत्तरः—आचारांगजीमां उष्ण उदकवत् उदवर्तना करी रह्या छे ए वात सत्य प्रत्यक्ष समजाय छे के शरीरना सर्वे भागोमां नसो हाली रही छे ते पाछी जीव रहित शरीर थाय छे त्यारे कंइ पण हालतुं नथी तेथी समजाय छे के आत्मप्रदेशना चलायमानपणाथीज हाले छे. ए प्रमाणे लोकप्रकाशमां पण अधिकार छे,

प्रश्नः—९१ मुनी कंखामोहनी कर्म बाधे ए अधिकार क्यां छे ?

Scanned by CamScanner

उत्तरः—श्रीभगवतजीनी छापेली टीकामां तथा बालाबोधमां पाने ७० मे छे. तेर प्रकारनां अंतर कह्यां छे. ते कारणे मुनी शंका करे तो कंखा-मोहिनी बांधे, वास्ते जिन वचनमां शंका करवी नहीं. कंखा शब्दे मिथ्यातमोहिनी कही छे. माटे जेम बने तेम परमात्माना वचन उपर दृढ रहेवुं.

प्रश्नः—९२ भुवनपति प्रमुख नीचेना देवता देवलोकमां जाय के नहीं?

उत्तरः—भगवतीजीनी छापेली प्रतमां पाने २५६ मे चमरेंद्र गयानो अधिकार छे, पण तेमां एटलुं विशेष छे के अरिहंतनुं, अरिहंतना चैत्यनुं एटले प्रतिमाजी, वा, साधुनुं शरणुं करी जाय तो जवाय ते शिवाय जवाय नहि.

प्रश्नः—९३ तामली तपासे साठ हजार वरस सुधी तपश्या करी फोगट गइ कहे छे ते केम ?

उत्तरः—भगवतीजीमां पाने २३२ मे तामली तापसनो अधिकार छे त्यां अल्प फल कह्युं छे. पण कंइ पाम्या नहि एम तो नथी. वली इशा-न इंद्र थया ने अल्प फल ते मुक्तिनी अपेक्षाए कह्युं छे, कारण जे एवी तपश्या समकित सहित करी हती तो घणी निर्जरा थात; पण ते न थइ ते अपेक्षाए अल्प छे. ऋद्धि तो घणी पाम्या छे. वली थानक पण एवुं पाम्या के समकित पाम्या.

प्रश्नः—९४ तुंगीआ नगरीना श्रावकनो अधिकार क्यां छे ?

उत्तरः—भगवतीजीनी प्रतमां पाने १९१ मे अधिकार श्रवण प्रमुखना फलनो अधिकार छे त्यां तुंगीयानगरीना श्रावकनुं स्वरूप छे.

प्रश्नः—९५ अभवी क्यां सुधी भणे ?

उत्तरः—नंदीसूत्रनी छापेली प्रतमां पाने ३९९ मे साडानव पूर्व सुधी भणे एम कह्युं छे; पण श्रद्धा नहीं तेथी आत्मानुं काम थाय नहीं.

प्रश्नः—९६ श्रावकनां व्रत लीधा शिवाय बीजा परचूरण नियम कर-वानी मरजादा छे के नहि?

Scanned by CamScanner

उत्तरः—भगवतीजीमां पाने ४६१ मे अधिकार छे. त्यां कह्युं छे जे मूल गुण पच्चख्खाणी करतां उत्तर गुण पच्चख्खाणी असंख्याता छे; पण तीर्यंच पण श्रावकनां व्रत ले छे, तेथी असंख्यात गुण कह्या छे. टीकाकारे विशेषपणें कह्युं छे जे मध, माखण, मांस, मदिराना नियम करे ते पण उत्तर गुण पच्चख्खाणी कहीए, एवी रीते त्यां अधिकार छे.

प्रश्नः—९७ छठ्ठा आरामां जे जीवो थशे तेनुं केटलुं आउखुं तथा ते समकिती के मिथ्याती ?

उत्तरः—छठ्ठा आराना जीवनुं आउखुं १६ थी २० वरस सुधीनुं कह्युं छे. प्राये समकित रहित त्यां वसशे ए विगेरे सर्वे अधिकार भगवतीजी छापेली प्रतमां पाने ४७९ मे छे त्यांथी जोइ लेवुं.

प्रश्नः_९८ पांच इंद्रीमां कामी इंद्री कइ ने भोगी कइ ?

उत्तरः—श्रोत इंद्री, चक्षु इंद्री कामी, तथा फरस इंद्री, रसइंद्री, घ्राणेंद्री ए भोगी, कारण जे ए इंद्रीए भोगववाथी सुख छे. एनो विस्तारे अधिकार भगवतीजीमां पाने ४८७ मे छे.

प्रश्नः—९९ श्रावक संथारो करे त्यारे सर्वथा पांचे व्रत आदरे ?

उत्तरः—वरुननाग नटुआए सर्वथा प्राणातीपात प्रमुखनो त्याग कर्यो छे. ए अधिकार भगवतीजीमां पाने ५६० मे छे वास्ते करी शके एम समजाय छे.

प्रश्नः—१०० श्रावक रात पोसो करे तो दीवो राखे के नहि ?

उत्तरः—श्रावक पौषधमां दीवो राखे नहि, कारण जे श्रावक पडीक्कमणुं करे छे त्यारे बे घडीनुं समायक छे. तेमां काउसग करे छे, त्यारे पण आगार राखे छे जे दीवो विजलीनी उजेइ आवे तो वस्त्र ओढवुं तो काउसग भागे नहि, ए सारु आगार राखे छे. हवे विचारो जे ओचिंतो कोइ लावे तो वस्त्र ओढवुं; तो रखाय तो केम? इहां शंका थशे जे उजेइ ते अजवालुं तेमां शा वास्ते वस्त्र ओढवुं ? तेनुं समजवुं जे उजेइछे ते अग्निकायना जीव छे. तेने आपणो फरस थवाथी ते जीव विनाश पा

Scanned by CamScanner

मे छे. ए अधिकार समयसुंदरना प्रश्नमां छे. वली महानिसिथ सूत्रमां चोथा अध्ययनमां पाने ५ मे सुमतिनागलिनो अधिकार चाल्यो छे. तेमां पण एक मुनीराजे विजलीनो चमकारो थयो त्यारे वस्त्र ओढयुं नहि. तेथी त्यां कह्युं छे जे अग्निकायना जीवनी विराधना थइ एथी पण अग्निकाय सिद्ध थाय छे, वली भगवतीजीनी छापेली प्रतमां ५१८ मे पाने अग्नि सलगावनार महा आरंभी के होलवनार महा आरंभी ? त्यां अग्नि सलगावनार महा आरंभी कह्या छे. विगेरे अधिकार चाल्यो छे. त्यार पछी प्रश्न थयुं छे जे, जेम सचेतन अग्निकाय प्रकाश करे छे. तेम अचित्त पुद्गलनी एवी प्रभा होय के नहीं? त्यारे भगवंते कह्युं छे जे ज्यारे मुनी तेजुलेश्या मूके छे त्यारे ते अचित्त पुद्गलनो प्रकाश थाय छे एथी पण समजाय छे के अग्निनी प्रभा सचित्त कही. वली मुनि पाखी अतिचारमां तथा श्रावक पाखी अतिचारमां पण उजेइ आलोवे छे. वली श्राद्धजितकल्पमां उजेइनुं प्रायश्चित कह्युं छे. बृहतकल्पमां पण ज्यां दीवानो उद्योत होय त्यां कारणे एक बे दिवस रहे ने वधारे रहे तो प्रायश्चित कह्युं. वली टीकामां विस्तारे अधिकार छे के अणसण कर्युं होय तो दीवो राखे. आवा कारणे राखवानी तो मरजादा छे. पण ते शिवाय तो निषेध छे; तो पछी पौषधमां श्रावक भणवा सारु राखे ए तो संभवतुं नथी. कारण जे 'समणोइव सावओ' एवो पाठ छे माटे जेम साधु रात्रे दीवो राखता नथी, तेम श्रावक पण राखे नहीं. एम अमारुं समजवुं छे. उजेइ सारु वस्त्र ओढवानो अधिकार वृंदारुवृत्तिमां पाने २८ मे छे. वली सेनप्रश्नमां प्रश्न १८ मे पाने ६४ मे दीवानी उजेइनुं प्रश्न छे तेमां पण काउसगनियूक्तिनी साख आपी छे. ए सर्वे अधिकार जोतां दीवो राखवो जोग्य लागतो नथी.

प्रश्नः—१०१ श्रावक देरासरनुं द्रव्य व्याजे राखे तो केम ? तथा पूजाना काममां वापरे तो केम ?

उत्तरः—हालना वखतमां श्रावकोने देराना कारभारी जबराइथी व्याजे

Scanned by CamScanner

आपे छे. पण श्राद्धविधिमां पाने १०१ मे श्रावकने घरेणुं राखी पण धीरवानी मनाइ करी छे. कारण जे श्रावक ओछे व्याजे ले ने वधारे व्याज उपजावे ते फायदो देवद्रव्यमांथी काढ्यो. हवे श्राद्धविधिमां सागरशेठनी कथा छे. ते कथामां फक्त देरासरना माणसने पइसा बदले अनाज आप्युं हतुं. तेमां मात्र रु. १) नी ८० कांगणी थाय तेमांथी मात्र १०००) कांगणीनो लाभ थयो हतो तेथी केटलो संसार रोलाया. ते कथा जो वांचशो तो हृदय भेदाइ जाय एटलां कष्ट भोगववां पड्यां छे. माटे श्रावकने संकटमां पाडनार आपनार ज छे. वली जे वखत श्रावक पैसा ले छे, ते वखत तो सारी हालतज होय, पण माणसनी सदा काल स्थिति सरखी रहेती नथी. त्यारे ज्यारे नबली स्थिति आवे ते वखत जो शेठीआनुं लेहेणुं तेना उपर होय तो पहेलुं लहेणुं पोतानुं वसूल करे तो शेठीया पण दूषणमां आवे, कदापी पोतानुं लहेणुं न होय पण पोते एकधर्मी छे, तेथी शरम राखी ताकीद थाय नहीं; तेथी ते धणी बीजा देवावालाने आपे ने देरावालाने आपे नहीं, तो देरानुं द्रव्य जाय ने लेनारने तो घणाज भव भमवुं पडे. देवद्रव्य भक्षणनां फल घणा शास्त्रमां लख्यां छे उपदेशपदमां हरिभद्रसूरी महाराजे देवद्रव्य कोइ खातो होय तेनी संभाल न राखे तो ते श्रावकने केटलां कडवां फल बताव्यां छे. ने खानारने तो भवनो पार नथी. वली श्रावकने धीरवानो धारो होय तो शेठीआ पोते पण उपाडी ले अने हालमां तो ठेर ठेर एवा बनाव बन्या छे ने ए रीबाजथी घणाज देवद्रव्यनो विनाश थयो छे ए सर्वे भाइओना जाणवामां छे. वली षष्टीशतकनी टीकामां एटला सुधी कह्युं छे जे देवद्रव्य वधारवा सारु घणुं मूल आपीने देरानी वरतु ले छे ने पोते वापरे छे तो नरकगामी जीव कह्या छे. माटे देवद्रव्यथी तो जेम बने तेम अलगा रहेवुं.

वली जिनपूजा करवामां पण सर्वे उपगरण शक्तिवालाने तो पोताना घरनांज राखवां. ओराशिया प्रमुख पदार्थ छे ते पण श्रावको पोताना पै-

Scanned by CamScanner

साथी ज बनावे. जे वधारे धनवान छे ते एवी वस्तु बनावी राखे, सामान्य धनवालाथी एवी चीजो नहीं बने; पण केसर चंदन फूल वीगेरे तो पोतानुंज वापरे, पण देरासरनुं वापरवाथी लाभ थाय नहीं. आत्मप्रबोधमां कथा छे. तेने पाछला भवमां देवद्रव्यथी नुकशान थयुं छे तेथी आ भवमां एवो नियम कर्यो छे जे देरासरना जले हाथ पण धोउं नहीं. वली श्राद्धविधिमां कथा छे. तेमां ज एक लक्ष्मीबाइए देवद्रव्य वधारवाने सारु घणा ओच्छव कराव्या छे, तेमां देरानां उपगरण वापर्यां छे तेनो नकरो पण आप्यो छे; पण नकरो ओछो पडवाथी भोग अंतराय बांध्यो जेथी बीजा भवमां जनमी त्यारथी पीयरमां शोग पडवा लाग्यो ने पाणीग्रहण कर्या पछी सासरे शोग पडवा लाग्यो. पछी मुनि मल्या त्यारे पूछ्युं जे माहाराज ! म्हारे जन्मथी शोग पडे छे तेनुं शुं कारण ? पछी गुरुए कह्युं जे देरानां उपगरण वापर्यां तेनो नकरो ओछो आप्यो तेनां फल थयां. आ उपरथी विचार करो जे नकरो आप्यो; पण ओछो पडवाथी नुकशान थयुं तो मफत देरानी चीज वापरीए तो वधारे नुकशान ज थाय, देरानी चीज पोताना घरना काम सारु वापरीए तेनुं तो कहेवुं ज शुं ? माटे देरासनी तथा साधारणनी तथा ज्ञानद्व्यनी चीजोथी घणाज अलगा रहेवुं ने कोइ पण अंशे आपणा घरना काममां म आवे एम करवुं. ए द्रव्यनी न्यायथी वृद्धि करवामां तत्पर रहेवुं.ने पूजा सेवामां तो पोताना द्रव्य विना चित्त प्रफुलित ज नहीं थाय, वास्ते शुद्ध सुंदर द्रव्यो पोताना ज वापरवा.

साकेतपुर नगरे सागरशेठ नामे परम श्रावक वसतो हतो. तेने धर्मी जाणी बीजा श्रावकोए देरासरनुं द्रव्य सोप्युं ने कहयुं जे आ द्रव्यमांथी देरासरना काम करनार सूत्रधार, सलाट, मजूरने तेनी महेनतना पइसा तमे आपजो. आ द्रव्य सागरशेठना हाथमां आपवाथी सागरशेठ लोभमां पड्यो तेथी सुथार प्रमुखने रोकडुं द्रव्य आपे नहीं. तेने बदले अनाज गोल वस्त्र प्रमुख आपे तेमांथी रु १) नी कांगणी ८०) थाय छे.

एवी रीते एक हजार कांगणी पेदा करी ने ते पेदाश पोताना घरमां राखी. तेथी महा पाप उपार्जन कर्युं ते आलोव्या विना मरण पाम्यो. तेथी ते समुद्रमां जलमाणस थयो. ते जलमाणसने इंदगोली थाय छे. ते इंदगोली जे माणस पासे राखी समुद्रमां रत्न काढवा जाय तो डूबे नहि तेथी समुद्रना उपकंठवासी वाणीयाए सागरशेठना जीव जलमाणसने पकडीने घंटी नीचे घाल्यो ने छमास सुधी घंटी नीचे पीलाइ मरण पामीने त्यांथी त्रीजी नरके गयो. तिहां नरकनां दुःख भोगवी आयुष पुरुं करी मरण पामीने पांचसें धनुषना शरीरनो मच्छ थयो. त्यां मलेच्छोए पकडी अंगोपांग काप्यां तेथी मरण पामी चोथी नरके गयो. त्यांथी नीकली एक एक भवने आंतरे पांचमी छट्ठी सातमी नरके बबे वार जइ आव्यो. एम नरकना परमाधामीनी वेदना खेत्रवेदना सहन करी पाछा तीर्यंचना भव करी एक हजार भव कूतराना करया. तथा बीजा पण एक एक हजार नीचे मुजबना करया.

सूवरना, बोकडाना, गाडरना, ससलाना, हरणना, साबरना, सीयालना, बीलाडीना, उंदरना, कोलना, गीरोलीना, पाटलागोहना, सापना वींछीना, वीष्टाना कीडाना, शंखपणे, छीपपणे, जलोपणे, कीडीपणे, कीडामां, पतंगीयामां, मच्छरमां, काचबामां, गद्धामां, भेंशमां, बलदमां, उंटमां, खच्चरमां, घोडामां, हाथीमां.

ए सर्वे जातीमां हजार हजार भव कर्या. तथा पृथ्विकायमां, अपकायमां, तेउकायमां, वायुकायमां; वनस्पतीकायमां, ए सर्वे जातीमां लाखो भव भमीने ए सर्वे भवमां प्राए हथीयार प्रमुख शस्त्रना घाए करीने मोटी पीडा भोगवी मरण पामी, देवद्रव्य भक्षणनुं पाप घणुं क्षय थवाथी वसंतपुर नगरे कोटी द्रव्यनो स्वामी वसुदत्त शेठनी वसुमती राणीनी कुखे पुत्रपणे उपन्यो. ए सागरशेठनो जीव गरभमां आव्यो त्यारथीज वसुदेवशेठनुं द्रव्य नाश पामवा लाग्युं. जे दिवशे जन्म थयो ते दिवशे पिता मरण पाम्यो. पांचमे वरशे माता मरण पामी. लोके नि-

Scanned by CamScanner

पुन्निओ नाम दीधुं. दलद्री रांकनीपरे वध्यो. ते एकदा मामाए दीठो ते पोताने घेर तेडी गयो. तेज राते मामानुं घर चोरोए लूटयुं. त्यांथी बीजे ठेकाणे गयो, ते ज्यां जाय तेने त्यां चोर लुंटे अथवा अग्नी लागे, ने आपदा पामे. हरकोइ विपत्ति तेने आवी पडे. आवी स्थिति जोइ कोइ उभो राखे नहीं ने लोक निंदे के आ तो बलती उपाधी छे, एवी अनेक प्रकारे लोक निंदा करे. ते सांभली मन उद्वेगता पाम्युं. तेथी परदेश गयो. ते तामलीप्त नगरमां रह्यो. त्यां विनयधरशेठ वसतो हतो, तेने त्यां सेवकपणे रह्यो तेज दिवशे विनयधर शेठने त्यां आग लागी. तेथी घरमांथी हडकाया कूतरानी पेठे काढ्यो. तेवारे पश्चाताप करवा लाग्यो. पूर्वेनुं करेलुं कर्म निंदतो हवो. जे जे कर्म स्ववशपणे करे छे. ते कर्म उदे आवे त्यारे परवशपणे भोगववां पडे छे एवी निंदा करतां त्यांथी बीजे ठेकाणे जाय छे. एम करतो समुद्रने कांठे गयो ते दिवशे धनवान नामे शेठ वहाणे चडे छे. तेनो सेवक थइने वहाणे चड्यो, ते वहाण कुशले करी परद्वीपे पहोच्युं त्यारे निपुन्निओ विचारवा लाग्यो के आ अचरीज जेवुं लागे छे. जे हुं चड्यो छतां वहाण भाग्युं नहि, एवो विचार करे छे एटलामां दुष्ट देवे दंडे करीने वाहाणने भाग्युं. निपुणीओ समुद्रमां डूब्यो त्यां पाटीयुं जडयुं तेने आधारे समुद्रने कांठे आव्यो त्यां गाम छे ते गामना ठाकोर पासे चाकरपणे रह्यो. त्यां धाड पडी, ते धाडीए ठाकोरनो छोकरो जाणी मारी पीटी धाडमा पकडी लइ गया. ने पोतानी पल्लीमां राख्यो. त्यां बीजा पल्लीपतीए आवी पल्लीनो विनाश पमाड्यो तेथी पल्लीपतीए काढी मूक्यो. ते बिलीना वृक्ष नीचे जइने बेठो तो उपरथी बिलुं पडयुं तेथी माथुं फूटयुं त्यांथी बीजे ठेकाणे गयो एम एक हजार ठेकाणे भम्यो. ज्यां ज्यां जाय त्यां चोरनो, पाणीनो, अग्निनो परसैन्यनो, मरणनो एवा उपद्रव थाय. तेथी ज्यां जाय त्यांथी काढी मूके एम दुःख भोगवतो अटवीने विषे गयो. त्यां सेलक नामे जक्ष छे. ते महा प्रभविक छे ते जक्षने माटे एक चित्ते करी आराधन करतो हवो.

Scanned by CamScanner

पोतानुं सर्व दुःख कहीनें एकवीश उपवास कर्या तेथी जक्ष प्रसन्न थइ केहवा लाग्या के हे भोला ! सांजे सांजे म्हारी आगल सोनाना चांदला सहस्रे शोभतो मोटो मोर नाटक करशे ते मोरनां पिछां निरंतर पडशे ते तुं लेजे. ते सांभली निपुन्नीश्रो हरख पाम्यो. ने नित्य सुवर्णनां पिछां खरे ते लेतो. एम हमेश लेतां नव सो पिछां एकठां थयां.

एक सो लेवानां बाकी रह्यां त्यारे निपुन्नीयाने दुष्ट कर्मे पेर्यो तेथी विचारे छे के आ उजड भूमीमां क्यां सुधी बेशी रहीश ? एम विचारी ने मोरनां पिछां मुंठीवडे लेवा गयो. एटले ते भुंइ उपरथी उडी गयो, ने पिछां भेगां करेलां जतां रह्यां. देवनी आज्ञा ओलंगी कार्य करे ते केम सफल थाय ? निपुन्नीओ पोताना आत्माने धिःकारतो 'में क्यां मूर्खता थी उतावल कीधी ? जेथी पामेली वस्तु गइ.' एम दुःखी थतां अटवीमां भमतां एक मुनी महाराजने दीठा, ते मुनी महाराजने नमस्कार करी पोताना पाछला कर्मनुं स्वरूप पूछतो हवो. मुनी महाराजे कह्युं के, देवद्रव्य भक्षण एक हजार कांकणीनुं कीधुं. तेथी आ भवमां तथा पाछला भवोमां जे जे दुःख भोगव्यां हतां ते स्वरूप कीधुं. पछी मुनीराजे देवद्रव्य भक्षणना पापथी मुक्त थवानो उपाय कहे छे. हजार कांकणी खाधी छे तेथी अधिक द्रव्य आपवुं तथा देवद्रव्यनुं रक्षण करवुं तथा देवद्रव्यनी वृद्धि करवी. तेथी दुष्ट कर्म दूर थशे. सर्व जीवोने भोग लक्ष्मी सुखनो लाभ थाय. एवी रीते गुरु मुखे सांभलवाथी एवो नियम कर्यो के एथी हजारगणुं द्रव्य देवद्रव्यमां आपवुं. म्हारे पहेरवानां वस्त्र तथा आहारादिकमां वापरतां जे द्रव्य वधे ते देवद्रव्यमां आपवुं. थोडो पण द्रव्यनो संग्रह करुं नहीं. एम मुनी पासे नियम लीधो. तथा विशुद्ध श्रावकनो धर्म आदर्यो. त्यार बाद जे जे वेपार कर्यो ते तेमां द्रव्य पेदा कर्युं. तेथी पाछले भवे हजार कांकणी खाधी हती तेने बदले दश लाख कांकणी देवद्रव्यमां आपी, तेवारे देवद्रव्यना अऋणवालो थयो. तेथी अनुक्रमे घणुं धन उपार्जन कर्युं. पछे पोतानुं व्याज उपजावे एम करी

Scanned by CamScanner

ने घणीज देवदव्यनी वृद्धि करी. ते वृद्धि करवाना पुन्ये करी तीर्थंकर नाम कर्म उपार्जन कर्युं. अवसरे दिक्षा आदरी गीतारथ थया. धर्मदेशनादिके करी देवभक्तिना अतिशये करी जिनभक्तिनुं पहेलुं स्थानक आराधी तिर्थंकर नामकर्म निकाचित करी काल करी सर्वार्थसिद्धे पहोत्या. त्यांथी चवी महाविदेह क्षेत्रमां तीर्थंकरपदवी भोगवीने सिद्धिने वरशे. आ मुजबनी कथा श्राद्धविधि पाने १०१ थी ते पाने १०३सुधी छे.

साधारण द्रव्य तथा ज्ञान द्रव्य ऊपर कथा.

भोगपुर नामे नगरने विषे धनवान नाम शेठ वशे छे. ते चोवीश कोडी सोनइआनो धणी छे, तेने धनवती नाम स्त्री छे. ते स्त्रीने जोडले बे पुत्र थया. एक पुत्रनुं नाम कर्मसार ने एक पुत्रनुं नाम पुन्यसार छे. एकदा पिताए निमित्तिआने पुछ्युं जे ए पुत्रो केवा थशे? निमित्तिओ कहे छे के, कर्मसार जड प्रकृतिनो घणो निर्बुद्धि थशे अने विपरित बुद्धिए करी घरनुं सर्व धन गुमावशे. नवुं धन उपार्जन करशे नहि. घणो काल घणा दरिद्रपणे चाकरीए करी दुःखवंत थशे. पुण्यसार पण पाछलुं सारुं धन तथा नवुं उपार्ज्युं धन वारंवार हानी करशे, तेम तेम दुःखी थशे. पण वेपारादिकनी कलाए डाह्यो थशे. बने जणने वृद्धपणे धननुं सुख-पुत्रादिकनुं सुख थशे. एवी रीते निमित्तिआए कह्युं. पछी पिताए बन्ने पुत्रोने चतुर उपाध्यायनी पासे भणवा मूक्या. पुण्णसार तो सुखे करी सर्व विद्या भण्यो. कर्मसार घणा उपाय करे तो पण अक्षर मात्र नहि आवडे. शब्द लखवादिक करवाने पण समर्थ नहि. सर्वथा पशु जेवो रह्यो. तथा उपाध्याए भणाववो मूर्क्यो. बन्ने भाइओनी जवान अवस्था जाणी पिताए धनवंतनी कन्याओ परणावी. पछी पिताए बन्ने भाइओने बार बार क्रोड सोनइया आपी जूदा राख्या. पछे मात पिता दिक्षा लइ देवलोके गयां.

हवे कर्मसार सज्जनादिक वारता थकां पण पोतानी बुद्धिथी वेपार करे. त्यां त्यां धननी हानी होय. एम थोडा दिवशमां पिताना दीधेला

बार कोडी सोनइआ गुमाव्या. अने पुण्यसारना बार कोडी सोनआ खातर देइ चोर लइ गया, बन्ने जण दलद्री रह्या. स्वजनादिके पण छांड्या, स्त्रीओ पण भूखे पिडाइने पोते पोताने घेर गइओ. धन विना गुणी पण निर्गुणी होय, स्वजन चाकरादिकनी पेरे निर्धनने जाणे नहि. धनवंतमां थोडी पण चतुराइ होय तेने चतुर कहे, तेवारे निर्बुद्धि निर्भागी एम लोके अपमान दीधुं. ते अपमानथी लाजता बन्ने भाइ देशांतरे जइ जुदा जुदा रह्या. करमसार कोइ धनवंतने घेर अवर उपायना अभावथी चाकरपणे रह्यो. ते शेठ जूठाबोलो अदत्तनो लेनारो छे. तेनी पासे चाकरी मागे पण आपे नहि. एम विटंबणा भोगवी पुण्यसारे केटलुंक द्रव्य उपार्जन कर्युं. तेने प्रयत्ने गोपव्युं पण धूर्त्ते छेतरी लीधो. एम अनेक ठेकाणे चाकरीनी वृत्तिथी धातुर्वादिथी खाण खोदी सिद्ध रसायण कर्यो. रोहणाचल रत्न लेवाना ने मंत्र साधना करी रुद्रवती प्रमुख जडी लेवादिक महा प्राक्रम ११—१२ वार कर्युं; पण धन प्राप्त थयुं ते रह्युं नहि. कर्मसारने पण विपरित थवे करीने धन उपार्जना थइ नहि. पुण्यसारे पण उपार्जी अगीआर वार गुमाव्युं. पछी बन्ने भाइओ उदास थइ झाझे चडी रत्नद्वीपे गया. बन्ने जण सांप्रत्य रत्नद्वीपनी देवी जाणीने मरण आदरी देवी आगल बेठा. आठमे उपवासे देवी प्रगट थइने कर्मसारने कहे छे तारा भाग्यमां धन नथी. त्यारे कर्मसार उठ्यो. पुण्यसार एकवीश दिवस उपवास करी बेठो तथा देवीए प्रसन्न थइने चिंतामणी आप्युं. ते जोइने कर्मसार पश्चाताप करवा लाग्यो. तेवारे पुण्यसारे कह्युं के विखवाद मा कर. आ चिंतामणीरत्नथी तारुं पण कार्य थशे. हवे बन्ने जण प्रितीथी पाछा झाझे चड्या. हवे रात्रीए पुर्णिमानो चंद्रमा उग्यो तेवारे कर्मसार कहे हे भाइ ! तारी पासे चिंतामणीरत्न छे. तेनुं तेज छे के चंद्रमानुं तेज वधारे छे ते आपणे जोइए. पछे पुण्यसारने पण पूर्व कर्मनी प्रेरणा थकी रत्न लइने झाझने छेडे बेठा हाथमां रत्न स्थापी द्रष्टीए जुए छे एटले हाथमांथी रत्न समुद्रमां पडयुं. मनोरथ नि-

Scanned by CamScanner

ष्फल थया, बन्ने जणा दुःखी थता पोताने नगरे आव्या. पछी ज्ञानी गुरु मल्या तेमने वंदन नमस्कार करी पोताना पूर्वला भव पूछे छे. ते ज्ञानी महाराज कहे छे, चंद्रपुर नगरने विषे जिनदत्त अने जिनदास नामे शेठ परम अरिहंतना भक्त छे. एकदा सर्वे श्रावक मली घणुं ज्ञान द्रव्य तथा घणुं साधारणद्रव्य बन्ने जणने एकेक द्रव्य रखवाल करवाने आप्युं. बन्ने जण भली रीते रक्षा करे छे. हवे जिनदासे पोताने सारु पोथी पुस्तक लखाव्युं ने पोतानी पासे बीजा द्रव्यनो अभाव छे तेथी विचार्युं जे मारी पोथी लखावी छे ते पण ज्ञाननुं ठेकाणुं छे. एम चिंतवी ज्ञानद्रव्यमांथी बार दाम लेखने आप्या. हवे जिनदासे साधारण द्रव्यमांथी पोताने घेर घणा प्रयोजनना कार्यने वास्ते अवर द्रव्यना अभावथी पोताना काममां वापर्या. तेवारे बन्ने जण मरीने पहेली नरके गया. नरकमांथी नीकली सर्प थया, त्यांथी मरी बीजी नरके गया. त्यां नीकली ग्रधपंखी थया. त्यांथी मरी त्रीजी नरके गया. एम एक बे भवने आंतरे साते नरके गया. एकेंद्री, बेरेंद्री, तेरेंद्री, चौरेंद्री, पंचेंद्री, तिर्यंचना बार बार हजार भव करी वारंवार दुःख भोगवी घणां कर्म क्षीण थये ते दुष्ट कर्मथी ऊपरना बन्ने जणने बार हजार भव, बार दामना भोगववाथी दुःख भोगव्यां, वली आ भवमां बारक्रोड सोनैआ गुमाव्या. वारेवारे घणा उपायथी धन उपार्ज्युं ते पण नाश पाम्युं. पराया घरनी चाकरी करी दुःख भोगव्यां. कर्मसारना जीवे ज्ञानद्रव्यनुं भक्षण कर्युं तेथी घणो निर्बुद्धि थयो. बुद्धिभ्रष्ट थयो. एम घणां दुःख पाम्यो. पुण्यसारे साधारण द्रव्यना भक्षणथी वारंवार धन गुमाव्युं. आ रीतनुं मुनी महाराज पासे पाछला भवनुं चरित्र सांभली बन्ने भाइओए श्रावक धर्म अंगीकार कर्यो. ने प्रायश्चितना बदलामां बार हजार दाम ज्ञानद्रव्यमां तथा साधारणद्रव्यमां आपवा एम नियम लीधो. तेवार पछी बन्ने जणाए पूर्व कर्म क्षय थवाथी घणुं धन उपार्जन कर्युं. ज्ञान द्रव्य तथा साधारण द्रव्य हजार गुणा आप्या ने बार बार करोड सोनैआना धणी थया ने भला श्रावक

थया. भली ज्ञानद्रव्यनी तथा साधारण द्रव्यनी रक्षा कीधी. तथा इच्छाए करी ज्ञानद्रव्य तथा साधारण द्रव्यनी वृद्धि करी श्रावकनो धर्म रूडी रीते आराधी दीक्षा लेइ मुक्तिए पहोच्या. आ कथा सांभली ज्ञानद्रव्य दवद्रव्यनी पेरे श्रावकने नहीं कल्पे. साधारण द्रव्य पण संघनुं दीधुं कल्पे, पोताने हाथे लेवुं नहि. संघने पण सातक्षेत्रना कार्यमां वारपवुं कल्पे, पण मागण लोकोने देवुं कल्पे नहि, ज्ञान संबंधी द्रव्य तथा कागल प्रमुख साधुने आपेला श्रावके पोताना कार्यमां वापरवा नहि. पोतानुं पुस्तक पण लखवुं नहि. गुरुनी आज्ञा विना गुरुना लहीया पासे लखाववुं कल्पे नहि. थोडा जीववा भणी प्रमाणथी अधिक कठोर पाप जाणी विवेकीए थोडुं पण देवद्रव्य वापरवुं नहि. ए ज्ञानद्रव्य तथा साधारण द्रव्य तथा देवद्रव्य आपवुं कह्युं होय, ते आपवामां ढील करवी नहि, तरत आपवाथी अधिक लाभ थाय अने ढील करवाथी कदापि दुष्ट भाग्योदयथी सर्व द्रव्यनो नाश थाय वा, मरण थाय ने देवुं रही जाय तो भलो श्रावक पण दुर्गतिने पामे. ते कथा कहीए छीए. महापुरनामे नगरने विषे धनवंत एवो ऋषभदत्त नामे शेठ वसतो हतो . ते अरिहंतनो परम भक्त छे. ते पर्वने दिवसे देहेरे गयो. त्यां पोतानी पासे ते वखते द्रव्य नथी, तेथी उधारे द्रव्य लेइ चडाव्युं. ते द्रव्य तत्काल आप्युं नहि. बीजा कार्यमां व्यग्र चित्ते करी अपायुं नहि. केटलाएक दिवस व्यतीत थया. एवा अवसरमां धाड पडी ने सर्व धन लूंटाइ गयुं ने शेठने पण ते लूंटाराओए शस्त्रे करी हण्यो. तेथी मरण पामीने तेज नगरे निर्दय दरिद्री भेंसावाला पखालीने त्यां पाडो थयो. ते हमेश पाणीनी पखालो उठावे छे ते नगरने कांठे नदी नीची छे ने नगर उचुं छे. ते टेकरा हमेश चढवा पडे छे रात्री दिवस भार वहेवरावे छे. निर्दय थको नाडीना मार मारे छे. भूख तरस सहन करे छे. एम अहर्निश दुःख भोगवे छे. एक दिवसे देरासरनो नवो कोट बने छे. तेंने सारु पाणी वहन करे छे. ते देरासरनी श्रावको पूजा करे छे ते जोइने भेंसाने जातीस्मरण थयुं

Scanned by CamScanner

तेवारे पाछला भवनुं स्वरूप जाणवामां आव्युं तथा देहरा आगलथी खसतो नथी. एवा अवसरमां ज्ञानी गुरु पधार्या तेमणे भेंसानुं पाछला भवनुं स्वरूप प्रकाश्युं. तेथी शेठना पुत्रे एक हजारगणुं द्रव्य देवद्रव्यना देवामां आप्युं. भेंसाना धणीने पैसा आपीने भेंसाने छोडाव्यो. पछी ते भेंसाए अनशन कीधुं ते अनशन आराधीने देवलोके गयो. अनुक्रमे मोक्षे जशे. आ कथा सांभलीने देरानुं साधारणनुं जे जे आपवुं कह्युं होय ते तत्काल आपवुं देरानां उपगरणो उजमणा ओच्छवादिक कारणमां वापरी तेनुं भाडुं बराबर नहि आपवाथी लक्ष्मीवतीने जे हानी थइ ते कथा.

लक्ष्मीवती नामे एक बाइ महा ऋद्धीवंत हती ने धर्मवंती हती. ते बाइ देवद्रव्य वापरवाने उजमणादिक पुण्यकार्य घणा आडंबर निरंतर करे; पण देहेराना उपगरणनुं भाडुं थोडुं मूक्युं, श्रावक धर्म उत्साहवंतपणे आराधी मरीने देवलोके गइ, पण हीन बुद्धिए करी भाडुं ओछुं आप्युं एथी हीन जातीनी देवांगनापणे उपनी. अनुक्रमे त्यांथी चवी धनवंत अपुत्रीआ शेठने त्यां पुत्रीपणे उपनी. तेनो गर्भ रह्यो तेथी माताना श्रीमंत उत्सवमां परचक्रनो भय उत्पन्न थयो. तेथी ओत्सव बराबर थयो नहि. वली जन्म ओत्सवादिकने विषे राजाने घेर शोकनी उत्पती थइ. पिताए घणा घणा आडंबरे काम आरंभ्यां ते निष्फल गयां. वली मणीरत्न सुवर्णनां घरेणां कराव्यां. पण पहेरवाने समर्थ थइ नहि. कारण के, चोरादिकनो भय उत्पन्न थयो. वली भोजन वस्त्रादिक पण भोगववानो वखत आव्यो नहि; कारण जे पूर्वला कर्मना योगे शोक आवीने पड्या. एवी रीते कोइ पण काममां उत्साह पूरो थयो नहि. त्यारे पिताए पुत्रीना विवाह महोत्सवमां मोटा आडंबरे लग्न करवा आरंभ कर्यो तो लग्नना निकट दिवसे माता मुइ. तथा लग्न पण उत्साह रहित थयां. पछी सासरे गइ, त्यां पण गइ त्यारथी पूर्वली पेरे नवा नवा भय, शोक उत्पन्न थया, तथा सासरे पण मनोवांछित भोग सुख भोगवायां नहि. तेथी बाइ घणी उदास थइने संवेग पामी तेणे केवलज्ञानी महाराजने पूछ्युं. केवल-

Scanned by CamScanner

ज्ञानी महाराजे कह्युं जे पूर्वले भवे उजमणादिकने विषे देहेराना उपगरणनुं भाडुं ओछुं आप्युं ने घणो आडंबर देखाडयो तेथी ए दुष्टकर्म भोग अंतराय उपार्ज्युं. एवो केवलज्ञानी भगवाननो उपदेश सांभली दीक्षा लिधी. अनुक्रमे मुक्तिए पहोती. आ मुजबनी कथा श्राद्धविधिमां पाने ११० मे छे. माटे हरेक उपगरण पोताना घरनां राखवां ने कदापि देरानां वापरवां तो तेनो नकरो पूरो आपवो.

देहेरे दीवो करी ते दीवो घेर लावी घरनां काममां वापरवो नहि. तथा देहेराने दीवे कागल वांचवो नहि. तथा नाणुं परखवुं नहि. तथा देहेरे धूप करे ते अंगारा घेर लावी वापरवा नहि. तेना उपर श्राद्धविधिमां कथा कहि छे.

इंद्रपुर नगरे देवसेन नामे वेपारी छे. तेने त्यां धनसेन नामे उंटवालो चाकर छे. तेना घरनी एक उंटणी हमेश देवसेनने त्यां आवे छे, ते उंटणीने मारी कुटिने धनसेन घेर लइ गयो तो पण पाछी देवसेनने घेर जाय छे. पछी देवसेने धनसेनने मूल आपी उंटणी राखी ते उंटणी उपर देवसेननो स्नेह वर्त्ते छे. ने देवसेन उपर उंटणीनो स्नेह वर्त्ते छे. एवामां ज्ञानी मुनी समोसर्या. ते ज्ञानीने देवसेने स्नेहनुं कारण पूछयुं. ज्ञानी कहे छे जे आ उंटणी पूर्वे तारी माता हती. तेणे प्रभु आगल दीवो करी ते दीवो घर कार्यमां वापर्यो. ने प्रभु आगल धूप कर्यो ते धूपना अंगारावडे घरनो चूलो सलगाव्यो ते कर्मे करी उंटणी थइ. ते पूर्वना स्नेहथी तेने स्नेह उपज्यो. ए मुजब वृत्तांत कहीने कह्युं जे देराना चंदने करी तिलक करीए नहि. तथा देराने जले हाथ पण पखालीए नहि. देव संबंधी शेष पण लइए नहि. देव संबंधी झालर प्रमुख गुरु आगल पण वगाडीए नहि. आ मुजब श्राद्धविधिमां पाने १०८ मेथी छे. तथा पाने ८० मे काची कली छेदवी नहि. वली माली पण काची कली तोडता नथी. तो आपणे चडाववी ते केम जोग्य होय ? माटे काची कलीओ चडाववी उचित नथी.

Scanned by CamScanner

प्रश्नः—१०२ घरदेरासरमां नैवेद्य फल अक्षत विगेरे मूके तेनुं शी रीते करवुं ?

उत्तरः—घरदेरासरमां जे चीज चडावे ते म्होटा देरासरे मोकली आपे, वली नैवेद्य माली प्रमुखने आपे तेने बदले माली फूल आपे तो बीजाने कहि मोटे देरे चडावे जे आ हमारा पैसानां फूल नथी. नैवेद्य बदले आव्यां छे ते छे. घरदेरासरमां पोताना द्रव्यथी भक्ति करवी. ए अधिकार श्राद्धविधिमां पाने ११२ मे छे. ते त्यां विस्तारे व्याख्या करी छे.

प्रश्नः—१०३ सचित्त, अचित्त, मिश्र शुं शुं समजवुं?

उत्तरः—श्राद्धविधिमां पाने ५२ मे नीचे मुजब छे. सचित्त ते सर्व जातिनां धान, जीरुं, अजमो, वरियाली, सूवा, राइ, खसखस, सर्व जातिनां फल, पानडां, लूण, खारी, खारो रातो, सिंधव, खाणमांथी निकलेलो संचल. बनावेली सचित्त नहि, खारी माटी, हिरमजी, दातण लीलुं. हवे मिश्र कह्या छे ते नीचे प्रमाणे. पाणीए पलालेला चणा. घउं प्रमुख धान्य तथा चणा तथा तुवेर विगेरेनी दाल पलालेली होय तेमां पण कोइ नहियुं रहि जाय तथा मिश्र कहिए. शेकेलुं धान्य ते रेतीमां शेकेलुं तो अचित्त थाय तथा खार दइ शेकेलुं अचित्त थाय, पण रेती विना शेकेला चणा प्रमुख मिश्र कहिए. लोलेल (शेकेला) तल, ओला, पोंक, शेकेली फली, पापडीनुं उंधीयुं, ए मिश्र तथा चीभडा प्रमुख काचा ने हींग प्रमुखनो वघार मात्र रांधेला ते मिश्र. केरी काचीमां मीठुं दीधेलुं पण नरमाश थइ नथी त्यां सुधी मिश्र. बीज सहित पाकेलां फल मिश्र ने बीज गोटला जुदा पड्या पछी बे घडि पछी अचित्त थाय. तीलवटी ते दिवसे मिश्र, मालवा देशे दक्षिण देशे गोल बहु नांखे छे तेथी ते ज दिवसे अचित्त थाय छे. झाडथी तत्काल उखाडेलो गुंदर तथा नालिएरनुं पाणी, आंबानो रस, शेलडी प्रमुख वनस्पतिना रस तथा तत्काल घाणीथी काढेलुं तेल, तथा अलशीनुं तथा एरंडीनुं तेल तथा बीज काढी नांख्यां एवां नालिएर, शिंघोडां, सोपारी, फल प्रमुख तथा पाका

Scanned by CamScanner

घणुं मरदन करेला कणिआ काढेला एवा जीरुं अजमा प्रमुख एक मुहूर्त्त सुधी मिश्र जाणवा ने मुहूर्त्त पछी अचित्त थाय. पाणी तेमज काचां फल, काचां धान्य आकरुं लूण प्रमुख ते अग्नि पाणीना आकरां शस्त्र लाग्या विना अचित्त थाय नहि, कारण जे भगवतीमां कह्युं छे के वज्रमय पाषाणना खरलमां वज्रना दस्ता वडे मीठा प्रमुखने एकवीश वार वाटे, तोपण केटलाएक जीवने शस्त्र पण फरशतुं नथी. वास्ते अग्नि पाणीना फरस विना अचित्त थाय नहि. हवे अचित्त नीचे मुजब.

सो जोजन जलवाटे वहाणमां आवेली वस्तु अचित्त थाय. करीयातुं, हरडे, खारेक, मानी द्राक्ष, मोटी द्राक्ष, खजूर, मरी, पींपर, जायफल, बदाम, अखोड, नीमजां, जरगो, पस्तां, कबाबचीनी ए अचित्त छे ने फटक सरीखो उजलो सिंधव, साजी भठ्ठीमां पाकेलुं लूण प्रमुख, करेलो खार, शोधेली माटी प्रमुख, एलची, लविंग, जावंत्री, सूकी मोथ, कोंकण प्रमुखनां पाकेलां केलां, उकालेलां शींघोडां, सोपारी प्रमुख ए अचित्त होय. वली आदि शब्दथी हरताल, मनासिल, पींपर, खजूर, द्राक्ष, हरडे. ए पण सो सो जोजन आववाथी अचित्त थाय, पण आचरवा जोग्य नथी. आ मुजब श्राद्धविधिमां छे. वली बीजो काल पाने ५५ मे छे ते नीचे मुजब. आटो वगर चालेलो मिश्र.

श्रावणमासे तथा भादरवा मासे चार दिवस मिश्र.
कारतक, मागशर, पोसमां त्रण दिवस मिश्र.
माहा तथा फागण मासे चार पहोरे मिश्र.
चैतर, वैशाख, जेठ मासे त्रण पहोरे मिश्र.

आटलो काल वित्या पछी अचित्त थाय. चालेलो आटो मुहूर्त्त एटले बे वडी पछी अचित्त थाय. चालेलो आटो पण वर्ण, गंध रस पलटाय एटले अभक्ष थाय. चोमासामां पंदर दिवश, शियालामां एक मास ए रीतनी मरजादा छे. त्यार बाद ग्रहण करवा जोग्य नथी. पकवानादिकनो काल चोमासामां पंदर दिवश, उनालामां वीश दिवस,

Scanned by CamScanner

शीआले एक मास, ए उपरांत ग्रहण करवुं नहीं. पण एनी अगाउ वर्ण, गंध, रस, फरस बदलाय तो ग्रहण करवा जोग्य नथी. दहीं बे दिवस उपरांतनुं कल्पे नहीं. काचुं दुध तथा दहीं तथा छाश साथे कठोल खावाथी बेइंद्री जीव उपजे, वास्ते ए वर्जवुं. वाशी नरम पूरी प्रमुख बीजे दिवस कल्पे नहीं. उकालेलुं त्रण उभरानुं पाणी चोमासामां त्रण पहोर अचित्त रहे पछी कल्पे नहीं. उनाले पांच पहोर सुधी कल्पे, पछी सचित्त थाय. आ मुजब श्राद्धविधिमां छे.

प्रश्नः—१०४ बकुश कुशील बे नियंठा आ कालमां कह्या छे, तेमां कुशील तो, भगवतीना पचीशमा शतकमां मूलगुणमां प्रतिसेवी कह्या छे. ज्यारे मूलगुणमां दूषण लागे त्यारे संयम गुणठाणुं केम रहे ?

उत्तरः—हरीभद्रसूरी महाराजे आवश्यकनी टीका करी छे. तेमां कह्युं छे जे, मूलगुण प्रतिसेवीने संजलना कषायथी होय ने ते अतिक्रम व्यतिक्रम ने अतिचार ए त्रण भांगा सुधी होय, अनाचार होय नहीं. तेथी समजाय छे जे आलोवी पडीक्कमी शुद्ध थाय. अनाचार सेवीने संजलना कषाय विना बीजा कषाय वर्त्ते त्यारे गुणस्थान जाय.

प्रश्नः—१०५ अढार भाव दिशा केवी रीते ?

उत्तरः—आचारांगजीमां पाने ९ मे छापेली प्रतमां छे. १ समूर्छीम मनुष्य, २ कर्मभूमीना मनुष्य, ३ अकर्मभूमीना मनुष्य, ४ अंतरद्वीपना मनुष्य, ५ बेइंद्री, ६ तेरेंद्री. ७ चौरेंद्री, ८ पंचेंद्री, ९ पृथ्वीकाय, १० अपकाय; ११ तेउकाय, १२ वायुकाय, १३ वनस्पति ते मूल बीज, १४ स्कंध बीज, १५ पर्वबीज, १६ अग्रबीज, १७ देवता, १८ नारकी ए अढार भाव दिशा कही तेनुं कारण जे जीव एटली जग्याए संसारमां रोलाय छे माटे पोते विचारे जे हुं कइ दिशाएथी आव्यो ? एटले कइ गतिथी आव्यो ? आदि विचारे ने संसारथी विमुख थाय.

प्रश्नः—१०६ नव प्रकारे पुण्य बांधे ते शेमां छे ?

उत्तरः—ठाणांगजी छापेलामां पाने ५१४ मे नव प्रकारे पुण्य बांध-

Scanned by CamScanner

वानां कह्यां छे.

अन्न पुण्य, ते अन्न आपवाथी थाय छे.

पाण पुण्य, ते पाणी आपवाथी थाय.

वस्त्र पुण्य, ते वस्त्र आपवाथी थाय.

शयन पुण्य, ते मुनिने संथारो आपवाथी थाय.

लेण पुण्य, ते मुनिने जग्या विगेरे उतरवा आपवी ते.

मन पुण्य, ते मन शुभ प्रवर्त्तवाथी लागे ते.

वचन पुण्य, ते गुणी पुरुषना गुण गावाथी थाय.

काय पुण्य, तें कायाए देव गुरुनी भक्ति करवाथी पुण्य बंधाय ते.

नमस्कार पुण्य ते देव गुरु स्वामी भाइने नमस्कार करवाथी बंधाय ते.

आ मुजब नव प्रकार छे. इहां कोइने शंका थशे के आ जिनप्रतिमानी पूजा शेमां आवी ? ते विषे जाणवुं जे मन वचन कायाए करी भक्ति करवी तेमां जे समास थाय. तथा जीवदया पण मन वचन कायाना पुण्यमां आवी जाय. कारण जे कोइ जीवने दुःख न देवुं ने सर्व जीवने सुख करवुं तथा देव गुरु उपकारीनी भक्ति करवी एमां शुभ मन वचन कायाथी पुण्य बंधाय छे, तेथी एमां सर्वे समास थाय छे.

प्रश्नः—१०७ व्याख्यान करवाने योग्य कोण ?

उत्तरः—आचारांगजीमां छापेली प्रतमां पाने १९५ मे सोल वचन जाणे ते उपदेश देवाने योग्य होय. ते सोल वचन नीचे मुजब.

१ एक वचनना शब्दोः—वृक्ष, घट, पट, नर, सुर, ए संस्कृत. रुक्खो, घडा, पडा, नरा, सुरा ए प्राकृत भाषा. जे जे एक वचन होय ते एक वचन जाणे.

२ द्विवचन जाणे, वृक्षौ, घटौ, पटौ, सुरौ, ए संस्कृत भाषामां. रुक्खा, घडा, पडा, नरा सुरा, ए प्राकृत भाषा.

३ बहु वचन जाणे, वृक्षा, घटा, पटा, नरा, सुरा, ए संस्कृत, रुक्खा, घडा, पडा, नरा, सुरा ए प्राकृत भाषामां बहु वचन. ए द्विवचन साथे

मलता छे, प्राकृतमां बहु वचनना शब्द जूदा आवता नथी.

४ स्त्री लिंग शब्द.

५ पुरुष लिंग शब्द.

६ नपुंसक लिंगना शब्द.

७ अध्यात्मवचन ते अंतरंगनुं वचन.

८ उपनीतवचन ते प्रशंसाकारी वचन.

९ अपनीतवचन ते परनी निंदानुं वचन.

१० उपनीतअपनीत वचन ते पहेलां प्रशंसी पछी निंदीए.

११ अपनीत उपनीत ते पहेलां निंदि पछी प्रशंसा करवी.

१२ अतितवचन ते गया कालनुं वचन. जेम गये काल अनंता तीर्थंकर थया.

१३ वर्त्तमानवचन ते वर्त्तता कालनी व्याख्या.

१४ अनागतवच्चन ते आवता कालनुं वचन, जेम आवते काल तीर्थंकर थशे.

१५ प्रत्यक्षवचन ते एणे मने कह्युं छे.

१६ परोक्षवचन ते भगवान् कही गया छे.

ए रुपनां सोले वचन जाणे ते उपदेश शुद्ध दइ शके, ए ज्ञान विना शुद्ध परूपणा बने नहि.

प्रश्नः—१०८ सिद्ध भगवान् कये अनंते छे ?

उत्तरः—समकित विचार गर्भित महावीरस्वामीना स्तवन छापेला भाग बीजामां पाने ७४९ मे बीजा शास्त्रनी गाथा मूकी छे, तेमां अभवी चोथे अनंते तथा पडवाइ पांचमे अनंते तथा सिद्धादिक आठमे अनंते कह्या छे. तथा मतांतरे सिद्ध पांचमे अनंते कह्या छे. पण विजयानंदसूरि महाराजना कहेवामां एम हतुं जे आठमे अनंते समजवुं सुगम पडे छे. दिगंबरना शास्त्रमां पण आठमे अनंते सिद्ध कह्या छे.

प्रश्नः—१०९ पौषध क्यारे लेवा ? अने तेनो काल शी रीते ?

Scanned by CamScanner

उत्तरः—श्राद्धविधिमां एकला दिवसना चार प्रहरनो काल कह्यो तथा अहो रात्रीना पौषधनो आठ प्रहरनो काल कह्यो छे. पौषध लेवानो विधि पाने २४५ मे बताव्यो छे. ते प्रथम पौषध लेइ, पछी राइ पडिकमणुं पडिलेहण करे ए रीते छे. ने ए रीते करे तो जे पौषधनो चार प्रहरनो काल पूरो थाय. ने मोडो ले ने मोडो पारे ते वात पाठमां नथी. वास्ते सूर्य उदय अगाउ पौषध लेवो तेज योग्य छे, ने पंचाशकमां पौषध पाली पूजा करी पछी पौषध लेवानी मर्याद बतावी छे, पण ते पडिमाधर श्रावकना संबंधमां छे, कारण जे पडिमाधरने पाछली पडिमा सहित छे, वास्ते ते पडिमा साचववी तेथी तेम विधि दर्शाव्यो छे. पडिमाधर शिवायना श्रावकने सारु तो श्राद्धविधिमां कह्युं छे ए ज रीते छे.

प्रश्नः—११० पौषधमां चोमासामां श्रावक भूमि उपर संथारो करे के पाट उपर ?

उत्तरः—चोमासामां तो पाट उपरज संथारो करवो कह्यो छे, विचार रत्नाकर ग्रंथ कीर्तिविजयजी महाराजनो करेलो छे, तेमां आवश्यकनी चूर्णिनो पाठ लख्यो छे. तेमां काष्ट आसनना आदेश लेवाना कह्या छे. तेम श्राद्धविधिमां पण कह्युं छे. वली श्रावकने सारु पाट पाटला कराववा ने उपाशरे श्रावके मूकवा एम पण अधिकार श्राद्धविधिमां छे. वली हुंडी पत्र करीने प्रश्नरूप ग्रंथ छे तेमां चोमासामां पाट पाटला न वापरे तेने पासत्थो कह्यो छे.

प्रश्नः—१११ साधुजी पुस्तक राखे के नहि ?

उत्तरः—आ कालमां साधुजी पुस्तक राखे ए अधिकार तत्त्वार्थमां पाने २८५ मे छे. तेमां जणाव्युं छे जे दुषम काले धारणानी खामी तेथी आज्ञा करी छे; वास्ते पुस्तक राखवाने हरकत नथी, पण पोताना शिष्य सारा न होय ते छतां ते पुस्तक शिष्यने आपी जवुं, ने ते वेची खाय ए योग्य नथी. ए पुस्तक संघना रुपियाथी लीधुं छे तेथी पुस्तक उपर मालकी संघनी राखवी के जेथी बगाड थाय नहि. शिष्यने भणवा जोइए

Scanned by CamScanner

तो श्रावक आपे,पण वेची खाय एवा शिष्य होय तो श्रावक तेने पण पुस्तक आपे नहीं. श्रावी रीति साधुजीए राखवी जोइए.

प्रश्नः—११२ देवताने देवी साथे कामभोग केवी रीते होय ?

उत्तरः—भवनपति व्यंतर ज्योतिषि तथा सुधर्मदेवलोक तथा इशान देवलोक सुधीना देवताने तो मनुष्यनी पेठे भोग छे, ने सनत्कुमार माहेंद्र देवलोकवालाने मात्र स्पर्श करवानो छे. तथा ब्रह्मदेवलोक तथा लांतक देवलोकवालाने रूप जुए एटलोज काम छे. शुक्र तथा सहस्रारदेवलोकना देवताने शब्द सांभलवानो विषय छे. आनत, प्राणत, आरण, अच्युत ए चार देवलोकवालाने एक बीजानुं मन मलवानो विषय छे. बीजा देवलोक उपर स्त्री नथी तेथी त्यांथी पोतानुं मन करे तेम स्त्री पण मन करे एटले संतोष थाय छे, कारण जे जेम जेम बीजा लोकथी उपर चडता जाय, तेम तेम विषय कामना ओछी थाय छे. ने बारमा देवलोक पछी नव ग्रैवेयक तथा पांच अनुत्तर विमानना देवताने तो समूलगी कामनी इच्छा ज नथी. श्रा श्रधिकार पन्नवणा सूत्रनी छापेली प्रतमां पाने ७७८ मे छे.

प्रश्नः—११३ देवता मनुष्य साथे भोग करे? तथा मूल शरीरे श्रावे ?

उत्तरः—पन्नवणाजीमां छापेली प्रतमां पाने ६२५ मे तेजस शरीरनी श्रवगाहना अंगुलना श्रसंख्यातमा भागनी कही छे. तेनुं कारण ए जाणवुं जे, पूर्वभव संबंधी मनुष्यनी स्त्री उपर गाढ अनुराग होय तो देवता देवलोकथी आवीने ते स्त्री साथे भोग करे, ने भोग करतां काल करीने तेज स्त्रीने पेटे तरत उत्पन्न थाय. आ रीतनो आधिकार छे. तेथी समजाय छे के मूल शरीरे आवे तो तेजस शरीरनी अवगाहना अंगुलना श्रसंख्यातमा भागनी होय ने भोगनी वात पण एमांज छे.

प्रश्नः—११४ चंद्रमा पूनम पछी थोडो ढंकातो जाय छे, ने शुद १ थी उघाडो थतो जणाय छे तेनुं शुं कारण ?

उत्तरः—जीवाभिगम सूत्रमां छापेली प्रतमां पाने ७८५ मे ए अधिकार

Scanned by CamScanner

छे त्यां एवुं कह्युं छे जे नित्यराहु ने पर्वराहु ए बे प्रकारनां राहुनां विमान छे, तेमां नित्यराहु छे ते चंद्रमाना विमानथी नीचो छे ने एनी चालवानी गति एवी छे जे वद १ थी चंद्रमाना विमाननी नीचे थोडो थोडो आवतो जाय तेम चंद्रमा ढंकातो जाय. अमावासने दिवसे सर्व प्रकारे नीचो आवे छे तेथी बिलकुल चंद्र देखातो नथी. शुद १ थी नित्य दूर खसतो जाय छे ते शुद १५ मे सर्वथा चंद्र नीचेथी खशी जाय छे तेथी सर्वथा चंद्रमा देखाय छे. ने पर्वराहु छे ते कोइ वखत नीचे आवी जाय छे त्यारे ग्रहण थयुं कहेवाय छे. ए ग्रहण थयुं होय ते वखत जमवुं नहि. एवी रीते श्राद्धविधिमां कह्युं छे. ए निमित सारुं नथी, ए कारणे मना करी छे.

प्रश्न—११५ आचार्य पंच महाव्रत रहित होय तो ते आचार्य गणाय के नहि ?

उत्तरः—पंच महाव्रत राहित आचार्य होय ज नहि. पंच महाव्रत रहितने आचार्य पदवी आपवानी आज्ञा कोइ ठेकाणे नथी. व्यवहार सूत्रमां मूलमां पाने २७ मे एवुं कहेलुं छे जे बहुश्रुत होय ने मायामृषा बोले, उत्सूत्र बोले, पापकर्म करी आजीविका करे एवाने आचार्य पदवी, उपाध्याय पदवी; प्रवर्त्तकपणुं--स्थविरपणुं--गणीपणुं कोइ पण पदवी आपवी नहि. ते जावज्जीव सुधी आपवी नहि. आ रीतनी मर्यादा छे. वली पंच महाव्रत रहितने साधु गणाय नहि तो आचार्य तो केम ज गणाय ?

प्रश्नः—११६ एवा गुणवंत आचार्य न होय तो केम करे ?

उत्तरः—घणा गुणीपुरुषो क्रियाउद्धार करी शुद्ध रीते पोते प्रवर्त्ते छे. जेम के सर्वदेवसूरि महाराज चैत्यवासी हता. तेमणे पोते क्रियाउद्धार करी शुद्ध मार्ग प्रवर्त्ताव्यो. वली आनंदविमलसूरि महाराजना वखतमां पण शिथिलमार्ग थयो हतो, तेमणे पोते क्रियाउद्धार करी शुद्ध मार्ग प्रवर्त्ताव्यो. वली व्यवहारसूत्रमां एम पण कहेलुं छे जे आचार्य पदवीने

Scanned by CamScanner

योग्य पुरुष न होय, तो जे गच्छमां साधु होय तेमांथी बीजा योग्य आचार्य नहि मले त्यां सुधी तेमने आचार्य स्थापीने मार्ग चलावे. पछी योग्य मले ते वखते योग्य पुरुषने आचार्य स्थापे ने ते वखते पेला न ऊठे तो तेने गच्छ बहार करे, ए अधिकार पण व्यवहारसूत्रमां पाने ३१ मे छे. वास्ते गुणवानने आचार्य पदवी आपवी. हालमां पण सं० १९४२ ना कारतग वद ५ मे मुनि महाराज श्रीआत्मारामजी महाराजने श्रीसिद्धाचलजी उपर घणा देशना श्रावको तथा साधुजीए मली गुणवान् जाणी आचार्य पदवी आपी हती. ते वखते हुं पण हाजर हतो.पचीशहजार माणस सिद्धाचलजी उपर हता, तेमां मुख्य मुख्य शहेरना विद्वान् श्रावको पण हता. कोइ पण मुख्य शेहेरना माणस नहि हता एम नहोतुं. ते वखते विजयानंदसूरी महाराज ए नाम संघे आपी स्थाप्या हता. एम योग्य पुरुषने आचार्य स्थाप्या विना साधु विहार करी शके नहि. ए अधिकार पण व्यवहारसूत्रमां छे. वास्ते सर्व साधुना समुदायमांथी जे पुरुष उत्तम होय, त्यागी, वैरागी, ज्ञानवान होय तेमने आचार्य स्थापी तेमनी आज्ञाए मार्ग चाले. आ पंचमकालमां शुद्धपरंपरा चालवी तो दुष्कर छे. श्रीमहानिशीथजी सूत्रमां युगप्रधान स्वामी थवानो अधिकार चाल्यो छे, त्यां पण एम कहेलुं छे जे युगप्रधान स्वामी शुद्ध मार्ग चलावशे ने म्हारी आज्ञानुं हायमानपणुं टालशे. वली युगप्रधान स्वामि निर्वाण पाम्या पछी म्हारी आज्ञानुं हायमानपणुं थशे. एवी रीते कहेलुं छे. माटे जे वखत जे उत्तम पुरुष होय तेने आचार्य स्थापी मार्ग चाले. कारण जे शासन एकवीश हजार वर्ष सुधी जयवंतु रहेशे एवी रीते अमारुं समजवुं छे.

प्रश्नः—११७ एक परमाणुमां केटला वर्ण होय ?

उत्तरः—एक परमाणुमां एक वर्ण, एक गंध, एक रस, बे स्पर्श होय. ए अधिकार अनुयोगद्वार सूत्रमां छापेली प्रतमां पाने २७० मे छे. पर्यायना पलटणपणे पांच वरणनो थाय. कारण जे सत्ताने विषे पांच वर्ण,

Scanned by CamScanner

बे गंध, पांच रस, ने आठ स्पर्श रह्या छे. ए द्वादशसारनयचक्रमां कह्युं छे माटे सत्तामां होय तेथी पुनरावृत्तिमां पांचे वर्णमांथी एक वर्ण, एक गंध, एक रस, बे स्पर्श होय ते पर्यायना पलटपणे होय.

प्रश्नः—११८ गौतमपडघो तप करे छे तथा चंदनबालाना अठ्ठम करे छे ने गोरजीने आपे छे ते केम ?

उत्तरः—गच्छाचारपयन्नाना बालावबोधमां कुगच्छना लक्षणमां कह्युं छे जे विप्र तारवाने लोक पासे एवी रीतना तप करावी पैसा ले छे ते कुगच्छ छे.

प्रश्नः—११९ एक स्थिति स्थानकमां अध्यवसाय स्थानक केटलां होय?

उत्तरः—कम्मपयडीमां ५२ गाथानी टीकामां अध्यवसाय असंख्याता कह्या छे. तीव्र. तीव्रतर मंद, मंदतर आदि होय.

प्रश्नः—१२० जे गतिनुं आयुष् बांध्युं होय ते कायम रहे के फेरफार थाय ?

उत्तरः—भगवतीजीनी टीकामां अपवर्तननो अधिकार चाल्यो छे तेमां कहेलुं छे जे सातमी नरकनुं आयुष्य बांध्युं छे पण अध्यवसायना फेरफारथी नरक ओछी वधारे थाय छे. जेम कृष्ण वासुदेव सातमी नरकनुं आयुष्य बांध्युं हतुं, ते अढार हजार मुनिने वंदन करवाथी त्रीजीनुं कर्युं, तेम चारे गतिमां फेरफार थाय; पण एटलो विशेष जे देवलोकनुं फरीने मनुष्यनुं न थाय. तथा नरक फीटीने बीजी त्रण गतिनुं न थाय. जे गति होय तेनो फेरफार थाय.

प्रश्नः—१२१ वर्त्तमानकाले आयुष्य केटलुं होय ?

उत्तरः—जंबुद्वीपपन्नत्तिमां तो मुख्यवृत्तिये उत्कृष्ट एकसो वीश वर्षनुं कह्युं छे. तेम घणा जीवने तो तेमज आयुष्य होय, ने ते प्रमाणे जणाय छे. ने कोइक जीवनुं वधारे पण सांभळवामां आवे छे. तेवीश उदयना यंत्रमां पहेला उदयमां छेल्ला युगप्रधान स्वामीनुं आयुष्य एकसो अठ्ठावीश वर्षनुं कह्युं छे. तेथी एम जणाय छे के, कोइक पुरुषनुं एकसो वी-

Scanned by CamScanner

श वर्ष करतां अधिक वर्षनुं पण होय. ते वात शतावधानी शा. रायचंद रवजीभाइए भद्रबाहुसंहिता जोइ हती. तेमां तेमना कहेवामां एवुं हतुं के जेनो धन लग्नमां जन्म होय तेनी कुंडलीमां चोथे मीननो गुरु होय ने अग्यारमे तुलानो शनी तथा शुक्र होय. एवी रीतना ग्रह होय ने ते अंशे करी बलवान् होय, वली आठमे कोइ ग्रह आवे नहि ने शनीनी के शुक्रनी दशामां जन्म थाय एवी रीतनो योग आवे तो बसेने दश वर्षनुं तेनुं आयुष्य थाय. माटे कोइक जीवनुं विशेष थाय ते पण शास्त्रमां अधिकार छे. वली आवश्यकनी बावीश हजारी टीकामां आर्यरक्षितसूरी महाराजे ईंद्रनो हाथ जोयो तेमां बसे त्रणसे वर्ष सुधी जोइ पछी कह्युं जे आ तो इंद्र छे माटे विशेष पण थइ जाय तो कंइ विरुद्ध नथी. परमात्मानां वचन केटलांएक बहु जीव आश्रित छे. केटलाएक जीव अपेक्षित छे ते गुरु परंपरागत ज्ञानवाला पुरुष जाणे, ते वर्त्तमानकालमां परंपरानुं यथार्थपणुं रह्युं नथी. आत्मार्थी पुरुषने परंपरागत ज्ञान जाणनार गुरुनो योग मलतो नथी. शास्त्रमां जे टीकाकारोए दर्शात्र कर्यो होय ते जाणी शके छे. बीजो इलाज नथी. ए पंचम कालनो प्रभाव छे. वास्ते बे शास्त्रमां जूदो जूदो अधिकार जोइ श्रद्धाभ्रष्ट थवुं नहि. ते बन्नेना आशय खोलवानी महेनत करवी. तेम करवाथी कोइ शास्त्रमांथी अथवा कोइक पंडितथी खुलासो मली जशे.

प्रश्नः—१२२ शुद्ध अशुद्ध क्षायक समकितना भेद कोइ ठेकाणे छे?

उत्तरः—तत्वार्थनी टीकामां पाने २८ मे तथा नवपद प्रकरणनी टीकामां केवलज्ञानी महाराजनुं शुद्ध क्षायक समकित कह्युं छे, ने छद्मस्थ श्रेणिकादिकनुं अशुद्ध कह्युं छे.

प्रश्नः—१२३ चार अनुयोग छे तेमां निश्चय कया ? ने व्यवहार कया?

उत्तरः—आगमसार तथा नयचक्रमां तथा द्रव्यगुणपर्यायना रासमां चरणकरणअनुयोग, गणितानुयोग, धर्मकथाअनुयोग ए त्रण व्यवहारमां कह्या छे. ने एकद्रव्यानुयोग ते निश्चयमां कह्या छे अने

आचारांगजीनी शिलांगाचार्यकृत टीकामां तो चरणकरणअनुयोगने निश्चयमां कह्यो छे ने बीजा त्रण अनुयोग व्यवहारमां गण्या छे. हवे ए बन्नेनी मतलब अपेक्षित समजाय छे. आचारांगजीनुं कहेवुं छे जे द्रव्य अनुयोगथी स्वपरनुं ज्ञान थयुं, पण परनुं छांडवुं ते चरणकरणअनुयोगथी छे. ते पर प्रवृत्ति छांडे तो ज आत्मवृत्ति थाय. ने ते ज आत्म धर्म छे वास्ते ए निश्चय छे. वली आगमसार प्रमुखनुं कहेवुं छे जे द्रव्यानुयोगनुं जाणपणुं कर्युं नथी ने द्रव्यचारित्र पाले छे, तो ते स्वपरनुं ज्ञान नथी तेथी आत्मा निर्मल शी रीते थशे ? माटे द्रव्यानुयोगनुं ज्ञान थयाथी स्वधर्म परधर्म जाणे छे, तेथी ते निश्चय छे. एम अपेक्षाये छे. बाकी वस्तुपणे तो आंधलो तथा पांगलो बे जूदां जूदां काम करवानी इच्छा करे ते सफल थाय नहि. जेम के पांगलो आंख्ये जुए छे ने आग लागे छे पण पग नथी तेथी ते चाली शकतो नथी. तेथी ते पण आगमां बली मरे. वली आंधलो छे ते आग जोइ शकतो नथी, तेथी तेने पग छे पण चाली शकवानुं तेना मननां आवे नहि तेथी ते पण बली मरे. तेम एकला ज्ञानवालो पांगला जेवो छे. जेम पांगलो आंधलाने कहे जे आग लागे छे माटे तुं मने उपाडी ले तो हुं रस्तो बतावुं, ने आपणे बन्ने बचीये, तेम करे तो बन्ने बचे. एवी रीते द्रव्यानुयोग तथा चरणकरण अनुयोग ए बन्नेनो योग मलवाथी शीघ्र मुक्तिफल मले.

प्रश्नः—११४ नवकारशीनो काल सूर्य उदयथी बे घडी ? के हथेलीनी रेखा सूझवाथी बे घडी ?

उत्तरः—धर्मसंग्रह ग्रंथ मानविजयजी महाराजनो करेलो छे. ने ते उपाध्यायजी श्रीयशविजयजी महाराजे शोध्यो छे तेमां कह्युं छे जे चौविहारवालो सांजनो बे घडी दिवस होय त्यारथी चौविहार करे ने सवारे नवकारशी सूर्योदयथी बे घडी पछी करे ने कदापि तेम न बने ते नवकारशी न करे तो पण सूर्यनो तडको दीठा विना दातण करे तो रात्रिभोजनना नियमना भंगनो दोष लागे. ए उपरथी समजवानुं छे जे

Scanned by CamScanner

सूर्यनों तडको देखाय त्यां सुधीमां तो नोकारशीनो काल थतोज नथी, त्यारे सूर्य उदयथी ज बे घडी रही, वली शेनप्रश्नमां पाने ५६ मे प्रश्न ९१ मुं छे त्यां पण सूर्योदयथी बे घडी कही छे. ते उपर शेनप्रश्नमां योग शास्त्रनी साक्षी आपी छे. वली तेज प्रमाणे प्रवचनसारोद्धारनी टीकामां तथा पंचाशकनी टीकामां तथा श्राद्धविधिमां पण सूर्योदयथी बे घडीए नवकारसी थाय एम अर्थ जणाय छे. माटे नवकारशी करीने वहेलुं दातण करवुं ते योग्य नथी.

प्रश्नः—१२५ प्रभुने वस्त्र पहेरावvानो अधिकार शास्त्रमां आवे छे ते पहेरावता नथी तेनुं शुं कारण ?

उत्तरः—शेनप्रश्नमां ए बाबतनुं प्रश्न २४ पाने १७ मे छे तेमां कह्युं छे जे जिनबिंबने वस्त्र पहेरावvां कह्यां छे. परंतु प्रधान वस्त्र आंगी प्रमुखमां आभरणनी पेठे उचित करवुं योग्य छे, पण मस्तक उपर मूकवुं ते योग्य नथी. आ मुजब खुलासो छे. एथी समजाय छे के केटलांएक वर्ष थयां प्रवृत्ति बंध थइ गइ छे; पण आंगी प्रमुखमां वपराय छे. वली शास्त्रमां कोइ आचार्ये बंध कर्यो एवो अधिकार जणातो नथी.

प्रश्नः—१२६ देवताने अवधिज्ञान क्यां सुधीनुं होय ?

उत्तरः—सुधर्म देवलोक तथा इशान देवलोकना देवताने नीचुं पहेली रत्नप्रभा नरक सुधी होय. सनत्कुमार ने माहेंद्रना देवताने बीजी शर्कप्रभा नरक सुधी होय. ब्रह्म ने लांतकना देवताने नीचुं त्रीजी वालुप्रभा नरक सुधी होय. शुक्र ने सहस्त्रार देवलोकने नीचुं चोथी पंकप्रभा नरक सुधी होय. आणत ने प्राणत ए बेना देवताने पांचमी धूमप्रभा सुधीनुं ज्ञान होय. आरण ने अच्युत देवलोकना देवताने छट्ठी तमप्रभा नरक सुधी होय, तथा पहेलेथी छठ्ठा ग्रैवेयकना देवता पण धूमप्रभा सुधी देखे, पण ते बारमा देवलोकना देवता करतां विशुद्ध विशुद्ध देखे. सातमा आठमा ने नवमा ग्रैवेयकना देवता सातमी तमतमा नरक सुधी देखे. अनुत्तर विमानना देवता भिन्न चौदराजलोक देखे. एटले चौदराज लो-

कमां कंइक ओछुं देखे. ए देवताओ तिर्छु असंख्यात द्वीप समुद्र सुधी देखे. उचुं पोताना विमाननी ध्वजा सुधी देखे. भुवनपति व्यंतर देवताओमां अर्धा सागरोपममां कंइ ओछा आयुष्यवालाने तिर्छु संख्याता योजननुं ज्ञान होय. अर्धा सागरोपम उपरनुं आयुष्य होय तेने तिर्छु असंख्याता योजननुं ज्ञान होय. जेनुं दश हजार वर्षनुं आयुष्य छे तेने पचीस जोजननुं ज्ञान छे. असंख्याता वर्षनुं आयुष्य छे तेने असंख्याता योजननुं तिर्छु ज्ञान होय. आ मुजब नंदीसूत्रनी टीकामां पाने १७८ मे छापेली प्रतमां तथा आवश्यकजीमां कहेलुं छे.

प्रश्नः—१२७ तीर्थंकर कया आरामां थाय ? ने कया आरामां सिद्धि वरे ?

उत्तरः—नंदीसूत्रनी छापेली प्रतमां पाने २०० मे कह्युं छे के ऋषभ देव अवसर्पिणी कालना त्रीजा आरानां त्रण वर्ष साडा आठ महिना बाकी हता, ते वखते मोक्षे गया. त्यार पछी बीजा सर्वे तीर्थंकर चोथा आरामां थया. छेल्ला महावीरस्वामी चोथा आराना त्रण वर्ष साडा आठ महिना बाकी हता त्यारे निर्वाण पाम्या. तेमज आवती चोवीशीमां त्रीजा आराना त्रण वर्ष साडा आठ मास गये थके तीर्थंकरनो जन्म थशे ने आखा त्रीजा आरामां त्रेवीश तीर्थंकर थशे. ने चोथा आरामां चोवीशमा तीर्थंकरनो जन्म थशे तथा निर्वाण पामशे. ने बीजा सामान्य केवली बीजा आराना जन्मेला त्रीजा आरामां केवलज्ञान पामे, ते वर्त्तमानकाले चोथा आराना जन्मेला पांचमा आरामां केवलज्ञान पाम्या, आ मर्यादा छे.

प्रश्नः—१२८ मनुष्य गर्भजनी संख्या केटली कही छे ? ने सामान्य मनुष्यनी केटली ?

उत्तरः—अनुयोगद्वार सूत्रनी टीकामां पाने ४८८ मे मनुष्य गर्भजनी संख्या छ वर्ग करतां जे रकम थाय तेटली कही छे. ते वर्गनुं समजवुं जे एकनो वर्ग तो थाय नहि तेथी बेनो वर्ग ते चार थाय ए पहेलो वर्ग,

Scanned by CamScanner

चारनो वर्ग ते सोल थाय ए बीजो वर्ग. सोलनो वर्ग ते बसे छप्पन थाय ए त्रीजो वर्ग. बसे छप्पननो वर्ग ६५५३६ थाय ए चोथो वर्ग. एनो पांचमो वर्ग करतां ४२९४९६७२९६ थाय. ए पांचमानो वर्ग करतां १८४४६७४४०७३७०९५५१६१६ थाय ए छट्ठो वर्ग. एनी साथे पांचमा वर्ग करतां आंक थाय ते (७९२२८१६२५१४२६४३३७५९३५४३९५०३३६) आ संख्याए उत्कृष्ट पदे गर्भज मनुष्य कह्या छे ने उत्कृष्ट पदे समूर्छिम गर्भज एकठा गणतां असंख्याता कह्या छे. आ मनुष्य अढी द्वीपमां मलीने थाय.

प्रश्नः—१२९ अढीद्वीप शी रीते कह्या छे ?

उत्तरः—आ आपणे रहीये छीये ते जंबूद्वीप छे. ते वचमांथी भरो तो लाख जोजननो थाय. ए गोल आकारे छे. एनी पाछल फरतो लवण समुद्र छे ते बे लाख योजननो छे. तेनी पाछल धातकीखंड नामे द्वीप छे ते चार लाख योजन पहोलो छे. तेमां मनुष्य छे. तेनी पाछल कालोदधी समुद्र छे ते आठ लाख योजननो छे. तेनी पाछल पुष्करावर्त्त द्वीप छे ते सोल लाख योजननो छे. तेमां अडधा द्वीपमां मनुष्यनी वस्ती छे. अडधामां मनुष्यनी वस्ती नथी. तेथी अढीद्वीपने शास्त्रमां मनुष्यक्षेत्र कह्युं छे. तेनी आगलना द्वीप समुद्र तो असंख्याता छे पण त्यां मनुष्य नथी.

प्रश्नः—१३० देरासरमां दीवा उघाडा मूकाय छे ते योग्य छे के केम ?

उत्तरः—एकवीश प्रकारी पूजामां सकलचंद उपाध्यायजीए कह्युं छे जे फानसमां दीवा मूकवा. वली पूजाप्रकरण भद्रबाहुस्वामिनुं करेलुं छे तेमां कहेलुं छे जे दीवा मूकवा ते प्रभुने ताप न लागे एवी रीते मूकवा. जेम पोताने ताप लागे छे तेमज गणी प्रभुने ताप न लागे एम मूकवा. एवी रीते दीपक पूजा करवी, उघाडा दीवा गृहस्थ पोताने घेर मूकता नथी, ने जिनमंदिरमां मूके तो अन्यदर्शनी पण कहे जे श्रावकलोक, देव आगल दीवा उघाडा मूके छे ने घर आगल ढांके छे ! ए शुं ? ए पण लघुतानुं कारण छे. वली पंचाशकजीमां कह्युं छे जे जिनपूजामां जे

टली यतना थाय तेटली करवी. तेमां प्रमाद करे तो अयोग्य छे. ए उपरथी कोइना मनमां एम आवशे जे समूलगा दीवा करवा नहि, पाणी फूल चडाववां नहि ए समजवुं भूल भरेलुं छे. कारण जे स्थावरनी हिंसानो कंइ श्रावकने त्याग नथी. त्रसनी हिंसानो त्याग छे. वली प्रमाद करे तो त्रसनी हिंसा थाय ने ते प्रमाद छोडे तो प्रभुभक्तिमां त्रस जीवनी हिंसा थाय नहिं ने स्थावर विना तो भक्ति बनती नथी. वली श्रावकने अष्ट द्रव्ये भक्ति करवी महानिशीथजीमां तथा आवश्यकसूत्र विगेरेमां योग्य कहि छे. वास्ते विस्तारे भक्ति करे ते घणो लाभ उपार्जन करे; माटे प्रमाद छोडीने जिन भक्ति करवी.

प्रश्नः—१३१ देरासरनां खातमुहूर्त्त करवानी जग्या जोवानी रीत जैननी ने अन्यदर्शननी सरखी छे के केम ?

उत्तरः—कालीदास पंडित विक्रमराजाना अवसरमां थया छे. तेमणे ज्योतिर्विदाभरण नामनो ज्योतीष शास्त्रनो ग्रंथ कर्यो छे तेनी टीका जैनी आचार्यनी करेली छे. तेमां जैननी रीती जूदी बतावी छे तेमज आरंभसिद्धि नामे जैनग्रंथमां पण छे. वली ज्योतिर्विद्याभरण ग्रंथमां प्रतिष्ठाना नक्षत्रमां पण जैननां नक्षत्र जूदां कह्यां छे. तेथी ढुंढीयाने पण समजवुं जोइए छीए के अन्यदर्शनी पण बे हजार वर्षना आसरा उपर जिनचैत्य सिद्ध करे छे.

प्रश्नः—१३२ सामायकमां घडी राखे छे ते आज्ञा छे ?

उत्तरः—वृंदारवृत्तिमां घडी राखवानी कही छे ने तेमां निशीथजीनी चूर्णिनी साक्षी आपी छे.

प्रश्नः—१३३ श्रावकने चरवलो मुहपत्ति राखवानी मर्यादा शास्त्रमां छे ?

उत्तरः—आवश्यकनो बालवबोध यशविजयजी कृत छे तेमां तथा अनुयोगद्वारनी छापेली टीकामां पाने ७८ मे छे. वली श्राद्धविधि निश्चय ग्रंथमां अचलगच्छनी चर्चामां पण सारी पेठे स्थापना करी छे.

प्रश्नः—१३४ श्रावकने सूत्र वांचवानी आज्ञा छे के नहि ?

Scanned by CamScanner

उत्तरः—श्रावक अथवा साधुए दरेक चीज गुरु पासे भणवी पण पोतानी मेले भणवी नहि. ते सारु विशेषावश्यकमां कह्युं छे जे सामायक अध्ययन भणवुं ते गुरु पासे, पण पुस्तक चोरीने नहि. माटे पोतानी मेले तो वंचाय नहि, ने सूत्र वांचे तेनो आशय बराबर बेसे नहि तो उत्सूत्रनो दोष लागे ने वली श्रावकने आवश्यकसूत्र तथा दशवैकालीकनां चार अध्ययन सुधी तथा आवश्यकसूत्र भणवानी आज्ञा प्रभुए करी छे, वली श्रावकने अर्थना ग्रहण करनार कह्या छे, एटले गुरु अर्थ संभलावे ते सांभले एटले श्रावकने सूत्र वांचवानी आज्ञा संभवती नथी, प्रकरण ग्रंथ घणा छे तेमां पूर्वाचार्य सर्व रचना लावी मूकी छे ते भणे पण छे. इहां कोइने शंका थशे जे आनंदादिक श्रावक शुं भणता हशे? ते विषे विशेषावश्यकमां श्रुतज्ञानना भेद चाल्या छे, तेमां उपांगसूत्रनो अधिकार पाने १७१ मे छे तेमां प्रश्न थयुं छे जे उपांगादिकनी रचना शुं करवा करी ? तेना उत्तरमां कह्युं छे जे साध्वीने दृष्टिवाद भणाववुं नहि ने ते दृष्टिवादना भाव जाण्या विना बोध केम थाय ? ते सारु साध्वी श्रावकने अर्थे उपांगादिकनी रचना करी छे. आ जग्या उपर श्रावकनो शब्द छे पण उपांग छेद सूत्र विगेरे भणववा सारु व्यवहार सूत्रमां मुनिने केटला केटला वर्षनी दीक्षापर्याय थाय त्यारे भणाववां कह्यां छे तेथी उपांगनी पण श्रावकने आज्ञा नथी; पण श्रावक पयन्ना भणता हशे एम जणाय छे. हालमां पण चउसरण पयन्नादिक श्रावक भणे छे. तेम ते पुरुषो भणता हशे एम लागे छे. इहां कोइ एम कहेशे जे तमोए सूत्रनी साख्यो नांखी छे ते केम जाणी ? ते विशे जाणवुं जे म्हारी बालबुद्धिना वखतमां मारा मनमां एम आव्युं हतुं जे अर्थना ग्रहण करनार कह्या छे, माटे आपणे मूलसूत्र न वांचवां. अर्थ जोवाने शुं हरकत छे? एम जाणी सूत्रो वांच्यां हतां. पण सूत्रना गहन अर्थ जोइ हवे म्हारा मनमां आवे छे के वीतरागना आगमनी गहन शैली मलीन आरंभी संसार मूर्छित श्रावक शी रीते जाणे ? तो कंइनुं कंइ धारण करे तो श्र-

द्धाभ्रष्ट थाय; माटे प्रभुजीए निषेध कर्यो छे ते ज योग्य छे. एक आव-श्यक भणे तो तेमां बहु प्रकारनुं ज्ञान थइ जाय वास्ते प्रभुनी आज्ञा बहार काम करवुं नहि, तेम सभा समक्ष तो में सूत्र वांची संभलाव्युं नथी. ते तो ग्रंथोज वांचुं छुं. ने ते तो आज्ञा शास्त्रमां छे; पण तेमां आ-ज्ञा विरुद्धपणुं एटलुं छे जे गुरु पासे भणेलां वांचवां जोइए. पण पंचम कालना प्रभावे गुरुनी जोगवाइनी खामीने लीधे वांचवुं थाय छे ते प्रभु स्वीकारे तो सत्य छे. कारण जे उद्यम छोडवाथी अज्ञानता टलती नथी तेथी न चाल्ये करवुं पडे छे ने जे पुरुष गुरु पासे धारीने उपदेश विगेरे दे छे तेमने धन्य छे. म्हारो एवो भाग्योदय थशे ते दिवस धन्य मानी-श. हाल पण कोइ कोइ उत्तम पुरुष मले छे तेमनी समीपमां जे जे धा-रणा थाय छे ते कल्याणकारी मानुं छुं ने ते शिवाय पोतानी मेले जे वां-चुं छुं तेमां प्रभु आज्ञा विरुद्ध थतुं होय ते त्रिविध त्रिविध मिच्छामि दु-क्कडं देउं छुं. वली योगशास्त्रनी टीकामां पाने १०७ मे सामायकना अतिचारमां कह्युं छे ने शास्त्रनी गाथा मूकी छे ते गाथामां कह्युं छे जे न करवुं ते करतां अविधिये करवुं श्रेष्ठ छे, ए आधारे गुरु पासे वांच्या विना बेसी रहेवुं प्रमाद करवो ते करतां गुरु महाराजनी पासे वांचवा-नी इच्छा राखी योग म मले त्यां सुधी प्रमादमां काल न जाय ते सारु वांचुं छुं ने ते हितकारी मानुं छुं.

प्रश्नः—१३५ जैनमां लाखो रुपीया बीजा शुभ मार्गे वपराय छे तेवा ज्ञानमां नथी वपराता तेनुं शुं कारण ?

उत्तरः—जैनधर्मनुं मूल स्वरूप जाण्युं नथी ते पुरुषे एम समजवुं. जै-नमार्ग जाण्यो होय वा जैनधर्मनुं जाणपणुं थवानुं नजीकमां होय, वा थोडा भवमां पार पामवानो होय तेने तो अवश्य ज्ञान उपरज लक्ष थाय. कारण जे आत्मानुं केवलज्ञान अवरायुं छे ते प्रगट करवुं. तेनुं मुख्य साधन श्रुतज्ञान छे. केमके केवलज्ञान पामतां पहेलां क्षपकश्रेणी मांडे छे ते क्षपकश्रेणीमां प्रथम श्रुतज्ञानथी चिंतवन करे छे पछी अपूर्व भाव प्र-

Scanned by CamScanner

गट थाय छे ने स्वाभाविक ध्यान थाय छे माटे ए सर्व थवानुं कारण श्रुतज्ञान छे ने ते श्रुतज्ञान ज्ञानावर्णी कर्मना क्षयोपशमथी थाय छे, ज्ञानावर्णी कर्मनो क्षयोपशम ज्ञान भणवाथी, ज्ञान भणाववाथी, ज्ञाननो पाठ करवाथी, ज्ञानवाननो तथा ज्ञान जे पुस्तको, वा ज्ञाननां उपगरणो तेनो विनय करवाथी, वा पुस्तको लखाववाथी तथा विद्याशाळाओ काढवी ने श्रावकोने भणाववा, तन मन अने धन ए त्रण प्रकारे शक्ति होय ते प्रमाणे ज्ञाननी पोताने तथा परने वृद्धि थाय एवी प्रवर्त्तना करवी. तेथी ज्ञानावर्णी कर्मनो क्षयोपशम थाय ने ज्ञान प्रगट थाय, जेने धननी शक्ति होय ते धन ज्ञानना काममां वापरे. जेने शरीरनी शक्ति होय ते शरीरथी ज्ञाननी संभाल राखे. जेटली जेटली बने एटली शरीरथी सेवा भक्ति करे. जे जे ज्ञान संबंधीना कामनी महेनत करवानी होय ते करे, वली मननी शक्तिवाला एटले भणेला होय ते बीजाओने भणावे, दृष्टांत युक्तिये करी जेम समजे तेम समजाववानो उद्यम करे. पोतानुं काम छोडीने पण परने ज्ञाननो लाभ थतो होय ते उद्यम करे. पण स्वार्थज कर्या करे नहि. आ लक्षणो ज्ञान निकट थवानां छे. माटे नजीकमां ज्ञान थवावाला तो आ रीते वर्त्ते एटले ज्ञानना काममां जरूर पैसा वापरे; पण जेने ज्ञान प्रगट थवुं दूर छे ते जीवो तो विचित्र काम करे छे. केटलाएकने में समजाव्या छे तेमणे मने जवाब दीधो के शास्त्र तो घणांज छे तेने आ दुनियामां वांचनार कोण छे ? घणांए पुस्तको सडी जाय छे; वली कोइ कहे छे जे अमने कंइ भणतां आवडतुं नथी एटले पुस्तकने शुं करीए ? आवा अनेक प्रकारना जवाब अज्ञानपणे आपे छे. वली शासनमां केटाएक कारभारी होय छे तेमना ताबामां पैसा होय छे ते पैसा एकठा करी वधार्ये जाय छे, पण ते पैसामांथी ज्ञानना काममां खरचता नथी. व्याज उपजावी पुंजी वधार्ये जाय छे. कोइ ज्ञानमां खरचवानी प्रेरणा करे छे; तो पण पोताने ज्ञानवर्णी कर्मनो उदय छे तेना प्रभावे उत्साहे पारका पैसा पण ज्ञानमां खरचता नथी ने वगर कारणे जीव ज्ञा-

नावर्णी कर्म बांधे छे. ए जीव उपर पण ज्ञानवाने तो करुणा लाववी, पण द्वेष लाववो नहि. कारण जे ए जीव शुं करे ! कर्मराजा मार्ग आपे नहि ने आ भवमां तो समकित विना बुद्धिवान गणाया छे, पण एनी भवितव्यता एवीज छे के आवते भवे ज्ञान विशेष अवराइ जवानुं छे तेथी ए बिचारानी बुद्धि एवी थाय छे. वली ज्ञानवंतोए एवाने समजाववा जोइए. पण प्रायः केटलाएक कारभारीओ धनवान होय तेथी तेमने कहेवा जइए तो उलटो वधारे द्वेष प्राप्त थाय एटले ज्ञानवानने पण मुंगा बेसवुं पडे छे, हवे पैसाना आपनार माणस तो ज्ञानमां खरचवा आपे छे ते छतां ते पैसा न खरचवाथी तेमनो विश्वास उठी जाय छे. वली एवी खबरो पडवाथी जे पैसाना खरचनार होय छे ते पण ज्ञानना काममां खरचता नथी ने कहे छे जे ज्ञानना पैसा अमे आपीए ते खोरंजे पडे छे. आम विचार लइ ज्ञानना काममां पैसा खरचता बंध थइ जाय छे. आवां अनेक कारणो मलवाथी ज्ञानमां पैसा खरचवा बंध थइ गया छे पण एमां इलाज नथी, पण आत्मार्थीने तो सात क्षेत्र छे तेमां छए क्षेत्रने ओलखावनार ज्ञान छे माटे ज्ञान जेवुं कोइ पण क्षेत्र नथी· मरण वखते पण जीवो लाखो रुपीआ मान प्रतिष्ठाने अर्थे शुभ काममां वापरे छे पण ज्ञानमां वापरता नथी. आत्मार्थीए तेम करवुं नहि. आत्मार्थीए तो वधारे भाग एमां वापरवो. कारण जे बीजा क्षेत्रमां केटलाएक आत्मार्थे केटलाएक मान सारु पण खरचनार छे. तेथी ते कामो तो चाल्या करे छे तेमां अडचण नथी. ने आ ज्ञानक्षेत्रमां तो मोटी अडचण छे के ज्ञानना जूना भंडारो छे तेमां केटलाएक भंडारो एवा शेठीया तथा साधुओ पासे छे के कोइ वांचवा मागे तो एक पानुं पण आपता नथी ने पुस्तक खवाइ जाय छे. हवे ए पुस्तकथी तो कंइ उपकार थनार नहि. वली केटलाएक भाग्यशालीना हाथमां छे ते पुस्तक आत्मार्थिना उपयोगमां आवे छे. पण सर्व वस्तुनी कालस्थिति छे माटे एने पण वधारे काल थवाथी नाश थवानो संभव छे. त्यारे जो नवां नवां लखातां जतां होय

Scanned by CamScanner

तोज आगल पाछल एमने एम चाल्या करे, पण तेम न थाय तो हालमां पण केटलांएक शास्त्रनां नाम छे पण ते पुस्तक मलतां नथी. केटलांएक अधूरां पुस्तको छे, केटलांएक पुस्तकोने उधेइ खाइ गइ छे ने जीर्ण थयां छे एम बन्युं छे. वली एवुं कोइ पण स्थानक नथी के सर्व पुस्तको एक जग्याथी मली शके. आ दशा पुस्तकोनी थइ छे. माटे आत्मार्थिए तो जेम बने तेम ज्ञानमां खरच करी सर्व पुस्तको एक ठेकाणेथी नीकले एम करवुं जोइए. आ काम मोटा धनवाननुं छे अगर तो घणा माणस मली करे, अगर तो ज्ञानना पैसा होय तेमांथी करे, पण आ विचारे जेने ज्ञान थवानुं निकट हशे तेने सूझशे. बीजाने सूझशे नहि. कारण जे मने तो म्हारा भाग्योदयथी हुं दश वर्षनो थयो त्यारथी ज्ञानमां पैसा खरचवानी बुद्धि एवी थइ जे जेटला पैसा ज्ञानमां खरचुं एटला बीजा काममां खरचवानुं चित्त न हतुं, पण एवी बुद्धि थवाथी म्हारा गाममां कोइ भणावनारनो योग नहि. मुनि महाराजनुं आवागमन नहि तेम श्रावक भणेला प्रेरणा करनार मलेला नही, तेम छतां पण नाम मात्र कंइक जैनधर्मनुं ज्ञान मल्युं. ते सर्व फल ज्ञान उपर प्रेम थवानुं छे.

वली इंग्रेज लोक परदेशी छे, धर्म पण जूदो छे, तो पण आ देशना माणसोने कलाओ प्रमुख भणाववा सारु हजारो रुपीया खरचे छे तो तेथी ते लोकने केटलो क्षयोपशम थयो छे के अनेक प्रकारनी वगर जोएली कलाओ खोली काढे छे ने अनेक वस्तु नवी उत्पन्न करे छे के जेनुं कृत्य समजी शकातुं नथी. एटली बधी तेमने बुद्धि मलवानुं कारण एटलुं छे के ज्ञाननुं उत्तेजन करवामां अत्युत्साह छे. ए उपरथी विचारवानुं छे जे संसारी ज्ञानना उत्साहथी एटलो लाभ मले छे तो वीतरागना ज्ञाननी वृद्धि करवाथी केटलो लाभ थाय? माटे आत्मानुं हित करवा पोताना छोकराने तथा परने हित थाय ते सारु जैनशास्त्र भणाववां. जैन शास्त्र भणवाथी बुद्धि सर्वे काममां वृद्धि पामशे अने भणावनारने लाभ थशे. वली पुस्तक बगडतां होय तो तेनी संभाल करवी. जैननां सर्व

शास्त्र अमरपद पामे एम करवुं जोइए. पंजाबदेशथी आत्मारामजी महाराजजी साहेब गुजरातमां आव्या ने शास्त्र हतां तो जोयां. तेथी ज्ञान मेलवी सर्व देशमां उपकार कर्यो. वली यवनना मुलकमां पण एओ साहेबे जैनधर्म प्रसिद्ध कर्यो ने जैननुं बहुमान कराव्युं तेमां निमित्त कारण शास्त्र हतां तो बन्युं, नहि तो बनत नहि. माटे आपणने वांचतां न आवतुं होय तो ते लक्ष लेवो नहि. पुस्तक हशे तो वांचवाथी घणा पुरुषने लाभ थशे.

प्रश्नः—१३६ नात्रां करवानो रीवाज हिंदुमां नथी ने स्त्रीयो बालहत्या करे छे, तो नात्रानो धारो होय तो सारो के नहि ?

उत्तरः—नात्रां करवानी रीत धर्मथी घणीज विरुद्ध छे. वली तमे बालहत्या थाय छे तेथी नात्रां थवाथी घटवानुं समजो छो, पण म्हारे एक शेसन जडज साहेब साथे वातचित थइ हती. तेमने में पूछयुं हतुं के आपनी आगल खूननां काम आवे छे तेमां स्त्रीयोनी खटपटनां खूननां काम वधारे आवे छे के ते शिवायनां खूननां काम वधारे आवे छे? तेमणे तेनो जवाब आप्यो के स्त्रीओनी खटपटनां खून वधारे थाय छे. बीजो सवाल पूछयो जे जेनी नातमां नात्रां थाय छे तेनां खून स्त्रीयोथी वधारे थाय छे के नात्रां नहि करनारी नातमां वधारे थाय छे ? तेना जवाबमां जडज साहेबे फरमाव्युं जे नात्रावालानी स्त्रीयोना संबंधनां खून वधारे आवे छे. हवे आ उपरथी विचारवानुं जे स्त्रीयो जेवी निर्दय जात बीजी नथी. एक शास्त्रमां कथा वांची छे तेमां--एक राजा दशराने दिवसे माताने नमवाने गयो, माताए आशिष आपी जे स्त्री जेवी छाती थजो. ते राजाने नहि पसंद पडवाथी मताने पूछयुं जे आ आशिष केम आपी ? माताए कह्युं जे स्त्री जेवी छाती पुरुषनी नथी तेथी आशिष आपी ते तने बतावुं. तुं हुकम फेरव के पोतानी स्त्रीनुं माथुं लावे तेने अडधुं राज्य आपुं. ते प्रमाणे राजाए कर्युं; पण कोइ पुरुष माथुं लाव्यो नहि. बीजे दिवसे ढंढेरो फेरव्यो जे जे स्त्री पोताना धणीनुं माथुं लावे

Scanned by CamScanner

तेने अर्द्ध राज्य आपुं. ते सांभली घणी स्त्रीओ धणीनां माथां लावी. राजाना मनमां आव्युं जे स्त्री जेवुं क्रूर कोइ नहि. आ कथा उपरथी समजवुं के स्त्रीने नात्रांनी छूट मले तो आवी क्रूरता वापरे ने पुरुषने परणवानी छूट छे तोपण क्रूरता वापरे नहि ने स्त्री निर्दयता वापरे. माटे नातरांनी छूट नथी. तेथी पोताना धणीनुं खून करतां करावतां पोतानो लाभ तपासे छे के जन्म पर्यंत पहेरवा ओढवानुं खावानुं सुख जतुं रहे-शे ने रंडापो भोगववो पडशे. तेथी बनता सुधी खून करे नाहि. ने नात्रांनी छूट होय तो ए धणी मरी जशे तो हुं नातरे जइश ने बीजो धणी करीश एटले पोताना सौभाग्यपणाना सुखमां खामी पडवानी नथी तथा धणीने मारी नांखतां बिहे नहि तो म्होटा माणसनां मरण करे. वली बालहत्या तो घटेज नहि कारण जे हालमां नात्रां नथी करता तो पण वर नहि मलवाथी केटलीएक न्यातमां कन्याओ म्होटी करवी पडे छे. ने ज्यारे नात्रां थाय त्यारे तेने बदले वली तेटली कन्यानो वधारो थाय ते मोटीओ थाय तो ते सारी चालनी न रहे. तेथी ते गर्भपात करे. हालमां म्हारा सांभलवामां आव्युं छे के इंग्लांडमां कुंवारीओ घणी छे ते बालहत्याओ करे छे. तेमज अहीं उंची न्यातमां नात्रा नथी थतां, ते थाय तो बालहत्या ने म्होटानी हत्या बन्ने जारी थाय. माटे पूर्वना पुरुषोए ए रीवाज राखेलो छे तेज सारो छे. कोइ एम सवाल करशे जे ब्राह्मणमां असल नात्रां थतां हतां ते विषे जाणवुं जे हाल जेम केटलाएक माणस नात्रामां फायदो माने छे तेम ते वखतमां पण माननारा हशे. तेमणे तेम कर्युं हशे. तेमज बालहत्या तथा जुवानहत्या बे विचारनार डाह्या पुरुषे ए वात अंगीकार न करी ते वहिवट चालु रह्यो ते आज चाले छे. ते फेरववामां कंइ फायदो नथी पण नुकशान छे. वली आपणे जैनधर्मीने तो जेम विषय घटे कामथी मुक्त थवाय एम करवुं छे ने ते प्रत्यक्ष जोइए छीए के जेटली विधवा बाइओ धर्म साधन करे छे ने जेटली संसार छोडी संयम ले छे तेटली सौभाग्यवती

Scanned by CamScanner

स्त्रीयों करी शकती नथी. जबराइथी के कुलनी मर्यादथी, शील पालवाथी पण महानिशीथजीमां धन्य कृतार्थ कहेल छे माटे शील पालवानो म्होटो फायदो छे ते अटकी जाय. ने घणीएक विधवाओ तो भावे छे के म्हारे ज्यां सुधी स्वामीनो योग हतो त्यां सुधी तो म्हारुं चित्त विषय त्याग करवानुं थतुं न हतुं. पण हवे सहजे स्वामीनुं कारण छूटी गयुं एटले सहज म्हाराथी शील पलशे एवी सुंदर भावनाओ भावे छे. आत्माने निर्मल करे छे ते नजरे जोइए छीए. वली जेनी नात्यमां नात्रां थाय छे तेने आ दशा बनवानी नथी. तेमां पण कुलवान होय छे ते नात्रां करता नथी ते पण जोइए छीए तेथी एमां लाभ दर्शावे छे ते योग्य नथी.

प्रश्नः—१३७ आत्मा निर्विकल्प छे के सविकल्प छे ?

उत्तरः—आत्मा निर्विकल्प छे. विकल्प करवा ते जडनी संगते आत्मानो उपयोग बगडवाथी थाय छे.

प्रश्नः—१३८ बार भावना तथा चार भावना भाववी एमां पण विकल्प करवामां आवे छे ?

उत्तरः—ए विकल्प छे ते निर्विकल्पदशाने लावनार छे. ए प्रथम अवस्थाए आदरवा योग्य छे. ज्यारे शुक्ल ध्याननो बीजो पायो ध्याय छे, ते वखत अभेद ज्ञान थाय छे. त्यारे विकल्प टली जाय छे. पण शुक्ल ध्याननो पहेलो पायो ध्यातां पहेलां श्रुतज्ञाननुं चिंतवन थाय छे, तेनाथी असंग अनुष्ठानरूप एटले कुंभार जेम चक्र हलावे पछी एनी मेले चक्र फर्या करे, तेम श्रुतज्ञानथी विचार्या पछी सहजदशा प्रगट थाय छे तेथी स्वभाविक ध्यान थाय त्यारे अभेद ज्ञान प्रगट थाय छे. त्यांथी निर्विकल्प दशाना अंश प्रगट थता जाय छे पण ज्यारे बीजो पायो ध्याय छे त्यारे विशेष निर्विकल्पता प्रगटे छे अने ज्यारे केवलज्ञान प्रगटे छे त्यारे पूर्ण निर्विकल्प दशा प्रगटे छे.

प्रश्नः—१३९ केवलज्ञान तो निर्विकल्पदशाथी प्रगटे छे त्यारे विकल्प

Scanned by CamScanner

रूप भावना तथा पूजा प्रतिक्रमण करवुं ए तो वधारे विकल्प सहित रह्युं, ते करवाथी शुं लाभ ?

उत्तरः—भावना विगरे जे जे करणी छे एमां पण अंशे अंशे निर्विकल्पदशा थाय छे. पूजानी वस्तु लाववा द्रव्य वपराय. ए द्रव्य उपरथी मूर्छा उतरे छे ते निर्विकल्पदशाना अंश प्रगटे छे. वली संसारनो राग छूटे त्यारे प्रभु उपर राग थाय छे त्यारे संसार उपरथी जेटलो जेटलो राग छूटे ए निर्विकल्प अंशे छे. वली देव पूजामां वपराय छे ते वखत विषयमां वपरातो नथी ते विषयमां वापरवानी इच्छा छूटी ए निर्विकल्प अंश छे तेमज पडिक्कमणामां पण संसार उपरथी चित्त खसेडे छे, ने पुद्गलदशाथी भाव उतारी व्रतो अंगीकार कर्या छे तेम छतां पण कंइक चित्त लपटाइ जवाथी परभावनी प्रवृत्ति करवाथी दूषण लागे छे ते चित्त स्वात्मदशानुं थवाथी रुचता नथी तेथी परभाव वृत्तिनी निंदा करे छे त्यारे ते निंदा करतां पुद्गल दशानुं अरुचकपणुं जे बने छे ने निज स्वभाव सन्मुख थाय छे ते पण निर्विकल्पदशाना अंश छे. तेमज पौषधमां अने भावना भावे छे ते भावनामां भाववानुं कारण एटलुंज छे के पुद्गलदशा जे विभावदिशा विकल्पमय तेमां अनादिना अभ्यासथी म्हारापणुं मान्युं छे ते खशी जाय त्यारे विभाव वस्तु आत्माने सारी न लागे, ने अनादिनी सारी लागती हती ते कंइक मिथ्यात्व पुद्गल खसवाथी थाय छे. जेटला मिथ्यात्वना पुद्गल खश्या ते स्वात्मभावमां वर्त्तवाना भाव छे तेटला निर्विकल्प अंश प्राप्त थाय छे. माटे जे जे जीव धर्मसाधन आत्म सन्मुख थइने करे छे तेमां अंशे अंशे निर्विकल्पदशा प्राप्त थाय छे. तेमज ज्ञान जे शास्त्र वांचवां ए पण आत्मानी स्वदशानो विचार करीए तो निश्चय नये आत्मा केवलज्ञानमय छे तेने भणवुं शुं ? पण आत्मा केवलज्ञानमय छे ते शास्त्र सांभलवाथी ने वांचवाथी जाणे छे. हवे इहां पण अनादिकालनो जीवनो उपयोग शास्त्र सांभलवा वांचवानो आत्मा जाणवा अर्थे हतो नहि, पण ज्यारे आत्मानी साथे आवरण करनार मिथ्यात्वना

पुद्गल हतां ते खश्यां त्यारे आत्मधर्म जाणवाने माटे शास्त्र सांभलवा-नी रुचि थइ त्यारे इहां पण आत्मा निर्विकल्पमय हतो तेना अंश खुल्ला थया पछी अनुक्रमे जेम जेम शास्त्र सांभलवा मनन करवानुं विशेष थयुं, तेम तेम आत्मानां आवरण खसतां गयां तेम तेम जीव निर्विकल्प थयो पण जीवने प्रथमथी ज निर्विकल्पदशा थती नथी. माटे निर्विकल्पी पुरुषोए जेम अनुक्रमे गुणस्थानको बताव्यां छे ते प्रमाणे अनुक्रमे गुणस्थान चढी निर्विकल्पी पुरुष जे भगवान् तेमणे व्यवहार रूप चडवानी रीति दर्शावी छे, तेना अर्थि जीव वर्त्ते छे तेने तेमां जेटली जेटली निर्विकल्प अंशनी दशा प्रगटे छे तेथी ते आनंदित थाय छे अने देवपूजा श्रावकनां व्रत मुनिनां व्रत प्रतिक्रमण भावना ध्यानादिक सर्वे करणी पोतानी निर्वि-कल्पदशाने सारुं करे छे एम करतां करतां अनुक्रमे निर्विकल्पदशा पूर्ण थाय छे.

प्रश्नः—१४० आत्मा परभावनो अकर्त्ता कह्यो छे ने आ प्रवृत्ति तो क-र्त्तापणे थाय छे ते केम ?

उत्तरः—तमारी वात सत्य छे, निश्चय नये आत्मा परभावनो अकर्त्ता छे. तेमज व्यवहार नये कर्त्ता पण कह्यो छे. ने व्यवहार नये कर्त्ता न मानीये तो आत्माने आवरण पण न लागे, ने आवरण न लागे तो तेने मुक्त थवानुं पण नथी. ज्यारे मुक्त थवानुं बाकी रह्युं नहि त्यारे तो सर्व जीव सर्वज्ञ जेवा होवा जोइए. ते तो जाणता नथी, त्यारे प्रभुजी ए व्यवहार नये कर्त्ता कह्यो छे ते सिद्ध थाय छे, आत्मा व्यवहार नये कर्मने योगे कर्ममय परिणत थइ विभावमय पुद्गलनी करणी विषय कषायनी करी रह्यो छे. हवे व्यवहार नये कर्मबंधनां कारण सेवेछे पण तेमांथी भवितव्यताना योगे कंइक स्वाभाविक कर्मथी हलको थयो ने जेम कोठीमां दाणा थोडा नांखे ने घणा काढे तो सहजे दाणा कोठीमांथी ओछा थाय. तेमज जीव वधारे कर्म भोगवे ने अकाम निर्जरा करे ने नवां थोडां बांधे तेथी हलको थाय, तेथी वितराग सर्वज्ञ पुरुष उपर

Scanned by CamScanner

प्रीति जागे अने सत्संग करे. सत्संगथी पोतानुं स्वरूप सांभले जे निश्चय नये तो म्हारो आत्मा सर्वज्ञ तुल्य छे जो एवो आत्मा न रह्यो होय तो कोइ दिवस आत्मा शुद्ध न थाय. आत्मा अवराय छे ते जेम स्फटिकने डाक मुकीए छीए तेथी स्फटिक डाक जेवा रंगनुं देखाय छे पण ते डाक निकली जाय तो जेवो निर्मल छे तेवो देखाय छे पण एवो डाक परणमी गयो नथी के फरी स्फटिकनुं रूप प्रगटज न थाय. तेम आत्माने एवां कर्म लाग्यां नथी के कोइ काले विशुद्ध थाय नहि. कर्मनां आवरण जेम जेम खसतां जाय तेम तेम विशुद्ध थाय ने ते प्रत्यक्ष अनुमान थाय छे. जेम के कोइक जीव ज्ञाननो अभ्यास वधारे करे छे तो वधारे विद्वान थाय छे तो जो आवरण अभ्यासथी खसतां न होय तो बुद्धिवान केम थाय? पण एवां आवरण छे के आत्मतत्त्व प्रगट करवानो अभ्यास करे तो आवरण नाश पामे. माटे आत्मानी स्वभाविक दशा कायम छे गइ नथी, ते प्रगट करवाने व्यवहार नये गुणस्थाननो व्यवहार प्रभुजीए बताव्यो छे तेम करवो, ने तेम अभ्यास करवाथी आत्मा शुद्ध थशे. ने निश्चय नये अकर्त्ता कह्यो छे ते पण छे. जो अकर्त्तापणानुं निज स्वरूप न जाणे, तो शुद्ध करवानी बुद्धि थाय नहि, ने जे विभावीक करणी छे ते महारे कर्त्तापणे करवा योग्य नथी एम जाणे. माटे निश्चय नयनो पक्ष हृदयमां अच्छीतरे राखे; पण निश्चय नये आत्मा विभावना कर्त्ता छे एम ज्यां सुधी जीव जाणे त्यां सुधी आत्मा शुद्ध करवानी बुद्धि थाय नहि. ज्यां सुधी आत्मा पुद्गलभावनो कर्त्ता जाणे, त्यां सुधी शरीरे दुःख थाय तो मने दुःख थयुं, धन गयुं तो महारुं धन जतुं रह्युं. स्वजननो वियोग थयो तो महारां सगां मरी गयां हवे केम करीश ? महारुं घर जतुं रह्युं. महारुं वस्त्र बगडी गयुं. मने मार्यो, मने गालो दे छे एम पर वस्तुमां महारापणुं जे जीव मानी रह्यो छे, ते जड पदार्थमां महारापणुं माने छे तेनुं कर्त्तापणुं माने छे. में सुखी कर्या, में दुःखी कर्या एम माने छे तेनो त्याग करी निज स्वभावमां रहेवुं. निश्चे

नये स्वभावनो कर्त्ता जाणी विभावनुं कर्त्तापणुं छोडवुं.

प्रश्नः—१४१ आत्मा निर्विकल्प तथा अकर्त्ता छतां कर्त्तापणे व्रत, पच्चख्खाण, प्रतिक्रमण करे, शास्त्र वांचे ने तेथी अकर्त्ता निर्विकल्पता थाय ए केम घटे ?

उत्तरः—कर्म छे ते पर वस्तु छे जेम कोइ माणसने कांटो वाग्यो छे, ते कांटो पर वस्तु छे. वली नरेणीवडे कांटो काढे छे ते नरेणी पर वस्तु छे, तो पर वस्तुए पर वस्तु निकले छे तेम आत्माने जे कर्म लाग्यां छे ते पर वस्तु पर वस्तुना योगे निकले अने हरेक वस्तु अनुक्रमे शुद्ध थाय छे. वस्त्रने मेल लाग्यो छे, ते पर वस्तु छे तेने खारादिक पर वस्तुनो योग बने छे तेथी ते वस्त्र शुद्ध थाय छे. हीरा प्रमुख रत्न पदार्थ छे ते खाणमांथी काढे छे त्यारे मेलवालो होय छे तेने घसवानां शस्त्र लागे छे त्यारे मेल नीकली जइ शुद्ध रत्न प्रगट थाय छे. तेमां पण प्रथम सर्वे मेल जतो नथी. प्रथम तो अल्प अंश जाय छे पण घसवानो अभ्यास करवाथी अनुक्रमे सर्वे मेल जतो रहे छे, पण मेल काढवामां पर वस्तुनो योग जोइए छे, तेम आत्मा कर्म थकी अवरायो छे. तेथी आत्मानी निर्विकल्पदशा पण जणाती नथी. अकर्त्तापणुं पण जणातुं नथी ते आवरणनो प्रभाव छे. ते आवरण खशेडवाने माटे जेम वस्त्र धोवाने पहेलो तो खार चढावे छे, देखातो तत्काल मेल चडेलो जणाय छे, पण वस्तुपणे ते खार मेलनो काढनार छे तेम व्यवहार करणी देखीती तो परभावनी देखाय छे, पण वस्तुपणे अंशे अंशे आत्माने शुद्ध करेछे, जेम जेम अंशे शुद्ध थता जाय छे, तेम तेम व्यवहारनी करणीओ छूटती जाय छे. जेम के श्रावक पौषध करे छे, त्यारे पौषधमां पूजा प्रमुख करता नथी. मुनिने पूजा, गृहस्थनी स्वामिभक्ति ए सर्वे करवा छूटी जाय छे. एम अनुक्रमे सर्वे करणीओ छूटी जाय अने अकर्त्ता गुण निर्विकल्प गुण आत्मानो प्रगट थाय छे. माटे सर्वे करणी निर्विकल्पदशा लाववाने करवा योग्य छे. प्रथम अशुभ क्रियानो त्याग करी शुभ क्रिया

Scanned by CamScanner

करवी छे. पछी जेम शुद्धदशा प्रगट थती जाय तेम शुद्ध क्रियानो त्याग करी अक्रिय पद प्रगट थतुं जाय.

प्रश्नः—१४२ ज्ञानीए तो पुण्य पाप बन्ने त्याग करवा योग्य कह्यां छे, ने तमे तो एकने छोडी एकने आदरवानुं कहो छो ते केम ?

उत्तरः—ज्ञानीए कह्युं छे ते सत्य छे. जेम कोलीनी जात चोरी करवानो धंधो करे छे तेथी सामान्य वचने कोलीनी सोबत करवानो त्याग कहेवाय, पण चोरना भयथी रक्षण करवा सारु जो कोलीने वलावो राखीए तो आपणुं रक्षण थाय, ने वलावाए ज्यारे चोरने मारी काढ्यो, त्यारे निर्भय थया. पछी वलावानो खप नथी त्यारे चोर तथा वलावा बन्नेनो त्याग थाय. तेम अशुभ प्रवृत्तिने टालवा सारु शुभ करणी रूप वलावो छे ते सर्वे अशुभ प्रवृति टली गया पछी शुभ करणीनो पण त्याग थाय. माटे ज्ञानीए बन्ने त्याग करवा कह्या छे ते सत्य छे. सर्व काममां आत्मा अज्ञानपणे अनादि कालनो कर्त्तापणुं मानी रह्यो छे, ने तेथीज आत्माना ज्ञानने आवरण थतां जाय छे ने ज्यारे जीव प्रभुनां आगम सांभले छे ने स्पर्श ज्ञान रूप ज्ञान जीवने परिणमे छे, त्यारे आत्माने आत्मानुं स्वरूप अनुभव गम्य थाय छे त्यारे जाणे छे जे, अहो ! म्हारो आत्मा अरूपी, अनंत ज्ञानमय, सर्व भावनां जाणनार, निर्विकल्पज्ञानी, जडभावनुं जे जे कर्त्तव्य करेलुं छे ते म्हारो स्वभाव नथी. ज्यारे म्हारुं कर्त्तव्य नथी त्यारे तेनो हुं कर्त्ता थउं छुं ते पण अज्ञानता छे. ए वस्तु अनुकूल प्रतिकूल जेने मले तेमां हुं सुख दुःख मानुं छुं ते पण अज्ञानता छे. म्हारो स्वभाव तो जाणवा देखवानो छे ते स्वभावनो हुं कर्त्ता छुं ने ते करवा योग्य छे आवुं ज्ञान थाय छे. माटे निश्चय नये आत्मा स्वभावनो कर्त्ता छे. व्यवहारे विभावनो कर्त्ता छे. जेम जेम निश्चय गुण प्रगट थाय छे, तेम तेम अशुद्ध व्यवहार त्याग यतो जाय छे ने पर भावनुं कर्त्तापणुं टली जाय छे अने जेवुं आत्मानुं स्वरूप छे तेवुं प्रगट थाय छे.

Scanned by CamScanner

प्रश्नः—१४३ तमे जे जे भावना करवानी कहो छो, ते आत्मघरनी छे के परघरनी ?

उत्तरः—जेटलो व्यवहार वर्त्ते छे, पुद्गले करी वर्त्तना करवी छे अने ते सारु भावना भाववी छे, ते सर्व व्यवहार पर घरनो छे. एटले पुद्गल मिश्रित छे. कारण जे आत्माना स्वभाविक गुण तो जाणवा देखवाना छे, पण विचार करवो ते आत्मानो धर्म नथी, ज्यां सुधी संपूर्ण केवलज्ञान प्रगट नथी थयुं, त्यां सुधी पुद्गले करी सहित विचार छे. कारण जे मति श्रुतज्ञान छे ते इंद्रियजनित ज्ञान छे, इंद्रियोनुं बल छे. अवबोध थाय ते पांच इंद्रि ने छट्ठुं मन एना संयोगथी ज्ञान थाय छे. ए ज्ञान आत्मा अने परने संजोगे थाय छे, ते पण जीवनो आत्मा अवराइ जवाथी मति श्रुतज्ञाननो जेटलो बोध छे तेटलो थतो नथी. ज्ञाननी भक्ति, ज्ञानवाननी भक्ति, ज्ञान प्रगट करवानी अतिशय उत्कंठा, तेमज भणवाना वांचवाना काममां अतिशय अभ्यास, जे ठेकाणे ज्ञान मलवानुं होय वा दूर होय, वा नजीक होय ने तेनो वखत साचववो पडतो होय ते सहन करवुं पडतुं होय, ने जे हुकम फरमावे ते करवो पडतो होय, ते सर्वे हुकम तथा सर्व दुःख सहन करी, ज्ञान मेलववाने आलस छोडी, रात्री दिवस उद्यम करे छे, त्यारे ज्ञानावर्णी कर्म थोडां थोडां जेम जेम क्षय थतां जाय, तेम तेम मति श्रुतज्ञाननो बोध वधतो जाय छे. त्यारे जीव म्हारुं स्वरूप अने पारकुं एटले जडनुं स्वरूप ओलखे छे त्यारे शास्त्रमां जडनी संगत छोडवाना जे जे उपायो बताव्या छे ते जाणे छे तेथी तेनी विचारणा करे छे. ए विचारणा एवी छे के जेथी आत्मा पोताना स्वरूपनी सन्मुख थतो जाय छे ने परभावथी चित्त खशेडतो जाय छे. जेटलुं परभावथी चित्त खस्युं तेटलो आत्मा शुद्ध थतो जायछे, जेम के आपणा कुटुंबना माणस शिवायना माणसने घरमां मुनम करीने राखीए छीए तो तेने द्रव्य आपवुं पडे छे एटलुं द्रव्य व्यवहारथी तो ओछुं थयुं लागे छे पण बीजी तरफ विचार करीए तो आपणुं जे धन छे

तेनुं रक्षण करे छे ने नवुं व्याज विगेरे उत्पन्न करी धन वधारी आपे छे. तेम ज्ञान तथा भावनाओ जे पुद्‌गलमां मलीने करवी ते आत्मरूप-थी पररूप देखातुं बहारथी छे, पण वस्तुपणे आत्माने आत्म स्वरूपे जाणे. जडने जड स्वरूपे जाणे. आत्माने निरावरण करवानो उद्यम क-री रह्यो छे. विषय कषायनां काम ओछां थतां जाय छे अने पूर्वनां कर्म क्षय थतां जाय छे. ए बधुं काम पर वस्तुथी थाय छे. माटे ज्यां सुधी केवलज्ञान नथी प्रगट थयुं त्यां सुधी भावनाओ विगेरे बहुज उपकार करे छे. पण जेम दीकराने तथा मुनमने वस्तुपणे बाप जूदा जाणे छे, तेम वस्तुधर्म ओलखवापणे जे ज्ञान आत्म उपयोगनां, ते अवधि मन प-र्यव केवलज्ञान तथा मति श्रुतज्ञान इंद्रियजनित छे. तेने ते रूपे जा-णवां; पण आत्मजनित ज्ञान प्रगट नथी थयुं. त्यां सुधी आ ज्ञाननो अ-भ्यास छोडी दे तो एनां आवरण शी रीते नाश पामे ? एम जे जे रीते सर्वज्ञ महाराजे बताव्युं छे तेम सेवीने आत्मानो आत्मभाव प्रगट कर-वो. जेम जेम आत्मा विशुद्ध थाय, तेम तेम नीचली प्रवृत्ति छोडता ज-वी छे अने समभाव वधारतां जवो छे. जे जे परभावना संयोगथी सुख दुःख अनुकूल शरीरे बने छे, तेमां पोतानो समभाव छोडतो नथी. कोइ मारी जाय छे. कोइ पूजी जाय छे, कोइ गालो दे छे. कोइ गुणग्राम करे छे ते सर्वमां समवृत्ति छे. एवा गुण जेम जेम वधे, तेम तेम जाणवुं जे, हुं चढते पगथीए छुं. तेथी गुणस्थाने चढ्यो पण समजाय, ने जेम जेम गुणस्थाने चढे, तेम ज्ञानीए निचली प्रवृत्ति छोडवानी बतावी छे ते-मज छोडवी. एवा पुरुषो तो मर्यादा प्रमाणे जे वर्त्तशे, ने वीतरागना ज्ञानथी स्वचेतनने चेतन रूपे जाणशे. पर पुद्‌गलने पुद्‌गल रूपे जा-णशे. आत्मा अक्रियपणे जाणशे. क्रिया पुद्‌गलने संगे थाय छे ते पण जाणशे. ज्यां सुधी आत्मानो अक्रिय गुण प्रगट नथी थयो, त्यां सुधी नीचेथी जेम जेम उंचो चढे छे, ने जेटलुं जेटलुं शुद्ध स्वरूप प्रगट थाय छे, तेटली तेटली क्रिया छोडतो जाय छे. दशा तो अक्रिय पदनी भावे

Scanned by CamScanner

छे. स्वधर्म तो जेटलो आत्मधर्म प्रगट थाय छे, तेमां स्थाप्यो छे. साधर्म रूप धर्मने साधन रूप माने छे. जेम कोइ माणसना घरमां लक्ष रूपायानी दोलत छे पण ते जीव जाणतो नथी. एने कोइ पुरुष ते दोलतना गुणनो जाणकार मल्यो, तेणे समजाव्यो के तहारा घरमां आ म्होटी दोलत छे तेना उपर बधो कचरो मेल पथ्थरनो थर चढी जवाथी ते देखाती नथी माटे उद्यम कर, उद्यम करवाथी तारी सर्वे दोलत हाथ आवशे. हवे जे पुरुषने ए कहेनार पुरुषनी प्रतीति छे तेणे ए दोलत तो जमीनमां रही छे तेथी ने द्रव्य विना कंइ काम थइ शकतुं नथी अने पोतानी पासे द्रव्य हतुं नहि तेथी पारकाना पैसा देवा करी व्यय करी मजूरो बोलावी मजूरथी तथा पोतानी महेनतथी महेनत करी द्रव्य काढयुं. तेमज सर्वज्ञ महाराजे आत्मद्रव्यनुं स्वरुप दर्शाव्युं, तेथी आत्मानुं स्वरूप जाण्युं; पण हाल तो जडनी संगतमां छे तेथी ते स्वरूप जणातुं नथी. ते प्रगट करवाने जेम धन काढवा पारकुं धन लइने काम कर्युं तो धन मल्युं, तेम आत्माने अज्ञान संगतमांथी छोडावाना ज्ञानीए जे उपायो बताव्या छे, ते करे तो आत्मधर्मरूपे धन प्रगट थाय. वली एक पुरुषने दोलतना जाणकारे दोलत बतावी. पण ते पुरुषना वचननी प्रतीति करी नहि तेथी तेने दोलत मली नहि. एक पुरुषे कह्युं जे, दोलत छे तो पण हुं पारकानी सहायता नहि लउं. पारकुं देवुं कोण करे? एनी मेले नीकलशे तो लइश. ए बन्ने पुरुषने द्रव्यनी प्राप्ति थती नथी, तेम सर्वज्ञना वचनथी श्रद्धा करता नथी तेने आत्मधर्मनुं ज्ञान थतुं नथी, तेमज आत्मधर्म छे एम नाममात्र जाण्युं, पण तेना साधननी श्रद्धा सर्वज्ञना वचनथी विपरीत करी अने निरुद्यमी थया. आत्मानी वातो करवी, पण काम क्रोध, विषय कषाय छांडता नथी उलटा विषय कषायनी वृद्धि करता जाय छे. ए जीवने पण धर्म क्यांथी थशे ? वली केटलाएक जीव एकला व्यवहार मार्गने सत्य माने छे, केटलाएक जीव एकला निश्चय मार्गने सत्य जाणे छे, प्रभुनो मार्ग तो निश्चय व्यवहार

Scanned by CamScanner

सहित छे. तेथी स्याद्वाद मार्ग कहेवाय छे बीजा धर्ममां एवो स्याद्वाद धर्म नथी तेथी ज मिथ्यात्व कह्युं छे, ते छतां जैनधर्ममां रहि स्याद्वाद मार्गनुं ज्ञान थयुं नहि तो आत्मानुं कार्य केम थाय? माटे जेम सर्वज्ञे निश्चय व्यवहार बन्ने मार्ग कह्या छे तेज रीते प्रवृत्ति करवाथी निकटमां आत्मानी शुद्ध प्रवृत्ति थाय. माटे प्रथम अशुभ प्रवृत्ति छोडी शुभ प्रवृत्ति करवी. पछी जेम जेम आत्मा शुद्ध थाय, तेम तेम शुभ क्रिया छूटे.

प्रश्नः—२४४ आत्मानी शुद्ध प्रवृत्ति शी रीते थाय ?

उत्तरः—सर्वज्ञे आत्मानुं स्वरूप बताव्युं छे ते जाणे पण आत्माना अनंत गुण छे ते सर्वे छद्मस्थपणे जाणी शकतो नथी. पण केटलाएक सर्वज्ञना मुख्य गुण सिध्धांतथी जाणे के आत्मा अरूपी, अनंत ज्ञान, अनंत दर्शन, अनंत चारित्र, अनंत वीर्य, अव्याबाध, अगुरु, अलघु, अक्षय, आ गुण आत्माना छे. आथी विपरीत ते जडना गुण छे, रूप, गंध, रस, स्पर्शवालो ए चार मुख्य गुण जडना छे. तीक्ष्ण बुध्धिवालाए आ बे स्वरूप चेतन तथा जडनां जाण्यां, तेथी ज विचार करे जे वर्ण, गंध, रस, स्पर्श रहित ते चेतन छे. ज्ञान शक्तिवान छे तेथी जाणे छे ते चेतन छे त्यारे हवे हुं महारा गुणमां वर्तु छुं ? तेनो विचार करे. प्रथम आ महारुं शरीर देखाय छे, तेथी रूपी छे, श्वासोश्वास लेउं छुं तेनो स्पर्श, उष्ण अथवा शीतल थाय छे तो ते पण रूपी छे. शब्द बोलुं छुं ते पण कानमां शब्दना पुद्गल अथडाय छे ते पण रूपी छे. आ शरीरनी अंदर रुधिर मांस छे, ते पण रुपी छे. वास्ते ए सर्व शरीर जड छे माटे ते महारुं नहि. त्यारे छोकरानुं स्वरुप देखाय छे, तेथी ते पण महारो नहि. त्यारे स्त्री पण महारी नहि. आ घर छे ते महारुं नहि. बेसुं छुं ते हुं नहि. चालुं छुं ते हुं नहि. वली आहारना पुद्गल तो रूपी छे ने महारो गुण अरूपी छे; तो महारे ग्रहण करवा योग्य केम होय ? त्यारे भूख लागी कहुं छुं ते हुं नहि, मने खाटुं लाग्युं, मने कषायुं लाग्युं, मने खारुं तीखुं लाग्युं. ए पण महारे करवा योग्य नथी. एमां जे मुझाउं छुं ते

अज्ञानता छे तेमज मने सुरभिगंध लागे छे, मने दुर्गंधता लागे छे, मने राग सारो लागे छे, मने आ राग नबलो लागे छे, मने आ स्पर्श सुं- वालो लागे छे, मने आ स्पर्श बरसट लागे छे, आ बधुं ए पुद्ग- लने थाय छे; ते छतां मने थाय छे एम मानुं छुं ए महारी अज्ञानता छे. महारुं स्वरूप में न जाण्युं, तेथी हुं मानुं छुं. मने मारे छे ते हुं नहि, मने गालो देछे एम मानुं ते अज्ञानता छे. मारुं धन जतुं रह्युं, हुं धन पेदा करुं छुं, में लूगडां पहेर्यां छे, में ओढयां छे, में पाथर्यां छे, हुं सूतो छुं, बेठो छुं, आ हुं कहुं छुं ते अज्ञानता छे. हुं सुखी करुं छुं, हुं दुःखी करुं छुं, हुं धनवानु छुं, हुं ऋध्धिवान छुं, हुं परिवारवालो छुं, महारुं सर्वे माने छे, हुं सर्वने शिक्षा करुं छुं. हुं सर्व उपर हुकम चला- वुं छुं, हुं प्रधान छुं, हुं राजा छुं. आवा जे जे गर्व करुं छुं, ते महारी अज्ञानदशाना प्रभावथी करुं छुं, में घरो बांध्यां, मारुं घर पडी गयुं, पण वस्तुपणे ए वस्तुज महारी नहि ते छतां महारी मानी बेठो, ते अज्ञानता छे. में धन आप्युं, में धन लीधुं, मारुं धन जतुं रह्युं, ए विकल्पो अज्ञा- नपणे हुं करुं छुं. में शास्त्र वांच्यां. हुं भण्यो, में भणाव्या, में चेला क- र्या, में व्रत आप्यां लीधां, में गृहस्थ कर्या, में समजाव्या ए कांइ पण विकल्प करवा योग्य नथी. मात्र अज्ञानताना योगे अहंकार दशा प्रगट थवाथी थाय छे परवस्तु महारी नहि. पर जे पुद्गल तेने हुं करुं ने ते अहंकारना मदे करी जड कर्त्तव्यने महारी वा, में वा, हुं शब्दथी बोलुं छुं, पण बोलवुं ए ज महारो धर्म नथी. रोग आव्येथी मने रोग थयो क- हुं छुं पण अरूपी आत्माने रोग थाय छे? ना ना थाय ज नहि. जे रोग थाय छे ते तो आ उदारिक शरीरने थाय, ते उदारिक शरीर म- हारुं नहि ने महारुं मान्युं तेथी मने रोग थयो. एम मानुं छुं ते अज्ञान- ता छे. मने जगत् नमे छे, पूजे छे, महारी महत्वता करे छे पण जे म- हारुं नाम छे ते तो पुद्गलनुं छे ते हुं पुद्गल ते हुं नहि; तो नमे छे मानुं छुं ते अज्ञानता छे. अनेक प्रकारनां आभूषण धारण करी मनमां

Scanned by CamScanner

मानुं छुं जे में घरेणां पहेर्यां छे, ते पहेरे छे, ते तो शरीर छे, हुं तो अरूपी छुं. ए ज्ञान नथी थयुं तेथी हुं मानी रह्यो छुं. स्त्रीओनां मुख जोइ मनमां मानुं छुं के अहो! शुं सुंदर रूप छे? एनी साथे क्यारे भोग करुं? केटलीएक वखत योग बने छे तो तेमां आनंदित थउं छुं. आ महारी केवी मूढता ? जे शरीर जड पदार्थ ते हुं नाहि. वली स्त्रीओनुं शरीर ते पण जड पदार्थ, ए बन्ने जड पदार्थना संयोगमां महारे शुं आनंद करवो? ते कंइ विचार न करतां महारी मूढता वर्त्ती रही छे. ते केवी धिक्कारवा योग्य छे ? कोइ पण परसुखमां लीन थवुं, ते महारो धर्म केम होय? अहो! आवुं स्वरूप जाणुं छुं, तो पण अनादिना अभ्यासथी ए विषयादिकमांथी मूर्छितपणुं जतुं नथी, पूर्वे अनेक महा पुरुषो थया तेमणे पोताना आत्माने जडथी मुक्त करी निज स्वरूपमांज आनंदितपणुं आदर्युं. अहो! तारामां कर्मनां आवरण केवुं जोर करे छे के जेथी वीतरागनी वाणी स्वपरस्वरूपनी सांभली तो पण तेनी असर थती ज नथी! ने हजु पण आत्मा अवराय एवी प्रवृत्ति कर्या करुं छुं, पण हवे तो महारा अरूपी स्वरूपमां रहेवुं एज उत्तम छे. जेम कोइ गांडो माणस जेम तेम बोले, जेम तेम चाले, कूदे, दोडे; पण खरुं पोताने शुं करवा योग्य छे? ते जाणतो नथी, तेम हुं कर्मना संयोगथी मूढ थइ महारा आत्माना स्वरूपने भूली जइ जड जे पुद्गल तेनी प्रवृत्ति रात्री दिवस गांडानी माफक करी रह्यो छुं. संसारमां अनेक प्रकारनां कर्त्तव्य बने छे, ते बधां महारां जाणीने कर्या करुं छुं. वली जडनां कर्त्तव्य करी अहंकारमां महालुं छुं. अहो! शुं अज्ञानता? अनेक जीवोने अनेक प्रकारनां दुख देउं छुं. धिक् धिक् अज्ञानदशाने! आ हुं जड संगते शुं कृत्य करुं छुं? स्त्रीओनां महा दुर्गंधमय स्थानक जेनी विभाविक जीवो पण दुगंछा करे छे, एवा स्थानकोने जीव चुंबनादिक अनेक कृत्यो करे छे! आ सर्वे कृत्यो आत्माना स्वरूपथी भिन्न छे. व्यापासविकमां लुच्चाइ ठगाइ चोरी आदि अनेक प्रकारना जडनी सोबते

हुं कृत्य करुं छुं. आवी जड प्रवृत्ति अनादिकालनी पडी रही छे, ते महारा स्वरूपथी भिन्नपणुं छे, ने आ नजरे मोटी मोटी हवेलीओ देखुं छुं, तेमां नवी नवी रचनाओ कोरणी काम जोइने आनंदित थउं छुं, ते महारे करवा योग्य छे ? ना, ना, ए सर्वे जडनी संगतनो प्रभाव छे. अमारा मकानमां केवो सारो रंग कर्यो छे ? केवी हांडीओ तकता टांगेला छे ? केवां रमकडां गोठवेलां छे ? केवी सुंदर तलाइओ बिछावी छे ? आवी वस्तु जोइ मने आनंद थाय छे ते केवुं आश्चर्य जेवुं छे ? जे वस्तु जड ते महारो पदार्थ नथी. वली जडनी संगतमां पण ए चीज स्थिर रहेवानी नथी विनाशी छे. ते पण विचारतो नथी. तुं एने मूकीने जइश, अगर ए तने मूकीने जशे. तेनुं पण ज्ञान थतुं नथी, अने आसक्तता थाय छे अने निज स्वरूपथी भूलो पडे छे, हवे में महारा आत्मानुं स्वरूप जाण्युं माटे हवे तो एथी हुं न्यारो छुं. एम चोकस थाय छे तो पण हजु ज्ञानीना कहेवा प्रमाणे स्पर्शज्ञान थयुं नथी, तेथी हजु एना उपरथी विचार जतो नथी. माटे हवे महारे शुं करवुं ? हे चेतन! विचार कर. वीतराग देवनो उपदेश सांभल्यो, महारा आत्मानुं रूप जाण्युं, जडनुं रूप जाण्युं, तो पण जडथी चित्त उतरतुं नथी. तेने सारु प्रभुजीए उपाय बताव्या छे, ते महारे करवा योग्य छे. जेम आ सघला विचार छे, तेम ए पण आत्माना स्वभाविक धर्ममां निश्चय नयथी स्वरूप प्रगट थयुं नथी त्यां सुधी अनुभवथी विचार करवा योग्य लागे छे. तेमज रोज आत्मानो विचार करवो ने रोज शास्त्रनो अभ्यास करवो, ते जेम कूवा उपर पथ्थर अथवा लाकडां दाटेलां होय छे, तेनी साथे दोरडुं राखी पाणी काढे छे तो ते रोजना घसाराथी पथ्थर या लाकडामां मोटा खाडा पडी जाय छे, तेमज रोज अभ्यास करवाथी कर्मने घसारो लागशे तो आत्मा निर्मल थशे. माटे अहर्निश सर्व बीजी उपाधि छोडी शास्त्रनो अभ्यस करुं. पण ज्यां सुधी संसारनी उपाधि छे, त्यां सुधी एक चित्ते शास्त्राभ्यास

थाय नहि. माटे संसार छोडी संयम लउं तो संसारी कुटुंबनी उपाधी, व्यापारनी उपाधी छूटी जाय तो पछी निर्विघ्नपणे ज्ञानाभ्यास थाय; पण एटली बधी महारी विभावदशा छूटी नथी तेथी साधुपणुं तो महाराथी पली शके नहि, त्यारे महारो श्रावकनो धर्म जे रीते बारव्रत रूप कह्यो छे ते मुजब अंगीकार करूं. तेथी जेटली श्रावकनी मर्यादा करीश, तेटलुं तेटलुं निरुपाधिकपणुं थशे. जेम के सामायिक करीश एटली वार शास्त्राध्ययन करवामां महारुं संसारी काम हरकत करशे नहि. आखा दिवसनो अथवा अहोरात्रिनो पौषध करीश, त्यारे बधो वखत ज्ञाननो अभ्यास बनी शकशे. वली जेटली जेटली वस्तुओ व्रत लइने त्याग करीश, ते संबंधीनी उपाधीयो महारी टली जशे, ने जेटली जेटली जडनी प्रवृत्ति ओछी थशे एटलुं निरुपाधिक सुख थशे. अनेक प्रकारनी विषयनी इच्छाओ थाय छे ते बधी इच्छा तो रोकाती नथी पण जेटली जेटली रोकाय एटली रोकी स्त्रीना विषय, खावाना विषय, पहेरवाना विषय, सूंघवाना विषय रात्री दिवस मने थइ रह्या छे, ते बधा छोडुं एवी विशुद्धि नथी जणाती; तो जेटला जेटला छूटे ते छोडीने व्रत धारण करूं, एम विचारी श्रावकनां व्रत ले, प्रभु भक्ति करे, प्रभु भक्ति करवा जाय, एटली वार संसारनां कार्य छूटी जाय. वली प्रभु सामा बेसी भावना भावे ते भावनानुं स्वरूप (आ चोपडीमां आगल छे ते प्रप्रमाणे) करी ले. ते भावनाथी घणी विशुद्धि थशे एम धारीने भावे. इहां केटलाएक माणसना मनमां आवे छे जे संसारथी राग उतार्यो ने प्रभु उपर राग कर्यो, विषयनो राग छोडी व्रत उपर राग कर्यो तो ए तो आत्माने बंधन छे. पाछो उपाधिमां पडे छे. वली व्रतनो अहंकार थाय, बीजा नथी करता तेनी निंदा थाय, विगेरे आवा घणा कारणोथी आत्मानी मलीनता थाय छे. ते विषे समजवुं जे संसार उपरथी राग उतारी प्रभु उपर राग करे छे, ते राग प्रभु उपर न करे तो संसारनो राग कायम रहे तेथी कंइ आत्माने बंधन छूटवानुं नथी. पण घरमां बेठो

Scanned by CamScanner

जेटली विभाविक वर्त्तणुक करशे तेटली वर्त्तना कंइ जिनमंदिरमां जइ करवानो नथी. प्रभुना गुण विगेरे गाशे तो तेथी विभावमांथी चित्त खसवानुं साधन छे ने ज्यां सुधी पूर्ण विशुद्धि थइ नथी, त्यां सुधी जीवने चढवानो रस्तो एज छे. तेथी वीतरागे बताव्यो छे ते छतां आवी पोतानी कल्पनाथी एम कल्पे जे आ पण राग बंधन छे ते कहेवा रूप छे. वस्तुपणे तो विभाव उपरथी राग खस्यो नथी तेथी आम बतावी प्रभुना गुण गावा नथी, जेने आत्मानुं कार्य करवुं छे, तेने तो जेटली विशुद्धि थाय, ते प्रमाणे करवा प्रभुजीए बताव्युं छे तेमज करशे.

आगल घणां दृष्टांतो आप्यां छे जेम के कोइ माणसे विष खाधुं छे. हवे ते माणसने खबर पडी जे महारा खावामां विष आव्युं छे ते टालवा सारु कंइक औषध खाउं. पछी विष टालवानां औषधो खावाथी निर्विष थयो. एक माणस कहे छे जे औषध तो कडवुं लागे छे ए कंइ खावानो पदार्थ नथी तेथी खाउं नहि. तो ते माणसने विष उतरे नहि. तेमज प्रभुभक्ति विगरे छे ते विष उतारवानां औषध रूप छे. विष उतर्या पछी औषधनुं काम नथी तेमज राग द्वेष रहित थाय तेने शुभ रागनी जरूर नथी, पण संसारना राग उतर्या नथी ने शुभ रागने बंधन जाणे ए तो जेम विषवालो कडवुं जाणी औषध खातो ननी तेथी ते जेम निर्विष थतो नथी, ते जे अशुभ राग छोडी शुभ राग आदरतो नथी, तेने आत्मानी विशुद्धि थवानी नथी. वली अहंकारादिक विषे कहेवुं छे ते अहंकार कंइ शुभ करणीथी आवता नथी. पण एनी परिणती हजु जडभावमांथी खशी नथी ते करावे छे, हजु ज्ञान थयुं नथी तेथी ते पोते अहंकार करे छे के अमे प्रभुनी भक्ति करीए छीए, व्रत करीए छीए, हजारो रुपैया खरच करीए छीए, अमे मोटां मोटां शासननां काम करीए छीए. अमारा जेवा कोण छे ? आ दशाओ थाय छे ते महा अज्ञानदशानुं जोर छे तेथी ते विषे तो जेमना समजवामां आव्युं छे जे अहो! महारा आत्मानी स्वभावदशा तो जाणवुं देखवुं छे: जड

प्रवृत्ति कंइ पण करवी ते महारो आत्मधर्म नथी. वली आ शुभ करणी पण मात्र हजु जडभाव उपरथी चित्त खसतुं नथी ते खशेडवाने सारु करवी छे. वस्तुपणे महारो धर्म नथी, जेने आवी बुद्धि प्राप्त थइ छे तेने केम अहंकार आवशे ? ने एम करतां थोडी विशुद्धि हशे तेथी मनमां आवशे तो तेने पण प्रवृत्ति जाणी ते अहंकारनी निंदा करशे. तेथी पाछा ओसरवानी भावना भावशे. अहो ! आ महारी शुं दशा जडनी संगते थाय छे ? जगत्मां आ जड शरीर तेने मान मले छे तो ते शरीर ते हुं नहि, तो ए मानथी महारे शुं ? एवी भावना आत्मार्थी भावे छे. रात्री दिवस कषायथी पाछा फरवानी ज दशा जेनी बनी छे ने जेटलुं जेटलुं पाछुं नथी फरातुं ते पण आत्माने प्रतिकूल छे एम भावि रह्या छे. वली जडनी दशा टालवाने व्रत नियम धारण करे छे. ए वस्तुओ खावा पीवानीनो ज्यां सुधी महावरो छे त्यां सुधी ए वस्तु खावानी नहि मले, वा प्रतिकूल मलशे तो मने विकल्प आवशे. वास्ते जे जे वस्तु त्याग करीश तेनो महावरो छूटी जवाथी ते वस्तु उपर चित्त जशे नहि. तो तेनो विकल्प पण थशे नहि. एम जाणी आहार पाणी वस्त्र आभूषण प्रमुखना नियम करी बाकीना वापरवाना त्याग करे छे. व्यापार पण बहु पापना जे पंदर कर्मादान विगेरेना तेनो त्याग करे छे. बीजा पण व्यापार विल्पनां कारण छे माटे पोतानो निर्वाह थाय एटलो व्यापार राखी बीजा व्यापारनो त्याग करे छे. स्त्री आदिकना विषयनी पण मर्यादा करी बाकी त्याग करे के महारे आ प्रवृत्ति जड भावनी ओछी थशे तोज आत्मा स्थिर थशे. ज्यां सुधी संसारनां काम करवानां छे त्यां सुधी ते ते काम धर्मध्यान करती वखत याद आवशे ने आत्मानी परिणती बगाडशे, माटे जे जे कारणे संसारनां ओछां थशे, तेटला तेटला विकल्पो ओछा थशे. ध्यानमां पण समाधि रहेशे. जेम के जे माणस राजा नथी तो तेने लश्कर विगेरेनो विचार चित्तमां आवशे नहि; कारण जे ए काममां एनी प्रवृत्ति नथी. माटे जेटली जेटली प्र-

वृत्ति जारी छे, तेटला विकल्प आवशे. एम जाणी खावाना, पीवाना, बेसवाना, सूवाना, फरवाना, तमासा जोवाना, व्यापारना, स्त्रीओना विषयनां जेटलां जेटलां कारणो छूटे ते छोड के जेथी तारो आत्मा समाधीमां रहे. ने छूटे तेमां पोतानी अज्ञानता विचारे छे के हजु महारुं मन जडथी खसतुं नथी, माटे सत्पुरुषनी सेवा करुं तथा जेथी संसारथी मन खसे एवा शास्त्रनो अभ्यास सांभलवा वांचवानो करुं के कोइ वखत ए उपदेशरूप अमृते करी मारुं चित्त सुंदर थइ जाय, ने विभावथी चित्त खशी जाय. ने स्वभाव सन्मुख थाय. एम भावी तन मन अने धनथी ज्ञानादिकनो अभ्यास करे छे, ते ज्ञान साधनमां कंइ विघ्न न आवे ते सारु सामायक पौषध देशावगाशिक करे. वली विशेष सामर्थ्य जागे तो ध्यान करुं एम विचारी आर्त्तध्यान रौद्रध्याननो त्याग करी धर्मध्यान करे के जेथी आत्मा निर्मल थाय अने निज स्वरूप सन्मुख थउं. एम भावी ध्यानादिकनो उद्यम परवस्तुथी खसवा माटे करे. एम अनेक प्रकारना उद्यम आत्मार्थी करी रह्या छे. हरेक प्रकारे आत्मानी प्रवृत्ति विभावथी छूटे ए सामी दृष्टि बनी रही छे. संसारनुं स्वरूप विचारतां जेम कोइ पुरुष घरमां होय अने चारे पासे आग लागे तो ते घरमांथी निकलवाने जेवो उद्यमवान थाय, तेम आत्मार्थीने संसार दावानल जेवो लागे छे. जे जडनी प्रवृत्ति करे छे तेमां आनंदितपणुं थतुं नथी. एक विटंबना जाणी करे छे. ए दशा पण आत्मा निर्मल थवानी छे. आ संसारमां सर्व चीज छे तेमां स्त्री आदिकनां काम सर्वथी वधारे दुःखदायक छे. कारण जे काम जेने वश थयो तेने पछी बीजी उपाधि छोडवी दुर्लभ पडती नथी ने जेने काम न छूटे तो तेने उपाधि केम छूटे? कामने सारु स्त्री जोइए. स्त्रीने सारु आभूषण जोइए, तेने सारु द्रव्य जोइए. द्रव्य सारु व्यापार करवो जोइए. व्यापार सारुं उधुं चतुं करे, ठगाइ करे, अन्याय करे, अनेक आरंभ करे. वली स्त्री होय तो छोकरां थाय, छोकरां थाय तो परणाववां जोइए. वली ते सारु न्यात

जातमां तेमनी साथे मलीने चालवुं जोइए, तेमनी दाक्षिणता राखवी पडे. एम सघली काम वश न थाय त्यां सुधी अनेक प्रकारनी उपाधि रहे छे अने आत्मा शुद्ध थवामां विकल्पो ए संबंधी आवी पडे छे. माटे अनेक प्रकारनां पुर्वे महा पुरुषोए शास्त्र रच्यां छे तेनो अभ्यास करी काम जीताय एम करवुं. कामने जीतवाथी घणाज विकल्पनां कारण छूटी जशे ते सारु पूर्वे पुरुषोए काम प्रथम जीत्यो छे. अहो ! अहो ! स्त्रीनुं दुर्गंधमय शरीर. ए जग्या पण महा दुर्गंधमय तेमां शुं मग्न थवुं ? केटलाएक जीव चोथुंव्रत धारण करे छे पण धननी तृष्णा छूटती नथी ए लोभनुं माहात्म्य छे, पण जीव विचार करे के अनेक प्रकारनां पाप करी द्रव्य मेलव्युं ते तुं शुं साथे लइ जइश ? ना, ना ते तो कंइ बनवानुं नथी. फक्त जगत्मां कहेवाशे जे हुं करोडपति लक्षपति ए शिवाय घणा द्रव्यथी बीजो लाभ नथी. तो ए द्रव्य परवस्तु तेमां शुं मूर्छित बनी जाय छे ? ए योगे जे जे कर्म बांधीश तेनां दुःख तहारे भोगववां पडशे. धननुं सुख छोकरां विगेरेने आपी जइश ते धन ते भोगवशे. वली छोकरां विगेरे मल्यां छे ते शुं संबधे मल्यां छे ? ते तुं विचार कर, केटलीएक वखत स्नेहथी मले छे, केटलीएक वखत वैरभावथी मले छे, केटली वखत पाछला भवनुं मागतुं लेवा आवे छे एम अनेक संबंधथी मले छे ते तुं जाणतो नथी. फक्त महारां छोकरां जाणी मूर्छित थइ कर्म बांधे छे ने आत्माने मलीन करे छे माटे आत्मा शुद्ध करवो होय तो छोकरांनी धननी ममता ओछी कर. जे जे बने छे ते पूर्वे कर्म बांध्यां छे तेने अनुसारे बने छे. एमां राजी पण शुं थवुं ? ने दिलगीर पण शुं थवुं ? फक्त जे जे बने तेमां जाणवानो आत्मानो स्वभाव छे ते जाणी लेवुं. पण तेमां खुशी दिलगीर थवुं ते आत्माना धर्मथी बहार छे. माटे आत्मानो धर्म जाणवो. हवे शुं जडना काममां राजी दिलगीर थवुं ? तेनो विकल्प करवो ए कंइ करवुं नहिं. पोताना सहज सुखमां मग्न थवुं एम भावतां विशुद्धि वधारे थाय छे तो संसार

Scanned by CamScanner

छोडी संयम लइ आत्माने भावता विचरे छे. शरीर छे ते आहारने आधारे रहे छे तेम छतां आहार न मले ने क्षुधा लागी तो विचारे छे जे अहो आत्मा ! तारो अणाहारी धर्म छे, आहार करवो ए जडनो धर्म छे माटे एमां तारे विकल्प करवो ते केवल कर्मबंधनुं कारण छे. एथी आत्मा मलीन थाय छे. एम विचारी पोते समभावमां रहे. एम करतां आहार मल्यो ते अनुकूल एटले स्वादिष्ट वा, प्रतिकूल ते बेस्वाद मल्यो तो पण विचार छे के जे जे पुद्गल मल्यो छे, तेमां तेवो स्वाद छे पण ए पुद्गल ग्रहण करवा एज तारो धर्म नथी, तो सारा छे वा, नबला छे ए विचार करवो योग्यज नथी, शरीरमां रह्यो छे ने हजु एटली विशुद्धि नथी के आहार न करुं ने शरीरे पीडा थाय अने महारो आत्मा समभावमां रही शके नहीं तेथी आहार ग्रहण करवो छे, पण विकल्प करवो ए मारो धर्म नथी. एम विचारी पोतानी समभावदशामां रहे छे. एज प्रमाणे तृषा लागे त्यारे पण एमज विचारी तृषानो विकल्प करता नथी. शियालानी ऋतुमां टाढ बहु पडवाथी शरीरे ताढनी वेदना थाय छे ते वेदनामां विचारे छे जे टाढ पुद्गलने लागे छे ते मारो जाणवानो स्वभाव छे, ते में जाणी एमां मने टाढ लागे छे एम विचार्युं छे ते अज्ञानता छे. वली एमज उनालानी ऋतुमां तापना पुद्गल आववानो स्वभाव छे ते प्रमाणे पुद्गलने स्पर्शे छे तेमां मारे शुं ? हुं तो अरूपी छुं. तेने कोइ पुद्गल स्पर्शता नथी ने ताप लागतो नथी. वली बफारो थवाथी पवननी इच्छा थाय छे ते मारी अज्ञानता छे. जडमांथी ममता नथी नीकली तेथी पवन खावानो भाव थाय छे. तेथी नवां कर्म बंधाइ मारो आत्मा मलीन थशे. एम भावी पवन खावानी इच्छा रोकी बाफनो विकल्प मूकी पोताना आत्माना आनंदमां आनंदितपणे रहे छे, पण चित्तमां उपाधि चिंतवता नथी. वली डांस, मच्छर करडे छे ते वखत पण पोतानो समभाव छोडता नथी, ने तेने उडाडवानो विचार करता नथी. ए करडे छे ते मने करडता नथी पुद्गलने करडे छे. तेमां

मारे शुं ? कोइ पण माणस पारकुं घर बलतुं होय तेमां पोते फिकर करतो नथी, तेम आ जड शरीरने करडे छे तेमां पोताने विकल्प करवानुं कंइ कारण नथी. तुं तारा आनंदमां रहे एम भावे छे. वली वस्त्र फाटेलां होय वा न मले, जाडां जोइतां होय अने पातलां होय, पातलां जोइतां होय ने जाडां होय एवुं वस्त्र संबंधी कारण मलेथी पोताना सम भावथी खसता नथी ने विचारे छे जे वस्त्र पुद्‌गलने पहेरवां छे आत्माने वस्त्र पहेरवानां नथी तो एमां हुं शी बाबत राग द्वेष करुं ? जेवुं पूर्वे कर्म बांध्युं छे तेना उदय माफक मले छे. एमां सारुं शुं ? ने नबलुं शुं ? आत्माने पहेरवानांज नथी तो आत्मा शी बाबत विकल्प करे ? एवा भावथी समभावमां वर्त्ते छे. वली शरीरे पीडा थवाथी कंइ पण प्रकारनी अरति उत्पन्न थवानां कारण मले, पण जेणे स्वपरनुं स्वरूप जाण्युं छे ते पुरुष अरति चिंतवता नथी. कारण जे स्वभाव बहारनां काम बने तेमां आत्माने अरति करवानुं कंइ कारण नथी. तेथी अरति करता नथी. स्त्री परिषह ते स्त्रीओ रूपवाली आभूषणवाली कदापि इंद्रनी इंद्राणी आवीने मुनि आगल हाव भाव करे छे, विषयना चाला करे छे, आंखोनां कटाक्ष मारे छे, हास्य विनोदना शब्द बोले छे, ते सांभली मुनि विचारे छे जे अहो ! आ जीव पुद्‌गलना रंगमां शुं रंगाइ गया छे ! पुद्‌गलने शोभावाने आनंदित थाय छे ! पुद्‌गलना चाला करी खुशी थाय छे ! शुं जीवने अज्ञान पीडे छे ! मारे तो एनी सामुं जोवानी जरूर नथी. कारण जे अनादिकालनो हुं पण पुद्‌गलनो रंगी हतो तेथी स्त्रीओनो रागी हतो हुं पण अज्ञानपणे आ स्त्रीनी पेठे चाला करतो हतो ते चाला रखे याद आवे ! ने पाछी एना जेवी प्रवृत्ति थाय ? माटे मारे तो कामिनीनी साथे बोलवुं नहि. एना अंगोपांग जोवाए नहि. हुं एने जोउं तो मारा आत्मानुं आत्मतत्त्व भूली जउं माटे मारे जोवुं ज नहि. ए सारु ज्ञानीए पण जेम सूर्य सामीदृष्टी पडी होय ते तरत जेम खेंची लइए छीए, तेम खेंची लेवा कह्युं छे.

ते पण सत्य छे. ए स्त्रीनी संगते में पण पूर्वे बहु अज्ञानता करी छे. माटे एना कर्मनी विचित्रता प्रमाणे करे छे, आवा स्त्रीयादिकना राग बंधन थाय ते सारु मुनि विहार करे छे. एक ठेकाणे रहेता नथी. विहार करवामां चालवुं पडे तेनो थाक रस्तामां लागे, पग दुःखे, तो ते वखत पण मुनि भावे छे जे अहो आत्मा ! थाक तो पुद्गलने लागे छे. दुखे छे ते पण पुद्गलने दुःखे छे. तुं शी बाबत विकल्प करे छे ? एम विचारी पोताना आत्मस्वभावमांज मग्न रहे छे, पण पोताना आत्मभावथी चित्त चलायमान करता नथी. ने ए संबंधी कंइ पण विकल्प करता नथी. ए प्रभुना वचनथी तथा पोताना अनुभवथी पोताना आत्मधर्मनी श्रद्धा करी छे, तेनां फल छे. हरकोइ मुकाम निरवद्य मले छे. ते मकानमां रहे छे. ते मकान प्रतिकूल होय वा, बहु सुंदर होय तेथी अनुकूल होय तो पण ते संबंधी राग द्वेष धरता नथी. प्रतिकूल करता अनुकूल परिसह जीतवो कठण छे, पण आत्मज्ञानी पुरुषो तो गमे ते होय पण पोताना निज स्वरुपथी आघा जता नथी एटले विकल्प आवतो ज नथी. पाथरवानो संथारो अनुकूल वा, प्रतिकूल मले; तेमां पण कंइ चिंतवता नथी. ने आत्मानो उदासीभाव थइ गयो छे, ते प्रतिकूल अनुकूलमां चित्त जतुंज नथी. एटले कंइ पण विचार करवो पडतो नथी. गमे तेम थाय पण पोते पोताना ज स्वरुपमां रहे छे. ने जड कृति सामुं लक्ष देता नथी. जाणवानो धर्म छे, तेथी तेनुं स्वरूप जाणी ले छे. आक्रोष परिसह उपजे ते कोइ आवीने कडवां मर्मनां द्वेषमय वचन कहे यद्वा तद्वा बोले, वा मकार चकार बोले तो पण जराय निज स्वरूपथी चलायमान थता नथी. पोते जे आनंदमां वर्त्तता होय, तेज आनंदमां वर्त्ते, कोइ आवीने वध करे तो पण समभाव छोडता नथी. जेम के मेतार्यमुनिने वाधर बांधी जेथी माथुं फाटी गयुं, प्राण गया, गजसुकुमालजीने सोमील ससराए अग्निना अंगारा माथे माटीनी पाल बांधीने सिंच्या तो पण जराय पोताना आत्मभावथी चलायमान न थया अने

Scanned by CamScanner

ध्यानधारा वधारी केवलज्ञान पामी सिद्धिने वर्या. पांचशे मुनिने पालके घाणीमां पील्या, तो पण समभावमां रह्या. तेथी केवलज्ञान पाम्या. एवी रीते जे जे मारकूट करे छे तेनी दया भावे छे के, आ बिचारो अज्ञानपणे कर्मबंध करे छे, पण पोताने दुःख थाय छे ते सामुं लक्ष आपतो नथी. एवी रीते मुनि महाराज समभावमां रहे छे. मारनार उपर द्वेषभाव जरा पण करता नथी. भगवानने संगमा देवे अतिशय आकरा घणा उपसर्ग कर्या. तो पण भगवान् चलायमान थया नहि. तेमज आत्मज्ञानीने अध्यात्म ज्ञान प्रगट थयुं छे. तेना प्रभावे गमे ते उपसर्ग आवे छे, ते समभावे सहन करे छे, पण तेने दुःख देवानुं स्वप्नमां पण विचारता नथी. आहार विना रहेवातुं नथी. तेथी शरीरने आधार आधार आपवा आहार पाणी लेवा जाय छे तेमां मनमां एम विचारता नथी जे, हुं गृहस्थपणे चक्रवर्त्ति वा, वासुदेव वा, मंडलिक राजा वा, शाहुकार हतो ते हुं याचना करवा केम जउं? फक्त एमज विचारे छे जे आ शरीर आहारने आधारे चाले छे, तेथी एने आहार नहि आपुं ने शरीर मंद पडशे तो महारो समभाव कायम रहेवानो नथी. माटे ए शरीरने आहार आपवो छे, ते सारु तीर्थंकर महाराजे याचना करवानी मर्यादा बतावी छे. ते करवी एमां हुं महोटो राजा छुं. ए विचार कंइ करवानो नथी. कारण के राजाने रंकपणुं तो पुद्गलने छे आत्मा तो राजाए नथी ने रंक पण नथी. पोताना आनंदमय छे. पुद्गलने आहार पोषवा पुद्गल फरे छे. याचना करे छे एमां महारे कंइ विकल्प करवाना नथी. जे जे पूर्वकर्मने योगे क्रिया करवानी छे, ते थाय छे, एम याचना करवा जतां आहार मल्यो नहि ते अलाभ परिसह उत्पन्न थयो तो पण अलाभथी राग द्वेष करता नथी, ने विचारे छे जे आहार संबंधी अंतराय कर्म पूर्वे बांधेलुं छे ते उदय आव्युं छे तेथी आहार मलतो नथी, माटे एमां कंइ विकल्प करवानुं कारण नथी. एम विचारी पोताना समभावमां रहे छे. वली पूर्वकर्मना प्रभावथी शरीरे रोग उत्पन्न थाय तो

Scanned by CamScanner

ते पण पोतानी आत्मदशामां रहीने भोगवे छे, पण रोग संबंधी कंइ पण चिंतवन करता नथी. जाणे छे जे रोगनी पीडा उत्पन्न थइ छे तेमां हुं विकल्प करीश तो पाछां एवां कर्म बंधाशे, तो आत्माने कर्म थकी मूकाववाने प्रवर्तु छुं तेने बदले कर्मना बंधनमां पडीश. एम उपयोग बनी गयो छे. तेथीज पोतानी समभावनी धारा वर्त्या करे छे ने जे थाय छे ते जाणी ले छे, पण तेमां लीन थता नथी. कदापि पगमां घास प्रमुखना तृण कांकरा खुचे छे, कारण जे मुनिने जोडा पहेरवा नथी तेथी पगमां खूचे, वली पोते भाग्यशाली सुकोमल होय तो पण जरा तेमां खेद धरता नथी. मात्र कर्म स्वरूप जाण्युं छे तेथी ते संबंधीनो विचार ज चित्तमां आवतो नथी. कदापि थोडि विशुद्धिवालाने विचार आवे तो पाछो विचार करे छे के पगने खूचे छे, आत्मा अरुपीने कंइ खूचतुं नथी. माटे शा बदले हुं विकल्प करुं ? एम करी समभावमां रहे छे. शरीरे मेल प्रमुख थाय छे. कारण जे शरीरनी विभूषा तथा शुश्रुषा कंइ पण करवी नथी. तेथी शरीरे मेल थाय तो पण शरीरे ते हुं नहि. ए भाव बन्यो छे तेथी विकल्प थतो नथी. सत्कार परिषह ते मोटा मोटा राजा आवीने बहुमान करे छे. अहो महात्मा ! तमारा जेवा सत्पुरुष आ दुनियामां नथी. पांचे इंद्रियो वश करी छे जरा पण शरीरनी ममता नथी. केवल आत्मभाव तमे खरो जाण्यौ छे कोइ पण वखत तमे आत्मभावथी चूकता नथी. तमारा जेवा ज्ञानी आ जगतमां नथी. तमारा जेवा उपकारी कोइ नथी. मने जे धर्म बताव्यों छे तेनो जे उपकार कर्यो छे ते पण महारा माथा उपर छे, आप साहेबजीनी जेटली भक्ति करुं ते ओछी छे. एवी अनेक प्रकारनी स्तुति आवीने करे पण जराए अहंकार करता नथी. मनमां विचारे छे जे हजु हुं पुद्गलदशामांथी तो खस्यो नथी. आ पुरुषो तो आवी महोटाइ आपे छे तो महारे पण जे जे पुद्गलदशामां उपयोग जाय छे ते पाछो वालवो जोइए ए ज्ञानदशानां बहु मान करे छे तेवी ज्ञान दशा हजु थइ नथी. माटे

जे जे ज्ञानमां खामी छे. ते प्रगट करवाना उद्यमी थवुं जोइए. अहो ! सर्वज्ञना ज्ञान प्रमाणे हजु तो मने ज्ञाननी बहु खामी छे. आवा विचारथी अहंकार आवतो नथी ने पोताना समभावमां कायम रहे छे. ज्ञान परिसह उपजे जे बीजाओ करतां पोताने बहु बोध थयो होय तेथी मनमां आवे जे, हुं ज्ञानी छुं तेवो जगत्मां कोइ ज्ञानवान नथी. आवा विचार करीने कर्म बांधी आत्माने मलीन करे छे, पण ए कोण करे छे ? जेणे पोतानो आत्मधर्म जाण्यो नथी. ने बहारथी ज्ञान मेलव्युं छे तेवा जीवने ज्ञानीपणानो अहंकार आवे छे ने ते जीव आवते भवे अज्ञानी थशे. पण ज्ञानी जीव तो एम विचारे छे जे, मारा आत्मानो स्वभाव तो केवल ज्ञानमय छे. तेमांथी तो हजु सुधी कांइ पण ज्ञान प्रगट थयुं नथी, वली श्रुत ज्ञानी पण पूर्वे चौद पूर्वना धणी दशपूर्वना धणी थया छे. तेनी अपेक्षाए मने शुं ज्ञान थयुं छे ? के हुं अहंकार करुं ? एम पोतानी अपूर्णता भावी ज्ञाननो अहंकार करता नथी पोते पोतानी दशामां रहे छे.

हवे अज्ञान परिषह ते पोते पोताना आत्मभावने गुरु मुखे जाण्यो छे पुद्‌गलभावने ज़ाणे छे तेथी स्वपर भेदनुं ज्ञान थयुं छे. ने जेम गुरु महाराज कहे छे, तेम आत्मतत्वनी श्रद्धा करी पोतानी आत्म दशामां वर्त्ते छे, पण तर्क वितर्कनो बोध नथी, षटशास्त्रनुं ज्ञान नथी तेथी कोइनी साथे वाद करवानी शक्ति नथी. परने बोध करवानी शक्ति नथी तेथी बीजा जीवो नींदा करे छे अहो मूढ ! अहो अज्ञानी ! माथुं मुंडाव्युं पण कंइ ज्ञानतो छे नहि. एवां आकरां वचन कहे छे त्यारे समभावी मुनी थोडुं भण्या छे, पण पोते पोतानो विचार करीं शके छे. एवा नु नि भावे छे के, ए जे कहे छे ते सत्य छे. मारामां ज्ञान नथी अने पाछला भवनां आवरण छे तेथी मने बोध नथी त्यारे ए कहे छे. ए तो महारो सद्‌गुरु छे माटे एमां शी बाबतनो खेद करुं ? वली बीजी रीते शास्त्र भणे छे पण आवरणने लीधे आवडतुं नथी त्यारे जेने आत्मार्थि

पणुं प्रगट थयुं नथी, ते शुं विचारे छे के, मने आवडतुं नथी एटले भ-
णवानो वखत काढीने शुं करुं ? एम विचारी ज्ञानाभ्यास बंध करे छे
तेने ज्ञानावरणी कर्म बंधातां जाय छे. मासतुस मुनि सरखा आत्मार्थि
छे ते तो नथी आवडतुं तो पण उद्यम छोडता नथी ने उद्यम नहि छो-
डवाथी कदापि ज्ञान आवडतुं नथी पण समये समये ज्ञानावर्णी कर्म
क्षय थतां जाय छे माटे आत्मार्थी पुरुषो तो ज्ञान नथी आवडतुं तो पण
ज्ञाननो अभ्यास छोडता नथी ने सदा ज्ञानना उद्यममां प्रवर्त्ते छे. एवा
पुरुषो अज्ञान परिषह जीते छे.

सम्यत्त्व परिषह ते आ चौदराज लोकने विषे छ द्रव्य रह्या छे, तेमां
पांच द्रव्य अरूपी रह्या छे ने एक पुद्गलद्रव्य रूपी छे तो पण पुद्गल
परमाणुं तो अतिशय नहानो छे, दृष्टिए आवतो नथी. एवा घणा पर-
माणु एकठा थइ बादर स्कंध थाय छे. ते देखवामां आवे छे, पण सू-
क्ष्मस्कंध देखवामां आवता नथी. अरूपी पदार्थ पण देखवामां आवता
नथी. ए पदार्थनुं वर्णन सर्वज्ञ करी गया छे. ते सर्वज्ञ तो रूपी अरूपी
सर्व पदार्थ जाणे छे तेमने जाणवुं मुश्केल नथी. सहज जाणी लीधां
छे ने ते प्ररूप्यां छे. हवें एवा षटद्रव्यना भावनां वर्णन शास्त्रमां छे,
ते जोइने अनेक प्रकारनी अज्ञानपणे शंका थाय छे ने सर्वज्ञना वचन
उपरथी आस्ता उठी जाय छे. पण जे पुरुषने सम्यक्ज्ञान थयुं छे, ते
पुरुषे अनुमानथी केटलीएक वस्तुनो निर्णय कर्यो छे तेथी ते जाणे छे
जे आ सर्वज्ञ निष्पक्षपाती छे जेनी घणी वातो साची समजाय छे, ने
कोइ कोइ सुक्ष्म वातो नथी समजाती तो पण प्रभुना वचन उपर श्रद्धा
राखवी ए योग्य छे. महावीर स्वामी महाराजे जे मार्ग आत्मधर्म प्रगट
करवानो बताव्यो छे, तेथी अधिक कोइ धर्मवालानें देखता नथी. तो
हुं शा वास्ते अश्रद्धा करुं ? केटलीएक वात तो प्रत्यक्ष सिद्ध थाय छे.
तो जेम आखा तपेलामां चोखा चडाववा मूक्या होय, तेमांनो एक दा-
णो सिझेलो जोइ बधा दाणा शीझी गया मानीए छीए, तेम आ पुरुष

Scanned by CamScanner

नां घणां वचन न्यायथी सिद्ध थाय छे ने बीजां कंइक नथी समजातां तेनुं कारण महारुं अज्ञान छे. कारण जे अज्ञानना जोरथी यथार्थ न्याय जोडी शकाय नहि, तेमां कंइ सर्वज्ञनी भूल नथी. एम विचार करी सूक्ष्म वातनी श्रद्धा करे छे, ते पुरुष सम्यक्त परिषह जीत्यो कहीए. ने केटलाएक अज्ञानी जीव बीजा जीवोनी बाह्यनी बाबतोनी तकरारो सांभली तेमां मूझाइ जाय छे, जेम के हालमां इंग्रेज लोक पृथ्वि फरे छे अने सूर्य स्थिर छे एवुं कहे छे ने ते उपर अनेक दुर्बिनो वडे जोइने माणसने समजावे छे. ते समजीने माणसो कहे छे जे शास्त्रमां तो सूर्य फरतो कह्यो छे, ते वात मलती नथी. माटे जैनशास्त्र उपर शुं श्रद्धा करीए ? आवी दशा थाय छे, पण ए विषे विचारवानुं छे के जेम लाखो रुपीआ इंग्रेज लोको एवा काममां खर्चे छे ने तेनी महेनत करे छे महेनत करनारने पण हजारो रुपीआना पगार तथा इनामो मले छे तेवी रीते हालमां जैनमां कोइ राजा नथी अने एवा पइसा खरचवा ते राजाओनुं काम छे अने पइसा खरच्या विना पृथ्वि उपर फरी शंकाय नहि अने तेनो निर्धार थइ शके नहि अने ज्यां सुधी निर्धार करवानी शक्ति नहि, त्यां सुधी प्रभुना वचन उपर प्रतीत राखवी जोइए. आपणी शक्तिनी कसूर बदले शास्त्र उपरथी आस्ता उतारवी योग्य नथी. वली इंग्रेजो कहे छे ते वात न्यायथी पण बेसती नथी, ते छतां तेनां वचनोनी माणसो श्रद्धा करे छे ते करतां प्रभुना वचननी श्रद्धा करे छे, तेज बहु सारी छे.

हवे इंग्रेजो कहे छे जे सूर्य इहांथी त्रण करोड माइल दूर छे ने आ पृथ्विनो फेरावो २४ हजार माइलनो छे, ते करतां सूर्य चौद लाख गणो मोटो छे. आ रीते माने छे. हवे विचार करो जे पृथ्वि करतां चौद द लाख गणो सूर्य मोटो छे, तो पृथ्विमां रात्री पडवी न जोइए. कारण जे पासा उपरथी अजवालुं बधे जवुं जोइए. जेम एक इंचनी सोपारी एक बाजु उपर होय ने एक बाजु उपर चौद लाख इंचनुं अ-

जवालुं होय तो सोपारीनी कोइ पण बाजु उपर प्रकाश विनानुं रहे? अर्थात् नहिज रहे- तेमज पृथ्विनो गोळो माने छे ते गोळा उपर बधे प्रकाश होवो जोइए रात्री पडवी जोइए नहि. ए बाबतमां केटलाएक एवुं कहे छे जे त्रण करोड माइल आघुं छे, तेथी गोळानी एक बाजु उपर अजवालुं आवे नहि. ए कहेवुं अक्कलथी विरुद्ध छे. ए चोवीश हजार माइल तो गोल चक्र भरतां छे, पण एक जाडाइने लंबाइ गणीए तो आठ हजार माइल थाय. हवे त्रण करोड माइल सुधी जे प्रकाश आवी शके छे, तेने आठ हजार माइल आववामां कांइ हरकत होय ए वात संभवती नथी. वळी एम कहे जे पृथ्वि काळी छे, तेनुं ओछुं पडे छे. ए वात पण संभवती नथी. गोळ वस्तुनी चोरे पासे प्रकाश प्राप्त थाय तेमां कंइ हरकत थाय ए वात पण अक्कलथी दूर छे. तेम छतां केटलाएक माणसो इंग्रेजोनो कळा कौशल्यता जोइने श्रद्धा करी धर्मनी श्रद्धा उपाडे छे, ते अज्ञानता छे. एम समजवुं जोइए. संसारनी कळाओ करवानो जीवने अनादिनो अभ्यास छे ते कलाओ आवी तेमां कंइ नवाइ नथी, पण धर्मनी कळा आववी ए बहु दुष्कर छे. हजारो माणसमांथी धर्मना प्रवर्त्तनारा बहुज थोडा होय. धर्मनुं जाणवुं ते मुश्केल छे. इंग्रेज लोक दूर देश रह्या, ने सर्वज्ञ आ देशमां थया, तेथी आ देशना माणसोने तो कंइ कंइ वासना पण सर्वज्ञनी आवी, पण दूर देशवालाने कंइ पण वासना आवेली नहि. तेथी धर्मनी बाबतमां ए लोक कंइ पण समजता नथी. व्यवहारीक कळाओ तो पोताने हाथे शीखवाथी आवे छे, पण अरूपी पदार्थनुं ज्ञान सर्वज्ञना वचनथी थाय छे. माटे सर्वज्ञना वचन उपर जेनी श्रद्धा कायम रहे छे, तेने सम्यक्त परिषहनो जय कर्यो कहीए इहां कोइने शंका थशे जे भगवाने कह्युं तेज हा कहेवी, ने कंइ विचार करवो नहि. ते विषे जाणवुं जे सर्वज्ञनी ओळखाण प्रथम करवी. तेमां सर्व प्रकारे शुद्धता जोवानी छे, ते जोइ लीधी अने तेमां पण कोइ ठेकाणे विरोधता देखाय नहि,

त्यारे तेमना उपर आस्ता राखवी एज योग्य छे. माणसो सूर्य पृथ्विनी वात प्रत्यक्ष गणे छे, पण ए प्रत्यक्ष नथी. कारण जे ए लोक त्रण करोड माइल दूर सूर्य कहे छे तेनुं मुकरर करे छे ते अनुमानथी करे छे. दूर कहे छे ते अनुमानथी कहे छे. तेम पृथ्विनुं मान कहे छे ते पण अनुमानथी करे छे माटे अनुमानमां घणो फेर पडी जाय छे. जेम के डुंगरो छे ते उंचा छे. पण दूरथी जोइए तो नीचा देखाय छे, एक माणस नीचे उभो छे ने तेने सात मालनी हवेली मांथी जोइशुं, तो ते माणस नहानो सरखो देखाशे. वली कंइक चित्र चितरेलां छे ते बे आंखो उघाडी राखी जोइशुं तो चित्र ज देखाशे. बधुं अंग देखाशे नहि. तेज चित्र जो एक आंख मीचीने एक आंखे धारी धारीने जोइशुं तो चित्रमां चितरेलुं माणस साक्षात् जेवुं माणस होय एवुं देखाशे. खरी रीते जोइए तो चित्र छे ते कइ वस्तुपणे माणस नथी. ते छतां माणस देखाय छे. एम ज दूरबीनथी पण विचित्र प्रकारनां देखाय तेमां केटलाएक भ्रम रहि जाय. माटे ज्यां ज्यां जे वस्तु छे, ते वस्तु ते ठेकाणे जइने जोइ नथी त्यां सुधी ते वात मानवी ते व्याजबी नथी. कोइना कहेवाथी सर्वज्ञना वचननी आस्ता छोडवी नहीं. बधे ठेकाणे फरी निर्धार करवो जोइए. ते बनी शकतुं नथी, त्यारे इंग्रेजोनुं कहेवुं अनुमाननुं मानवुं, ते करतां सर्वज्ञनुं कह्युं मानवुं तेज सारुं छे. आवा विचार करी आत्मार्थिने तो कांइ पण व्यामोह थतो नथी. बीजी रीते आत्माने तो संसारथी मुक्त थवुं छे, ते मुक्त थवाना उपाय जे सर्वज्ञे बताव्या छे, तेनो अभ्यास करतां सर्वज्ञता प्रगट थशे, त्यारे बधुं देखाइ जशे. हाल ए तकरारमां महारी शक्ति विना क्यां पडुं ? ए तकरारमां पडुं तो तेमां बधी तपास करतां महारी उम्मर वहि जाय तो पछी महारे आत्मसाधन करवुं तेनो वखत मले नहि. माटे हाल तो आत्मसाधन करी जडभावमां जे महारी प्रवृत्ति छे, तेथी मुक्त थउं. अने स्वभावमां रहेवाने उद्यम करुं. आम विचार करी दश प्रकारनो यतिधर्म

Scanned by CamScanner

छे ते पाळे छे, तेमां प्रथम क्षमा ते क्रोधनो जय. कोइ अनेक प्रकारे तिरस्कार करे, आकरां वचन कहे, कंइ चीज लइ जाय, नुकशान करे, पण क्षमा गुण आव्यो छे तेथी तेना उपर द्वेष थतोज नथी. कारण जे ते वस्तु बहार बने छे, तिरस्कार महारा नामने करे छे. वा, आ शरीर छे तेने करे छे. तो शरीर ते हुं नहि. एम जाणी लीधुं छे. कंइ चीज लइ जाय छे ते चीज महारी नथी, ते तो जड पदार्थ छे तेथी तेमां पण महारुं कंइ नथी एम जाणवुं ने जे जे बने छे ते ते कर्मना योगथी बने छे ते जोवुं छे. एमां कंइ राग द्वेष करवानुं कारण नथी. आ दशा थइ जवाथी क्षमा गुण आवे छे तेथी क्रोध थतो नथी. तेमज माननो जय करे छे. मान शी बाबतनुं करवुं ? आ शरीर, धन, स्त्री इत्यादि पदार्थ कंइ महारा नथी एम निर्धार कर्यो छे एटले शी बाबतनुं मान थाय ? वळी पोते ज्ञानवान छे ते विषे पोताना मनमां छे के महारा आत्मानी शक्ति तो केवलज्ञाननी छे, ते हजु प्रगट न थयुं ने अवराइ गयुं छे, ते छती वस्तु महारी प्रगट नथी थइ तो महारी लघुतानुं स्थानक छे. तो हवे हुं शी बाबतनुं मान करुं ? आवी दशाओ बनी छे. तेथी मार्दव गुण आव्या छे. तेथी मानदशा सहज छूटी जाय छे. मान मूकवानो विचार पण अधूराने करवानो छे. पूरा पुरुषने तो विचार करवो पडतो नथी कारण जे मान आवे तो मूकवानो विचार करे, पण आवी दशाथी मान आवतुंज नथी. हवे आर्जव ते मायानो त्याग ते माया जे कपटनी रचनापणुं सहज छूटी गयुं छे, मुनिए आत्मापणुं जाण्युं छे, तेमां सर्वे जड पदार्थ पर जाण्या छे तेमां केटलीएक प्रवृत्ति करे छे, ते मात्र निज स्वरूप अवरायलुं प्रगट करवा करे छे. तो हवे कपट शुं करवा करवुं पडे ? चेलानी इच्छा नथी, श्रावकनी इच्छा नथी. धननी इच्छा नथी, आ महारा ने आ महारा नहि ! ए पण करवुं नथी. फक्त पूर्ण ज्ञान नथी उत्पन्न थयुं त्यां सुधी पूर्ण ज्ञान उत्पन्न करवानो उद्यम करवो छे. तेमां निर्वाह करवो जोइए ते वस्तु मळी तो ठीक, अने

Scanned by CamScanner

न मली तो पण ठीक. आ दशाना वर्तनारने कपट करवानी जरूर शी पडे के करे ? माटे निष्कपट आर्जव गुण प्रगट थवाथी सहजे वर्त्ते छे. निर्लोभता गुण ते पोताना शरीरने महारुं जाण्युं नथी, तो लोभ शी बाबतनो रहे ? शरीर महारुं नहि ने शरीर रक्षणना पदार्थ महारा नहि. ए सर्वे जड पदार्थ उपरथी राग उतरी गयो छे, एटले लोभ शी बाबतनो करे ? माटे निर्लोभता उत्पन्न थइ छे. कंइ वस्तु शरीरनो निर्वाह करवा जोइए छे, ते वस्तु मली तो ले, न मली तो ते बाबतनो विकल्प नथी करता. एम विचार छे जे पुद्गलने वस्तु जोइए छे ने पुद्गलने मलती नथी. एम विचारी पुद्गलीक वस्तुनो लोभ करता नथी. त्यारे इहां कोइ प्रश्न करशे के ज्ञान भणवानो लोभ होय के नहि ? ते विषे जाणवुं जे ज्ञान भणवा वांचवानो लोभ पण निश्चे दशामां जाय छे, ने ज्यारे ध्यानी पुरुषो थाय छे. ने आठमे गुणस्थाने क्षपकश्रेणी मांडे छे, त्यारे ज्ञाननो लोभ पण रहेतो नथी. महारा आत्मामां अनंत ज्ञानशक्ति छे, तेमां महारे पामवुं शुं छे ? जेनी पासे न होय ते वस्तु पामवानो लोभ करे छे, पण होय ते शानो लोभ करे ? तेम आ पुरुषे पोतानो सत्ताधर्म जाण्यो, ने तेमां सहज सुखनो अनुभव थयो छे अने अपूर्व ज्ञान पण प्रगट थयुं छे एटले ज्ञान पामवानी इच्छा त्यां रोकाइ जाय छे, पण ए दशा केवलज्ञान पामवाने अंतरमुहूर्त्तकाल बाकी रहे छे, त्यारे थाय छे तेनी अगाउ बनती नथी. तो पण ए लोभ करे छे ते निर्लोभता करवा सारु छे. माटे निचली हदमां त्यागवा योग्य नथी पण ज्ञानना लोभे नीति मूकीने वर्त्ते नहि. न्यायथी चाले. एक ज्ञान मेलववानी इच्छा वर्त्ते छे, ते रूप लोभ छे पण ते इच्छा सारु संसारी जीव अन्यायनी प्रवृत्ति करे छे तेम करता नथी. मात्र सर्वे काम छोडी मुख्य पणे ज्ञाननो उद्यम करी रह्या छे. बाकी सर्वे पुद्गलीक चीज उपरथी लोभ खशी गयो छे, वली तप ते बार प्रकारनो करे छे ते सहज भावे थाय छे. आत्मानो अणाहारी गुण जाण्यो छे. आहार करवो ते महारो

धर्म नथी. एम जाणी आहारनी इच्छा उठी छे, तेथी सहजे तप करे छे. संयम ते स्वगुणमां रहेवुं ने पुद्गल प्रवृत्ति रोकवी, ते संयम गुण प्रगट थयो छे तेथी इंद्रिओना विषयनी इच्छा वर्त्तती नथी. अव्रतनी प्रवृत्ति करता नथी. कषायथी रहित वर्त्ते छे, मन, वचन अने कायानी माठी प्रवृत्ति रोकाइ गइ छे तेने पण आत्मा निर्मल थाय एवी प्रवृत्तिमां वर्त्तावे छे. ए रूप सत्तर प्रकारे संयम धरे छे. बाह्यसंयम सत्तर प्रकारे पालवाथी अंतरंग निज स्वभावमां स्थिर थाय छे. ए रूप संयम गुण वर्त्ते छे. सत्य ते साचुं वचन बोले छे जेने आत्मज्ञान नथी, ते शरीरने महारुं कहे छे. आत्मज्ञानी मुनि तेम कहेता नथी. व्यवहारथी तो जेम बोलातुं होय तेम बोले, पण वस्तुधर्मे पारकुं जाण्युं छे तेथी बोले छे. पण अंतरंग उपयोग महारुं नथी ए वर्त्ति रह्यो छे. जे पुरुष पुद्गलनेज महारुं मानता नथी ते पुरुष बीजी बाबतमां असत्य बोले ज शाना? प्ररूपणा पण सहजे यथार्थज थाय. ए सत्य गुण प्रगट्यो छे तेनां फल छे. हवे शौच गुण ते निरतिचार वर्त्ते छे. अतिचारादिक दूषण लागे नहि. एटले पवित्रपणुं वर्त्ते छे. अर्थात् निज आत्मतत्वमां वृत्ति रही छे, ए रूप पवित्रता थइ रही छे, तेथी पुद्गल प्रवृत्तिनां दूषण लागतां नथी एटले सहजे निरतिचार वर्त्ते छे. कंइ पण पुद्गलीक काममां राग द्वेष करता नथी. जे थाय तेमां कर्म उदय जाणी वर्त्ते छे. अकिंचन गुण ते बाह्य परिग्रह त्याग धन धान्यादि नव प्रकारे अने आभ्यंतर परिग्रह जे शरीरादिक उपर महारापणानो ममत्व भाव ते सर्व प्रकारे त्याग कर्यो छे तेथी बाह्य परिग्रह उपरथी सहजे मूर्छा उतरी गइ छे, वस्त्र प्रमुख राखे छे, ते निर्मूर्छापणे जगत्नो व्यवहार साचववा राखे छे, पण ते सारां नबलां मल्यां, तेनो कंइ पण विकल्प नथी. मूर्छा गइ छे तेनां फल छे. ए रूप मुनि आकिंचन गुण प्रगट करे छे. ब्रह्मचर्य ते बाह्य थकी स्त्रीनो सर्व प्रकारे त्याग कर्यो छे. अंतरंगथी पांचे इंद्रियोना विषयनी तृष्णा नाश पामी गइ छे. स्वात्म ज्ञानमांज आनंदपणे वर्त्ते छे. ज्ञानाचारमां

Scanned by CamScanner

ज उपयोग वर्त्ति रह्यो छे. स्वप्नमां पण कामनी वांछा नथी. अंतरंगना सुख आगल तुच्छ स्त्रीओनां विषयसुख दुःख रूप जाण्यां छे तेमने कामनी इच्छा केम थाय ? तेथी सहजे ब्रह्मचर्य गुण प्रगट थयो छे. ए रीते दशे प्रकारे यतिधर्म प्रगट्यो छे. ते अनुक्रमे पूर्ण गुण प्रगट करशे, ने आत्मार्थि एवी रीतना उद्यम करी पुद्‌गलभावथी मुक्त थाय छे. प्रथम थोडी शुद्धता थाय छे, त्यारे मार्गानुसारी थाय छे. तेथी विशेष विशुद्धिए सम्यक्तदृष्टि थाय छे. तेथी विशेष विशुद्धिए श्रावकपणुं प्रगटे छे. तेथी विशुद्धि थाय छे, त्यारे मुनिपणुं प्रगटे छे. तेमां पण जेम जेम विशुद्धि वधती जाय छे, तेम तेम गुणस्थान चडी जाय छे, ने केवलज्ञान प्रगट करे छे. एम अनुक्रमे शुद्ध थाय छे.

प्रश्नः—१४५ निर्जरातत्वना भेद अरूपीमां गण्या छे, अने कर्म छे ते तो रूपी छे तेनी निर्जरा थाय ते अरूपी केम थाय ?

उत्तरः—कर्म छे ते बे प्रकारनां छे. एक द्रव्यकर्म ते आठ कर्म रूपी छे, अने बीजां भावकर्म ते अरूपी छे. हवे भावकर्म ते शुं पदार्थ छे ? द्रव्य कर्मने योगे आत्मानी अशुद्ध परिणती थाय छे राग द्वेषमय तेज भावकर्म कहीए. ते भावकर्मनी निर्जरा थाय छे, तेज निर्जरा तत्वमां गणी छे. ते निर्जरा सम्यक्‌दृष्टि आदि पुरुषो करे छे. सम्यक्‌ज्ञान विना सकामनिर्जरा थती नथी. चोथा गुणस्थानथी ते चौदमा गुणस्थान सुधी थाय छे ते निर्जरातत्वमां छे. ते शिवायना जीवो अज्ञानपणे द्रव्यकर्मनी निर्जरा करे, पण भावकर्मनी निर्जरा करी शकता नथी. माटे द्रव्यकर्मनी निर्जरा रूपी कहीए अने भावकर्मनी अरूपी कहीए.

प्रश्नः—१४६_जीव अरूपी छे अने नवतत्वमां जीवना भेद रूपीमां गण्या छे तेनो हेतु शुं ?

उत्तरः—जीव तो अरूपी छे पण शरीर बहार देखाय छे ते शरीर इंद्रियो पुन्य जोगे मली छे. ते शरीर इंद्रियोथी जीव ओलखाय छे के, आ एकेंद्रि, आ पंचेंद्रि. माटे कर्मना संजोगथी जेवी जेवी कर्मनी मली-

Scanned by CamScanner

नता, तेवा तेवा शरीरादिक जूदा जूदा भेद पड्या छे. तेथी शरीर इंद्रि अपेक्षित रूपी भेद गण्या छे.

प्रश्नः—१४७ संवरना सत्तावन भेद अरूपी कह्या, ने संवरनी प्रवृत्ति बाह्यथी देखाय छे ते तो शरीरथी छे. तो अरूपी केम ?

उत्तरः—बाह्यथी पुद्गल उपरथी मोह उतरे, त्यारे बराबर बाह्य वर्त्तना थाय छे. ने जेम जेम संवरनी बाह्यवर्त्तना थाय छे, तेम तेम पुद्गलदशामांथी प्रवृत्ति रोकाती जाय छे अने निज आत्म स्वरूपमां लीनता थाय छे, जेम जेम निज ज्ञानमां लीन थाय छे. एटले आवतां कर्म रोकाय छे, आत्म स्वरूपमां रहेवाथी द्रव्यकर्म, भावकर्म बन्ने रोकाय छे, ते जे भावकर्म रोकायां ते अरूपी छे. माटे संवर पण अरूपी छे तेथी संवरना भेद अरूपीमां गण्या छे.

प्रश्नः—१४८ संवर निर्जरा मिथ्यात्वी करे के नहि ?

उत्तरः—मार्गानुसारी मिथ्यात गुणस्थाने अंशे संवर, अंशे निर्जरा करे, एम हेमाचार्य महाराज जोगशास्त्रमां कहे छे. तेम विचारबिंदुमां उपाध्याय महाराज श्रीजशोविजयजी महाराज पण कहे छे.

प्रश्नः—१४९ देरासरमां प्रभुजीनां अंगलुहणां मेलां वा फाटेलां वापरे तेनो दोष कारभारीने के बधा श्रावकोने ?

उत्तरः—प्रभुने तो सर्वे उत्तम उत्तम वस्तु चडाववीज जोइए. आपणुं शरीर लुहवाने फाटेलुं वस्त्र कोइए लोहवा सारु आप्युं होय तो ते अनुकूल आवतुं नथी ने आपनार उपर द्वेश आवे छे. वली आपणे घेर कोइ परदेशी परोणा आव्या होय, तेने फाटेलो वा, मेलो रुमाल आपता नथी तो प्रभुनां अंगलुहणां फाटेलां वा मेलां वापरीये तो आपणा करतां ने परोणा करतां प्रभु मनमां अधिक न आव्या अने ज्यारे प्रभुनी अधिकता मनमां न आवी, त्यारे आत्माने लाभ शी रीते थशे? अने मुखे तो प्रभु मोटा छे एम कहीए छीए पण चित्तमां मोटाइ नहि आवे, त्यारे लाभ तो नहि थाय, पण अवश्य मिथ्यात्व लागशे, वली बीजी

Scanned by CamScanner

रीते विचारतां प्रभुनुं महत्वपणुं मनमां न आव्युं, तो मिथ्यात्व गयुंज नथी. ज्यारे मिथ्यात्व गयुं नथी. त्यारे दूषणनुं तो कहेवुं ज शुं ? पण एम विचारी थाकीने बेसवुं नहि, पण प्रभुना देरासरमां गया ने एवां मेलां अंगलुहणां जोयां के तुरत धोवानी तजवीज करवी, साधारण पुन्यवालो होय तो पोते धुए, अने पुन्यवंत होय तो पोताना माणस पासे धोवरावे, देरासरना कारभारीनी नजरे पडे तो तेमणे तरत धोवानी तजवीज करवी. फाटेलुं होय तो तरत कारभारी नवां आपे, अगर बीजाना जोवामां आव्युं तो ते पण नवां लावी आपे, पण एवुं न थवुं जोइए के कारभारी जाणे के बीजा भाइओ करशे, बीजा भाइओ जाणे के कारभारी करशे ! एम थवाथी ते काम थतुं नथी अने आशातना जारी रहे छे. माटे जेनी नजरे पडे तेने करवुं उचित छे. ए कंइ मोटा खरचनुं काम नथी. हवे कोइ कहेशे जे जेने नजरे जोवुंज नहि, अने नजरे पडयुंज नथी, तेने दूषण नहि. जे आवुं कहे ते निध्वंस परिणामनां लक्षण छे. जेने जोवुं नहि तेने पण प्रभु उपर प्रीति होत तो केम न जुअत ? वा पूजानी प्रवृत्ति केम न करत ? पण प्रमादी छे एटले एने जोवामां आवतुं नथी. एने कंइ ओछुं दूषण छे एम समजवुं नहि. जेटलो प्रमाद छे एटलुं दूषण अधिक छे. माटे जे संसारथी तरवानी इच्छा करे छे, ए सर्वने ए काम करवा योग्य छे. अंगलुहणां बराबर धोयेलां न होय तो बरसट थइ जाय छे. तो ते अंगलुहणांथी प्रभुने घसारो लागे तेनुं दूषण लागे, माटे सूंवालां कोमल सारां धोयलां अंगलूहणां वापरवां. तेथी भक्ति सुंदर थशे, माटे पुन्यवंते जरूर विवेक करवो ने पुण्यवंत न करे तो पांच भाइओ एकठा थइ सामान्य पुण्यवालाए करवुं जोइए. हरेक प्रकारे सारा द्रव्य चढे एम करवुं. एम न करे तो बधाने अशुद्ध वापरवानी आशातना लागे.

प्रश्नः—१५० देरासरमां वासण अजवाल्या विना वापरे तो केम ?

उत्तरः—देरासरमां वासण संसारी काममां वापरेला शिवायनां सारां

अजवालेलां वापरवां. सारा द्रव्य होय तो मन प्रसन्न थाय, ने लाभ पण थाय अने तेम न होय त्यारे दूषण पण लागे. ए अधिकार श्राद्धविधिमां छे.

प्रश्नः—१५१ देरासरमां जालां विगेरेनी आशातना होय ते न टाले ने पूजा करे तो ते केम ?

उत्तरः—देरासरमां गया के प्रथम आशातना टालवी जोइए. पहेली निसीही कह्या पछी एज काम करवानुं छे, माटे जालां विगरे जे जे आशातना होय, ते पहेली वर्जवी जोइए. देरानी आशातना टालवामां एम विचारे जे आ काम तो नोकरोनुं छे. ए नबला परिणामनुं कारण छे. पोताने त्यां नोकरो होय तो ते नोकरो पासे एवां काम करावे, ने ते न होय तो पोते आशातना दूर करे. आपणा घरमां कंइक अनिष्ट वस्तु पडी होय तो ते तरत काढी नांखीए छीए. तेमज देरासरमां नहि करीए तो प्रभु उपर प्रेम, घर जेवो नहि रह्यो, एज मोटुं दूषण छे माटे पहेली आशातना टाली पूजा करवी. आशातना टाल्या विना पूजा करवी ते पूजा नहीं कर्या जेवी जाणवी.

प्रश्नः—१५२ प्रभुने पूजा करवानी जगोए चांदीनां वा सोनानां चकतां चोडे छे ते व्याजबी छे के केम ?

उत्तरः—प्रभुजीने सोना रुपानां चकतां चोडवानी तथा आंगलां उपर पंजा चोडवानी रीत बहु सारी छे. कारण जे भाविक श्रावको केसर सारी पेठे चडावे छे तेथी ज्यां चोडेलां नथी होतां, ते बिंबना अंगमां खाडा पडी गयेला नजरे जोइए छीए, अने जो ए चकतां चोडेलां होय तो केसर अंगने लागतुं नथी. तेथी प्रभुनुं अंग खवातुं नथी ते मोटो लाभ छे अने जो न चोड्यां होय तो अंग खवाइ जाय तो ते आशातना लागे. ए मोटुं दूषण छे. वली थोडी समजवाला पूजा करनारने अंगोनी खबर नथी, तेने पण पूजा करवानां नव अंग सहजे समजाइ जाय ए पण फायदो छे. मुख्यपणे तो अंगमां खाडा न पडे एज लाभ विचारी च-

Scanned by CamScanner

कतांओ चोडवानुं पूतुं लक्ष राखवुं जोइए. तेमां मूलनायकजीने चोडवां एम नहि, सर्वे प्रतिमाजी महाराजने चोडवानुं लक्ष राखवुं जोइए. केटलाएक खाडा पड्या पछी चोडवानो विचार करे छे तेम न थवुं जोइए, पहेलेथी चोडवां जोइए के खाडा पडवानी आशातना थाय ज नहि.

प्रश्नः—१५३ फूलनी जग्याए केसरवाला चोखा करी चडावीए तो केम ?

उत्तरः—स्नात्र भणावती वखत बीजां फूल न मले तो चडावे छे, तेमां हरकत जणाती नथी. कारण जे पोतानी पुष्पपूजानी भावना छे ने फूल मलतां नथी तो पोतानी भावना पूरी करवा फूलने बदले केसरवाला चोखा करीने चडावे तो कंइ हरकत नथी.

प्रश्नः—१५४ जे जीवे मरण वखते शरीर वोशिराव्युं नथी. ते शरीर वडे शुभाशुभ जे क्रिया थाय, तेनुं शुभाशुभ बन्ने फल थाय के केम ?

उत्तरः—शरीर वोशिराव्या विना जे मरे छे, अनें तेना शरीरवडे जे जे दुष्ट क्रिया थाय छे, तेनां कर्म ते शरीरना धणीने आवे छे. एम भगवतीमां पांच क्रियाना अधिकारमां कह्युं छे. माटे हरेक प्रकारे आयुष्यनुं ज्ञान मेलवी मरती वखत संथारो करी सर्वे वस्तु वोशिराववी अने वोशिरावीने मरण करवाथी आराधक थाय तेथी त्रीजे भवे मुनि अने सातमे भवे श्रावक मोक्षे जाय. वली ए शरीरे शुभकर्म थाय ते विषे पण वासुपूज्यस्वामीना चरित्रमां जे जे एकेंद्रिपणे शरीर भगवंतनी भक्तिना काममां आव्यां छे, तेनी अनुमोदना करी छे ते जोतां अनुमोदना करवाथी शुभ कर्मनो पण लाभ थाय छे.

प्रश्नः—१५५ जे जे वस्तु वोशिराववामां आवे छे, ते आ भवना अंत सुधी वोशिराववामां आवे छे तो आवते भवे तेनुं पाप आवे के केम ?

उत्तरः—आ भवमां जे जे वोशिरावे छे ते तेना उपरथी रागदशा दु-

टी जाय छे अने रागदशा टू्टवाथी ते वस्तु उपर महारापणानी संज्ञा रहेती नथी, तेथी ते वस्तुनी क्रिया तेने जती नथी. अने जेणे एम वो-शिराव्युं नथी, तेने तो राग द्वेषनी संज्ञा कायम रहे छे. ने ते संज्ञा का-यम रहेवाथी राग द्वेषनां कर्म बंधाय, ने जेणे वोशिराव्युं छे तेने बीजा भवमां अव्रत प्राप्त थाय छे. अव्रतनी क्रिया अव्रत होय त्यां सुधी आ-वे, पण संज्ञा संबंधी नहिं आवे, संज्ञा उदासीन भावथी वोशिराववाथी उठी जाय छे. माटे वोशिरावनारने पाप आवतुं नथी.

प्रश्नः—१५६ विवेक ते शुं ?

उत्तरः—देवने जाणे, अदेवने जाणे, मुक्तिने जाणे, संसारने जाणे, जडने जाणे, चेतनने जाणे, आत्मानो शुं स्वभाव छे ? जडनो शुं स्व-भाव छे ? आत्माने ग्रहण करवा योग्य शुं छे ? अग्रहण करवा योग्य शुं छे ? एवी रीते जे जे द्रव्य छे, तेना धर्म जाणी पोताना आत्माथी जे जे पर वस्तु जाणे तेने ग्रहण न करे. तेमां मग्न न थाय. जड वस्तुनुं कर्त्तापणुं न करे. आत्माना धर्ममांज आनंदित थाय. जडधर्ममां जराए राग करे ते जडनी संगत छूटी नथी तेम कंइ पण प्रकारे परने ग्रहण न करुं एवी विशुद्धि नथी बनी, तेथी जे जे क्रिया करे छे ते जडनी वृत्ति खशेडवाने, पण जडनी क्रियामां मग्न नथी थता. आहार विना चित्त शांत नथी रेहतुं ते सारु आहार करे छे, पण तेमां प्रसन्नता नथी. तथा बनता सुधी तपस्या करे छे. आत्मानो अणइच्छा धर्म छे ते भावे छे. जे जे पुरुष आत्मधर्म बतावी गया छे तेने आधारे वर्त्तमानमां आत्मधर्म जे बतावे छे, तेनो उपगार भावे छे, पोतानी आत्मदशा प्र-गट थती नथी तेथी लघुता भावे छे. एवा तत्वज्ञानी पुरुषोनी सदा सं-गत करे छे. जे जे आत्मधर्म निर्मल थतो जाय छे. तेमांज मात्र खु-शवखती छे. उद्यम निमित्तो पण जे जे सेव्याथी आत्मधर्म प्रगट थाय तेवाज सेवी रह्या छे. विषयादिकनां निमित्त आत्माने घातकर्त्ता जाण्यां छे, तेथी ते निमित्तोथी हमेश दूर रहे छे. अने जेटलुं दूर नथी रहे-

Scanned by CamScanner

वातुं, ते दूर थयानी मनोवृत्ति रहे छे. जे जे काम करे छे, तेमां जड कामने जडपणे जाणे छे, अने आत्माना कामने आत्मापणे जाणे छे.

प्रश्नः—१५७ शांतपणुं ते शुं ?

उत्तरः—कोइ शांत पुरुषने उपद्रव करे वा, मारे कूटे, अजोग्य वचन कहे, जे भूल होय ते कहे, कोइ पण अजोग्य काम कर्युं होय ते कहीने निंदे, वा वगर कारणे निंदे, तो पण तेना उपर द्वेषभाव न उठे. तेने मारवाना वा कूडां वचन कहेवानो भाव न उठे, तेम तेनुं बूरुं करवाना भाव न थाय. कारण के शांत पुरुषे कर्मनुं स्वरूप जाण्युं छे के आ शरीरे मार खावानुं कर्म बांध्युं छे तो मारे छे. गालो खावानुं कर्म बांध्युं छे, तो गालो दे छे. निंदनिकपणानुं कर्म बांध्युं छे तो निंदे छे. ए जीवो तो निमित्त मात्र छे. एमां ए जीवनो शो दोष छे? एम आत्मामां भावी रह्यो छे. तेथी कोइ एवा जीव उपर खेद आवतो नथी. ने भावे छे के, खेद करीश तो पाछां कर्म बंधाशे. तो पाछां आगल एवां कर्म उदय आवशे, अने समभावे भोगवीश तो ए कर्मनी निर्जरा थशे. वली स्वभाविक तडको लागे छे, टाढ वाय छे, पवन आवे छे, नथी आवतो तो ते सर्वे ऋतुनो स्वभाव जाणी ले, पण तेमां विकल्प न करे. आहार पाणी वस्त्र विगेरे जे कंइ खपानि वस्तु नहि मले, तेनो पण जराए विकल्प नथी. मात्र अंतराय कर्मनो उदय विचारी ले. अने पोताना आत्मस्वरूपमांज आनंदित रहे. अनुकूलमां प्रसन्नता नथी, ने प्रतिकूलमां अरति नथी. जडभाव जाणी ले ए पुरुषने शांतपणुं कहीए; माटे उत्तम पुरुषे ए दशा लाववी.

प्रश्नः—१५८ दांत ते शुं ?

उत्तरः—पांच इंद्रि वश करी छे. कोइ पण इंद्रि मोकली नथी. आहार पाणी मात्र शरीरने आधार आपवा आपे छे. ते जेटलो आधार जोइए, एटलो हरकोइ पुद्गल मल्या ते आपे छे. तेमां सारा नबला जोवा नथी. मात्र शरीरने व्याधि उपद्रव न थाय, एवा पुद्गल ग्रहण

Scanned by CamScanner

करे छे. एवी रीते फरस इंद्रिए वस्त्र मले छे ते. सूंवालां के कर्कश मले छे ते बन्नेमां समभाव छे, जाणे छे के आ शरीर म्हारुं नहि. तो सूं-वालां बरसट वस्त्रनो पण म्हारे विकल्प करवो नहि. एम पांचे इंद्रि-ओना विषयमां भावी रह्या छे. कोइ पण इंद्रिने पोषवानो भावज नथी. कोइ पण विषय जोर करतो नथी. विषय उपर उदासिन भाव थयो छे. तेथी मनने खेंचीने राखवुं पडतुं नथी. आत्मानी दशा सहज प्रगट थइ छे, तेथी इंद्रिओना विषयनुं मन थतुं ज नथी. ते पुरुषने दांत कहीए.

प्रश्नः—१५९ कामनो जय ते शुं ?

उत्तरः—स्त्रीने पुरुषनो अभिलाष, पुरुषने स्त्रीनो अभिलाष, नपुंसकने स्त्री पुरुष बेमो अभिलाष, एवी रीतनी कामनी इच्छाओ छे ते पोताना आत्मस्वरूपनुं जाणपणुं थयुं छे तेथी पर स्वरूपमां वर्त्तवुं नथी. माटे सहजे बंध थइ छे. थतीज नथी. स्वप्नामां पण स्त्री याद आवती नथी. स्त्री सामी दृष्टि पडे छे तेज वखत पोतानी दृष्टि खेंची ले छे, पण नि-रखीने जोता नथी. जेम सूर्य सामी दृष्टि पडे छे ते वखते ताप नहि सहवाथी जीव खेंची ले छे, तेम निष्कामी पुरुषे स्त्रीनुं रूप जोवुं दुःख कारी भावेलुं छे, तेथी सहजे दृष्टि पाछी खेंचाइ आवे छे. वली स्त्री-ओनो संग पण करता नथी. अने कदापि कोइ स्त्री चलाववा आवे छे तो पण चलावी शकती नथी. कदापि फरस करे तो पण पुरुषचिन्ह जागृत थतुं नथी, ने तेनी दशा पलटाती नथी. जेम सूदर्शन शेठने अभया राणीए घणाए उपसर्ग कर्या, पुरुषचिन्हने घणी विटंबना करी तो पण नपुंसक जेवुं कायम रह्युं, एवा पुरुषे काम जीत्यो कहीए. माटे काम जीतीने एवी दशा बनाववी.

प्रश्नः—१६० मुक्तिमां शुं सुख छे के मुक्तिनो प्रयास करवो ?

उत्तरः—मुक्ति जेवां सुख आ दुनियामां नथी. अने ते विचार करशो तो तमने संसारमां खात्री थशे. संसारमां रहेलो जीव अज्ञानपणे संसार-

मां सुख माने छे. जे सुख संसारमां थाय छे ते तपासीने जुओ, आखो दिवस संसारी मोज शोख वेपार करे छे. ए वेपारमांथी फुरसद मले छे अने ज्यारे कंइ पण काम न होय, त्यारे सूवानो वखत मले छे. ने ज्यारे सूए छे त्यारे प्रसन्न थइ हाश करे छे एटले मने निवृत्ति मली पण छोकरा विगेरे कंइ गरबड करे तो सूनार कहेशे जे, हुं निरांते सूतो छुं माटे हमणां मने पीडवा क्यां आवो छो ? ए छोकरा जाय एवामां कंइ उपाधिनां काम याद आवे, तो उंघ आवे नहि. कंइ पण वात याद आवे नहि तो उंघ आवे.

हवे वांचनार विचार करो जे जेटली वार कामनी निवृत्ति मली, एटलो वखत सुखनो मल्यो. कामना वखतमां अज्ञानपणे सुख मानतो हतो ते सुख खोटुं मानेलुं हतुं. कारण जे ते वखते सुख होत तो निरांते सूतो त्यारे सुख मानत नाहि. ने हाश करत नहि ने आनंदित थात नहि, पण जीव कामथी निरांते बेसे छे त्यारेज आ ‘हाश’ शब्द बोले छे. माटे आ संसारमां पण संसारना कामोथी अने विकल्पोथी रहित थाय छे, त्यारे जे सुख थाय छे. तो मुक्तिमां तो कंइ काम करवानुं नथी. अने कंइ विकल्प चिंतववानो नथी. तेथी बधो वखत सुखमांज जशे. माटे एना बरोबर सुख आ दुनियामां नथी. बीजी रीते आ दुनियामां अज्ञानपणे पदार्थ देखीने तथा जाणीने सुख थाय छे, सारां मकान जोइ, सारां आभूषण जोइ, सारा बाग जोइ माणस खुशी थाय छे. पण तेनी साथे कोइ आंधलो होय तेना जोवामां ए पदार्थ आवता नथी तेथी ते आंधलो खुशी थतो नथी. पण ते हकीकत आंधलाने देखतो संभलावे, त्यारे तेना जाणवामां आवे छे तेथी ते खुशी थाय छे. सूवानी तलाइ सुंवाली होय तेने ते आंधलो हाथ फेरवी जुए, त्यारे ते सुंवाली लागे छे, तेथी ते आंधलो खुशी थाय छे. हवे विचार करो के जेटला पदार्थ देखवामां आवे छे वा, जाणवामां आवे छे तेनुं जे सुख थाय छे, पण जे चीज जाणी नथी, दीठी नथी, तेनुं सुख थवानुं नथी. पण सि-

Scanned by CamScanner

द्ध महाराज तो जगतमां जेटला पदार्थ छे, ते सर्वे रूपी तथा अरूपीने जाणी देखी रह्या छे. आपणे तो सिद्ध महाराजना अनंतमे भागे पण जाणता नथी. ते आपणाथी अनंता पदार्थ जाणी देखी रह्या छे. तो अनंत सुख पण सिद्ध महाराजने छे. ते सिद्ध थाय छे.

इहां कोइने शंका थशे जे नजरे लाडुवा जोया, पण खाधा विना शुं सुख ? ते बिषे जाणवुं जे लाडुवा खावामां पण रसइंद्रिने विषय ग्रहण करवानी शक्ति न होय, तो स्वादनुं सुख नथी. जेम के कंइक रोग थयो होय छे त्यारे खारी वस्तुने मोली कहे छे, मोलीने खारी कहे छे, एवा विषय लेवानी शक्ति बगडी जाय छे त्यारे लाडुवा केवा छे ? ते विषय लेवानी शक्ति न होय तेने लाडुवा सारा नबलानुं सुख थतुं नथी. जेने लाडुवा सारा नबलाना विषय लेवानी शक्ति होय छे, तेज लाडुवानुं सुख जाणी शकशे. माटे खावाथी सुख नथी. लाडुवानो स्वाद जाणवाथी सुख छे. उंघमां कोइ माणसना मुखमां साकर मूके, पण तेने कंइ साकरनुं सुख नथी. रोगी बेभान होय तेना मुखमां अमृत मूके ते खपी जशे, पण ते जाण्या विना अमृतनुं सुख नथी. माटे जे जे वस्तु जाणवामां आवे छे तेनुं ज जगत्मां सुख छे, माटे मुक्तिमां तमाम वस्तु जाणवामां आवे छे तेथी तमाम सुख छे. वली भूख्या माणस खावामां सुख माने छे, जमेला माणसने जबराइथी कंइ खवरावे छे तो ते नाखुश थाय छे, पण ते सुख मानता नथी तेमज मुक्त आत्माने भूख लागती नथी, एटले जमवानी इच्छा थती नथी. धराएलो माणस खावानी इच्छा करतो नथी, तेम सिद्ध महाराजने इच्छा थती नथी. सदा धरायेला छे. कोइ दिवसे भूख लागती नथी, ने खावानी इच्छा थती नथी. इच्छाओ जडनी संगते थाय छे. ते जडनी संगत छूटी गइ छे अने स्वआत्मानी दशा छे तेवी प्रगट थइ छे. स्वदशामां कोइ प्रकारनी जडनी इच्छा छेज नहि. विकल्प पण ज्यां सुधी जडनी संगत होय त्यां सुधी थाय छे सिद्ध महाराजने ते जड संबंध नथी तेथी कोइ पण

Scanned by CamScanner

प्रकारनो विकल्प नथी. आ जगत्‌नां संसारी जीवने संसारमां छे त्यां सुधी विकल्प छे ने सर्वथी संसार छूटी गयो ने सिद्ध महाराज थया एटले विकल्पनुं नाम नथी. त्यां निर्विकल्प दशानुं पूर्ण सुख छे ते एवुं छे जे मुखे कही शकाय नहि. आखा जगत्‌नुं सुख एकठुं करीए ते करतां अनंतगणुं सुख छे ते सुखनुं वर्णन केवलज्ञानी मुखे करीने आउखा पर्यंत कही शके नहि एवुं छे. माटे सिद्धना सुखनो पार नथी, पण जीव आत्मसुखना अंशने सम्यक्त पामशे त्यारे तेने अनुभव थशे अने त्यारे सिद्धने केटलुं सुख छे ? ते प्रत्यक्ष समजाशे.

प्रश्नः—१६१ मनुष्य मरण वखते संथारो करे ते शी रीते ? तथा तेमां शुं भावे ? अने तेथी शुं लाभ थाय ?

उत्तरः—हालना कालमां आउखानी चोकस खबर पडती नथी. तेथी जावजीवनो संथारो बनी शके नहि. केम के भत्तपच्चख्खाणपयन्नामां कह्युं छे के, केवलज्ञानी, मनपर्यवज्ञानी, अवधिज्ञानी, पूर्वधर एवा मुनि महाराजना कहेवाथी वा, निमित्तशास्त्रथी वा, देवताना कहेवाथी आयुष्यनी खबर पडे ने खात्री थाय तो जावजीवनुं अनशन करे अने एवा महा पुरुषोनो हाल कालमां विरह छे, तेथी आयुष्यनी चोकस खबर पडे नहि, तो सागारी अनशन करे. सागारी अनशन एटले एक दिवस वा, बे दिवस वा, एक पहोर वा, बे पहोर जावत् बे घडी, चार घडी वा अभिग्रह राखे जे मूठी वाली नवकार गणु त्यां सुधी सर्व आहारनो त्याग तथा संसारी सर्वे काम करवानो त्याग, कंइ पण पाप आरंभनां काम करवां नहि. एवी रीते संथारो करवानो विधि सर्वे करवो. ते अवसर न मले तो द्रव्य, क्षेत्र, काल, भाव जोइने उच्चरावीए ते आलावानो विधि.

अहन्नं भंते तुम्हाणं समीवे, भवं चरिमं सागारियं पच्चख्खामि. जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ रयणीए ॥ अथवा ॥ इमाइ वलाए॥ आहार मुवहि देहं, सव्वं तिविहेण वोसरियं ॥ १ ॥ अरिहंत सख्खियं;

सिद्ध सक्खियं, साहू सक्खियं, देव सक्खियं, अप्प सक्खियं, उवसंपज्जामि, अन्नच्छणा भोगेणं, सहसागारेणं. महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं, वोसिरामि, नवकार ३ पूर्वक त्रण बार उच्चराविये. विशेष सागारिक—अहन्नं भंते तुम्हाणं समीवे सागारियं अणसणं उवसंपज्जामि, दव्वओ, खेत्तओ, कालओ, भावओ, दव्वओणं इमं सागारियं, अणसणं. खित्तओणं, इच्छंवा, अनिच्छंवा कालओणं, अहोरत्तंवा, बीयदिन्नंवा, तइयदिन्नंवा पासखमणंवा, मासखमणंवा, भावओणं जाव गहणं न गहिज्जामि, जाव छलेणं न छलिज्जामि, जाव सन्निवाएणं, अन्नेणयकेणइ रोगायंकेणं एसपरिणामो न परिवडइ तावमेयं इमं सागारियं अणसणं उवसंपज्जामि, तिविहंपि आहारं असणं खाइमं साइमं अन्नत्थ॰ सहसा॰ महत्त॰ सव्वसमाहिवत्तियागारेणं वोसिरामि ॥ पाणहार गंठ सहियं पच्चक्खामि, अन्नत्थ॰ सहसा॰ महत्त॰ सव्व॰ वोसिरामि. अरिहंत सक्खियं, सिद्ध स॰ साहू स॰ देव स॰ अप्प स॰ उसंपज्जामि, नित्थारपारगहोहं ॥ जं जं मणेण बद्धं, जं जं वाएण भासियं पावं ॥ जं जं काएण कयं, मिच्छामिदुक्कडं तस्स ॥१॥ अरिहंतो महदेवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ॥ जिणपन्नत्तं तत्तं, इय समत्तं मए गहियं ॥२॥ ए सर्व आलावो नवकार पूर्वक त्रण वार उच्चराववो.

आ आलावामां प्रथम पाठ ते जावजीवनो संथारो करवानो छे, अने थोडा कालनो करवानो पाठ विशेष सागारीक कह्यो छे, त्यांथी छे. हालना कालना जीवने उच्चरवुं जेम अनुकूल होय, ते प्रमाणे उच्चरे. अनशन विधिना पानामां जेम हतुं तेम लख्युं छे. महानीशित्थजी सूत्रमां कह्युं छे जे जे करवुं ते इर्यावहि पडिक्कमीने करवुं, माटे वखत मले तो इरियावहि पडिक्कमी जघन्य मध्यम उत्कृष्ट ए त्रणमांथी जे बने ते, देववंदन करी गुरुवंदन करीने आ पाठ उच्चरे, तो वधारे श्रेष्ठ छे. पण जेवो अवसर होय तेम करी ले. अवसर मले तो सर्व जीव साथे खमत खामणां करी ले. वली मुनि होय तो मुनिनां, श्रावक होय तो श्रावक-

Scanned by CamScanner

नां बार व्रत उच्चरी ले, अने चउसरणपयन्नो तथा आउरपच्चख्खाण, भत्तपच्चख्खाण, संथारापयन्नो आराधना प्रकिर्णक, आराधनापताका विगेरेनुं अध्ययन करे वा, सांभले. तथा अध्यवसाय बहु ज सुंदर थशे. चउसरण, आउरपच्चख्खाण पयन्नादिक सांभलवाथी समाधीमरण थाय छे, तेनो मने अनुभव छे. आयुष्य आवी रह्युं होय तो मरणथी तो बचता नथी, पण रोग शांत पडे छे अने धर्म श्रवण करवामां चित्त परोवाइ शके छे ते में जोयुं छे; माटे ए पयन्नानो अभ्यास मरण अवसरे जरुर करवो. ए पयनामां भावार्थ एवो छे के जरूर धर्ममां जीव दृढ थाय अने आत्माने सारी भावना थाय. ते भावना आ प्रमाणे के, अहो ! में पूर्वे आ भवे पाछला भवे पाप कर्यां छे वा, जेथी पाप थाय एवां घर हाट, खेतर विगेरे मकानो, कोदाली, पावडा, वासण, शस्त्र, तरवार प्रमुख हरकोइ पापनां उपगरण—जे वस्तुथी पाप थाय एवा जे पदार्थ बनाव्या छे ते सर्वने वोशीरावुं छुं. कोइ पण पुद्गलीक वस्तु साथे मारापणानो संबंध मान्यो छे, ते सर्वने वोशीरावुं छुं. जे कोइ वस्तु उपर महारो कंइ पण राग रहेतो अने ते रागवाली वस्तुथी पाप याय तो ते पापनी क्रिया मने आवे माटे सर्व जड पदार्थ उपरथी महारा ममत्वभावने त्याग करुं छुं. कंइ पण वस्तु महारी छेज नहि. मारी वस्तु तो मारो आत्मधर्म छे, अने जे जे पुद्गलीक पदार्थ छे, तेने अज्ञानपणे में महारा मान्या हता, तेथी अज्ञानपणे अनेक पाप उपार्जन कर्यां. हवे पुन्य उदय पूर्ण जाग्यो, तेथी में कंइक वीतरागनो मार्ग जाण्यो. तेथी ए सर्वे वस्तु जड पदार्थ साथे महारो धर्म तपासतां—कोइ पण रीते संबंध राखवो जोग्य नथी. माटे महारा अज्ञानपणाना जे जे भावे महारापणुं मान्युं हतुं, ते त्याग करुं छुं. ने ते पापने हुं निंदुं छुं. में अज्ञानपणे अनादि काल थयों, ए शरीर धनने महारां मान्यां, तेथी में चार गतिमां भ्रमण कर्युं अने अनेक दुःख भोगव्यां; माटे हवे महारा आत्मा शिवाय स्त्री, पुत्र पुत्रियो, जे जे महारां मान्यां छे, ते सर्व अज्ञानता अने अज्ञानभाव

Scanned by CamScanner

ने वोशीरावुं छुं अने एक आत्मानुं आलंबन ग्रहण करी मरणनी बीक ने छोडीने अदीनपणे महारो आत्मा अविनाशी छे, तेनुं आलंबन लउं छुं. ते शिवाय महारो कंइ पदार्थ नथी. आत्माना पोताना आचारमां रहीने पण मरवुं, अने अज्ञानपणे पण मरवुं, मरण कंइ कोइने छोडवा-नुं नथी, तो अज्ञानपणे मरण करवाथी आत्मा कर्मे करी लेपाय अने भव भवने विषे अनेक प्रकारनां दुःख भोगववां पडे; माटे महारा आ-त्मानो आचार जे जे शरीरने थाय ते जाणवुं, पण ते मने सुख दुःख थाय छे एम मानवुं जोग्य नथी. माटे हुं महारा आत्मस्वभावने जाणवा रूप रहीने मरण करुं के जेथी महारो आत्मा निर्मल रहे ने मलीनता थाय नहि.

इहां कोइने शंका थाय जे प्रत्यक्ष दुःख थाय ने शरीरने थाय छे एम केम मनाय ? ते विषे जाणवुं जे ज्यां सुधी पोतानुं आत्मस्वरूप नथी जाण्युं, ने तेनुं फरसज्ञान नथी थयुं, त्यां सुधी तमारा मनमां मने दुःख थाय छे एम लागशे, पण तेमने तमारा आत्मस्वरूपनुं ज्ञान अनुभवग-म्य थशे, जेम प्रभुजीए कह्युं छे एवुंज मारुं आत्मस्वरूप छे. ते न्याय जुक्तिए करी चित्तमां शुद्ध थशे एटले तमारा भाव एवा थशे जे, हवे महारा आत्मधर्मथी बीजी रीते नहि वर्तु. आ शरीर प्रमुख जड पदार्थ छे एनी साथे कंइ पण महारो संबंध नथी एवुं थशे. पछी शरीरने कोइ कापी नांखशे, वा रोगनी वेदना थशे तेमां तमारुं चित्त जशे नहि. तमारा मनमां मने दुःख थाय छे एम आवशे नहि. जेम के कोइ माणस भवाइ जोवा जाय छे, या नाटक जोवा जाय छे ते आ-खी रात उजागरो करे छे, ते उजागरानो खेद मनमां आवतो नथी, उ-भां उभां पग दुःखे छे, ते दुःख मनमां आवतुं नथी; केमके जोवामां चित्त वर्त्ते छे. वली लग्न—विवाहना काममां अनेक प्रकारनी महेनत करे छे, पग दुःखे छे; पण लग्नना हर्षमां ते दुःख मनमां आवतुं नथी. आभूषण पहेरे छे तेनो भार पहेरवाना सुख आगल मनमां लागतो नथी.

Scanned by CamScanner

वेपारमां पेदाश थाय छे तेनी पाछल महेनत करवी पडे छे, तेनुं दुःख मनमां आवतुं नथी. तेमज तमारा आत्माना सुखना रागी थशो, आत्मसुखमां मग्न थशो तो शरीर वेदना थशे ते वेदना मने थाय छे एम मनमां आवशे नहि. ज्यां सुधी शरीरना दुःखमां मन परोवाय छे, त्यां सुधी तमारो भाव तमारा आत्मभाव उपर तमारी दशा थइ नथी तेथी प्रश्न थाय छे के, ज्यारे तमारी दशानी सन्मुख थशो त्यारे तो तमारा मनमां आवशे जे में अज्ञानपणे जे जे कर्म बांध्यां छे, ते ते कर्म शरीरमां रहीने बांध्यां छे. ते शरीरे भोगव्या विना आत्मा निर्मल थवानो नथी, वली ए दुःखने दुःख मानीश तो पाछां नवां कर्म बंधाशे अने आत्मा मलीन थशे. शरीरना सुख दुखने मने सुख दुःख थाय छे एम मानवुं ए महारा आत्मानो धर्म नथी. हुं सच्चिदानंद छुं. अनंत सुखनो धणी छुं, अरागी छुं, अद्वेषी छुं, अछेदी छुं, अभेदी छुं, अगम छुं, अलख छुं, अगोचर छुं, पूर्णानंद छुं, सहजानंदी छुं, अचल छुं, अमर छुं, अमल छुं, अति इंद्रिय छुं, अशरीरी छुं, अविनाशी छुं—आ महारुं स्वरूप छे तो महारो आ आत्मा विनाश थवानो नथी. मरणथी शरीरनो विनाश थशे तेथी महारे शुं करवा भय करवो ? शरीर तो सडण पडण विध्वंसण धर्मवालुं छे ते विनाश थाय तेमां महारे शी चिंता करवी ? महारो आत्मा अमर छे, तेथी मरवानो नथी. माटे महारे मरणनो भय नथी. जेटलो जेटलो भय आवे, ते तो अज्ञानदशा छे ते महारे हवे अज्ञानदशाना विचार शुं करवा करवा ? महारे महारा आत्मधर्ममां रहेवुं तेज उत्तम छे. पूर्वभवोमां अज्ञानताए मरणनो भय कर्यो. अज्ञानताए मरण कर्यां अने जीव भवचक्रमां भम्यो, अनेक प्रकारनी नरकादिकनी वेदना भोगवी. उंधे मस्तके गर्भावासनी वेदना भोगवी. आ भवमां भाग्योदये वीतरागनो धर्म मल्यो जेथी में महारा आत्मानुं स्वरूप जाण्युं. हवे रोगादिकनी वेदनाथी हुं बीतो नथी. रोगनां औषध अनेक प्रकारे करीश; पण जो कर्मनी स्थिति पाकी नथी, तो त्यां

सुधी रोग मटवानो नथी. रोगनुं खरुं औषध तो समभाव छे जो समभावमां रहीश अनें जे जे वेदना थाय छे, ते तो पूर्वनां कर्म भोगवाय छे. तेथी आत्मा निर्मल थाय छे. तो रोगनी वेदना मने थाय एवो विकल्प शा सारु करुं? आम विचारी हुं रोगनो विकल्प बिलकुल नहि करुं तो वेदनी कर्मनी स्थिति तथा रस घटशे. निकाचित्त मध्यम स्थानवृत्ति हशे, ते शिथिल थशे. शिथिल कर्म हशे ते नाश थशे; माटे महारा आत्मस्वभावमां रहेवुं एज औषध छे. बीजा औषधनी अभिलाषा शा सारु करुं? महारा कुटंबादिकनी फिकर करवी ते पण व्यर्थ छे; कारण जे सर्व जीवो पोताना पुन्यने अनुसारे सुख भोगवे छे. कोइने कोइ सुख दुःख करवाने समर्थ नथी; तो हुं शुं करवानो छुं? वली अनादि काल गयो ते मात्र भवोभवने विषे कुटुंब मल्या. तो हुं केटला कुटुंबनी चिंता करीश? अने पूर्वे तो अज्ञानपणुं हतुं. कर्मनुं स्वरूप नहि जाणवाथी चिंता करतो हतो; पण आ भवमां कर्मनुं स्वरूप जाण्युं तेथी जाणुं छुं जे, सर्वे सुख दुःख कर्मने अनुसारे थाय छे. माटे महारे महारी तथा पारकी चिंताओ करवी ते फोगट छे. हुं महारा आत्मानंदमां वर्तीश. महारी कुटुंब चाकरी करे छे, ते पण पूर्वे पून्य उपार्जन कर्युं छे, तेनां फल छे. में तेनी चाकरी करी छे, अने ते जीव चाकरी नथी करता, ते महारा पापना उदयनुं फल छे. तेमां ते जीव उपर द्वेष करवो जोग्य नथी. मरण अवसरे कोइ पण जीव उपर द्वेष करवाथी ते जीव साथे वैरभाव थाय छे. माटे हवे महारे जे जे सुख दुःख उत्पन्न थाय ते समभावे भोगववुं. पूर्वे मुनिओने माथा उपर अंगारा भर्या, तो पण वेदना सामी दृष्टि करी नथी. मेतारज मुनिना शरीरनी खाल उतारी, तो पण समभावमां रह्या; माटे आ मरणनी वेदना पण ते मुनि महाराजनी पेठे समभावे भोगववी. जरा कंइ पण परभावमां महारे पेसवुं नाहि. ने महारुं चित्त परभावमां जशे तो आत्मा अवराशे. वली में शरीर, धन, कुटुंब सर्वने वोशिराव्युं छे तेमां कंइ पण

चीजमां मारुं चित्त जशे तो महारी आराधना निष्फल जशे. माटे जेम राधावेध साधनार राधावेध साधवामां तत्पर रहे छे, तेम महारे पण महारा आत्मस्वभावमां रहेवुं ने तेनो विचार करवो. तथा तेमां ज स्थिर रहेवुं. एम आराधकपणे मरण करवाथी निश्चे त्रीजे भवे वा सातमे भवे जीव सिद्धिने वरे छे. एम प्रभुजीए आगममां कह्युं छे; माटे प्रमाद छोडीने केवल महारा आत्ममां वर्तुं. अहो! प्रभुजीए आज मार्ग कह्यो छे, आ मार्ग ग्रहण करवाथी आत्माने आनंद थाय छे के, हवे हमारो भव फेरो टलशे. जरा पण पुद्गलभावमां राग धरीश वा, धननी ममता करीश वा कुटुंब उपर राग करीश तो महारी आत्मदशा टली जशे अने भवभ्रमण वधशे. अने हुं महारी आत्मदशामां रहीश तो थोडा कालमां महारी कार्यसिद्धि थशे, केसरी चोर जेवा महा माठा चोरी विगेरे अकार्यना करनारे पण समभाव आदर्यो तो ते तत्काल केवलज्ञान पाम्यो. तो हवे हुं पण महारा आत्माना उपयोगमां रहुं. हुं महारा आत्माना गुण पर्याय विचारुं. जेम जेम हुं स्वगुणमां लीन थइश, तेम तेम कर्म नाश थशे, ने महारो आत्मा निर्मल थशे अने महारा आत्माना अपुर्वभाव प्रगट थशे. महारा आत्माना सहज सुखनो अनुभव थशे. तेम तेम पुद्गल सुखनी वल्लभता नाश पामशे. परसुखनी इच्छा नाश थशे, तेम तेम कर्म खसतां जशे. तेथी वधारे विशुद्धि थती जशे. पछी गमे ते वेदना थशे, कोइ कापशे, मारशे, तो पण कंइ विकल्प आवशे नहि, ज्यां सुधी आत्मानी मलीनता छे, त्यां सुधी शरीरादिकना विकल्पो आवशे; माटे हवे तो महारा अविनाशी सुखने भावुं. आ मरण अवसरे साधवा तत्पर थउं. परभाव उपर उदासिन दशा महारी प्रगट थाय के, जेथी कुटुंबादिक उपर चित्त जाय नहि. पूर्वे मुनियोए पोतानी आत्मदशा भावी केवलज्ञान निपजाव्युं छे, तेवी दशा हजु महारी थइ नथी; तो पण श्रावकदशा प्रमाणे विशुद्धि थशे; तो पण सातमे भवे मुक्ति जइश. माटे म्हारा आत्म आनंद शिवाय बीजो कोइ आनंद ज-

Scanned by CamScanner

गतूमां नथी. जे जे बने ते जाणवुं एज महारो धर्म छे, शरीरादिके जे उपाधि थाय छे, तेथी म्हारां कर्म भोगवाय छे. तेथी पण म्हारो आत्मा निर्मल थाय छे, एटले ए पण आनंद थवानुं कारण छे. हुं शा कारण दिलगीर थउं? के विकल्प करुं? भगवान् श्रीमत् महावीरस्वामी महाराजने संगम देवताए अत्यंत उपसर्ग कर्या; तो पण समभाव छोड्यो नहि, तेम हुं पण समभावमांज रहुं. कंइ पण चीज म्हारी नथी तो हुं शी बाबतनो विकल्प करुं ? आ रीते निर्विकल्पपणे सर्वथा रहेशे तो केवलज्ञान पामी सिद्धिने वरशे, अने तेथी उतरती विशुद्धिवाला पण गुणस्थाननी हदमां रहेशे तो सातमे भवे सिद्धिने वरशे. माटे संथारो करवो अने समभावे रहेवानो उद्यम करवो. सर्व मंगल मांगल्यं, सर्व कल्याण कारणं ॥ प्रधानं सर्व धर्माणां; जैन जयति शासनं ॥ १ ॥ वली भत्तपच्चक्खाण पयन्नामां संथारो करनारने गाथा ४१ मीमां शीतल समाधी सारु नागकेसर, तज, तमालपत्र, एलची, साकर ए वस्तु दूधमां नांखी दूध उकाली दूध टाढुं करीने अनशन करनारने पावुं एथी अनशन करनारने शीतलता रहे ए मुजब कह्युं छे. श्रावक धनवान होय तो साते क्षेत्रे धन वापरीने देव गुरुने वांदीने अनशन करे. अनशन नो लाभ ए पयन्नामां बहु कह्यो छे. आ मुजब अनशन विधि सामान्य छे.

प्रश्नः—१६२ आत्मारामजी महाराज विजयानंदसूरि महाराजने प्रश्न लख्यां हतां तेनो जवाब शुं छे ?

उत्तरः—आत्मारामजी महाराजजी साहेबनो कागल नीचे मुजब आव्यो हतो.

शहेर अंबाला संवत् १९५१ ना भादरवा वद ११ खेउ. पूज्यपाद श्री श्री श्री १०८ श्रीमद्विजयानंदसूरीश्वरजी आत्मारामजी महाराजजी आदि साधु १० ना तरफथी धर्मलाभ वांचजो.

भरुच बंदरे श्रावक, पुण्य प्रभावक, देव गुरु भक्तिकारक, शेठ अनोपचंद मलुकचंद विगेरे. अत्रे सुखशाता छे धर्मध्यान करवामां उद्यम

Scanned by CamScanner

राखजो. तमारी चोपडी तपासीने पाछी मोकली आपी छे, ते पोहोच्येथी पोहोच लखजो. तमारा लखेला प्रश्नोनो उत्तर नीचे मुजब जाणजो.

१ केवलज्ञानीमां पांच इंद्रिप्राण वर्जी बाक़ीना पांच प्राण जाणवा. कारण जे केवलज्ञानी महाराज केवलज्ञाने सर्व पदार्थ जाणे छे, जेटली इंद्रियोनुं काम नथी तेथी ए प्राण प्रवृत्ते नहि.

२ केवलज्ञानीमां उदारीक, तेजस, कार्मण ए त्रणे शरीर तथा मन वचन काया ए त्रणे जोग एक समयमां लाभे, परंतु मन जोगमां द्रव्य मन समजवुं.

३ चय उपचयने प्राप्त थाय अने औदारिकादि वर्गणानुं बनेल होय ते शरीर, अने शरीरना व्यापार ते कायजोग जाणवो.

४ त्रण जोगनी स्थिति अंतर्मुहूर्त्त अने अवगाहना शरीर प्रमाण.

५ ज्यां शरीर होय, त्यां कायजोगनी भजना शैलेशी अवस्थामां कायानो वेपार न होय तेथी.

६ शरीर बंधक पण छे, ने अबंधक पण छे. ते अबंधक शैलेसी अवस्थामां.

७ तेरमे गुणस्थाने नोसन्नि नोअसन्नि.

८ केवलज्ञानी महाराजने, आहारादिक चार संज्ञामांथी कोइ संज्ञा होय नहि.

९ कायबल नाम शरीरनुं सामर्थ्य छे, अने स्पर्श इंद्री शीत उश्नादिनी परिक्षा करनार छे.

१० ज्ञाननी अवगाहना आत्म प्रमाण.

११ तीर्थंकरनां वचन, केवलज्ञानीने कोइ पण ज्ञानपणे न प्रणमे. क्षायकभावनुं ज्ञान छे, तेथी प्रणमवुं ए क्षयोपशमनो धर्म छे.

१२ देवताने आहार करतां कोइ देखे अने कोइ न देखे.

१३ जीव आहार ले, ते शरीर ले अने इंद्रिओ तो फक्त रसादिकनुं ज्ञान करनार छे.

Scanned by CamScanner

आ मुजबनो महाराज साहेबनो कागल छे. आ उत्तरो विजयानंदसूरि महाराज साहेबजी शिवाय बीजाथी लखावा बहु कठण छे. वांचीने अमे बहु खुशी थया तथा आ चोपडीमा दाखल कर्या छे.

प्रश्नः—१६३ मरण अवसरे समाधीमां चित्त रहे, ते सारु कंइ जाप करवाना कह्या छे ?

उत्तरः—लोगस्सना कल्पमां ॐ ॐ अंबराय कित्तिय वंदिय महीया, जे ए लोगस्स उत्तमा सिद्धा ॥ आरुग्ग बोहिलाभं, समाहिवर मुत्तमं दिंतु ॥ १ ॥ आ मंत्रना (१५०००) जाप करवा, धूप दीप करीने वली गणती वखत स्थिर आसने बेसवुं. आसन चलायमान करवुं नहि. खरज आवे मच्छर करडे तो पण हाथ उंचो नीचो करवो नहि. माला उपर दृष्टि थापवी ते फेरववी नहि. जीभ होठ गणतां हलाववा नहि. एक ध्याने गणी राखवाथी मरण अवसरे समाधि रहेशे एम लोगस्सना कल्पमां कह्युं छे. मांदगी अवसरे ए गाथानुं ध्यान जरूर राखवुं, आउरपच्चख्खाण पयन्नामां कह्युं छे के बार अंगना जाण पण मरण अवसरे वधारे ध्यान करी शकता नथी, तेथी एक गाथानुं ध्यान पण भवसमुद्रथी तारनार छे; माटे वीतरागना धर्मनी हरकोइ गाथानुं ध्यान करवुं. समाधीमां रहेवानी भावना पण जीवने तारनार छे, माटे आ जाप करी मूकवा बहु श्रेष्ठ छे.

प्रश्नः—१६४ साधारण द्रव्यथी धर्मशाला विगेरे बांधी छे, ते तथा संघ विगेरे जमाडे ते श्रावक वापरे तो केम ?

उत्तरः—धर्मशाला बांधी छे, ते श्रावकने उतरवा सारु छे. तेमां उतरवाने हरकत नथी, पण पोतपोतानी शक्ति प्रमाणे साधारणमां कंइ आपवुं जोइए. श्राद्धविधिमां पाने ११० में छे. तेमां साफ कह्युं छे के, ओछुं भाडुं आपे तो प्रगट दोष छे. कारण जे धर्मशाला करावी जनार कंइ दीर्घकाल एक स्थितिवाला रहेता नथी, तो ते धर्मशालानी मरामत चलाववी विगेरे क्यांथी काढवी ? माटे श्रावको आपी जाय तो ते मकान

सारी स्थितिमां रहे. वली स्वामिभक्ति करवा पैसा मूकी गया छे तेनुं जमवाने कंइ पण हरकत नथी, पण स्वामिनो माल तृष्णापणे इंद्रियोना विषयने सारु अतिशय आ कंठ सुधी खावो नहि. फक्त स्वामीभाइनुं मन साचववा जमवा जवुं छे तेथी जमाडनारनां बहुमान करतो योग्य रीते जे वस्तु हाजर होय, ते निर्वाह रीते वापरे, तो कंइ हरकत नथी. पण तेना कारभारी थइ तेमांथी कंइ वस्तु घेर लइ जवी, वा पोताना लागता वलगताने आपी देवी, वा, हरकोइ प्रकारे पोताना संसारी काममां साधारणनी चीज वापरवी वा, पैसा बगाडवा तेथी तो श्राद्धविधिमां नुकशान कह्युं छे. माटे साधारण द्रव्य पण विणसाडवुं नहि. साधारण द्रव्य उपर आगल कथा आवी गइ छे, ते आनी साथे जोडवी.

आ कथाओ सांभली तुच्छ श्रद्धावालाने व्यामोह थशे के आटलुं देवद्रव्य वा, साधारण द्रव्य, ज्ञान द्रव्य खाधुं तेनां आटलां कर्म बंधाय? तेने विचार करवानो के जेम के दुनियामां कोइ छोकरीना पैसा खाय छे तेनी केटली निंदा थाय छे ? तेनुं कारण जे तेने आपवा योग्य छे ते न आपतां तेनुं खाय तेम आ द्रव्यमां पोतानुं द्रव्य वापरवा योग्य छे, तेने बदले खाय तो वधारे पाप थाय ज. वास्ते ज्ञानीये ज्ञानमां वधारे पाप जोयुं ते बताव्युं.

प्रश्नः—१६५ पुद्गल केटला प्रकारनां कह्यां छे ?

उत्तरः—पुद्गल त्रण प्रकारनां कह्यां छे. जीवे जे ग्रहण करेलां छे तेमां जीव छे त्यां सुधी प्रयोगशा कहीये. ते शरीरमांथी जीव नीकली गया पछी जे पुद्गल रह्यां छे ते मिश्रशा कहीये. त्रीजा विश्रशा ते स्वभाविक पुद्गलना स्कंध थाय छे. जेम के आकाशमां लीला पीला रंग देखाय छे, ते तथा अंधाराना पुद्गल तथा वादलाना पुद्गल ए जीव ग्रहण कर्या विना थाय छे ते विश्रशा कहीये. ए रीते त्रण जातना पुद्गलनो अधिकार भगवतीजीमां पाने ५२१ मे छे.

प्रश्नः—१६६ परिहारविशुद्धि चारित्र केटला पूर्व भणेला अंगी-

Scanned by CamScanner

कार करे ?

उत्तरः—नव पूर्वनी त्रीजी वस्तु सुधी भण्या होय, तेओ परिहारविशुद्धि संयम आदरे, नव जण गच्छमांथी नीकले, तेमां चार जण छ मास सूधी तपश्चर्या करे ने चार जणा तेमनी वैयावच्च करे, ने एक गुरु स्थापे तपश्चर्या करनार छ मास सूधी करी रहे, त्यारे वैयावच्चवाला छ महिना सूधी तपश्चर्या करे. पछी छ महिना गुरु तपश्चर्या करे ने बीजा आठमांथी एकने गुरु स्थापे, ने सात जण वैयावच्च करे. एवी रीते अढार मास सूधी तपश्चर्या करे. तेनुं नाम परिहार विशुद्धिचारित्र कहे छे. ए अधिकार भगवतीजीमां पाने ५७१ मे छे.

प्रश्नः—१६७ सिद्ध महाराजने चारित्र कहीये के नहि ?

उत्तरः—सिद्ध महाराजने व्यवहार रूप चारित्र नथी, तेथी भगवतीजीमां पाने ५७६ मे नोचारित्र नोअचारित्र कह्युं छे.

प्रश्नः—१६८ विभंग ज्ञानवालाने दर्शन होय के नहि ?

उत्तरः—कर्मग्रंथमां तो ना कही छे, पण भगवतीजीमां पाने ५८८ मे विभंगज्ञानवालाने अवधिदर्शन कह्युं छे. पन्नवणाजीमां पण अवधि दर्शन कह्युं छे. हवे ए बे मतांतर जणाय छे. तत्त्व केवलीगम्य.

प्रश्नः—१६९ मुनिने अशुद्धमान आहार पाणी आपवाथी शुं फल थाय?

उत्तरः—मुनिने मुख्यपणे तो शुद्धमान आहार पाणी आपवाना ज भाव होय, पण केटलाएक कारणे अशुद्धमान पण आपे. वली गुरु उपर राग छे तेथी कंइ कंइ चित्तमां पण आवी जाय. पण मुनिने प्रतिलाभवाना अतिशय भाव छे, तेथी अल्प दोष ने घणी निर्जरा भगवतीजीमां पाने ६१० मे कही छे.

प्रश्नः—१७० प्रायश्चित लेवाना भाव छे, ने एटलामां काल करे तो आराधक के केम ?

उत्तरः—भगवतीजीमां पाने ६१५ मे मुनि गोचरी गया छे ने त्यां कंइ दोष लाग्यो छे, ते गुरु पासे जइ आलोववाना भाव छे, ने वचमां का-

Scanned by CamScanner

ल करे तो तेने आराधक कह्या छे.

प्रश्नः—१७१ मोटामां मोटो दिवस केटलो होय ? ने रात्री केटली होय ?

उत्तरः—भगवतीजीमां पाने ९३८ मे ओछामां ओछो दिवस बार मुहूर्त्त एटले चोवीश घडी तथा ओछामां ओछी रात्री पण एज प्रमाणे, तेम वधारेमां वधारे दिवस १८ मुहूर्त्तनो एटले छत्रीश घडीनो तथा रात्री पण वधारेमां वधारे एटली थाय.

प्रश्नः—१७२ श्रावको पौषध लइ धर्मकथा करे ते अधिकार शी रीते छे?

उत्तरः—भगवतीजीमां पाने ९७० मे ऋषिभद्रपुत्रनो अधिकार छे. त्यां श्रावको आसन लइ बेठा छे, ने ऋषिभद्र धर्म प्ररूपे छे. तेमांथी श्रावकने शंका थइ छे तेथी भगवंतने पूछयुं छे जे ऋषिभद्र आ प्रमाणे प्ररूपे छे. भगवंते कह्युं के ऋषिभद्र प्ररूपे छे ते सत्य छे. एवी रीते अधिकार छे. तथा उपदेशमालामां गाथा २३३ मीमां श्रावक बीजाने धर्मोपदेश करे एम कह्युं छे.

प्रश्नः—१७३ भव्य जीव छे ते सर्वे सिद्धि वरे, त्यारे बधा अभवि रहे के केम ?

उत्तरः—जयंती श्राविकाए भगवतीजीमां प्रश्न पूछयां छे तेमां ए प्रश्न छे तेनो जवाब पाने ९९१ मे छे के, गयो काल अनंतो गयो तेनो छेडो नथी. तोपण एक निगोदने अनंतमे भागे सिद्धि वर्या छे. तेमज आवता कालनो छेडो नथी, माटे बन्ने तुल्य छे. तेथी आवते काले पण बीजा एक निगोदने अनंते भागे सिद्धि वरशे. तेथी कोइ दिवस भवि खाली थवाना नथी.

प्रश्नः--१७४ समकित सहित कइ नरक सूधी जाय ?

उत्तरः---समकित सहित छठ्ठी नरक सूधी जाय अने सातमी नरके समकित वमीने जाय. ए अधिकार भगवतीजीमां पाने १०८७ मे छे.

प्रश्नः—१७५ पुस्तक तथा प्रतिमाजी होय त्यां हास्य विनोद करतां

Scanned by CamScanner

आशातना लागे के नहि ?

उत्तरः—ज्यां ज्ञान अने जिनप्रतिमाजी होय त्यां आहारनिहार स्त्री साथे भोग तथा हास्यादिक क्रीडा करवाथी आशातना थाय छे. ए अधिकार भगवतीजीमां पाने ११७७ मे छे. सुधर्म सभामां थंभा छे, तेमां पुस्तक तथा प्रभुनी दाढाना दाबडा छे तेथी इंद्राणी साथे हास्यादि विनोद सुधर्म इंद्र त्यां करता नथी, तेम मनुष्ये पण करवो नहि.

प्रश्नः—१७६ क्षयोपशम भावना समकितमां ने उपशम भावना समकितमां शुं फेर छे ?

उत्तरः—क्षयोपशम भावनुं समकित छे तेने समकितमोहनी विपाक उदये छे, ने मिथ्यात्वमोहनी प्रदेश उदये छे ने उपशम समकितवाळाने मिथ्यात, मिश्र तथा समकितमोहनी विपाक उदय तथा प्रदेश उदयथी टली जाय छे. ए अधिकार भगवतीजीमां पाने ११८३ मे छे.

प्रस्नः—१७७ श्रावक उघाडे मुखे बोले तो उचित छे के नहि ?

उत्तरः—श्रावके अवश्य मुखे वस्त्र अथवा हाथ अथवा मुहपत्ति राखीने बोलवुं. उघाडे मुखे बोलवुं नहि जोइए. ए संबंधी भगवतीजीमां गौतमस्वामी महाराजे प्रस्न पूछयुं छे जे इंद्र सावद्य भाषा बोले छे के निरवद्य भाषा बोले छे ? तेनो उत्तर भगवंते कह्यो छे जे, इंद्र जे वखत मुखे वस्त्र अथवा हाथ राखीने बोले छे ते वखत निरवद्य भाषा बोले छे अने जे वखत उघाडे मुखे बोले छे ते वखत सावद्य भाषा बोले छे. एवी रीते पाने १३०२ मे अधिकार छे.

प्रस्नः १७८ पूर्वनुं ज्ञान क्यां सूधी रह्युं ?

उत्तरः-पूर्वनुं ज्ञान भगवानना निर्वाण पछी एक हजार वर्ष सूधी रह्युं. ए अधिकार भगवतीजीमां पाने १५०३ मे छे.

प्रश्नः—१७९ प्रभुनुं शासन क्यां सूधी रहेशे ?

उत्तर—एकवीश हजार वर्ष सूधी रहेशे. ए अधिकार भगवतीजीमां पाने १५०४ मे छे.

Scanned by CamScanner

प्रश्न—१८० विद्याचारण जंघाचारण मुनि नंदीश्वर द्वीपे जिनप्रतिमाने वांदवा जाय ए अधिकार शेमां छे ?

उत्तरः_भगवतीजीमां पाने १५०६ मे छे.

प्रश्नः—१८१ श्रावक श्रावकने, तथा श्राविकाने व्रत उच्चरावे के केम?

उत्तरः—श्रावक—श्रावक श्राविकाने व्रत उच्चरावे छे. ज्ञाताजीमां छापेली प्रतने पाने १०१६ मे जितशत्रु राजाए सुबुद्धि प्रधान पासे धर्म सांभलीने प्रतिबोध पामी श्रावकनां बार व्रत सुबुद्धि प्रधान पासे लीधां छे. वली पच्चख्खाणना करावनार जाण अजाणना चार भांगा कह्या छे. ते आ प्रमाणे—करावनार जाण ने करनार जाण ए पच्चख्खाण शुद्ध. करावनार जाण ने करनार अजाण पण करावनार जाणे छे तेथी व्रतनी विधि बतावे, वास्ते ए पण शुद्ध कह्या छे. पण त्यां दर्शाव्युं छे जे तथाविध गुरुने अभावे पिता, दादा, मामा, भाई, वा कोइनी पण साक्षी राखीए. तेओ अजाण छे, पण पोते जाणे छे तेथी शुद्ध छे. चोथो भांगो करावनार अजाण ने करनार पण अजाण अशुद्ध पच्चख्खाण कह्युं छे. आवी रीते प्रवचनसारोद्धारनी टीकामां ३९ मे पाने कहयुं छे. ए उपरथी त्रीजा भांगाथी सिद्ध थाय छे जे पिता विगेरे अजाण छे, तेमनी समक्ष पच्चख्खाण लेवुं तो जाणकार श्रावक पासे लेवुं ए तो वधारे योग्य छे. आवी चौभंगी योगशास्त्रमां तथा पंचाशकमां पण छे. वास्ते मुनि महाराजना अभावे श्रावक पासे पच्चख्खाण लेवुं योग्य छे.

प्रश्नः—१८२ श्रावकने फासुक पाणी पीवाथी शुं फायदो छे? कारण जे आरंभ तो करवो करावनो रह्यो छे, तो सचित्तनुं अचित्त करीने पीवुं तेथी शुं फल ?

उत्तरः—श्रावकने सचित्त वस्तुनी मूर्च्छा उतरी ए मोटो लाभ छे. कर्मबंधन छे ते इच्छाए करीने छे, ते सचित्त वस्तुनी इच्छा बंध थइ गइ, ए मोटो लाभ छे. वली सचित्त जल जगतमां छे ते बधा उपर चित्त मोकलुं छे, ते फासुक जल पीनारने बंध थइ जाय छे, फासुक

Scanned by CamScanner

पाणी ज्यां जाय, त्यां मलतुं नथी. तो ते परिसह पण वखते खमवो पडे छे. वली सचित्त जलमां समये समये जीव उपजे छे ने विणसे छे तेनो पण आरंभ टली जाय छे. तेथी श्रावकने सचित्तनो त्याग थाय छे. तेना अतिचार पण कह्या छे. वली महंत श्रावक आनंदजी प्रमुखे सचित्तनो त्याग कर्यो छे ने आरंभ मोकलो छे. आ सचित्त त्याग ७ मी पडिमामां कर्यो छे अने आरंभनो त्याग ८ मी पडिमामां छे. ए अधिकार उपासकदशांगनी छापेली प्रतमां पाने ६६ मे छे. वली आठमी पडिमामां पोताने आरंभ करवानो त्याग छे, पण कराववानो त्याग नथी. आरंभ करावंवानो नवमी पडिमामां त्याग छे. वास्ते आरंभ मोकलो छे तो पण आनंदादिक श्रावके सचित्तनो त्याग कर्यो तेम ज हालना श्रावकने पण करवा योग्य छे.

प्रश्नः–१८३ श्रावक देरासरमां जाय, त्यां सारी आंगी रचेली होय तथा गायन थतुं होय तो त्यां तेणे शुं भाववुं ?

उत्तरः–जे जे पुरुषोए आंगीना काममां पैसा खर्च्या छे ते ते पुरुषोनी अनुमोदना करवी जे धन्य छे ! संसारना काममां पैसा वापरवा बंध करी प्रभुभक्तिमां पैसा वापरे छे ! मारुं चित्त क्यारे एवुं थशे जे हुं एवी प्रभुभक्ति करीश, वली आंगीना बनावनार पुरुषनी अनुमोदना करे जे पोतानुं काम छोडी आंगी करवामां पोतानो काल गुमावे छे. महारा भाव एवा क्यारे थशे ? वली गायन थतुं होय तो जे जे प्रभुना गुण गाय छे तेमां लीन थवुं, पण गायनना विषयमां लीन थवुं नहि. वली दृष्टी पण प्रभु सामी स्थापवी, पण गानारना सामी स्थापवी नहि. कारण के प्रभु शिवायनी त्रण दिशा जोवानुं दशत्रीकमां वर्जवुं कह्युं छे. माटे प्रभु सामी दृष्टि स्थापवी, वली राग सारो गाय छे तेने सारु भाववुं जे मने एवुं गातां आवडतुं होत तो प्रभुना गुण गायनमां हुं पण गात. एम भाववुं पण रागमां लीन न थवुं. बाल जीवने तो प्रभुनुं जे जे प्रशंसे छे ते ते परंपराये गुणदायक छे, पण विवेकीने तो प्रभुना गुण

गावा तेज गुणकारी छे. यशविजय महाराजे सवासो गाथाना स्तवनमां कह्युं छे जे " जिनपूजामां शुभ भावथी, विषय आरंभतणो भय नथी " माटे जिनमंदिरमां जइ विषयनी दृष्टि न राखवी तेज गुणकारी छे. जिन मंदिरमां परभाव छोडवा सारु जवुं छे, ने त्यां विषनी दृष्टि थाय त्यारे विषय क्यां छूटे ? माटे पुद्गलिक पदार्थमां दृष्टि न राखतां प्रभुना गुण संभारी प्रभुनी आज्ञा संभारी शुभ भावनी वृद्धि करवी ने पुद्गल राग घटाडवो तेज धर्म छे.

प्रश्नः—१८४ पाछले भवे आयुष्य बांध्युं होय, तेज प्रमाणे पुरुं थाय के कोइ रीते तूटे ?

उत्तरः—शास्त्रमां आयुष्य बे प्रकारनां कह्यां छे. एक उपक्रमी अने बीजुं निरुपक्रमी. हवे उपक्रमी आयुष्य छे तेने उपक्रम जे विष शस्त्र प्रमुख लागवाथी आयुष्य ओछुं थाय छे. जेम के अकाल मृत्यु कहेवाय छे. ए उपक्रमी आयुष्यवालाए जे आयुष्य बांधेलुं छे, ते शिथिल छे तेथी तेने उपक्रम लागे छे. ए अधिकार तत्वार्थमां बीजो अध्याय पूरो थतां पाने १०५ मेथी चाले छे. ते बीजो अध्याय पूरो थतां सूधी छे. वली विशेषावश्यकमां पण अधिकार छे. तथा आचारांगजीनी शिलांगाचार्य कृत टीका-छापेलीमां पाने १११ मे छे. बाकी पण घणी जग्याए छे. माटे उपक्रमनी सारी संभाल राखवी. कारण जे प्रायः आ कालमा घणा माणसनां उपक्रमी आयुष्य होय, वास्ते उपक्रम लाग्युं होय तो ते टालवानो उद्यम करवो ते सारुं. मुनि महाराज पण औषधादिक करे छे. पण आखो भव व्रत पालवां ने छेल्ली वखते व्रत दूषण लागे वा भागे एवी दवा वापरवी ते ठीक नहि. जेम बने तेम व्रत राखवां ने रोगनो विकल्प न करवो. रोगनो विकल्प न करवाथी रोग जलदी दूर थाय छे, वास्ते पोतानो आत्मधर्म न बगडे एम उद्यम करवो.

इहां कोइने शंका थशे जे हरेक व्रतमां चार आगार छे, तेमां सव्वसमाहिवत्तियागारेणं आ आगार छे वास्ते कदापी अयोग्य वस्तु त्याग

Scanned by CamScanner

करेली वापरे तेथी शुं व्रत भंग थाय छे ? ते विषे जाणवुं जे आगार राख्या छे पण ते विषे शास्त्रमां कहेलुं छे जे दृढ प्रतिज्ञावान आगार सेवता नथी, पण जेनुं मन ढीलुं छे एटले रोगादिक सहन थता नथी परिणाम बगडी जाय छे एवुं लागे तो व्रत उपर परिणाम राखवाने प्रायश्चित्त लेवानी भावना सहित वापरवुं. ते आगारवाली वस्तु सेव्यानुं पण प्रायश्चित्त कह्युं छे. तो ए अपवाद मार्ग छे, पण जे आगार नथी सेवतो ने शुद्ध स्वरूप उपर नजर राखे छे तेनी अपेक्षाए तो ए उतरतो छे. वली केटलाएक जीव पैसाना लोभथी एटले निर्दोष दवानुं खरच वधारे लागे छे तेना कृपणपणाथी दूषित दवाओ वापरे छे ए तो बहुज दूषण छे. एवा माणसो पैसानी कसरथी अभक्ष दवाओ वापरे छे ने पाछुं शुभ खाते द्रव्य वापरे छे, ते करतां शुभ खाते कमी वापरी भक्ष दवामां पैसा वापरे तो ए वधारे उत्तम नीति छे. वास्ते व्रत रहे एम करवुं एज कल्याणकारी छे. तेम जेना परिणाम बगडता होय तेमने आगार सेववानी मना करवी ते पण योग्य नथी.

प्रश्नः—१८५ साधुजी गाममां प्रवेश करे तो तेमने वाजते गाजते सामैयुं करी तेडी लाववानुं शास्त्रमां कह्युं छे ?

उत्तरः—श्राद्धविधिमां पाने २६८ मे एवो अधिकार छे के, श्रीधर्मघोषसूरीना नगरप्रवेशना ओच्छवमां बहोंतेर हजार टका श्रावके खरच कर्या छे. वली व्यवहार सूत्रनी भाष्यमां पाने १८२ मे छे तेनुं त्यां प्रमाण आप्युं छे जे प्रतिमाधर मुनि प्रतिमा पूरी थाय त्यारे नगर बहार रही गुरुने खबर आपे के, हुं आव्यो छुं. पछी गुरु, राजा प्रमुख जे श्रावक होय तेने जणावे. पछी श्रावक बडा आडंबरथी प्रवेश करावे तेथी शासननी प्रभावना थाय. घणा जीव धर्मना रागी थाय. ए विगेरे घणो दर्शाव श्राद्धविधिमां छे. माटे वडा आडंबरथी गुरु महाराजने नगरप्रवेश करावको.

प्रश्नः—१८६ चोमासामां खांड विगेरेनो त्याग करवानुं कया शास्त्रमां छे ?

Scanned by CamScanner

उत्तरः—श्राद्धविधिमां पाने २५४ मे चोमासामां खांड, खजूर, द्राक्ष, मेवा, सूकवणी शाक, भाजी विगेरे अभक्ष कह्यां छे त्यां जोशो तो जणाशे. कारण के चोमासामां ए चीजोमां त्रस जीवनी उत्पत्ति थाय छे माटे त्याग करवी जोइए.

प्रश्नः—१८७ गुरुद्रव्य कोने कहीए ?

उत्तरः—श्राद्धविधिमां पाने १०० मे टबावाली प्रतमां वस्त्र पात्र प्रमुख उपगरणने गुरुद्रव्य कह्युं छे.

प्रश्नः—१८८ जिनबिंबनी प्रतिष्ठामां तथा दीक्षामां मुहूर्त्त शी रीते जोवानां छे ?

उत्तरः—में लग्नशुद्धि विगरे जैनना मुहूर्त्तना ग्रंथो जोया छे, तेमांथी सामान्य रीते आ नीचे जणाव्युं छे. विशेष तो ते शास्त्र जोवाथी जणाशे.

प्रथम मास जोवा. ते मार्गशीर्ष, माघ, फागण, वैशाख, ज्येष्ठ, अषाढ ए मासमां प्रतिष्ठा करवी लग्नशुद्धिमां कही छे. तथा ज्योतिर्विदाभरण नामनो कालीदास पंडिते ज्योतिषनो ग्रंथ कर्यो छे, तेमां जैनप्रतिष्टानी संक्रांति कही छे, ते वृश्चिक, मकर, कुंभ, मेष, वृषभ, मिथुन, ए छ संक्रांतिओ कही छे. ए ग्रंथनी टीका जैनाचार्यनी करेली छे. वली प्रतिष्ठानी विधीना टीपणामां श्रावण मास पण लखेलो छे श्रने श्रावण मासमां प्रतिष्ठा थयेली पण देरासरमां जोवामां श्रावे छे. तत्वकेवलीगम्य. आपणा सिध्धांतमां पूनमीआ मास कह्या छे तेथी मुहूर्तमां पण तेज माफक मास लेवा.

तिथियो सामान्य रीते शुक्ल पक्षनी शुदि १० थी ते कृष्णपक्षनी वदि ५ सुधी उत्तम कही छे. तथा तिथियो प्रत्येक पण कही छे ते १-२-५-१०-१३-१५ ए शुक्लपक्षनी अने कृष्णपक्षनी १-२-५-सुंदर कही छे.

वार सोम, बुध, गुरु, शुक्र ए सुंदर कह्या छे. तथापि ए शिवायनी तिथि तथा वार सिध्धियोग युक्त होय तो लग्नशुध्धिमां सुखना आपनार कह्या छे.

Scanned by CamScanner

वळी आरंभसिध्धिनी मोटी टीकामां एक मंगलवार वर्जी सर्वे वार प्रतिष्ठामां लीधा छे. माटे बलवान योग होय तो तिथि वारनो नियम नहि.

प्रतिष्ठामां मघा, मृगशीर्ष, हस्त, उत्तराफाल्गुणी, उत्तराषाढा, उत्तराभाद्रपद, अनुराधा, रेवती, श्रवण, मूल, पुष्य, पुनरवसु, रोहिणी, स्वाति, धनिष्ठा ए नक्षत्र लेवां.

कुंभस्थापनमां, रवि नक्षत्रथी प्रथमनां पांच नक्षत्र मूकीने पछीनां आठ नक्षत्र, तथा पछीनां आठ वर्जी ते पछीनां छ नक्षत्र ए चौद नक्षत्र कुंभचक्रनां छे तेमां मुहूर्त्त कुंभस्थापननुं करवुं. पहेलां पांच तथा आठ पछीनां आठ वर्जवां.

उपर प्रतिष्ठा नक्षत्र कह्यां, तेमांनुं नक्षत्र प्रतिष्ठा करावनारना जन्म नक्षत्रथी १०-१६-१७-१८-२३-२५ होय तो वर्जवुं.

आडल योग ते रवि नक्षत्रथी २-७-९-१६-२१-२३-२८ ए नक्षत्र होय तो आडल योग थाय, ते परदेश जतां वर्जे छे ने बीजा काममां पण वर्जीय तो सारां. वार तिथि नक्षत्रथी कुयोग वर्जवा.

	रवि.	सोम.	मंगल.	बुध.	गुरु.	शुक्र.	शनि.	कुयोग
तिथि	७	६	५	४	३	२	१	कुलिकयोग व.
,,	५	४	३	२	१	७	६	उपकुलिक व.
,,	३	२	१	७	६	५	४	कंटक योग व.
,,	४	७	२	५	८	३	६	अर्धप्रहरवर्जयो.
,,	८	३	६	१	४	७	२	कालवेला व.
,,	१२	११	१०	९	८	७	६	कर्कयोगवर्जवो.
नक्षत्र	मघा.	विशाखा.	आर्द्रा	मूल.	कृतिका.	रोही.	हस्त	यमघंट वर्जवो.
,,	विशाखा	पूर्वाषाढा	धनिष्ठा	रेवती.	रोहिणी.	पुष्य.	उ. फा.	उत्पातयोग व.
,,	अनुराधा	उ०षा०	शतभिषा	अश्विनी.	मृग.	अश्ले.	हस्त	मृत्युयोग व.
,,	ज्येष्ठा	अभिजित	पु०भा०	भरणी.	आद्रा.	मघा	चित्रा	काणयोग व.
तिथि	७	७	०	१—३	६	३	०	संवृत योग व.
,,	भ	चि०	उ०षा०	धनिष्टा.	उ. फा.	पुष्य	रेवती	वारनां जन्म नक्षत्र वर्जवां.
,,	जे० मघा.	पूर्वाषाढा	शत.	पु. भा.	रो. मृ.	रो. मृ.	उ. फा.	
	विषा० अनु०	विशाखा. उ० षा०	आर्द्रा. धनिष्टा.	मू. आ. भरणी	आर्द्रा. शत.	अश्ले. पु. षा.	ह. चि. पु. षा. उ. षा.	कुयोग वर्जवा
तिथि नक्षत्र	५ ह.	६ मृ.	७ अश्विनी.	८ अनुराधा	९ पुष्य.	१० रेवति.	११ रोहि.	महामृत्युयोग

Scanned by CamScanner

कुलिकयोग थाय छे ते चार घडी थाय छे. ते पडवाने दिवसे पेहेले चोघडीये, बीजे बीजे चोघडीए एम सातमने दिवसे सातमे चोघडीए थाय. तेम उपकलिक, कंटक, अर्धप्रहर, कालवेला एवा २ कोठामां तिथि छे. ते जे तिथि होय तेटलामुं चोघडीयुं ए योग रहे छे. ते वखत शिवायनो वखत सारो.

आनंदादिकमां कुयोग कह्या छे, ते वर्जवा.

रवी.	सोम.	मंगल.	बुध.	गुरु.	शुक्र.	शनि.	
म.	आर्द्रा.	मघा.	चित्रा.	ज्येष्ठा.	अभि.	पु. भा.	कालदंड
आर्द्रा	मघा.	चि.	ज्येष्ठा.	अभि.	पु. भा.	भरणी.	ध्वांक्ष.
अश्ले.	हस्त.	अनु.	उ. षा.	शत.	अश्वि.	मृ.	वज्र.
मघा.	चि.	ज्ये.	अभि.	पु. भा.	भर.	आर्द्रा.	मुद्गर.
चि.	ज्ये.	अभि.	पु. भा.	भर.	आर्द्रा.	मघा.	कंप.
स्वा.	मूल.	श्रवण.	उ. भा.	कृति.	पुनर्वसु.	पु.फा-	लुंपक.
वि.	पु. षा.	धनी.	रे.	रोहि.	पुष्य.	उ. फा.	प्रवास.
अनु-	उ. षा.	शत.	अश्वि.	मृग.	अश्ले.	हस्त.	मरण.
ज्ये.	अभी.	पु. भा.	भर.	आद्रा	मघा.	चित्रा.	व्याध.
पु. षा.	धनी.	रेव.	रो.	पुष्य.	उ. फा.	विशा.	शूल.
अभी.	पु. भा.	भ.	आर्द्रा.	मघा.	चित्रा.	ज्येष्ठा.	मूशल.
शत.	अश्वी.	मृग.	अश्ले.	हस्त.	अनु.	उ. षा.	क्षय.
पु.भा.	भर.	आर्द्रा.	मघा.	चित्रा.	ज्येष्ठा.	अभि.	क्षिप्र.

यमल योग वर्जवो ते गुरुवार, मंगलवार, शनिवार एमांनो वार तिथि २-७-१२ एमांनी तिथी, मृग, विशाखा, धनिष्ठा एमांनुं नक्षत्र ए त्रणने योगे वर्जवुं.

त्रिपुष्कर योग ते २-७-१२ तिथि, गुरु, मंगल, शनि एमांनो वार ने कृत्तिका, पुनर्वसु, उत्तराफाल्गुनी, विशाखा. उत्तराषाढा, पूर्वाभाद्रपद, एमांनुं नक्षत्र ए त्रणे योगे थाय ते वर्जवुं.

गुरु शुक्रना अस्तमां प्रतिष्ठा, उजमणुं करवानो निषेध कर्यो छे, तथा दीक्षा शुक्रना अस्तमां आपवी संभवे छे; केम के लग्नशुध्धिमां शुक्र निर्बल लेवो कह्यो छे तो अनिर्बल छे तथा प्रतिष्ठादिकमां गुरु, शुक्र बाल होय, बूढो होय ते दिवस पण वर्जवा.

Scanned by CamScanner

गुरु शुक्रनो उदय पूर्व दिशाये थाय तो त्रण दिवस बाल जाणवो अने पश्चिम दिशाए उदय थाय तो दश दिवस बाल जाणवो.

गुरु शुक्रनो पूर्व दिशाए अस्त थाय तो ते पहेला पंदर दिवस वृध्ध जाणवो अने पश्चिम दिशाए अस्त थाय तो ते पहेला पांच दिवस वृध्ध जाणवो. ए दिवसोमां मुहूर्त्त आपवुं नहि.

शुक्र देरासरमां पेसतां जे दिशाए उदय होय, ते सन्मुख भावे तथा जमणो अवश्य वर्जवो, पण कदापि अंध शुक्र होय तो हरकत नहि. एम आरंभसिध्धिनी नानी टीकामां कह्युं छे. बीजा बे प्रकारना शुक्र पण तजाय तो तजवा कह्या छे. संक्रांतीए वर्त्ततो जे संक्रांती होय ते संक्रांतीमां जुओ ने सन्मुख आवे तो वर्जो.

नक्षत्रे वर्त्ततो ते कृतिका, रोहिणी, मृगशीर्ष, आद्रा, पुर्नवसु, पुष्य, अश्लेषा ए नक्षत्रने दिवसे पूर्वे शुक्र होय, मघा, पूर्वाफालगुनी, उत्तराफाल्गुनी, हस्त, चित्रा, स्वाति, विशाखा ए नक्षत्रे दक्षिण दिशाए होय. अनुराधा, ज्येष्टा, मूल, पूर्वाषाढा, उत्तराषाढा, अभिजीत, श्रवण ए नक्षत्रे पश्चिम दिशाए होय. धनिष्ठा, शतभिषा, पूर्वाभाद्रपद, रेवती, अश्विनी, भरणी ए नक्षत्रने दिवसे उत्तर दिशाए शुक्र होय. मुहूर्त्त नक्षत्र जे होय ते जोतां सन्मुख शुक्र आवे ते वर्जवो.

रवि नक्षत्र चालतुं होय, तेथी सातमुं नक्षत्र होय, ते भस्मयोग केहेवाय छे. माटे ते नक्षत्र न लेवुं. रजे करी आकाश न देखातुं होय तो ते दिवसे मुहूर्त्त करवुं नहि. संक्रांती बेसे तेनो आगलो दिवस तथा पाछलो दिवस तथा ते दिवस वर्जवो.

वादल गाजवाथी वीजलीना कडाका थाय, आकाशमां धनुष खेंचे, सूर्य चंद्रनी पाछल कुंडालुं थाय ने रक्तवर्ण आकाश थाय ते रक्तवर्ण आकाश थाय ते दिवस वा, अकाल वृष्टि थाय ते सर्व दिवस वर्जवा.

ग्रहण थया पछी सात दिवस तथा पहेला सात दिवस ग्रहण दग्धतिथि कहिए, तेमां पण मुहूर्त्त करीए नहि, पण आखो घेरायो होय

तो अथवा अर्धो घेराओ होय तो त्रण दिवस गोचरशुद्धि जोवी ते नीचे प्रमाणे.

जे राशीए गुरु होय ते प्रतिष्ठा करावनारनी जन्मराशिथी २-५-७-९-११ मो होय तो श्रेष्ठ जाणवो.

चंद्रमा जे राशीनो होय ते जन्मराशीथी १-३-६-७-१०-११-२-५-९ मो होय तो ते सारो जाणवो. प्रभुनी राशीथी प्रभुनो पण जोवो.

जे राशीनो रवि होय ते जन्मराशीथी ३-६-१०-११ मो होय तो सारो जाणवो.

आ मुजब प्रतिष्ठा करनारने गुरु, चंद्र, रवि त्रणे जोवा. प्रतिमाजी महाराजने चंद्रबल जोवुं, पण कृष्ण पक्ष होय तो ताराबल जोवुं ते नीचे मुजब.

जन्मनक्षत्रथी गणवुं, ते जन्मनक्षत्र अश्विनी छे तो दशमुं नक्षत्र मघा आव्युं एम गणवुं.

तारा.	नक्षत्र.	नक्षत्र.	नक्षत्र.	सारी नबळी तारा.
१	१	१०	१९	शुभ तारा नक्षत्रमां मुहूर्त्त आपवुं.
२	२	११	२०	शुभ.
३	३	१२	२१	अशुभ.
४	४	१३	२२	शुभ.
५	५	१४	२३	अशुभ.
६	६	१५	२४	शुभ.
७	७	१६	२५	अशुभ.
८	८	१७	२६	शुभ.
९	९	१८	२७	शुभ तारा कही ते नक्षत्रमां मुहूर्त्त करवुं.

एटले जन्म नक्षत्रथी १-१०-१९ मुं नक्षत्र होय तो १ तारा एमज २-३ प्रमुख जाणवी.

Scanned by CamScanner

हवे जन्म जेनुं नक्षत्र न होय तो तेनुं जे नाम होय ते उपरथी अक्षरो अवकहोडा चक्रथी जोइने नक्षत्र काढवुं ते नीचे प्रमाणे.

चु. चे. चै. चो. चौ. अश्विनी. ली. लु. ले. लो. लौ. लै. भरणी अ. अ. ई. ऊ. ए. ऐ. कृतिका. ओ. वा. वी. वु. रोहिणी. वे. वो. का.की. मृगशीर्ष. कु. घ. ड. छ, आर्द्रा. के. को. ह. ही पुनर्वसु. हु. हे. हो. हा पुष्य, डे, डी. डु. डो. अश्लेषा. म. मी. मु. मे. मघा. मा ट. टी. टु, पूर्वाफाल्गुनी. पु. ष. ण. ठ. हस्त. पे. पो. र. री. चित्रा. रु. रे. रो. ता. स्वाति. ती. तु. ते. तो. विशाखा. न, नी, नु, ने, अनुराधा. नो, य, यी,यु, ज्येष्टा. ये, यो, भ, भी, मूल. भु, ध, फ, ढ, पूर्वाषाढा. भे, भो, ज, जी, उत्तराषाढा. जु, जे, जो, षा, अभिजीत. षी, षु, षे, षो, श्रवण. ग, गी, गु, ग, धानिष्टा. गो, स, सी, सु. शतभिषा. से, सो, द, दी, पूर्वाभाद्रपद. दु, श, ञ, थ, उत्तराभाद्रपद. द, दो, दी, रेवती. आ प्रमाणे नामना अक्षर होय ते उपरथी आमां जोइ नक्षत्र काढवुं.

मुहूर्त्तने दिवसे विष्टि होय तेनुं जोवुं; ते संक्रातिमां जोवुं; तेमां स्वर्गे भद्रा होय तो, जे काम करे ते सिद्ध थाय; तथा पातालभद्रामां काम करे तो कार्यनी सिद्धि थाय; पण मनुष्य लोकनी भद्रामां काम करवुं नहि, करे तो हानी थाय. योगिनी जोवी ते सन्मुख अवश्य वर्जवी; जमणी पण बने तो वर्जवी, ने पूंठनी तथा डाबी लेवी.

काल तथा पाश सन्मुख वर्जवो. ते तिथिओमां बताव्यो छे त्यां जुओ. ए वास्तुकशास्त्रमां जोवुं कह्युं छे. विशेष जैनमां जोवुं कह्युं नथी. एम प्रतिष्ठा टीपणामां कह्युं छे.

घात चंद्र, नक्षत्र, तिथि, मास वर्जवां.

राहु सूर्य उदयथी चार घडी पूर्वे रहे, त्यार पछी चार घडी वायुकोण. त्यार पछी चार घडी दक्षिणे, पछी चार घडी इशाने, पछी ४ घडी पश्चिमे, पछी ४ घडी अग्निकोण, पछी ४ घडी उत्तरे, पछी चार घडी नैरुते ए रीते दिवसे तेमज रात्रीए फरे छे.

Scanned by CamScanner

संक्रांतिमां जे जे जोवानुं छे, ते संक्रांतिमां जोवुं ते लखीये छीये. तेमां राहु सन्मुख वर्जवो. तथा–वच्छ सन्मुख तथा पूंठे देरासरमां पेसतां वर्जवो.

१ मेष संक्रांतिए राहू दक्षिणे, वच्छ पश्चिमे, शुक्र पश्चिमे, विष्टि स्वर्गे छठ रवि दग्ध.

२ वृष संक्रांतिये राहू दक्षिणे, वच्छ पश्चिमे, शुक्र उत्तरे, विष्टि स्वर्गे, चोथ रवि दग्ध.

३ मिथुन संक्रांतिये राहू पश्चिमे, वच्छ उत्तरे, शुक्र उत्तरे, विष्टि पाताले, आठम रवि दग्ध.

४ कर्क संक्रांतिए राहू पश्चिमे, वच्छ उत्तरे, शुक्र उत्तरे, विष्टि पाताले, छठ्ठे रवि दग्ध.

५ सिंह संक्रांतिए राहू पश्चिमे, वच्छ उत्तरे, शुक्र पूर्वे, विष्टि मनुष्य लोके ते तजवी. दशम रवि दग्ध.

६ कन्या संक्रांतिए राहू उत्तरे, वच्छ पूर्वे, शुक्र पूर्वे, विष्टि पाताले आठम रवि दग्ध.

७ तोला संक्रांतिए राहू उत्तरे, वच्छ पूर्वे, शुक्र पूर्वे, विष्टि पाताले, बारश रवि दग्ध.

८ वृश्चिक संक्रांतिए राहू उत्तरे, वच्छ पूर्वे, शुक्र दक्षिणे, विष्टि मनुष्य लोके ते वर्जवी. दशम रवि दग्ध.

९ धन संक्रांतिए राहू पूर्वे, वच्छ दक्षिणे, शुक्र दक्षिणे, विष्टि पाताले, बीज रवि दग्ध.

१० मकर संक्रांतिए राहू पूर्वे, वच्छ दक्षिणे, शुक्र दक्षिणे, विष्टि स्वर्गे, बारस रवि दग्ध.

११ कुंभ संक्रांतिए राहू पूर्वे, वच्छ दक्षिणे, शुक्र पश्चिमे, विष्टि मनुष्य लोके ते वर्जवी. चोथ रवि दग्ध.

१२ मीन संक्रांतिए राहू दक्षिणे, वच्छ पश्चिमे, शुक्र पश्चिमे, विष्टि मनु-

Scanned by CamScanner

ध्य लोके ते वर्जवी. बीज रवि दग्ध.

तिथियो साथे कुयोग वर्जवा ते.

तिथि. तिथिमां जोवानुं.

१ मूल नक्षत्रे ज्वालामुखी ते वर्जवो. योगिनी पूर्वे, पाश शुदिमां पूर्वे वदिमां वायुमां. काल शुदिमां पश्चिमे वदिमां अग्नीकोण.

२ अनुराधाए वज्रपात वर्जवो. धन तथा मीनना चंद्रे, चंद्रदग्ध बीज योगिनी उत्तर पाश शुदिमां अग्निकोण वदिमां उत्तरे, काल शुदिमां तथा वदिमां वायुकोण.

३ त्रणे उत्तरा साथे वज्रपात वर्जवो. अनुराधा साथे कालमुखी वर्जवो. योगिनी इशाने पाश वदिमां इशाने शुदिमां दक्षिणे, काल शुदिमां उत्तरे वदिमां नैरुतें.

४ त्रणे उत्तरा साथे कालमुखीनें वर्जवो. वृषभ कुंभना चंद्रथी चंद्रदग्ध तिथि योगिनी नैरुते पाश शुदिमां नैरुते वदिमां अधोलोक, काल वदिमां उर्ध्वे शुदिमां इशाने.

भरणी साथे ज्वालामुखी वर्जवो. मघाए कालमुखी वर्जवो. योगिणी दक्षिणे, पाश शुदिमां पश्चिमे वदिमां अधोलोके, काल शुदिमां पूर्वे वदिमां उर्ध्वलोके.

६ रोहिणीए वज्रपात वर्जवो. कर्कने मेषना चंद्र साथे चंद्रदग्ध तिथि योगिणी पश्चिमें, पाश शुदिमां वायु वदिमां पूर्वे, काल शुदिमां अग्निकोण वदि पक्षमां.

७ हस्त तथा मूल साथे वज्रपात वर्जवो. योगिनी वायव्ये, पाश शुदिमां दक्षिण वदिमां अग्निकोण, काल शुदिमां दक्षिणे वदिमां वायुकोण.

८ कृत्तिकाए ज्वालामुखी रोहिणीए कालमुखी ए वर्जवा. मिथुन कन्याना चंद्र साथे चंद्रदग्ध तिथि, योगीनी इशाने, पाश शुदिमां इशाने वदिमां दक्षिणे, काल शुदिमां नैरुत वदिमां उत्तरे.

९ रोहिणीए ज्वालामुखी वर्जवो. कृतिका साथे कालमुखी वर्जवो.

योगिनी पूर्वे, पाश शुदिमां उर्ध्वलोक वदिमां नैरूते, काल शुदिमां अधोलोके वदिमां इशाने.

१० अश्लेषाये ज्वालामुखी तजवो. वृश्चिक सिंहना चंद्र चंद्रदग्ध योगिनी उत्तरे, पाश शुदिमां अधोलोके, वदिमां पश्चिमे; काल शुदिमां उर्ध्वलोक वदिमां इशाने.

११ योगिनी अग्निकोण पाश शुदीमां पूर्वे, वदिमां वायु कोण; काल शुदिमां पश्चिमे, वदिमां अग्निकोण.

१२ तोला ने मकरना चंद्रे चंद्रदग्ध तिथि योगिनी नैरुते पाश शुदिमां अग्निकोण वदिमां उत्तरे काल शुदिमां वायुकोण वदिमां दक्षिणे.

१३ चित्रा साथे यमकृति वर्जवो. योगिणी दक्षिणे पास शुदिमां दक्षिणे वदिमां इशाने, काल शुदिमां उत्तरे, वदिमां नैरुते.

१३ चित्रा साथे यमकृति वर्जवो. योगिणी दक्षिणे पाश शुदिमां दक्षिणे वदिमां इशाने, काल शुदिमां उत्तरे वदिमां नैरुते.

१४ योगिनी पश्चिमे पाश शुदिमां नैरुते वदिमां उर्ध्वलोके काल शुदिमां इशाने अधोलोके.

१५ योगिनी वायव्ये पाश शुदिमां पश्चिमे वदिमां अधोलोके काल शुदिमां पूर्वे वदिमां उर्ध्वलोके.

आ १ थी १५ सुधी आंक मूक्या छे, ते तिथि जाणवी. तेमां जोवानुं जोवुं. चंद्रदग्ध तिथि लग्नशुद्धि प्रकरण प्रमाणे लखी छे. बीजा ग्रंथमां बीजी रीते पण छे.

चंद्रमा जोवा ते प्रभुना देरासरमां प्रवेश करतां सन्मुख तथा जमणो लेवो. ते मेष, सिंह, धनना पूर्वे वृषभ, कन्या, मकर, दक्षिणे मिथुन, कुंभ, तोला पश्चिमे कर्क, वृश्चिक, मीन उत्तरे.

सत्तावीश योगमांथी अशुभयोगनी घडि तजवी, ते विष्कुंभनी तथा शूलगंड योगनी पांच घडी तजवी. अतिगंडनी छ घडी तजवी, व्याघात

Scanned by CamScanner

तथा वज्रयोगनी नव घडी तजवी, परिघनी त्रीश घडी तजवी. वैधृत तथा व्यतिपात सर्वथा तजवो.

शुभयोग ते आनंदादि शुभ योग.

रवी.	सोम.	मंगल.	बुध.	गुरु.	शुक्र.	शनि.	शुभयोगनांनाम.
अश्विनी.	मृग.	अश्लेषा.	हस्त.	अनु.	उ. षा.	शत.	आनंद योग.
कृति.	पुनर्व.	पु. फा.	स्वा.	मूल.	श्रवण.	उ.भा.	प्रजापति.
रोहि.	पुष्य.	उ.फा.	विशा.	पुष्य.	धनि.	रेवती.	शुभ.
मृग.	अश्ले.	हस्त.	अनु-	उ. षा.	शत.	अश्वि.	सौम्य.
पुन.	पु. फा.	स्वा.	मूल.	श्रव.	उ.भा.	कृत्ति.	ध्वजयोग.
पुष्य.	उ. फा.	विशा.	पु. षा.	धनी.	रेव.	रोहि.	श्रीवत्स.
पु. फा.	स्वा.	मूल.	श्रवण.	उ. भा.	कृति.	पुन.	छत्रयोग.
उ.फा.	विशा.	पु. षा.	धनी.	रेवती	रो.	पुष्य.	मित्रयोग.
हस्त.	अनु.	उ. षा.	शत.	अश्वि.	मृग.	अश्ले.	मनोज्ञयोग.
मूल	श्रवण.	उ. भा.	कुत्ति.	पुन.	पू. फा	स्वा.	सिद्धियोग.
उ. षा.	शत.	अश्वि.	मृग.	अश्ले.	हस्त.	अनु.	अमृतयोग.
श्रवण	उ. भा.	कृत्ति.	पुन.	पू.फा.	स्वा.	मूल.	गजयोग.
उ. भा.	कृत्ति.	पुन.	पु. फा.	स्वा.	मूल.	श्रव.	स्थिरयोग.
रेवति	रो.	पुष्य.	उ. फा.	विशा.	पू. षा.	धनि.	वर्धमानयोग.
धन	रे.	रो.	पूष्य.	उ. फा.	विशा.	पू. षा.	मातंगयोग.

आरंभसिद्धिने अनुसारे अमृतसिद्धि योग तथा सिद्धियोग थाय छे ते निचेना कोठा मुजब.

तिथि.	वार.	नक्षत्र.	नक्षत्र.
१-८-९	रवी.	हस्त.	पु. रे. रो. मृग. उत्तरा ३. पुष्य. मू. अश्विनी. ध.
२-९	सोम.	मृग.	रो. अनु. उ फा. हस्त. श्र. विशा. पुष्य. शतभि.
३-८-१३-६	मंगल.	अश्विनी.	रो.उ.भा.मू.उ.फा. कृत्ति. मृग.पुष्य.अनु. अश्लेषा.
२-७-१२-६	बुध.	अनु.	श्र. ज्ये. पुष्य. हस्त उ.फा. कृत्ति मृ रो पू फा.उ. भा;
५-१०-१५-११	गुरु.	पुष्य.	अश्वी. पुन.पूर्वा. ३ अश्ले. ध. रे. स्वा. विशा. अनु.
१-६-११-९	शुक्र.	रेवती.	अश्वि. पु. षा. उ. षा. अनु. श्र. ध.पु. फा. हस्त.
४-८-१४-९	शनि.	रोहि.	श्र. ध. अश्वि. स्वाती पुष्य. अनु. मघा. शतभी.
तिथि वारे सिद्धि योग.		वारनक्षत्रे अमृत सिद्धि.	वार नक्षत्रे सिद्धि योग.

Scanned by CamScanner

लग्नशुद्धि प्रमाणे सिद्धियोग निचे प्रमाणे.

तिथि.	वार.	नक्षत्र.
८	रवी.	हस्त. उत्तरा. ३ मू.
९	सोम.	रो. मृग. पुष्य. अनु. श्रवण.
१-६-८-१३	मंगल.	उ. भा. अश्विनी. रेवती.
७-१-१२	बुध.	कृति. रोही. मृग. पुष्य. अनु.
१०-१-१५	गुरु.	अश्वि. पुष्य. पुन. अनुरा. रेवति.
७-६-११-१३-१	शुक्र.	रे. अनु. श्रवण.
१-९-१४	शनि.	रोहिणी. श्रवण. स्वाति.
तिथि वारे सिद्धि योग.		वार नक्षत्रे सिद्धियोग.

आरंभसिद्धिमां ने लग्नशुद्धिमां सिद्धियोगनो मेलाप मलतो नथी, ते तत्व केवलीगम्य छे.

रवियोगनी, कुमारयोगनी, राजयोगनी महत्त्वता आपणा ज्योतिषना ग्रंथोमां घणी करी छे. ए योगमां काम करवाथी अतिशय उत्तम फल कह्युं छे. ए योग होय ने बीजा कुयोग होय तो ते कुयोग हरकत करी शके नहि.

रवियोग ते चालता सूर्य नक्षत्रथी ४-६-९-१०-१३-२० एमांनुं नक्षत्र होय ते रवियोग जाणवो.

कुमारयोग ते मंगलवार, बुध, सोम, शुक्र तिथि १-६-१०-११-५ नक्षत्र अश्विनी, रोहिणी, पुनर्वसु, मघा, हस्त, विशाखा, मूळ, श्रवण, पूर्वाभाद्रपद आ वारमांनो वार, तिथिमांनी तिथि, नक्षत्रमांनुं नक्षत्र आवे तो कुमारयोग थाय.

राजयोग ते रवि, मंगल, बुध, शुक्र, २-७-१२-३-१५ ए तिथिए भरणी, मृगशीर्ष, पुष्य, पूर्वाफाल्गुनी, चित्रा, अनुराधा, पूर्वाषाढा, धनिष्ठा, उत्तराभाद्रपद ए नक्षत्र मांहेलुं नक्षत्र, तिथिओमांनी तिथि, आ वारमांनो वार होय तो राजयोग थाय. ते पण घणो उत्तम छे.

स्थिविरयोग ते अनशन करवामां, रोगनुं औषध करवामां उत्तम कह्यो छे. गुरुवार, शनिवार ए वार १३-८-७-९-१४ तिथियो, कृतिका,

Scanned by CamScanner

आर्द्रा, अश्लेषा, उत्तराफाल्गुनी, स्वाति, ज्येष्टा, उत्तराषाढा, शतभिषा, रेवती ए नक्षत्रमांनुं नक्षत्र, तिथिमांनी तिथि, वारमांनो वार आवे तो स्थिविर योग थाय.

मुहूर्त्तना नक्षत्रोमां दुषित नक्षत्र लग्नशुद्धि प्रकरणमां कह्यां छे ते कहीए छीए.

१ संजागत ते जे नक्षत्र सूर्य अस्त थती वखते उदय थाय ते संजागत नक्षत्र कहीये, ते वर्जवुं.

२ आदित्यगत ते जे नक्षत्रनो सूर्य होय ते नक्षत्रमां मुहूर्त्त करे तो निवृत्ति पामे नहीं, माटे वर्जवुं.

३ वडे २ ते अभिजीत नक्षत्रथी सात नक्षत्र पूर्व दिशानां, त्यार पछीनां सात दक्षिण दिशानां, ते पछीनां सात पश्चिम दिशानां, ते पछीनां सात उत्तर दिशानां, ए रीते स्थापान जोवुं. जे प्रभु बेसे तेना सन्मुख नक्षत्र आवे ते नक्षत्रमां मुहूर्त्त करवुं ते सुंदर छे. सन्मुख शिवायना ते वडे २ ते नक्षत्रमां कार्य करे तो शत्रुनो जय ने पोतानी हानी थाय.

४ संग्रह ते क्रूरग्रहे सहित जे नक्षत्र ते वर्जवुं. ते नक्षत्रमां काम करे तो विघ्न थाय.

५ विलंबीए ते सूर्य नक्षत्रना पूंठेना नक्षत्रमां काम करे तो विवाद थाय.

६ राहुहत ते जे नक्षत्र उपर ग्रह न होय, ते नक्षत्रमां काम करे तो मरण थाय.

७ ग्रहभिन्न ते जे नक्षत्रना वचमां थइने ग्रह जाय ते नक्षत्रमां मुहूर्त करे तो लोही वमे.

रोहिणीवेध ते.



उपरनी रेखामां नक्षत्र लख्यां छे ते नक्षत्र उपर मुहूर्त्तना दिवसें जे जे नक्षत्र उपर ग्रह होय, ते ग्रहो नक्षत्र उपर लखवां अने पछी तपासवुं के, जे नक्षत्र उपर चंद्रमा होय ते लीटीनी सामेना नक्षत्र उपर कोइ पण ग्रह होय तो ते वेध समजवो अने चंद्रवाला नक्षत्रमां मुहूर्त्त करवुं नहि. ए नक्षत्र तजवुं, अभिजित नक्षत्र उपर कोइ पण ग्रह नहि होय पण उत्तराषाढाना चोथा पायामां जे ग्रह होय ते अथवा श्रवण नक्षत्र बेसतां चार घडी सुधी जे ग्रह होय, ते ग्रह अभिजित उपर जाणवो. केम के उत्तराषाढाना चोथा पायाने श्रवण बेसतां चार घडी सुधीनेज अभिजीत नक्षत्र कहेलुं छे. आ मुजब रोहिणीवेधनुं नक्षत्र तजवुं.

उपग्रह ते सूर्य नक्षत्र जे वर्ततुं होय ते नक्षत्रथी ५-१४-१८-१९-२२ २३-२४ एमांनुं नक्षत्र होय तो ते उपग्रह वेध कहीए माटे ए तजवुं.

लग ते लता पोताना एटले प्रतिष्ठा करावनारना तथा दीक्षा लेनार-

ना जन्म नक्षत्र थकी बारमा नक्षत्र उपर रवि होय अने त्रीजा नक्षत्र उपर गंगल तथा छट्ठा नक्षत्र उपर गुरु होय अने आठमा नक्षत्र उपर चंद्रमा होय, ए नक्षत्रमां मुहूर्त्त करवुं नहीं. तेमज बुध जन्म नक्षत्रथी सातमा नक्षत्र उपर तथा शुक्र पांचमा नक्षत्र उपर, राहु नवमा नक्षत्र उपर, पूनमनो चंद्रमा बावीशमा उपर होय तो ते नक्षत्र वर्जवुं. ए लतादोष बंगाल देशे वर्जवो.

पातदोष ते सूर्य नक्षत्रथी अश्लेषा, मघा, चित्रा, अनुराधा, श्रवण' रेवती ए नक्षत्र जेटलामुं होय तेटलामुं नक्षत्र अश्विनीथी गणवुं, ते जे नक्षत्र आवे तेने पातदोष कहिए. जेमके हालमां पुनर्वसुनो सूर्य छे तो एथी गणतां अश्लेषा त्रीजुं आव्युं तो अश्विनीथी त्रीजुं नक्षत्र कृतिकाने पात कहिए. माटे ते वर्जवुं. ए कौशलदेशे वर्जवुं.

इकारगल दोष ते सत्तावीश योगमांथी पहेलो, छट्ठो, नवमो, दशमो' तेरमो, पंदरमो, सत्तरमो, श्रोगणीशमो, सत्तावीशमो ए योगमांनो जे योग होय ते योग जेटलामांनो होय तेटलामांनो होय तेटलामा नक्षत्रनो आंक सम होय, तो तेनुं अरधुं करवुं अने विषम होय तो एक आंक उमेरीनें अरधुं करवुं. ते जे आंक आवे तेटलामुं नक्षत्र यंत्रने मस्तके स्थापवुं. पछी बधां नक्षत्र स्थापवां. पछी जे नक्षत्र उपर सूर्य होय ते ते नक्षत्र उपर लखवुं. अने चंद्रमा जे नक्षत्र उपर होय ते त्यां लखवो. ए बे साम सामुं आवे ते इकारगल दोष कहिए. माटे ते तजवो. यंत्र शुक्लमां योग होय तो मृगशर. ए गौडदेशे वर्जवो.



आ यंत्रमां जे शूलयोगे मृगशीर्ष नक्षत्र मूक्युं छे तेमज परिघयोगे मघा, वैधृते चित्रा, व्याघाते पुनर्वसु, वज्रे पुष्य, विषकुंभे अश्विनी, अ-तिगंडे अनुराधा, गंजे मूल, व्यतिपाते अश्लेषा ए प्रमाणे जेटलामो योग होय तेटलामुं नक्षत्र मूकवुं.

आ मुजबना दोष तजीने प्रतिष्टा दीक्षानां मुहूर्त्तनां नक्षत्र लेवां. दीक्षानां नक्षत्र लग्नशुद्धि प्रमाणे लेवां.

उत्तराफाल्गुनी, उत्तराषाढा, उत्तराभाद्रपद, रोहिणी, हस्त, अनुराधा, शतभिषा, पूर्वाभाद्रपद, पुष्य, पुनर्वसु, रेवती, मूल, अश्विनी, श्रवण, स्वाती ए नक्षत्रोए दीक्षा आपवी. गुरुने चंद्र बल जोवुं. ने शिष्यने चंद्रबल गुरुबल रविबल ने प्रतिष्ठा करावनारने जोवाने कह्युं छे तेम

जोवुं. बीजुं सर्वे प्रतिष्ठा प्रमाणे जोवुं.

नारचंद्रना टीपणमां यात्राये प्रयाण विषे उत्तम नक्षत्र कह्यां छे, ते अश्विनी, पुष्य, रेवती, मृगशीर्ष, पुनर्वसु, हस्त, ज्येष्ठा, अनुराधा, मूल तथा मध्यम कह्यां ते चित्रा, रोहिणी, स्वाती, श्रवण, धनिष्टा, शतभिषा, पूर्वा त्रणे, दीक्षाना वार रवि, बुध, गुरु, शनि, ए वार दीक्षामां उत्तम कह्या छे. ए शिवायना वारे सिद्धियोग प्रमुख शुभयोग होय तो लग्न शुद्धिमां उत्तम कह्या छे.

आ मुजबनी दिवसशुद्धि जोइने लग्नशुद्धि जोवी. तेमां छ वर्ग सुधी जोवी. तथा ग्रहनो उदय अस्त जोवो तथा ग्रहनुं बल जोवुं, हवे छ वर्ग कहीये छीए.

ग्रह होरा, देशकान नवमांश बारांश त्रीशांश ए छए ठेकाणे सौम्य ग्रह आवे तो उत्तम छे. कदापि पांच वर्ग शुभ होय तो पण मुहूर्त लइए. हवे लग्ननुं प्रमाण—

२१९ मेष मीनपल.	३४७ वृश्चिक सिंहपल.
२५१ कुंभने वरखपल.	३२७ कन्या तोला.
३०३ मकर मिथुन.	३४३ धन कर्क.

ए मुजब लग्ननो काल छे. हवे लग्न काढवुं होय तो छापेला टी-पणामां रवी केटले अंशे छे? ते जोवो ने पछी टीपणामां लग्नपत्रोना कोठामां रवी केटले अंशे छे? ते जोवो ने पछी टीपणामां लग्नपत्रोना कोठामां जेटले अंशे रवि जे संक्रांतिनो होय, तेना कोठामां जे आंक होय ते ते लग्न सवारमां सूर्य उदय जाणवुं. पछीनुं जे सारुं लग्न होय ते कोठामां जे आंक होय ते जोवो. तेमां जेटलो घडीनो वधा-रो आवे तेटलो दिवस चढतां ते आंक आवशे एम जाणवुं. पछी कुंड-ली काढीने ग्रह जे जे राशिना होय ते मूकवा. ते ग्रह सारा नरसा जोशानी लग्नशुद्धि प्रमाणे कुंडली करी छे, ते मुजब जोवा.

प्रतिष्ठामां ग्रह नीचे मुजब.

उत्तम.



मध्यम.



आ मुजबना ग्रहो होय तो प्रतिष्ठा करवामां श्रेष्ठ छे. ए शिवायना स्थानके ग्रह होय तो कार्यनी हानी कर्त्ता कह्या छे. आ कुंडली आचार्य स्थापवा, राज्याभिषेक, विवाह, अने अन्य पण शुभकार्यमां सुखना आपनार छे. हवे निचे—

दीक्षानी उत्तम.



आ उत्तम कुंडलीमां ग्रह मूक्या छे, ते मुजबना ग्रहमां दीक्षा आप-

वी, ते बहु श्रेष्ठ छे; पण ते प्रमाणे ग्रह न होय तो तथा दीक्षाकुंडलीमां शनि मध्यमबली होय, गुरु बलवान होय अने शुक्र निर्बल होय तेमां दीक्षा आपवी तेनुं स्वरूप नीचे मुजब.

शनि. २-५-६-८-११ ए स्थानकें मध्यम बलवान.

गुरु. १-४-७-१० ए स्थानकें बलवान जाणवो.

शुक्र. ६-१२ अबल जाणवो ते दीक्षामां सारो.

बुध. २-३-५-६-११ सुखनो आपनार.

मंगल दीक्षामां ३-६-१०-११ दीक्षाकुंडलीमां होय तो बहु सारो ज्ञान तप युक्त थाय.

शुक्र मंगल शनि ए त्रणमांथी कोइथी पण चंद्रमा सातमे होय तो अयोग्य छे. दीक्षा लेनार अवश्य कुशीलियो थाय. तप ज्ञान रहित थाय.

नारचंद्रमां दीक्षाकुंडलीयो कही छे. ते कहुं छुं. एक उत्तम तो जेम लग्नशुद्धिमां कही छे, तेम कही छे. ते शिवायनी नीचे प्रमाणे ग्रंथांतरथी कही छे.

दीक्षानी उत्तम.



दीक्षानी मध्यम.



प्रतिष्ठामां नारचंद्र ग्रंथ मुजब नीचे.

जघन्य.



मध्यम.



उत्तम.



आ लग्नकुंडलीमां उत्तम ग्रह आवे ते ग्रहशुद्धि.

होरा ते लग्न लीधुं होय तेमां बे भाग करवा. तेमां १—३—५—७—९—११ एटलामुं लग्न होय तो पहेली होरा रविनी अने बीजी होरा चंद्रनी अने २—४—६—८—१०—१२ एमांनुं लग्न होय तो पहेली होरा चंद्रनी अने बीजी होरा सूर्यनी प्रतिष्ठा दीक्षादिक चंद्रमानी होरामां करवुं.

देशकाण ते लग्नना त्रण भाग करवा. तेमां जो मेष लग्न लीधुं होय तो पहेलो देशकाण मेषनो. तेमज जे लग्न लीधुं होय तेनो पहेलो देशकाण जाणवो. बीजो देशकाण सिंहनो, त्रीजो देशकाण धननो, वर्ष लग्नमां पहेलो वर्षनो, बीजो कन्यानो, त्रीजो मकरनो ए प्रमाणे जे लग्न लीधुं होय तेनाथी जोइ लेवो. पछी जे देशकाण आवे तेनो स्वामी लग्नकुंडलीमां जोवो ने स्वामी सारा स्थानमां होय ते देशकाण-मां मुहूर्त्त करवुं. नवमांश जोवो ते जे लग्न होय तेनो पहेलो जे होय तेना नव भाग करवा. तेमां पहेला भागनो नवमांश जो मेष लग्न होय तो पहेलो मेषनो. १-२-३-४-५-६-७-८-९. जो वरख लग्न होय तो १०-११-१२-१-२-३-४-५-६. जो मिथुन लग्न होय तो पहेलो ७-८-९-१०-११-१२-१-२-३. जो कर्क लग्न होय तो पहेलो ४-५-६-७-८-९-१०-११-१२. जो सिंह लग्न होय तो पहेलो १-२-३-४-५-६-७-८-९. कन्या लग्न होय तो पहेलो १०-११-१२-१-२-३-४-५-६. जो तोला लग्न होय तो पहेलो ७-८-९-१०-११-१२-१-२-३. जो वृश्चिक लग्न होय तो पहेलो ४-५-६-७-८-९-१०-११-१२. जो धन लग्न होय तो पहेलो १-२-३-४-५-६-७-८-९. मकर लग्न होय तो पहेलो १०-११-१२-१-२-३-४-५-६. जो कुंभ लग्न होय तो पहेलो ७-८-९-१०-११-१-२-३. जो मीन लग्न होय तो पहेलो ४-५-६-७-८-९-१० ११-१२ ए मुजब नवे नवमांश जे नवमांशनो स्वामी बलवान् होय ते लेवो ने सौम्य ग्रहनो लेवो. सौम्य ग्रह ते चंद्र, बुध, गुरु, शुक्र.

• बार अंश ते लग्नना बार भाग करवा. अने जे लग्न होय ते पहेला भागनो स्वामी तेमज तेनाथी अनुक्रमे बारे भागना स्वामी जोवा. तेमां जे भागमां मुहूर्त्त होय ते भागनो स्वामी लग्नमां ते शुभ ग्रह होय तो श्रेष्ठ जाणवुं.

त्रीशांश ते लग्नना त्रीश भाग करवा. तेमां मेष लग्न होय तो पहेला पांच भागनो स्वामी मंगल, त्यार पछीना पांच भागनो स्वामी

शनी, त्यार पछीना आठ भागनो स्वामी गुरु, त्यार पछीना सात भागनो स्वामी बुध, त्यार पछीना पांच भागनो स्वामी शुक्र ए रीते मिथुन सिंह, तुला, धन, कुंभना भागोना स्वामी एज जाणवा. अने समराशि जे वर्ष, कर्क, कन्या, वृश्चिक, मकर, मीन ए छए सम लग्नमां पहेला पांच भागनो स्वामी शुक्र, ते पछीना पांच भागनो स्वामी बुध, ते पछी आठ भागनो स्वामी गुरु, ते पछीना सात भागनो स्वामी शनी, ते पछीना पांच भागनो स्वामी मंगल ए प्रमाणे अंशना स्वामी जोवा. तेमां सौम्य ग्रहना अंशमां मुहूर्त्त करवुं श्रेष्ठ छे. वली बीजी रीते त्रीश अंशमांथी अंश कह्या छे, ते नीचे मुजब. त्रीश अंशमांना अंश.

वर्ष तथा मकर लग्नने	वीशमो	अंश.
मीन, कर्क, कन्यानो	४ तथा ८	अंश.
वृश्चिकनो	१२	अंश.
कुंभनो	२६	अंश.
तोला लग्ननो	२४	अंश.
मेषनो	२७	अंश.
सिंहनो	१८	अंश.
धन तथा मिथुन लग्ननो	१७	अंश.

ए रीते जे लग्न होय, तेना उपर कहेला अंशमां मुहूर्त्त करवुं. ते पण उत्तम कह्युं छे. बारे लग्नना स्वामी जोवा ते मेषनो मंगल, वर्षनो शुक्र, मिथुननो बुध, कर्कनो चंद्रमा, सिंहनो रवि, कन्यानो बुध, तोलानो शुक्र, वृश्चिकनो मंगल, धनने गुरु, मकर तथा कुंभनो शनि, मीननो गुरु ए मुजबना लग्नना स्वामी जाणवा. ते स्वामी बलवान् जोवा तथा उच्च स्वग्रही होय तो बहु सारो, पण नीचनो वा शत्रुना घरमां बेठेलो वा हस्तनो वक्रीनो होय ते वर्जवो. आ रीते छ वर्ग शुद्धि जोवी. वली एक आचार्य महाराज एम कहे छे जे नवमांश शुद्ध जोइ प्रतिष्ठा करवी. एम लग्नशुद्धिमां कहे छे. चंद्रमा क्रूर ग्रहे युक्त होय तो

Scanned by CamScanner

ते क्षीणचंद्र कह्यो छे, ते निर्बल जाणवो.

उदयशुद्धि ते नवमांशनो स्वामी लग्नकुंडलीमां लग्नना स्वामीने जोतो होय तो ते उदयशुद्धि कहीये. ते प्रतिष्ठा दीक्षामां जोवुं.

अस्तशुद्धि ते नवमांशनो स्वामी लग्नना सातमा स्थानकने जोतो होय ते अस्तशुद्धि कहीये.

लग्नशुद्धिमां एम पण कहे छे जे अस्तशुध्धि उदयशुध्धि प्रतिष्ठा दीक्षामां जोवानी जरुर नथी. एम केटलाएक आचार्य कहे छे. बार राशिमां चर स्थिर ने द्विस्वभाव.

चरराशी. मेष. कर्क. तुला. मकर.
स्थिरराशी. वर्ष. सिंह. वृश्चिक. कुंभ.
द्विस्वभाव. मिथुन. कन्या. धन. मीन.

एमांथी प्रतिष्ठामां स्थिरलग्न लेवुं. ते नहि तो द्विस्वभाव लेवुं, अने आरंभसिद्धिमां बने त्यां सुधी द्विस्वभाव लेवुं, ने ते न आवे तो स्थिर लेवुं, ने ग्रहो घणा ज उत्तम आवता होय तो क्वचित् चर पण लेवुं.

नारचंद्रमां लग्नकुंडलीमां ग्रहो पड्या होय तेना योगायोग तथा फल कह्यां छे ते–

चंद्र साथे रवि मंगल होय तो अग्निभय थाय.
चंद्र साथे शनि होय तो मरण भय.
चंद्र साथे बुध होय तो समृध्धि करे.
चंद्र साथे गुरु होय तो महिमा प्रभाव करे.
चंद्र साथे शुक्र होय तो सर्व सौख्य.

प्रतिष्ठाकुंडलीमां रवि अबल होय तो घरना धणीनी हानी. चंद्र विबले स्त्रीनुं मरण, शुक्र विबले धन नाश, गुरु विबले सुख प्रतिष्टा कुंडलीमां नीचग्रह क्रूरग्रहे युक्त होय वा, अस्तनो वा, शत्रुक्षेत्रनो ग्रह वा वक्री ते विबल जाणवो, शनि रवि वक्री होय तो प्रासादनो नाश करे.

मंगल, शनि, राहु, रवि, केतु, शुक्र पण आ ग्रह सहित ए ग्रहमांथी सातमो होय तो सूत्रधार. आचार्य, श्रावक ए सर्वेनुं मृत्यु करे. मंगल,

Scanned by CamScanner

शनि, सूर्य, १-१०-४-७-८-९ एटला स्थाने होय तो प्रासादनो भंग करे. मंगल बारमे सुखभंजक.

शुक्रवार शुक्रनो नवमांश. शुक्र लग्नाधिपति. शुक्रना उदये शुक्र सातमेथी लग्नने जोतो होय, तेमां दीक्षा आपवी नहि.

सोमवारे लग्ननो स्वामी चंद्र नवमांशनो स्वामी चंद्र चंद्रना उदये ते शुक्ल पक्षे एक एकत्र योगे दीक्षा आपवी नहि.

कुंडलीमां शुभयोग कुयोग थाय छे, ते आरंभसिद्धिने अनुसारे.

१	२	३	४	५	६	७	८	९	१०	११	१२	सारा योग.
					श			शुभ ग्रह		र.मं		श्रीवत्सयोग सारो.
		श			मं					र		अर्धयोग सारो.
			शुभ					शुभ	शुभ			शंखयोग सारो.
शुभ							पाप ग्रह					ध्वजयोग सारो.
बु.								गु.				गजयोग थाय ते सारो.
		चं		शुभ	अ	ने	क	न्या	लग्न	होय	तो	हर्षयोग सारो.
बु.												आनंद योग सारो.
गु.												जीवयोग सारो.
शुक्र												नंदनयोग सारो.
गुरु												स्थिरयोग सारो.
शुक्र बु.												जीमीतयोग सारो.
गुरु बु.												जययोग सारो.
गुरु बु.गु. शुक्र												अमृतयोग सारो.
											पाप	धनुर्योग तजवो.
					शुभ		शुभ	र			श	कुठारयोग तजवो.

कुंडलीना ग्रह.

१	२	३	४	५	६	७	८	९	१०	११	१२	
			मं				चं				श	मुशलयोग तजवो.
				मं			चं				र	कूर्मयोग तजवो.
पाप	श		पाप			पाप			पाप			वापीयोग तजवो.
पाप			पाप						पाप			शल्ययोग तजवो.
पाप												पाणीयोग तजवो.
पाप							पाप					मर्मयोग तजवो.
				श								वक्रयोग तजवो.
				पाप					पाप			संकटयोग तजवो.

Scanned by CamScanner

आ उपर ज्यां पाप तथा क्रूर शब्द लख्या ते रवि,मंगल, शनि, राहु एमांना ग्रह समजवा. ज्यां शुभ ग्रह लख्या छे ते चंद्र, गुरु, शुक्र बुध जाणी लेवा ने कुयोग वर्जी शुभयोगमां मुहूर्त्त आपवुं.

मुहूर्त्त करवानी उतावल होय, ने शुभ मुहूर्त्त वा, लग्नशुद्धि सारी नहि मलती होय तो लग्नशुद्धि प्रकरणमां तथा नारचंद्र टीपणमां छायालग्ननो विधि कहेल छे. तेथी मुहूर्त्त करवामां श्लोक कह्यो छे ते.

न तिथि र्न च नक्षत्र, न वारो न च चंद्रमाः ॥
न ग्रहोपग्रहाश्चैव, छायालग्नं प्रशस्यते ॥ १ ॥

ए रीते कह्युं छे, माटे छाया लग्नथी काम करवुं ते, पुरुष जे उभो रहे, सूर्य जे दिशाए होय त्यां पूंठ करीने उभो रहे. तेणे पोताना पगनां पगलां भरवां. ते पगलां वार प्रमाणे जोवां, अथवा सात आंगलनो शंकु मूके तेनी छायाथी छाया जुओ. ते आंगल भरवां, पुरुष उभो रही जुए तो पगलां भरवां.

रवीवारे ११, सोमवारे ८॥ मंगलवारे ९, बुधवारे ८, गुरुवारे ७, शुक्रवार ८ ॥ शनीवारे ८.

आ मुजब आंगलां जोवां. ते शंकु बार आंगलना पाटीआ उपर मूकवो. ते पाटीयुं वांकुचुंकुं न रहे, सरखी रीते रहे एम मूकवुं. पछी जे वारे मुहूर्त्त करवुं ते दिवसना कह्या प्रमाणे छाया आवे के मुहूर्त्त करवुं, ते कल्याणकारक छे. ए छायालग्नथी यात्रा जवुं होय अथवा हरकोइ कामनो आरंभ करे तो कल्याणकारक छे.

यात्रा वा, परदेश जवुं होय तो सन्मुख वा, जमणो चंद्र लेवो. योगिनी पूंठे राखवी, सामोकाल वर्जवो. नक्षत्र प्रयाणना पाने ३२६ मां कह्यां छे त्यां जोवुं. शुभ लग्नमां वा छायालग्नमां प्रयाण करवुं. नारचंद्रमां चंद्र जोवानी रीत कही छे ते.

जन्मनो ते पहेलो त्रीजो पांचमो ए चंद्र जेने होय ते माथे चंद्र कहीये. तेमां जाय तो धननी प्राप्ति करे. ६-९-८-१२ मो चंद्रमा होय

Scanned by CamScanner

तो छातीये चंद्र कहीये, जो तेमां जाय तो धननो लाभ करे. २–४ थो चंद्रमा होय तो ते हाथे चंद्र कहीये तेमां जाय तो लाभ करे.

सात वारनां फल नारचंद्र प्रमाणे–गुरु पाणीग्रहणमां सारो, परदेश जवामां शुक्र सारो, भणवामां बुध सारो, दक्षिणा आपवामां शनि सारो, लडाइमां मंगल सारो, राजाने मलवामां मंगल सारो, सोमवारे सघला काममां सारो, परदेश जवामां सारो, मंगल तथा रविवार विशेष करी वर्ज्या छे. ते बने तो वर्जवा. शुभयोग लइ काम करे तो जय थाय. कुयोगोना यंत्रमां तथा तिथिना यंत्र जोई वर्जवा योग्य वर्जवुं. हरकोइ सारा काममां कुयोग शिवायनी शुभ योगवाली तिथि लेइ काम करवुं.

जे वार होय ते दिवसे ग्रह बलवान् होय. कृष्णपक्षे रवि, राहु, शनि, मंगल, बलवान्. शुकलपक्षे सोम, बुध, गुरु, शुक्र ए बलवान्. नव ग्रहनी दृष्टि तथा शत्रुमित्र जोवानो यंत्र तथा उंच नीच स्वगृही बल.

रवी.	सोम.	मं.	बु.	गु.	शु.	श.	रा.	के	
७	७	४-८	७	५-९	७	३-१०	०	०	संपूर्ण दृष्टि.
४-८	४-८	५-९	४-८	३-१०	४-८	७	०	०	त्रिपाद दृष्टि.
५-९	५-९	३-१०	५-९	७	५-९	४-८	०	०	द्विपाद दृष्टि.
३-१०	३-१०	७	३-१०	४-८	३-१०	५-९	०	०	एकपाद दृष्टि.
चं-मं गु.	र. बु.	र. गु. चं.	र. रा. शु.	र-चं. मं.	वृ. रा. श.	वृ. श. शु.	वृ. श. शु.	वृ.	मित्र ग्रह.
बु.	मं. शु. गु. रा.	शु. श. गु.	मं. श. गु.	श. रा.	मं. गु.	गु.	गु.	०	समग्रह.
श-रा. श.	श.	बु. रा.	चं.	वृ. शु.	र-चं.	र. चं. मं.	र. चं. मं.	०	शत्रुग्रह.
मेष.	वृष.	मकर.	कन्या.	कर्क.	मीन.	तुला.	मि	०	उंचग्रह.
तोला.	वृश्चि.	कर्क.	मीन.	मकर.	कन्या.	मेष.	धन.	०	नीचग्रह.
सिंह.	कर्क.	मे. बु.	कन्या. मीन.	ध. मी.	वृष. तोला.	म. कुं.	क.	०	स्वगृही.
दिवसे.	रात्रे.	रात्रे.	निशि. दिवस.	दिवसे.	दिवसे.	रात्रे.	०	०	बलवान्.

कुंडलीमां ग्रह जे स्थाने बेठा होय, तेनाथी २—३—४—१२—१० आटलामे स्थाने बीजो ग्रह होय, तेनी साथे तात्कालिक मित्रता कहिये तथा ५—६—७—८—९ ए स्थाने बेठेला ग्रह तात्कालिक शत्रु कहिये. कुंडलीमां मित्र होय अने अहर्निश मित्र होय तो अधिमित्र थाय. तेम

Scanned by CamScanner

शत्रु पण बधे ठेकाणे होय तो अधिशत्रु जाणवो.

प्रतिष्ठा दीक्षा कुंडलीमां त्रण शुभ ग्रह बलवान होय अने बीजा हीन बली होय तो पण मुहूर्त्त करवुं. एम आरंभसिद्धिनी टीकामां कह्युं छे.

लग्नकुंडलीमां बुध रवियें रहित. १—४—७—१० आ चार स्थानके होय तो लग्नना सो दोषने हणे. शुक्र केंद्रस्थाने १—४—७—१० होय. क्रूरग्रहे रहित होय तो हजार दोष हणे. गुरु पण १-४-७-१० ए स्थानक बलवान होय तो लग्नना लक्ष दोष हणे. आ रीते आरंभसिद्धिनी नहानी टीकामां कह्युं छे. तेम मोटा प्रतिष्ठाकल्पमां ५-९ गुरु, शुक्रनुं एवुंज फल कह्युं छे. वली प्रतिष्ठाकल्पमां मेष तथा वरखनो चंद्र अथवा सूर्य होय अने शनि बलवान होय अने मंगल बुध हीनबली होय तोपण प्रतिष्ठा करवी. वार तिथि नक्षत्र चंद्रबल जोवुं नहीं. लग्न बलवान लेवुं. ३—६—११ सूर्य होय. १-४-९-१०-५ गुरु अथवा शुक्र होय तो बीजा दोष जेटला होय तेने टाले ने शुभ फल आपे. ए ग्रंथमां लग्नकुंडलीमां राहु अथवा केतु १-४ होय ते उत्तम कह्यो; पण बीजा ग्रंथोमां तो उत्तम जोवामां आवतो नथी.

सर्वे ग्रह शत्रुना घरमां होय तो प्रतिष्ठा नेष्ट जाणवी. लग्न वा सातमे चंद्रमा, राहु वा, केतु युक्त होय तो ते अधम फलने आपे.लग्ने वा, चंद्र युक्त, गुरु होय तो निर्विघ्नपणे प्रतिष्ठा थाय, चंद्र शुक्र युक्त अथवा शुक्रनी चंद्र उपर दृष्टि होय ते सारा फलने आपे.

चोवीश प्रभुजी	राशी	नक्षत्र.	लांछन.
रुषभदेवजी.	धनराशी.	उत्तराषाढा.	वृषभनुं.
अजितनाथजी.	वृषभराशी,	रोहिणी.	हस्तिनुं.
संभवनाथजी.	मिथुन.	मृगशीर्ष.	अश्वनुं.
अभिनंदनजी.	मिथुन.	पुनर्वसु.	वांदरानुं.
सुमतिनाथजी.	सिंहराशी.	मघा.	क्रौंचपक्षि.
पद्मप्रभुजी.	कन्या.	चित्रा.	कमलनुं.

Scanned by CamScanner

सुपार्श्वप्रभुजी.	तुला.	विशाखा.	साथीयो.
चंद्रप्रभुजी.	वृश्चिक.	अनुराधा.	चंद्रनुं.
सुविधिनाथजी.	धनराशी.	मूल.	मच्छ.
शीतलनाथजी.	धनराशी.	पूर्वाषाढा.	श्रीवत्स.
श्रेयांशनाथजी.	मकर.	श्रवण.	गेंडानुं.
वासुपूज्यजी.	कुंभ.	शतभिषा.	पाडानुं.
विमलनाथजी.	मीन.	उत्तराभाद्र.	वराहनुं.
अनंतनाथजी.	मीनराशी	रेवती.	सिंचाणानुं.
धर्मनाथजी.	कर्कराशी.	पुष्य.	वज्रनुं.
शांतिनाथजी.	मेष.	अश्विनी.	हरणनुं.
कुंथुनाथजी.	वृषभ.	कृतिका.	बकरानुं.
अरनाथजी.	मीनराशी.	रेवती.	नंदावृतनुं.
मल्लिनाथजी.	मेषराशी.	अश्विनी.	कलशनुं.
मुनीसुव्रतजी.	मकर.	श्रवण.	काचबानुं,
नमिनाथजी.	मेषराशी.	अश्विनी,	कमलनुं,
नेमिनाथजी,	मेषराशी,	विशाखा,	शंखनुं,
पार्श्वनाथजी,	तुलाराशी,	विशाखा,	सर्पनुं
महावीरस्वामी,	कन्याराशी,	उत्तराफाल्गुनी,	सिंहनुं,

चोवीशे प्रभुनी राशी मलतीनुं एक पानुं विजयानंदसूरिमहाज पासे जोयुं हतुं, तेमां नीचे प्रमाणे राशीवालाने भगवान् अनुकूल कह्या छे.

मेषराशीने १-३-४-५-७-९-१०-११-१२-१६-१९-२०-२१-२३

वृषभराशीने २-९-६-७-८-११-१२-१३-१४-१७-१८-२०-२२-२४

मिथुनराशीने १-३-४-५-६-७-९-१०-१२-१३-१४-१६-१८-१९-२०,२१,२२,२३ २४

कर्कराशीने १-२-६-७-८-९-१०-११-१२-१३-१४-१५-१६-१७-१८-१९-२१-२३ २०-२२-२४

सिंहने १-२-३-४-५-७-८-९-१०-११-१२-१३-१४-१६-१७-१८-१९-२१-२३

कन्याने १-२-३-४-६-८-९-१०-११-१२-१३-१४-१५-१७-१८.२०-२२.२४

तोलाने १-२-३- ४-५-७-९-१०-११-१२-१५-१६-१७-१९-२०-२१-२३

वृश्चिकने २.५.६.८.१११२.१३,१४.१५.१६,१७.१८.१९.२०-२१.२२-२४

धनने १.३.५.६.७.८.९.१०.१२.१३.१४.१५.१६.१८.१९.२१-२२-२३.२४

मकरने २-३-४-५-६-८-११-१३-१४-१५-१६-१७-१८-१९-२०-२१-२२-२३-२४

कुंभने १-२-३-४-५-६-७-८-९-१०-१२-१५-१६-१७-१९-२३-२४

मीनने १-२-३-४-५-६-७-८-९-१०-११-१३-१४-१७-१८-२०-२१-२२-२३-२४

आ मुजब पानामां जोयुं तेम लख्युं छे. वली बीजी रीते पण छे, ते बीजा शास्त्रथी जोइ लेवुं.

आ मुजब प्रतिष्ठा दीक्षानां मुहूर्त्त जोइ काम करवाथी कल्याण थाय छे. मारा जोवामां आव्युं तेम लख्युं छे. विशेष जोवुं होय तो जैनना ज्योतिषना ग्रंथ घणा छे तेमां जोवुं.

प्रश्नः—१८८ श्रावक रात्रे सूए त्यारे शुं करणी करे ?

उत्तरः—श्रावक रात्रे सूती वखते नीचे प्रमाणे करणी करीने सूए ए विधि धर्मसंग्रह ग्रंथमां नीचे मुजब छे.

प्रथम देवनुं स्मरण करवुं ते आ प्रमाणे.

नमो वीयरायाणं, सव्वन्नूणं;
तेलुक्कपूइयाणं, जहट्ठिअ वत्थुवाईणं.

अर्थः—सर्व वस्तुना जाण, त्रण लोकने पूजनिक अने यथास्थित वस्तुना प्ररूपक एवा वीतराग देवने नमस्कार थाओ.

गुरुनुं स्मरण आ प्रमाणे—

धन्यास्ते ग्राम नगर जनपदादयो येषु मदीय धर्माचार्या विहरंतीत्यादि चैत्यवंदनादिना वा नमस्करणं स्मृतिः

अर्थः—धन्य ते ग्राम, नगर, जनपदादिक के, जेने विषे म्हारा धर्माचार्य विचरे छे, इत्यादि कही चैत्यवंदन करे अथवा नवकार वडे स्मरण करे.

Scanned by CamScanner

चार शरण करवा ते आ प्रमाणे--

क्षीणरागादि दोषौघाः, सर्वज्ञा विश्वपूजिता ॥
यथार्थवादिनार्हतः, शरण्या शरणं मम ॥ १ ॥

अर्थ—क्षीण कर्या छे रागादि दोषना समूहो जेमणे, सर्व वस्तुना जाण, विश्वे पूजेला, यथार्थवादी अने शरण करवाने योग्य एवा अरिहंत भगवाननुं मने शरण थाओ ॥ १ ॥

ध्यानाग्निदग्धकर्माणि, सर्वज्ञा सर्वदर्शिनः ॥
अनंतसुख वीर्येधाः, सिद्धाश्च शरणं मम ॥ २ ॥

अर्थः—ध्यान रूपी अग्निये करी बाली नाख्यां छे कर्म जेमणे, सर्व वस्तुना जाणनार तथा देखनार, अनंत सुख अनंत वीर्य युक्त एवा सिद्ध भगवाननुं मने शरण थाओ ॥ २ ॥

साधुजीनुं शरण आ प्रमाणे--

ज्ञानदर्शनचारित्र,-युता स्वपर तारकाः ॥
जगत्पूज्याः साधवश्च, भवंतु शरणं ममः ॥ ३ ॥

अर्थः—ज्ञान, दर्शन, चरित्र करी युक्त, परने अने पोताने तारनार अने त्रण जगत्‌ने पूजनिक एवा साधुनुं मने शरण थाओ. ॥३॥

धर्मनुं शरण आ प्रमाणे—

संसार दुःखसंहर्त्ता, कर्त्ता मोक्षसुखस्य च ॥
जिनप्रणीतधर्मश्च, सदैव शरणं मम ॥ ४ ॥

अर्थः—संसार रूपी दुःखनो नाश करनारा अने मोक्षसुखने करनारा (आपनारा) एवा जिनप्रणीत धर्मनुं मने सदाय शरण थाओ.

ए रीते चार शरण करीने पछी आ प्रमाणे भावना भावे—

चउरंगो जिणधम्मो, न कओ चउरंगसरणमावि न कयं ॥
चउरंग भवच्छेओ, न कओ हा हारिओ धम्मोत्ति ॥ ५ ॥

अर्थः—दान, शील, तप अने भाव रूप चार अंगवालो धर्म में न कर्यो ! चार शरण पण न कर्यां ! अने चार गति रूप भवनो छेद

पण न कर्यो, हा इति खेदे ! हुं धर्म हारी गयो ! ! ! ॥५॥

हवे दुष्कृत्यनी गर्हा ते आ प्रमाणे—

जं मण वय काएहिं, कयकारी अणुमईहिं आयरियं ॥
धम्मविरुद्धमसुद्धं, सव्वं गरिहामि तं पावं ॥ ६ ॥

अर्थः—मन वचन कायाना योगथी जे कोइ धर्म विरुद्ध अर्थात् प्रभुनी आज्ञा बहारनुं कृत्य कर्युं होय, कराव्युं होय तेमज अनुमोद्युं होय ते सर्व पापनी हुं गर्हा करुं छुं ॥ ६ ॥

सुकृत्यनुं अनुमोदन करवुं ते आ प्रमाणे—

अहवा सव्वंचि य वीयरायवयणाणुसारी जं सुकयं ॥
कालतएवि तिविहं, अणुमोए सो तयं सव्वं ॥ ७ ॥

अर्थः--अथवा वीतरागना वचनने अनुसारे त्रण कालमां जे सर्व कृत्य कर्युं, ते सर्व मन वचन कायाए करी अनुमोदुं छुं. ॥ ७ ॥

हवे सर्व जीवो खमाववा ते आ प्रमाणे--

खामेमि सव्व जीवा, सव्वे जीवा खमंतु मे ॥
मित्ति मे सव्व भूएसु, वेरं मज्झं न केणइ ॥ ८ ॥

अर्थः—सर्व जीवोने हुं खमावुं छुं. सर्व जीवो म्हारा उपर क्षमा करजो. म्हारे सर्व जीवोनी साथे मित्रता छे पण कोइनी साथे वैरभाव नथी. ॥ ८ ॥

आ प्रमाणे कर्या पछी चार आहारनो त्याग न होय तो, गंठसी सहित पच्चख्खाण करे, तथा सर्व व्रत संक्षेप रूप बारेव्रत अंगीकार करी देशावकाशिकनुं पच्चख्खाण करे. ते पण गंठसी सूधीनी मर्यादा राखे.

तथा शेष पापस्थान वर्जवा माटे आ प्रमाणे—

तहा कोहं च माणं च, माया लोहं तहेव य ॥
पिज्जं दोसं च वज्जेमि, अब्भख्खाणं तहेव य ॥ ९ ॥
अरई रइ पेसून्नुं, परपरिवायं तहेव य ॥
मायामोसं च मिच्छत्तं, पावठाणाणि वज्जिमोत्ति ॥ १० ॥

अर्थः—तेम ज क्रोध, मान, माया, लोभ, राग, द्वेष, (कलह), अभ्याख्यान, पैशुन्य, रति, अराति, पर परिवाद, माया मृषावाद अने मिथ्यात्वशल्य ए पापस्थानकने हुं वर्जुं छुं. ॥ ९ ॥ १० ॥

आ प्रमाणे पापस्थानने वर्जिने पछी वोशिराववा माटे आ प्रमाणे गाथा कहे—

जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ रयणीए ॥
आहार—मुवहि देहं, सव्वं तिविहेणं वोसरियं ॥ ११ ॥

अर्थः—जो आ रात्रीने विषे म्हारुं मरण थाय तो चार प्रकारनो आहार, उपधि ते धन, धान्य, घर, राच रचीलां अने कुटुंब तेमज आ देह ए सर्वने मन वचन कायाए करी वोशिरावुं छुं. ॥ ११ ॥

आ प्रमाणे करी नवकार पूर्वक त्रण गाथाओ कही छे, तेनुं नाम नथी, पण अनुमानथी नीचेनी संभवे छे—

एगोहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ ॥
एवं अदीण मणसो, अप्पाण मणुसासइ ॥ १२ ॥
एगो मे सासओ अप्पा, नाण दंसण संजुओ ॥
सेसा मे बाहिरा भावा, सव्व संजोग लख्खणा ॥ १३ ॥
संजोग मूला जीवेण, पत्ता दुख्ख परंपरा ॥
तम्हा संजोग संबंधं, सव्वे तिविहेण वोसरियं ॥ १४ ॥

अर्थः—हुं एक छुं, म्हारुं कोइ नथी, तेम हुं पण कोइनो नथी, ए प्रकारे अदीन मनथी आत्माने शीखामण आपे. ॥१२॥ ज्ञान दर्शन युक्त एवो एक म्हारो आत्मा शाश्वत छे, बाकीना (तन धन अने कुंटुंबादिक) सर्व बाह्यभावो संयोग रूप लक्षणवाला छे ॥ १३ ॥ संयोग रूप मूलथी जीव दुःखनी परंपराने पाम्यो छे. ते कारण माटे सर्व संयोग संबंधने मन वचन कायाना योगथी वोशिरावुं छुं ॥ १४ ॥

आ प्रमाणे भावीने जे पुरुष अथवा जे स्त्रीए शील पाल्यां छे.

Scanned by CamScanner

तेमनां चरित्र भावी कामने शांत करे, पछी नवकार मंत्र समरतो सुए, ते पण स्त्रीनी जोडे नहीं. आ नियम गंठसी अथवा मुठ्ठसी करीए छीए तेम एक नवकार गणी न पाले, त्यां सूधी अभिग्रह छे. आ विधि बहु सारी लागे छे. मरण थाय तो आराधक थइ जाय. माटे रोज करवा योग्य छे, मांदगीने अवसरे तो विशेष करवा योग्य छे.

॥ दोहा ॥

परम देव परमातमा, बुद्धि आतमगुरु राय ॥
एह परमपद सेवतां, अनुपानंद थवाय ॥ १ ॥

इति श्रीभरुच नगर निवासी शेठ अनुपचंद मलुकचंद
संग्रहित श्री प्रश्नोत्तर रत्नाचिंतामणि
समाप्त.

जैन—दर रविवारे प्रसिद्ध थतुं एकलुं अठवाडिक पत्र—वार्षि
लवाजम टपाल साथे रुपिया त्रण.

पत्र व्यहवार—मालीक—जैन
अमदावाद